
પારિવારિક સંબંધોનો ઘનિષ્ઠતાપ્રેરક દૃષ્ટિકોણ
સંપ, સુહૃદભાવ, એકતા

પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ

જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે. એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સન ૧૯૭૪માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતા સન ૧૯૮૭માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ SMVS સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૮૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૭૩ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૫૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

પારિવારિક સંબંધોનો ઘનિષ્ઠતાપ્રેરક દૃષ્ટિકોણ

સંપ, સુહૃદભાવ, એકતા

લેખનકાર્ય

સાહિત્ય લેખન વિભાગ

પ્રકાશક

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

પારિવારિક સંબંધોનો ઘનિષ્ઠતાપ્રેરક દૃષ્ટિકોણ

સંપ, સુહૃદભાવ, એકતા

- **રજૂકર્તા :**
  શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

- **પ્રકાશક :**
  સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
  સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

- **પ્રેરણામૂર્તિ :**
  પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. બાપજી)

- **આવૃત્તિ :** તૃતીય, માર્ચ-૨૦૧૮

- **પ્રત :** ૩,૦૦૦ નંગ ▪ **કુલ પ્રત :** ૧૩,૦૦૦ નંગ

- **મૂલ્ય :** ₹ ૫૦/- ▪ **સેવા મૂલ્ય :** ₹ ૩૦/-

(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)

ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ



આ કારણ સત્સંગ આખો એક પરિવાર છે. એમાં કોઈ પોતાની ઈચ્છાથી આવ્યું નથી. સ્વામિનારાયણ ભગવાન કૃપા કરી આપણને બધાને ખેંચી લાવ્યા છે. સત્સંગમાં આપણે સૌ એકબીજા સાથે જોડાયા છીએ કે પછી આપણા પરિવારમાં એકબીજા સાથે જે સંબંધોથી જોડાયા છીએ તે આપણી મેળે નથી જોડાયા. આ બધું શ્રીજીમહારાજ ને બાપાશ્રીનું પૂર્વઆયોજન જ છે. માટે સત્સંગમાં અને પરિવારમાં સૌએ ખૂબ દિવ્યભાવથી ને આત્મીયતાથી રહેવું. આપણા પરિવારમાં જો સંપ હશે, એકબીજા પ્રત્યે સુહૃદભાવ ને એકતા હશે તો જ આપણે આનંદમાં ને સુખિયા રહી શકીશું. એ માટે સત્સંગમાં અને પરિવારમાં સંપ, સુહૃદભાવ અને એકતા કેમ કરવી તેની સમજૂતી આ 'સંપ, સુહૃદભાવ, એકતા' પુસ્તકમાં છે. માટે તેનું નિત્ય વાંચન અને મનન કરવું. તો મહારાજ, બાપા ને સદ્‌ગુરુશ્રીઓ દયા કરશે ને સુખિયા કરશે.

એ જ લિ.
સ્વામી દેવનંદનદાસજીના
જય સ્વામિનારાયણ...

પ્રસ્તાવના

મનુષ્યના આંતર જગતમાં ઉદ્‌ભવતી ઊર્મિઓ, લાગણીઓ અને વિચારો વાચા દ્વારા વ્યક્ત થતાં હોય છે અને વર્તન દ્વારા નવ્ય સ્વરૂપ ધારણ કરતાં હોય છે. મનમાં ઉદ્‌ભવેલા અવ્યક્ત વિચારો વ્યક્ત થવા સતત પ્રયત્નશીલ હોય છે.

આ વિચારોની પ્રસ્તુતિ ઉપર દેશની, સમાજની અને પરિવારની એકતાનો આધાર રહેલો હોય છે. વિચારશીલ માનસ દ્વારા જ્યારે વિનય, વિવેક, સહિષ્ણુતા, લાગણી, પ્રેમ, દયા જેવા અનેક ભાવો હકારાત્મક અભિગમ સાથે રજૂ થાય ત્યારે બેનમૂન આત્મીયતાનું સર્જન થાય છે જેના વિસર્જનનું વિષ ઈર્ષ્યાવૃત્તિ, મારું, તારું, સ્વાર્થવૃત્તિ જેવા સંકુચિત અને નકારાત્મક અભિગમ જ હોય છે. આ વિષથી પરિવારની આત્મીયતા હણાઈ જાય છે અને ક્લેશ, ઝઘડા-ટંટા ને કંકાસનો જન્મ થાય છે. આત્મીયતાનાં અજવાળાં ઓસરી જાય છે અને કુસંગરૂપી અંધકારની આંધી ભર્યાભાદર્યા પરિવારમાં આવી જાય છે.

બહુધા પરિવારો આવી કુસંગરૂપી અંધકારની આંધીમાં અટવાયેલા હોય છે. જ્યાં સામાન્ય માનવજીવનની માનવતાની જ્યોત જગાવવી અઘરી હોય છે ત્યાં ભક્તજીવનની જ્યોત તો કેવી રીતે પ્રકાશે ? તો પછી મુક્તજીવનની અને દિવ્યજીવનની જ્યોત પ્રજ્વલિત થયાની તો આશા કેવી રીતે રખાય ? પરંતુ જો પરિવારમાં સંપ, સુહૃદભાવ અને એકતારૂપી તેલ પૂરીને જ્યોતને પ્રગટાવવામાં આવે તો પરિવારના દીપકો અતિશે પ્રકાશમાન અને દર્શન તુલ્ય બની શકે છે. આપણે પણ આપણાં ઘર-પરિવારની ફૂલવાડીને આત્મીયતાની ફોરમથી મહેંકતી કરવા સંપ, સુહૃદભાવ અને એકતાના ફૂલછોડનું ક્રમિક વાવેતર કરીએ.

અધ્યાત્મ માર્ગનાં અનેક વિઘ્નોને ભૂંસી સફળતાના સુવર્ણ મંત્રો ફૂંકવા માટે ટૂંકો અને સરળ ઉપાય એક ને માત્ર

એક જ છે : શ્રીજીમહારાજ અને મળેલા મોટાપુરુષના અંતરનો રાજીપો. એ રાજીપો પ્રાપ્ત કરવા તથા એક દિવ્ય પરિવારની રચના કરવા સંપ, સુહૃદભાવ અને એકતાના ગુણોને કેળવવાથી મહારાજ અને મોટાપુરુષનો રાજીપો ઢૂંકડો બને છે; જેણે કરીને આધ્યાત્મિક ગુણોના આવિર્ભાવનું દ્વાર ઉઘાડું થાય છે. તો ચાલો આત્મીયતાના સર્જન માટેના મૂળ ઉપાય સમાન સંપ, સુહૃદભાવ અને એકતાનાં અમૂલ્ય અધ્યાત્મ સૂત્રોને જાણીએ ને સ્વજીવનમાં ચરિતાર્થ કરીએ.

ભગવાન સ્વામિનારાયણનો એક અદ્‌ભુત સંકલ્પ હતો કે, “અમારે અમારા સંતો અને હરિભક્તોનો વર્તનશીલ એવો એક દિવ્ય સમાજ રચવો છે.” તેઓના આ સંકલ્પની પૂર્ણતા માટે જ આ સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રાદુર્ભાવ થયો છે. સંપ્રદાયની સ્થાપનાથી માંડી અદ્યપિ ભગવાન સ્વામિનારાયણ તેમના સત્પુરુષો દ્વારા પરંપરાગત આ સંકલ્પને પૂર્ણ કરતા આવ્યા છે. વર્તમાનકાળે ભગવાન સ્વામિનારાયણના આ સંકલ્પને પૂર્ણ કરવા ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી અવિરત દાખડા કરી રહ્યા છે. તેઓએ સમગ્ર સંત અને ભક્ત સમાજને શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ પમાડી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ રચવાની અખંડિત નેમ લીધી હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે.

શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ રચવાના શુભ હેતુક તેઓ સમગ્ર સમાજને દર વર્ષે રાજીપાના માર્ગે હરણફાળ ભરવા રાજીપાના રાજમાર્ગ સમા જુદા જુદા ગુણોના દૃઢીકરણ બાબતે તથા ઉપાયોરૂપ માર્ગદર્શન માટે વાર્ષિક સંકલ્પોના માધ્યમથી આપી સમગ્ર સમાજને ઉત્કૃષ્ટતા તરફ લઈ જઈ રહ્યા છે. વર્ષ ૨૦૦૯થી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સમગ્ર સત્સંગ સમાજને આત્મીયતાનાં અતૂટ બંધનથી બંધાયેલા રહેવા ‘સંપ, સુહૃદભાવ અને એકતા’ના સૂત્રને જીવનસૂત્ર કરી વર્તનમાં મૂકવાનો આદેશ આપ્યો છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીના આ આદેશ ને સંકલ્પ મુજબનું જીવન કરવામાં માર્ગદર્શકરૂપ વિવિધ વિષયો ઉપર છણાવટ સહિત વિસ્તૃત રજૂઆત ‘ઘનશ્યામ’ સામયિકમાં રજૂ કરવામાં આવતી હતી. આ સમગ્ર લેખમાળાના સંપુટને ‘સંપ, સુહૃદભાવ, એકતા’ પુસ્તક રૂપે આપના હાથમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ. અપેક્ષા છે કે આ પુસ્તકના વાંચન અને મનનથી અનેક ઘરોમાં સંપ, સુહૃદભાવ અને એકતાના માધ્યમથી દિવ્ય આત્મીયતાનું સર્જન થશે...

- સાહિત્ય લેખન વિભાગ

અનુક્રમણિકા

સંપ ૧

સહનશીલતા

(૧) સ - સમૂહમાં ઘરસભા, ભોજન અને પ્રાર્થના કરો ૧૨
(૨) હ - હશે હશેની ભાવના રાખો ૨૩
(૩) ન - નમો અને સૌનું ખમો ૩૭
(૪) શી - શીખો અને શિખવાડો - વિનય અને વિવેક ૪૮
(૫) લ - લખપતિ થવાના અભરખા છોડો ૬૦
(૬) તા - તામસી પ્રકૃતિનો ત્યાગ (ક્રોધ છોડો) ૭૩

સંપ એ જ સુખ

(૧) સં - સંતાનો માટે જાગ્રત બનો ૮૪
(૨) પ - પહેલાંનું ભૂલી જવું ૧૦૩
(૩) એ - એકબીજાને સમજો ૧૧૩
(૪) જ - જવાબદારીને નિભાવો ૧૨૬
(૫) સુ - સુખ-દુ:ખમાં ભાગીદાર થઈએ ૧૪૦
(૬) ખ - ખરા કર્તા મહારાજને સમજો ૧૫૪

સુહૃદભાવ ૧૯૩

એકમના થઈ રહેવું

(૧)	એ -	એકબીજાને મદદરૂપ થાવ	૧૭૫
(૨)	ક -	કંઈક છોડો - પૂર્વાગ્રહ અને અભિપ્રાય	૧૮૬
(૩)	મ -	મહિમાના જ વિચાર કરવા, અમહિમાના નહિ	૧૯૩
(૪)	ના -	નાના-મોટાની મર્યાદા રાખો	૨૦૩
(૫)	થ -	થયું છે ને થશે, મારા મહારાજની મરજીથી	૨૧૩
(૬)	ઈ -	ઈર્ષ્યાવૃત્તિને ઓળખવી અને છોડવી	૨૨૩
(૭)	ર -	રસપૂર્વક જવાબદારી નિભાવવી	૨૩૪
(૮)	હે -	હેવા-સ્વભાવ ઓળખવા અને ટાળવા	૨૪૩
(૯)	વું -	વૃત્તિ હંમેશાં રાજીપા તરફ રાખવી	૨૫૩

એકતા ૨૬૧

(૧)	અભાવ,અવગુણ અને અમહિમાથી રહિત થવું	૨૬૬
(૨)	પરભાવની દૃષ્ટિ કેળવવી	૨૭૫

કૂચગીત

હમ સબ શ્રીજી કે સંતાન, શ્રીજી હમારા એક નિશાન;
એક નિશાન... એક નિશાન... એક નિશાન...(૨)

બાપાને યે સબક શિખાયા, યે હી અપની શાન;
હમસબઆદર્શહૈજવાન,હૈમહાન..હૈમહાન..હૈમહાન;
સ્વામિનારાયણ ગાયેંગે, વિશ્વ મેં ધ્વજ લહેરાયેંગે,
બાપા કે બચ્ચે કહેલાયેંગે;

હૈ મહિમા અપરંપાર, હોગા જયજયકાર,
જયજયકાર... જયજયકાર... જયજયકાર...(૨)
હમ સબ શ્રીજી કે સંતાન...ટેક

સંપ, સુહૃદ ઔર એકતા ભર કે, દેશ દેશ મેં જાયેંગે;
રાગ-દ્વેષ કે બંધન તોડ કે, જ્ઞાન યહી ફેલાયેંગે,
એક બાપ કે બેટે હૈં હમ, યહી બાત બતાયેંગે...(૨)
એક હી કામ, એક હી નામ, એક હી હમારા મૂર્તિધામ...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે..૦૧

સાઁસ-સાઁસ ઔર બુંદ-બુંદ, જબ સ્વામિનારાયણ કહેંગે;
અરસ પરસ મેં પ્રેમભાવ સે, મિલતે ઝૂલતે રહેંગે,
બાપાશ્રી તબ રાજી હો કે, "વાહ મેરે બચ્ચે" કહેંગે...(૨)
કારણ સત્સંગ, હૈ ધડકન, બાપજી પ્રસન્ન લાગી લગન...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે..૦૨

હર એક દિલ સે મિલેંગે, પ્રેમ સે બાત સમજાયેંગે;
ગાઁવ-ગાઁવ મેં જાયેંગે, શેહ-શરમ કો છોડેંગે;
દેશ-દેશ મેં ઘૂમેંગે, ધર્મ કી જ્યોત જલાયેંગે;
બાપા કી બાત લે જાયેંગે, કણ-કણ મેં ફૈલાયેંગે;
વિશ્વ કે પથ પર પહોંચેંગે, શ્રીજી કા ધ્વજ લહેરાયેંગે,
યે નિશાન હમ પાયેંગે, શ્રીજીબાપા રાજી હોયેંગે..(૨)
શ્રીજીબાપા રાજી હોયેંગે, શ્રીજીબાપા રાજી હોયેંગે...(૪)

(કીર્તનના સંકલિત અંશ)

સંપ

રાગ-દ્વેષના બંધન છોડી સૌ સંપીને સાથે રહીશું.

માનુષી સ્વભાવોનો પારસ્પરિક મેળ અને વિચારોનું ઐક્ય સંધાય ત્યારે જ સંપનું સર્જન થાય છે. દરેક વ્યક્તિ સુખી થવા તો મથતી જ હોય છે, પરંતુ સુખ પામવા માટે મૂળરૂપ એવા 'સંપ'ની દિશા દરેકને હાથવગી હોતી નથી.

સામાન્ય દૃષ્ટિએ જોઈએ તો આપણી નિકટના વર્તુળમાં રહેતી દરેક વ્યક્તિ સાથે દેહે કરીને સુમેળ સાધી સાથે રહેવું તેને કહેવાય સંપ.

અંગ્રેજીમાં એક કહેવત છે કે,

"A family who prays together, plays together, sits together, eats together, can only stay together."

અર્થાત્, "જે કુટુંબમાં બધા સાથે મળીને પ્રાર્થના કરે છે, સાથે રમે છે (આનંદ-કિલ્લોલ કરે છે), સાથે બેસે છે, સાથે જમે છે તે જ સાથે રહે છે; એટલે કે સંપીને રહી શકે છે."

ઘરમાં એકબીજાની સાથે હળીમળીને રહેવું એનું નામ સંપ. સંપ વિના સંસારમાં માનવજીવનનું નાવડું સુખથી ચાલી શકતું નથી. કારણ કે પારિવારિક શાંતિ કે સુખનું મૂળ જ સંપ છે. સંપ જ સુખનું જનરેટર છે. વળી, સંપીને રહેવું એ બુદ્ધિશાળી વ્યક્તિત્વની ઓળખ છે.

બુદ્ધિવંત વ્યક્તિત્વની ઓળખ આપતાં શ્રીજીમહારાજ જણાવે છે કે, "પાંચ આંગળીઓ નાની-મોટી છે પણ સૌનો સંબંધ એક પહોંચામાં છે. તેથી પહોંચો શોભે છે એમ સંપ કરીને રહેવું એ અધિક બુદ્ધિનું કામ છે. બે જણ ભેગા સંપીને રહે ત્યારે બુદ્ધિ કળ્યામાં આવે. સંપ રાખી સાથે ચાલે તેટલા તે બુદ્ધિવંત જાણવા."

– શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૧, તરંગ-૫૯

શ્રીજીમહારાજના આ હૃદયસ્પર્શી શબ્દોનો સાર એ જ છે કે, સંપ એ જ ઘરની શોભા છે અને જેને સંપીને રહેતાં આવડે તે જ બુદ્ધિશાળી કહેવાય. ગમે તેટલી લૌકિક આવડત હોય, બુદ્ધિ હોય, સત્તા કે પૈસો હોય પરંતુ એની કોઈ કિંમત નથી. સૌની સાથે સંપીને રહેવું એ જ મહત્ત્વનું છે.

ઈતિહાસનાં પૃષ્ઠોની તવારીખો પર નજર કરીએ કે પછી આજની વર્તમાન પરિસ્થિતિને જોઈએ; મોટી-મોટી સલ્તનતો કે પેઢીઓને જોઈએ કે પછી ઘર-પરિવારને જોઈએ તો જ્યાં તેના પાયામાં સંપનું તત્ત્વ મૂળ સ્થાને જળવાયું છે ત્યાં જ તેનું સાતત્ય દીર્ઘકાળ સુધી ટકી શક્યું છે. પરંતુ જ્યારે અરસપરસ સંપમાં અલ્પ તિરાડ પડી છે ત્યારે તેને ધરાશયી થતાં વાર પણ લાગી નથી. તેનું પતન

થઈ ગયેલું જોવા મળે છે. એટલે જ અંગ્રેજી સાહિત્યમાં કહ્યું છે કે,

"United we stand and divided we fall." અર્થાત્ "સંપથી આપણે સફળ છીએ અને કુસંપથી તો આપણું પતન નક્કી છે."

જ્યાં સુધી એકસાથે એકમન કરી સૌની સાથે રહેવાય ત્યાં સુધી આપણે આપણા જીવનના ઉચ્ચ ધ્યેયમાંથી ક્યારેય પાછા નથી પડતા કે નથી કોઈ આપણને પાછા પાડી શકતું. પરંતુ જ્યાં સંપ તૂટે છે ત્યાં જ આપણે પાછા પડીએ છીએ અને ત્યાં જ આપણું પતન થાય છે.

એક વખત એક કઠિયારો કુહાડીનો હારડો લઈ જંગલમાંથી પસાર થતો હતો. કઠિયારાને જોઈ જંગલનાં નાનાં-મોટાં વૃક્ષો ભયથી કાંપવા માંડ્યાં. કુટુંબે સહિત પોતાના પતનનાં એંધાણ તેમને દેખાવા લાગ્યાં. આ બધી પરિસ્થિતિને પારખી એક વયોવૃદ્ધ વૃક્ષે સૌને શાંત કર્યાં અને કહ્યું કે, "જુઓ, તમે બધાં ખોટાં ગભરાવ છો. એ કઠિયારાની પાસે તો માત્ર કુહાડી જ છે. એકલી કુહાડીથી કશું ન થાય. આપણામાંથી જો કોઈ તેનો હાથો બનશે એટલે કે આપણો સંપ તૂટશે તો જ એ આપણો નાશ કરી શકશે. આપણે સૌ સંપીને રહીશું તો એ આપણી ઉપર એક ઘા પણ કરી શકશે નહીં."

વયોવૃદ્ધ વૃક્ષે આપેલ સલાહ આપણને પણ સંપૂર્ણપણે સ્પર્શે છે. કારણ કે આપણાં કુટુંબ-પરિવારમાં કે પછી સ્નેહી મિત્રવર્તુળમાં પણ જો અરસપરસ એકબીજા સાથેનો સંપ તૂટે અને કોઈ કુહાડીનો હાથો બને ત્યારે જરૂરથી કુસંપનું સર્જન થાય છે. જે કેવળ વિનાશ અને અંતે પોતાનું કે અન્યનું પતન જ કરે છે. જ્યારે આવો કુસંપ સર્જાય ત્યારે સમજવું કે મહારાજ અને મોટાપુરુષોનો રાજીપો ચાલ્યો જશે. કારણ કે જ્યાં સંપ હોય ત્યાં જ તેમનો રાજીપો હોય ને રાજીપો હોય ત્યાં જ તેઓ બિરાજે છે. જો ઘરમાં કુસંપ સર્જાય તો મહારાજ અને મોટાપુરુષ એ સ્થાન ને વ્યક્તિઓનો ત્યાગ કરી દે છે; અને જ્યારે મહારાજ અને મોટાપુરુષનું શિરછત્ર ચાલ્યું ગયું, એમનો રાજીપો ચાલ્યો ગયો ત્યારે અધર્મ પેસવાનો જ છે. એટલે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, "કુસંપનું સર્જન થાય છે ત્યારે અધર્મનો સર્ગ કુટુંબે સહિત પ્રવેશ કરે છે."

ધર્મનું વિસર્જન એટલે જ અધર્મનો સર્ગ. શ્રીજીમહારાજ સ્વમુખે પોતાનો અંતર્ગત અભિપ્રાય આપતાં કહે છે કે, "અમે જ્યાં ધર્મ હોય ત્યાં જ રહીએ છીએ." એટલે કે જ્યાં સંપભર્યું વાતાવરણ હોય અને સૌ પોતપોતાના ધર્મમાં

સુપેરે વર્તતા હોય ત્યાં જ શ્રીજીમહારાજનો રાજીપો થાય છે. એટલે જ તો શ્રીહરિ પોતાના નિકટના સંત-હરિભક્ત સમાજમાં પરસ્પર સંપ દૃઢ રહે તેનો સવિશેષ આગ્રહ સેવતા.

એક વખત શ્રીજીમહારાજ વિચરણ કરતાં કરજીસણ ગોવિંદજી પટેલના ભવને પધાર્યા હતા. સૌ સત્સંગી હરિભક્તો મહારાજનાં દર્શન-સેવા, સમાગમનો લાભ લેવા આવ્યા. ત્યારે મહારાજે પરસ્પર સૌનો મહિમા સમજીને સંપ દૃઢ રાખવો એમ વાત કરી હતી :

"જે ભક્ત જાણે મહિમા પ્રભુનો, તો તેહ જાણે મહિમા સહુનો;
જો ભક્ત સાથે નહિ સંપ રાખ્યો, તો ઈષ્ટ સાથે પણ તોડી નાખ્યો.
સત્સંગી સૌ છે હરિનાં જ અંગ, તે શું રુઠે તે હરિને જ સંગ;
જો અંગ એકે હરિનું દુઃખાય, તો દુઃખ તે શ્રીહરિને જ થાય.
છરી કરી હોય સુવર્ણવાળી, તેણે જ જો આંગળી કાપી ભાળી;
તથાપિ જો કિંમત જાણી હોય, તો તે છરી નાખી ન દે જ કોય.
જો દૂઝણી ગાય જ લાત મારે, કાઢી ન મૂકે કદી કોઈ ક્યારે;
કલ્યાણરૂપી પય લેવું હોય, સત્સંગથી ક્લેશ કરે ન કોય."

– શ્રીહરિલીલામૃત : કળશ-૭, વિશ્રામ-૪૨

સુવર્ણની છરી વાગવાથી છરીને કોઈ ફેંકી દેતું નથી. કારણ કે સુવર્ણની કિંમત સમજાઈ છે. દૂઝણી ગાય હોય અને તે જો લાત મારે તોપણ બે પગે નોઝણું બાંધી 'હો બાપો... હો બાપો' કરે અને ગમે તેમ કરીને ગાયને દોહી લે છે. પરંતુ લાત મારવાને લીધે તેને કાઢી મૂકતા નથી. કારણ કે તે પાંખણી (દૂધ ન આપે તેવી) ગાય નથી, દૂઝણી છે એવું સમજાયું છે. એવી રીતે આપણે પણ સત્સંગમાં આવેલા મહારાજના વ્યતિરેક સંબંધવાળા સર્વે મુક્તો સાથે મહિમા સમજી સંપીને રહેવું જોઈએ.

એક વખત સભા પ્રસંગે બે સગા ભાઈઓ જોગાનુજોગ સાથે આવ્યા. પરંતુ તેઓ એકબીજા જોડે ન બેઠા. પ.પૂ. સ્વામીશ્રીએ તેમને જોડે ન બેસવાનું કારણ પૂછ્યું. તો કહ્યું, "અમારે અબોલા છે. અમે જોડે નહિ બેસીએ." એક ભાઈએ કહ્યું, "સ્વામી, જો એ અહીં બેસશે તો હું જતો રહીશ." ત્યારે માર્મિક છતાં વાસ્તવિક ટકોર કરતાં પ.પૂ. સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું કે, "અહીંયાં આ લોકમાં એકસાથે નથી રહેવાતું તો પરભાવમાં મહારાજની મૂર્તિમાં જોડે

કેમ રહેવાશે ?”

માટે સૌની સાથે બટાકાની જેમ ભળી જવું, એક થઈ જવું, જુદા ન પડવું. બટાકા બધાં શાકમાં ભળી જાય છે જ્યારે ભીંડો કોઈ શાકમાં ન ભળી શકે. માટે ઈર્ષ્યા-માન જેવા સ્વભાવોને મૂકી સૌની સાથે સંપીને રહેવું.

“જો ભક્ત સાથે ઈરષા જ જામી, તો તેટલી નિશ્ચયમાંહી ખામી;
હીરો ચૂસી પુત્ર કદી મરેય, પિતા ન હીરો કદી નાંખી દેય.
જ્યાં સંપ છે ત્યાં સુખ છે વિશેષ, કુસંપમાં તો દુઃખ છે અશેષ;
જો સર્વ ઈચ્છો સુખ, સંપ સેવો, સુખ પ્રદાતા નથી સંપ જેવો.”

- શ્રીહરિલીલામૃત : કળશ-૭, વિશ્રામ-૪૨

“શેઠ એક હતા દીકરા ચાર, દીધાં દર્શન અમે એક વાર;
છોડી ઘર જવું છે અમારે, માંગો વચન માગવું તમારે.
કહ્યું ઘણું વિચારીને અતિ, નથી બીજે ક્યાંય માલ નક્કી;
સત્સંગ ને સંપ ઘરમાં રહે, એમ હાથ જોડી શેઠ કહે.
બોલ્યા અમે અતિ હેતમાંથી, મારે કેમ જાવું હવે અહીંથી;
સંપ હોય ત્યાં રહું છું સદાય, હવે નહિ લેવાય વિદાય.
સંપ હશે તો સઘળું થાશે, વિખવાદમાં બધું વિખાઈ જાશે;
વાયુ વીખે છે વાદળને જેમ, સુખ નાસે કુસંપથી તેમ.
માટે સાંભળો મારું વચન, સહન કરી સંપી રહેજો જન;
જુઓ ભક્ત આ ગોવિંદભાઈ, કેવા સંપી રહે છે ઘરમાંહી.
સુખ પામવા ઈચ્છો જો મન, એવો સંપ રાખો સહુ જન;
સંત-હરિજન જાણજો તમે, તો જ રાજી રહેશું સદા અમે.”

જે ઘરમાં શ્રીજીમહારાજ સંપભર્યું વાતાવરણ જોતા ત્યાં જ પોતે રાજી થકા બિરાજતા. મહારાજ ભક્તની સમૃદ્ધિ કે મહેલ-બંગલામાં નહોતા બંધાતા પરંતુ ભક્તહૃદયમાં રહેલી સંપની ભાવનાથી બંધાતા હતા. એટલે જ શ્રીજીમહારાજ જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે વાસણ સુથારના ચાલીસ સભ્યોના સંયુક્ત પરિવારમાં જ ઉતારો કરતા. કારણ કે તેમની વચ્ચે સંપભર્યું વાતાવરણ હતું.

સમયના વહેણની સાથે બદલાતી આજની ભૌતિકવાદની અને ઉત્ક્રાંતિવાદની દુનિયામાં સુખ, સગવડો, સંસાધનો, સંપત્તિ વધતાં જાય છે.

પરંતુ પારિવારિક સંપનાં મૂલ્યો નિમ્ન કક્ષાએ ઊતરતાં જાય છે. દરેક વ્યક્તિનું જીવન સ્વ-કેન્દ્રિત અને સ્વચ્છંદી બનતું જાય છે. જેમ દરિયાકિનારાની કોરી રેતીમાં દોરેલું સુંદર ચિત્ર પવનના એક સપાટામાં ભૂંસાઈ જાય છે તેમ કેટલીક વાર સંસારમાં પણ પારિવારિક પ્રશ્નોનો ઝંઝાવાત પરિવારનું સુંદર ચિત્ર ભૂંસી નાખે છે. તેમ છતાંય જો તેના આંશિક અંશોમાં પ્રાણ પુરાય તો ફરી સુંદર ચિત્ર ઊપસી આવે છે.

એક અમીર-ઉમરાવ પરિવારની આવી અજીબોગરીબ (અનોખી) ઘટના છે. આ સુશિક્ષિત પરિવારમાં ગૌરવભાઈ, તેમનાં પત્ની શીલાબેન, નાનાં બે બાળકો અને દાદાદાદી આમ છ સભ્યો એક આલીશાન બંગલામાં સાથે રહેતાં હતાં. ઘરમાં દોમદોમ સાહેબી અને પૈસાની છોળ્યો ઊડતી હતી. આ પરિવારની સુખ-શાંતિ જોઈ કેટલાક વાહવાહ પણ કરી ઊઠતા.

એક દિવસ સવારે બાળકોનો ચિલ્ડ્રન રૂમ તૈયાર કરાવવા અંગે અને નવાં કપડાં ખરીદ કરવાની બાબતે ગૌરવભાઈ અને શીલાબેન બંને ચર્ચામાં ઊતર્યાં. બંનેના મત જુદા પડતાં ઉગ્ર બોલાચાલી થઈ. તડ તડ ધાણી ફૂટે તેવી વૈખરી વાણીનો વરસાદ વરસવા લાગ્યો. કોઈ કોઈનું સ્વીકારવા તૈયાર નહોતું. વાતાવરણ તંગ થઈ ગયું અને વાત વટ ઉપર આવી ગઈ. બાળકો આ દૃશ્ય જોઈ મોટે મોટેથી રડતાં હતાં. છેવટે દાદીમા આવી શીલાબેનને એક બાજુ લઈ ગયાં અને પ્રસંગને આગળ વધતો અટકાવ્યો.

આ એક જ પ્રસંગથી પરિવારના સંપના હોથા ઊડી ગયા. દંપતી વચ્ચે વૈમનસ્યની દીવાલ ચણાઈ ગઈ અને અબોલા થઈ ગયા. એટલું જ નહિ, બાળકોની સંભાળ લેવા પણ બંનેમાંથી કોઈ તૈયાર ન થયું. છેવટે બિમાર અને વૃદ્ધ દાદીમા માંડ માંડ બાળકોને સાચવતાં હતાં.

ઘરના આવા તંગ વાતાવરણની બાળકોના બાળમાનસ પર ગહેરી અને વિકૃત અસરો થવા માંડી. બંને બાળકો પરીક્ષામાં નાપાસ થયાં અને ઝઘડાખોર બનવા માંડ્યાં. ગૌરવભાઈના જીવનમાં વ્યસનનું ભૂત પેઠું. ધંધામાં નુકસાન આવવા માંડ્યું. સગાંસંબંધીઓ સાથેના સંબંધો પણ વણસવા માંડ્યા. તેઓ પણ તેમના પ્રત્યે ઘૃણા અને નફરત કરવા માંડ્યાં.

એટલે જ સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે કે,

"જહાં સુસંપ તહાં સંપત્તિ નાના (અનેક પ્રકારની);

જહાં કુસંપ તહાં વિપત્તિ નિદાના (ચોક્કસ).”

આ બધું જોતાં વૃદ્ધ માતાપિતાની આંતરડી કકળી ઊઠતી. આંખમાંથી અશ્રુની ધારા વહી જતી. પરંતુ તેઓ શું કરે ? કારણ કે તેઓ નિઃસહાય હતાં.

એક નહિ જેવી વાતમાં હૈયાની હાટડીનાં કમાડ બંધ થઈ ગયાં હતાં. હર્યાભર્યા કિલ્લોલ કરતા ઘરમાં માતમ (દુઃખ કે શોકગ્રસ્ત વાતાવરણ) છવાઈ ગયો હતો. જેની સાથે લોહીનો સંબંધ છે, જે પોતાના છે એની સાથે જ આવું ? “किम आश्चर्यम् अतः परम् ।” આનાથી મોટું આશ્ચર્ય કયું ? બંનેનાં મન ખિન્ન બની ગયાં હતાં. પોતાની ભૂલ તો દેખાતી જ હતી, પણ વણસેલી વાતને કોણ સુધારે ?

એક દિવસ ગૌરવભાઈ એકલાઅટૂલા બગીચાના ઝૂલા પર બેઠા હતા. તેમનું મન કંઈક વિચારી રહ્યું હતું. એટલામાં સામેના ઝાડ ઉપર માળામાં નર અને માદા પક્ષી પોતાનાં બચ્ચાં સાથે આનંદ-કિલ્લોલ કરતાં હતાં. આ દૃશ્યની તેમના મન ઉપર ગહેરી અસર પડી અને વિચારની ગર્તામાં ઊંડા ઊતરી ગયા કે, “આ પક્ષીઓ પાસે રહેવા માત્ર માળો છે ને અનાજના દાણા માટે જ્યાં ત્યાં ભટકવું પડે છે છતાંય કેવા સંપીને આનંદ-કિલ્લોલથી રહે છે અને હું !!! અરે, મેં આ શું કર્યું !!!”

આ દૃશ્યથી ગૌરવભાઈનો અહમ્ પીગળ્યો અને પશ્ચાત્તાપનાં અશ્રુબિંદુથી પરિવારના ક્લેશનું વિસર્જન થયું. તરત જ ઘરમાં જઈ બાળકોને નજીક બોલાવી વહાલથી ભેટીને માફી માંગી. માતાપિતાને પગે લાગી માફી માંગી અને શીલાબેનની પણ માફી માંગી. પળવારમાં તો ઘરનું વાતાવરણ બદલાઈ ગયું. બાળકોને ગુમાવેલાં માતાપિતા પાછાં મળ્યાંનો આનંદ હતો, તો દાદાદાદીને પુનઃ સ્થાપિત થયેલા સંપનો આનંદ હતો.

“સંતાન જો સંપી વસે સદાય, માતાપિતા તે થકી રાજી થાય;
કુસંપી જો તેહ કરે ક્લેશ, માતાપિતા રાજી રહે ન લેશ.”

- શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૩૨

પરિવારમાં સંપ સ્થપાતાં હણાયેલા સંબંધોમાં તાજગી આવી, આર્થિક સંકડામણો અદૃશ્ય થતી ગઈ. પારિવારિક સંપના શ્રેષ્ઠ ઉદાહરણરૂપ પરિવારનું સર્જન થયું. અનેક પરિવારે તેમાંથી પ્રેરણાપીયૂષ મેળવી પોતાનાં જીવન બદલ્યાં.

સિમેન્ટ, કપચી, માટી, લોખંડ, લાકડાં કે પછી સંગેમરમરથી મઢેલા

મોંઘાદાટ રાચરચીલાવાળા ઓરડાને ‘મકાન’ કહેવાય, પરંતુ એમાં જ્યારે સંપ અને પારિવારિક મૂલ્યો પુરાય ત્યારે તે ‘ઘર’ બને છે. આ ઘરના સભ્યોમાં જ્યારે સત્સંગ અને સંસ્કાર ઉમેરાય ત્યારે ઘર એક ‘મંદિર’ બની જાય છે. એટલે કે સંપ, સત્સંગ અને સંસ્કાર આ ત્રણનો સમન્વય થાય ત્યારે જ એ પરિવાર શ્રેષ્ઠ બને છે. કુસંપથી ખરડાયેલું ઘર કે પરિવાર કોઈનેય પસંદ પડતાં નથી.

તમારા મિત્રને તમે ઘણા લાંબા સમયથી મળ્યા ન હોય, તેને મળવાની તીવ્ર ઇચ્છા હોય અને એક દિવસ તમે તમારા મિત્રના ઘેર પહોંચો. એ જ વખતે ઘરની બહારના દરવાજે ઊભા ઊભા તમે અંદર કુસંપભર્યું વાતાવરણ જુઓ તો શું કરો ? મિત્રને મળવા જાવ ? તમારી ઇચ્છા પૂરી કરો ? ના. ત્યાંથી જ પાછા વળી જઈએ. ફરી ક્યારેક જઈશું એમ વિચારી અંદર જવાનું માંડી વાળીએ.

જેમ મંદિરમાં ભગવાન અખંડ બિરાજે છે તેમ જે ઘરમાં સંપભર્યું વાતાવરણ હોય ત્યાં પણ ભગવાન અખંડ બિરાજે છે. જે ઘરમાં કુસંપ હોય ત્યાં પ્રભુનો વાસ થતો નથી. કારણ કે જો કુસંપ જોઈ મહેમાન ત્યાંથી નીકળી જતા હોય તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ તો ત્યાં કેવી રીતે રહે ? એવો સંપ કેળવવા સૌનો અરસપરસ મહિમા સમજાય તો ઈર્ષ્યા-આંટી ન બંધાય. સંપીને રહેવાની વાતને વધુ પુષ્ટ કરતાં શ્રીજીમહારાજે સુરતના હરિજનો નિમિત્તે આપણને ઉપદેશનાં વચનો કહ્યાં છે :

“હરિભક્તને જાણવા કેવા, ઝીણા ઉત્તમ ને સોમલા જેવા;
મહિમા એવો જ્યારે જણાય, માંહોમાંહી કુસંપ ન થાય.
મહિમા સમજે નહિ જ્યારે, ઈર્ષ્યા આવે છે અંતરે ત્યારે;
મહિમા સમજ્યા વિના ભાઈ, થાય વિક્ષેપ સત્સંગ માંઈ.”

– શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૩૨

જેમ ગીત ઊંચું ગવાય એમ સંગીતનો તાલ પણ ઊંચો લઈ જવાય છે. જો ગીત અને સંગીત બંનેનો તાલ સરખો ન મળે તો બેહૂદું લાગે છે. એવી રીતે સત્સંગી તરીકેનું આપણું જીવન જગતના અન્ય જીવો કરતાં ઊંચું હોવું જોઈએ તથા વર્તન પણ એમના કરતાં ઊંચું હોવું જોઈએ. એ માટે આપણા ઘરમાં સંપભર્યું વાતાવરણ જોઈએ. નહિ તો આપણો સત્સંગ લજવાય. આપણું જ્ઞાન અને અનાદિમુક્તની સ્થિતિ વગોવાય. માટે પોતાના આશ્રિત સત્સંગીને શ્રીજીમહારાજે

ઉપદેશનાં વચનો કહ્યાં છે કે,

“ન સંપ રાખે સત્સંગી થૈને, શું જ્ઞાન પામ્યા સત્સંગ લૈને;
તીર્થે જઈ પાપ તજ્યું ન જ્યારે, શી તીર્થજાત્રા કરી તેહ ત્યારે ? ૦૧
સંતાન જો સંપી વસે સદાય, માતાપિતા તે થકી રાજી થાય;
કુસંપી જો તેહ કરે ક્લેશ, માતાપિતા રાજી રહે ન લેશ. ૦૨
સત્સંગીમાં સંપ દીસે સદાય, તે દેખીને ઈશ્વર બહુ રાજી થાય;
કદાપિ જો તેહ કુસંપ દેખે, તો ભક્ત સારા પ્રભુ ન લેખે. ૦૩
સત્સંગીનો જો મહિમા મનાય, કદાપિ તો કેમ કુસંપ થાય;
જો મેઘ મોટાં ઘર પાડી નાખે, તથાપિ ઈચ્છા ઘન કેરી રાખે. ૦૪
સંસારમાં જે સમજુ ગણાય, વેઠે ઘસારો પણ સંપ ચાય;
તો જ્ઞાન પામી નહિ સંપ રાખે, તેને કહો કોણ સુભક્ત ભાખે. ૦૫
પ્રીતિ તજે તુચ્છ પદાર્થ માટે, કે સંપ છોડે અભિમાન સાટે;
તો જાણવો તે જન બુદ્ધિહીન, વેઠે પછી કષ્ટ મહા કઠિન. ૦૬
સત્સંગમાં સંપ ઘણો જણાશે, સત્સંગની વૃદ્ધિ વિશેષ થાશે;
સત્સંગમાંથી સંપ જશે જ જ્યારે, દશા જણાશે પડતી જ ત્યારે. ૦૭
માટે કરો જો મુજને પ્રસન્ન, કુસંપ ક્યારે ધરશો ન મન;
જો કોઈ જાણો મહિમા અમારો, તો ભક્ત મારા પર પ્રેમ ધારો. ૦૮”

– શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૩૨

સત્સંગી હરિજનમાં રહેલા સંપનું મહત્ત્વ શ્રીજીમહારાજે સમજાવ્યું ત્યારે સૌને પોતાની ક્ષતિ દેખાઈ અને મહારાજને રાજી કરવા સૌએ ભેળા મળીને પ્રતિજ્ઞા કરી.

“બોલ્યા હરિજન સૌ જોડી હાથ, સંપી ચાલશું હે દીનાનાથ,
કદી કોઈનો આવ્યો અભાવ, ક્ષમા કરજો તે નટવર નાથ.
પછી એકેકે પાસે બોલાવી, પ્રભુજીએ પ્રતિજ્ઞા અપાવી,
ઘરના ભક્તોનો આવ્યો અભાવ, સત્સંગીને થયો કુભાવ.
માફ કરી દો સૌ ગુના અમારા, જાણશું સૌ મુક્ત તમારા,
બોલ્યા સૌ પ્રણમી પ્રભુ પાય, સંપી ચાલશું નાથ સદાય.”

– શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૩૨

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રીજીમહારાજે સુરતના હરિભક્તોને નિમિત્ત કરી આપણા માટે ઉપદેશ-વચનો કહ્યાં છે :

"સુણો સુરતના હરિજન, સંપ રાખજો સૌ અન્યોઅન્ય,
કોઈને ઘેર મેમાન જાય, તેના ઘરમાં જો સંપ દેખાય;
ત્યારે મેમાન પામે ઉલ્લાસ, વધે વધતા દિવસ તહાં વાસ,
દેખે ઘરમાં કુસંપ તે જ્યારે, ચાલી નીસરે મેમાન ત્યારે;
તેમ સંપ જો રાખશો તમે, રહેશું વધતા દિન અમે."

- શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૩૨

આપણા ઘરમાં મહારાજને કાયમ માટે બિરાજમાન કરવા હોય તો આપણા પરિવારમાં પણ સંપ રાખવો જ પડે. મોટાપુરુષ પણ જે પરિવારમાં સંપ જુએ ત્યાં સહસા જ આશીર્વાદની હેલી વરસાવી દે છે. અત્યંત રાજીપાની વૃષ્ટિ કરતા હોય છે. પરિવારના સંપથી મોટાપુરુષનો રાજીપો મળે અને એ રાજીપો મળ્યા પછી ગમે તેવા વિકટ સંજોગો આવે તોપણ તેની સામે લડી શકાય છે. એમનો રાજીપો આપણા જીવનનું ચાલક બળ અને સંપ જાળવી રાખવા માટેનું પૂરક બળ બની રહે છે.

આજે એસ.એમ.વી.એસ.માં એવા કેટલાય પરિવારો છે કે જેમને ક્લેશ ને કુસંપ એટલે શું ? તેનો ખ્યાલ પણ નથી. એમનાં બાળકોએ પણ ઝઘડો જોયો નથી કે કુત્સિત વાણી સાંભળી નથી. આપણે પણ આવો સંપ ઇચ્છીએ છીએ. તો, આવા સંપનો ઉદ્ભવ કેવી રીતે કરવો તથા તેનું જતન કઈ રીતે કરવું ? તેના માટે બે સોનેરી સૂત્રોને આપણા જીવનમાં અમલમાં મૂકીએ :

(૧) સહનશીલતા :

- સ - સમૂહમાં ઘરસભા, ભોજન અને પ્રાર્થના કરો
- હ - હશે હશેની ભાવના રાખો
- ન - નમો અને સૌનું ખમો
- શી - શીખો અને શિખવાડો - વિનય અને વિવેક
- લ - લખપતિ થવાના અભરખા છોડો
- તા - તામસી પ્રકૃતિનો ત્યાગ (ક્રોધ છોડો)

(૨) **સંપ એ જ સુખ :**

સં - સંતાનો માટે જાગ્રત બનો
પ - પહેલાંનું ભૂલી જવું
એ - એકબીજાને સમજો
જ - જવાબદારીને નિભાવો
સુ - સુખ-દુઃખમાં ભાગીદાર થઈએ
ખ - ખરા કર્તા મહારાજને જ સમજો

આ સોનેરી સૂત્રોને ક્રમશઃ આગામી લેખમાળામાં માણીએ...

- **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. સંપ એ જ સુખ
૨. રાજીપાનો રાજમાર્ગ - જ્ઞાનસત્ર-૩
૩. આત્મીયતા કેળવીએ

અન્ય પ્રકાશન : આત્મીયતા (ટેલીફિલ્મ)

સહનશીલતા

સમૂહમાં ઘરસભા, ભોજન અને પ્રાર્થના કરો

પાણીના વહેણની જેમ સમય સતત બદલાઈ રહ્યો છે તેમ પારિવારિક મૂલ્યોનો સમય પણ બદલાતો જાય છે. ભૂતકાળનાં પારિવારિક મૂલ્યો મહદ્અંશે આજે સમાજમાંથી ધીરે ધીરે ભૂંસાઈ રહ્યાં છે. પારિવારિક સમૂહજીવન સમયના વહેણ સાથે આજે એકાકી જીવનમાં ફેરવાઈ રહ્યાં છે. આજના મહત્ત્વાકાંક્ષી જીવનમાં સમૂહજીવન ભારરૂપ કે ત્રાસરૂપ લાગે છે. જેથી દરેક વ્યક્તિ એકલા રહેવાનું જ વધારે પસંદ કરે છે. પરિણામે વિભક્ત કુટુંબોની સંખ્યામાં મોટો વધારો થયો છે.

વિભક્ત કુટુંબમાં દરેક સભ્યોને પોતાની આગવી દુનિયા અને આગવું જીવન જ પસંદ હોય છે. પરિણામે એક ઘરમાં સાથે રહેવા છતાં સાથે રહી શકતા નથી. એકબીજા સાથે સુખ-દુઃખની વાતો વહેંચી શકતા નથી. એકબીજાની લાગણીને પોષી શકતા નથી. વિભક્ત કુટુંબમાં માત્ર ૫, ૬ કે ૭ સભ્યોનું એક નાનકડું વિશ્વ હોવા છતાં પણ પરિવારને સંપના એક દોરે જોડેલો રાખવો અઘરો પડે છે.

પરિવારને પ્રેમદોરીના તાંતણે બાંધી રાખવાનો સરળ ઉપાય એટલે સમૂહમાં ઘરસભા, સમૂહભોજન અને સમૂહપ્રાર્થના. જેમાંથી પરિવારના સભ્યોને એકબીજાની સાથે હળીમળીને રહેવાની ભાવનાનો ઉદય થાય છે અને પરિવારની આત્મીયતા ઘનિષ્ઠ બને છે. સૂતરના તાંતણા કેટલા નિર્બળ હોય છે !? પરંતુ જ્યારે તાણો વાણાથી અને વાણો તાણાથી એકબીજામાં ઓતપ્રોત બને છે ત્યારે સુંદર કાપડ તૈયાર થાય છે. એ જ રીતે આપણે આપણા ઘરના સભ્યો સાથે હળીમળીને, એકમના થઈને રહીએ તો એક જબરજસ્ત નક્કર અને દિવ્ય આત્મીયતાનું સર્જન થશે. આપણે આપણા ઘરના સભ્યો સાથે હળીમળીને રહી શકીએ, એકબીજાને સમજી શકીએ, એકમના થઈ શકીએ તે માટે આપણા ઘરના બધા જ સભ્યો સામૂહિક (સમૂહ) જીવન જીવે તે ફરજિયાત છે. અને એટલે

દિવસ દરમ્યાન ઘરસભા, ભોજન અને પ્રાર્થના આ ત્રણ તો સમૂહમાં જ કરીએ. આ ત્રણેય સમૂહમાં કરવું શા માટે જરૂરી છે ? તે સમજીએ.

❑ સમૂહમાં ઘરસભા :

ઘરનું મૂલ્ય સમજવા માટે 'ધરતીનો છેડો ઘર' આથી સરળ અને ઉત્તમ વ્યાખ્યા હાથ આવવી ઘણી મુશ્કેલ છે. આ નાનકડી કહેવતમાં ઘણું બધું આવી જાય છે. વ્યક્તિનાં સુખ અને શાંતિનું રહસ્ય પણ આમાં જ આવી જાય છે.

કોણ જાણે ઘરમાં એવું તે શું છે કે વ્યક્તિનું આકર્ષણ નિરંતર પોતાના ઘર તરફ રહે છે ? વ્યક્તિ ગમે ત્યાં જાય, દુનિયાના છેડે જાય અને ત્યાં તેને પોતાના ઘર કરતાં પણ ઉત્તમ સુખ, સગવડ, ભોજન અને રહેવાની વ્યવસ્થા મળે છે તોપણ તેને અપૂર્ણપણું લાગ્યા કરે છે. એ બધાંમાં પણ એને કાંઈક ખૂટતું હોય એવું લાગ્યા કરે છે. જ્યારે એ પોતાના ઘરમાં આવે છે ત્યારે જ તેને પૂર્ણતાની અનુભૂતિ થાય છે. ત્યાં જ એનું અંતર ઠરે છે. એ ઘર પછી ભલે નાનું હોય કે મોટું હોય, નાની ઝૂંપડી હોય કે ભાડાનું ઘર હોય પરંતુ એને પોતાના ઘરમાં આવ્યા પછી જ શાંતિ થાય છે. એનું કારણ શું ?

ઘર એટલે શું માત્ર રેતી, કપચી, ઈંટથી ચણેલી ચાર દીવાલો ? શું ઘર એટલે માત્ર ટપાલ પહોંચાડવા માટેનું સરનામું જ છે ? શું ઘર એટલે માત્ર આરામ અને ભોજન માટેનું જ સાધન છે ? ના...ના... ઘરની ગરિમા બહુ ઊંચી છે. ઘર એ માત્ર ભૌતિક સુખો ભોગવવાનું કે લોકોને પ્રભાવિત કરવાનું કે પછી લોકૈષણા મેળવવાનું સાધન નથી. ઘર એ પવિત્રતાનો સ્રોત છે, આધ્યાત્મિકતાનો સંચાર છે, શાંતિનો પુંજ છે.

'કુટુંબના પાંચ સભ્યો જે સ્થાનમાં રહેતા હોય એ ઘર' – આ અર્થ પૂરતો નથી. જ્યાં પ્રભુનો નિવાસ હોય, સત્સંગની સુવાસ જેના ખૂણે ખૂણે વ્યાપેલી હોય, જ્યાં એકબીજાની લાગણીઓ પોષાતી હોય, જ્યાં આપણો ભાર હળવો થાય અને હાશનો અનુભવ થાય, જ્યાં આપણને જોઈ સર્વનાં મુખ મલકી ઊઠે તેનું નામ ઘર.

ઘર એક એવું દિવ્ય અને પવિત્ર સ્થાન છે કે જ્યાંથી પ્રભુપ્રાપ્તિનું સામૂહિક પ્રયાણ થાય છે; જ્યાં સત્સંગ અને સંસારનો સેતુ બંધાય છે; જ્યાં અનેકનાં જીવન ઘડાય છે. આપણી ભાવિ પેઢી માટે કેળવણીનું માધ્યમ જ આપણું ઘર છે.

ઘરમાં રહેલા સભ્યો, ઘરનું વાતાવરણ, ઘરમાં એકબીજા વચ્ચે થતા વ્યવહારો જ આપણી ભાવિ પેઢીનું ઘડતર કરે છે. માટે ઘરનું મૂલ્ય પણ ઓછું આંકી શકાય એમ નથી.

❑ ઘર કે સ્મશાનગૃહ ? :

એવું કહેવાય છે કે, 'જમાના બદલ ગયા હૈ.' વધી રહેલા આજના ભોગવિલાસી જીવનમાં બધું જ બદલાતું જાય છે. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં લોકો ગારમાટીથી લીંપેલા મકાનમાં રહેતા હતા, જ્યારે આજે મોટી-મોટી આલીશાન બિલ્ડિંગો અને મકાનોમાં રહેતા થયા છે. પરંતુ એ ગારમાટીના મકાનમાં જે સુખ, શાંતિ અને સહાનુભૂતિ હતાં તે આજે મોટી બિલ્ડિંગ અને મકાનોમાં નથી. લોકો ઘરમાં ભૌતિક સુખસાહ્યબીને પુષ્ટ કરતી ચીજવસ્તુઓ વસાવી રહ્યા છે. ઘરનો બાહ્યિક દેખાવ સારો કરવા સારામાં સારા રંગ-રોગાન તથા રાચરચીલું કરાવે છે. પરંતુ અનેકનાં મનને મૂંઝવતો આ એક પ્રશ્ન છે કે એ ઘરમાં બધું જ છે પણ સુખ, શાંતિ, આત્મીયતાભર્યું વાતાવરણ ક્યાં છે ?

એટલે જ વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી ઘણી વાર કહેતા હોય છે કે, "ઘરમાં સોફા સેટ હોય છે, લેમન સેટ હોય છે, ટી.વી. સેટ હોય છે, બધું જ સેટ હોય છે પરંતુ ઘરમાં રહેતા પરિવારના સભ્યો જ અપસેટ હોય છે."

આજે ઘરમાં હાશ અનુભવવાને બદલે ત્રાસ અનુભવાય છે. ઘરમાં મસ્ત રહેવાને બદલે ત્રસ્ત રહેવાય છે. હાસ્ય તો માત્ર એક શો (દેખાવ) બની ગયું છે. બહારથી કાંઈક જુદું હોય છે અને અંદરની સત્યતા કંઈક જુદી જ હોય છે. આપણે ડ્રૉઈંગ રૂમમાં હસીએ છીએ અને બેડરૂમમાં ભસીએ છીએ. એટલે કે આપણા ઝઘડા-કંકાસ ચાલુ જ રહે છે. ભલે લોકો કદાચ એ જાણતા નથી, પરંતુ શું આપણે એ ઘરમાં સુખ-શાંતિનો અનુભવ કરી શકીએ છીએ ? ઘરની અંદર આરામખુરશી પણ આપણને આરામ આપી શકતી નથી. ઘણી વખત આપણા ઘરમાં આપણે વસાવેલી વસ્તુઓ, ફર્નિચર વગેરે આપણને બોજારૂપ લાગે છે. અરે ! ઘરમાં રહેનારા સભ્યો પણ બોજારૂપ લાગે છે.

દિવાળીના દિવસે પણ આપણા ઘરમાં હોળી જેવું વાતાવરણ હોય છે. ઘરનું નામ આપ્યું હોય 'શાંતિ સદન', પણ ઘરમાં અશાંતિ સિવાય બીજું કાંઈ જ જોવા ન મળે. પતિ-પત્ની, ભાઈ-બહેન, ભાઈ-ભાઈ, સાસુ-વહુ, માતાપિતા, બાળકો દરેકના અલગ અલગ પ્રશ્નોથી ઘરનું વાતાવરણ તંગ રહેતું હોય છે.

આવા ઘરમાં શાંતિનો અનુભવ ક્યાંથી થાય ? આવા ઘરમાં સુખેથી ભગવાનનું ભજન કે નામ-સ્મરણ પણ ક્યાંથી થાય ? જેમ સ્મશાનગૃહમાં જઈને કોઈ એવું વિચારે કે મારે અહીંયાં શાંતિનો અનુભવ કરવો છે કે ભગવાનનું ભજન કરવું છે, તો શું શક્ય છે ? આપણે કહીશું... ના. તો શું આપણા ઘરમાં પણ આવું તંગ વાતાવરણ રહેતું હોય તો એને આપણે ઘર કહીશું કે સ્મશાનગૃહ ? શું આવા ઘરમાં સુખચેનથી રહી શકાય ?

ઘરમાં આવું વાતાવરણ સર્જાવાનાં મુખ્ય કારણો છે સાસુ-વહુ, પતિ-પત્ની, માતાપિતા અને બાળકો વચ્ચેના ઝઘડા-કંકાસ અને એકબીજા વચ્ચેનું ઘર્ષણ. ઘણી વાર ઘરમાં કોઈ એકબીજાને સમજવા જ તૈયાર હોતું નથી. દરેક એવું જ માને છે કે હું જ સાચો છું, જેથી ઘરમાં અરસપરસ પાંચ મિનિટ પણ પ્રેમથી બેસી શકાતું નથી. આપણે પૈસો કમાવવા માટે ગાંડાની માફક આંધળી દોટ મૂકીએ છીએ અને એના માટે જ મથ્યા કરીએ છીએ, પરંતુ એકબીજાને સમજવા માટે આપણે કેટલો સમય કાઢ્યો ? આપણે ઘરમાં શાંતિ રહે તેના માટેના નાના-મોટા ઘણા ઉપાય કરીએ છીએ, પરંતુ જે સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે તેને પકડતા નથી અને પરિણામે આપણા પ્રશ્નોનો કાયમી ઉકેલ આવતો નથી. આપણા અનેક પ્રશ્નોનું સમાધાન કરતું એવું એક અમોઘ શસ્ત્ર છે ઘરસભા. ઘરસભા એક એવું માધ્યમ છે કે જેના દ્વારા અનેક પ્રશ્નોનું સમાધાન લાવી શકાય છે.

❑ અમોઘ શસ્ત્ર ઘરસભા :

માત્ર ચાર અક્ષરોનો બનેલો આ એક શબ્દ છે : 'ઘરસભા'. એમાં એક અદ્‌ભુત શક્તિ સમાયેલી છે. એનો એવો અદ્‌ભુત પ્રભાવ છે કે જેનાથી વર્ષોથી જે પ્રશ્નોનું નિરાકરણ ન આવ્યું હોય તેવા પ્રશ્નોનું નિરાકરણ માત્ર ૨૫-૩૦ મિનિટની ઘરસભાથી આવી જાય છે. ઘરસભા જ એક એવું માધ્યમ છે કે જેનાથી બે કાર્ય એકસાથે સરે છે : એક, આપણા કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ અને બીજું, સત્સંગની ગોષ્ઠિ.

જેમ માથાનો દુઃખાવો થયો કે પેટનો દુઃખાવો થયો, તો તેને ટાળવાનું શસ્ત્ર શું ? ગોળી. તેમ આપણા કૌટુંબિક પ્રશ્નો અને ઝઘડા-કંકાસનું સમાધાન કરતું અમોઘ શસ્ત્ર એટલે જ ઘરસભા. આપણને થાય કે શું ખરેખર ઘરસભા આપણા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે ? એકબીજાથી હજારો, લાખો ગાઉ દૂર થઈ ગયેલાં મન અને આત્માને ફરીથી જોડી શકાય ? હા, જરૂર. સામાન્ય લાગતી આ

ઘરસભામાં આપણા બધા જ પ્રશ્નોનું સમાધાન સમાયેલું છે. દવા ભલે સામાન્ય લાગે પરંતુ એની અસર સામાન્ય નથી હોતી. માથાની કે પેટના દુઃખાવાની ગોળી માથા જેવડી કે પેટ જેવડી નથી હોતી. પરંતુ, એ નાની ગોળીમાં એટલી બધી શક્તિ છે કે એ માથાના કે પેટના દુઃખાવાને દૂર કરી દે છે. તેમ સામાન્ય લાગતી આ ૨૫-૩૦ મિનિટની ઘરસભા આપણા પરિવારના તમામ રોગોને દૂર કરી, આત્મીયતાભર્યું વાતાવરણ ખડું કરી દેશે.

ગુજરાતીમાં એક કહેવત છે કે, "મન, મોતી અને કાચ એક વખત તૂટ્યાં પછી ફરી ભેગાં ન થાય." પરંતુ ઘરસભા એક એવું અમોઘ શસ્ત્ર છે કે જેણે અનેક તૂટેલા પરિવારોને ફરી જોડી દીધા છે, જેણે ૨૫-૨૫ વર્ષથી કપાઈ ગયેલા સંબંધોને ફરીથી જીવંત કરી દીધા છે. હજારો હરિભક્તો ઘરસભા માટેના પોતાના અનુભવો જણાવતાં કહે છે કે –

ઘરસભાથી...

- "અમારો તૂટી ગયેલો પરિવાર ફરીથી જીવંત બન્યો છે. યંત્રવત્ ચાલતું અમારું ઘર આજે લાગણીઓથી ભરાઈ ગયું છે."
- "મારો બાળક કુસંગના માર્ગેથી પાછો વળી સત્સંગના માર્ગે પ્રગતિ પામ્યો છે."
- "મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાનું એક સામૂહિક અભિયાન શરૂ થયું છે."
- "એકબીજા વચ્ચે ખુલાસો કરવાથી અમારા તમામ પ્રશ્નો અને મૂંઝવણોનું સમાધાન થયું છે."
- "એક ઘરમાં રહેવા છતાં જુદા જુદા રૂમમાં રહેવા ટેવાયેલા ઘરના સભ્યો સમૂહજીવન જીવતા થયા છે. આજે અમે ઘરના બધા જ સભ્યો સમૂહમાં જ ભોજન, ભજન, શયન, ઘરસભા કરીએ છીએ."

ઘરસભા માટેના આવા તો અનેક અનુભવો નોંધાયા છે. ૨૫-૩૦ મિનિટની ઘરસભામાં આટલા બધા ફાયદા સમાયેલા હોય તો શા માટે શરૂ ન કરીએ ઘરસભા !? આજે જ દૃઢ સંકલ્પ કરો કે દર અઠવાડિયે ઓછામાં ઓછા બે દિવસ તો ઘરસભા કરવી જ છે. ઘરસભા કરવાનો મક્કમ નિર્ધાર કરવા છતાં, આટલું થશે તો જ ઘરસભા શરૂ થશે અને નિયમિત રીતે થશે :

૧. માનસિક તૈયારી કરો કે, ઘરસભા કરવી જ છે.

૨. રાજી કરવા જ છે એવી ભાવના કેળવો.

૩. ધીરજ કેળવો - ઘરના કોઈ સભ્ય ન આવે તો ધીરજતાથી કામ લો.

૪. સમયનું સેટિંગ કરો.

૫. ટી.વી. આદિક મનોરંજનનાં સાધનોમાં કાપ મૂકો.

૬. મહેમાનને પણ ઘરસભામાં બેસાડો.

૭. સત્સંગ સભા અને સંતોનો જોગ રાખો.

❑ **સમૂહમાં ભોજન :**

આજે દિન-પ્રતિદિન કુટુંબોમાં વિસંવાદિતા ઊભી થતી જાય છે જેના પરિણામે તૂટતાં પરિવારો અને કુટુંબોની છિન્નભિન્નતાનો આંકડો વધુ ઝડપે ગતિ કરી રહ્યો છે. આજે દરેક વ્યક્તિ સમૂહજીવનને પસંદ ન કરતાં એકાંતજીવનને વધુ પસંદ કરે છે અને સ્વતંત્ર જીવન જીવવાની આકાંક્ષાઓ સેવે છે. પરિણામે આજે કુટુંબભાવનાનું વિસર્જન થઈ રહ્યું છે. સમૂહજીવન, સમૂહભોજન અને સંગઠનભાવનાનો ભાંગતો ક્રમ વધી રહ્યો છે.

આજની ૨૧મી સદીની વ્યક્તિ પોતાના કુટુંબના સભ્યો સાથે સમૂહમાં ભોજન લેવાનું બહુ ઓછા અંશે સ્વીકારે છે. પરિણામે મેળાવડાઓ, પિકનિકો, મિટિંગો અને ડિનરો વધી રહ્યાં છે. આ બધાંમાં માત્ર હાજરી જ પુરવાર થાય છે, બાકી કોઈ કોઈને પણ સાચા આત્મીયભાવથી મળતું નથી. આજના લોકોમાં મોજ-શોખ, ગરબા-ડાન્સ, પાર્ટી તથા ક્લબ આ બધું વધુ લોકપ્રિય બન્યું છે. હોટલોમાં, લારીઓમાં અને ખાણી-પીણીની બધી જગ્યાએ લાઈનો જોવા મળે છે. પરંતુ ખબર નથી પડતી કે આજના લોકોનું વ્યક્તિત્વ કેવું છે ? વ્યક્તિ બીજાની સાથે મોજ-શોખ, પાર્ટી, ડિનર, મિટિંગ આ બધું જ કરે છે પરંતુ પોતાના કુટુંબના સભ્યોની સાથે બેસી સમૂહભોજન કરતી નથી. આજના યુવાનોને મિત્રો સાથે કે વિજાતિ મિત્રો સાથે હરવું-ફરવું, પિકનિકમાં સાથે જવું, હોટલ કે લારી ઉપર આનંદ-કિલ્લોલ કરતાં જમવાનું ગમે છે; પરંતુ પોતાના પરિવારના સભ્યો સાથે સમૂહમાં જીવન જીવવાનું કે જમવાનું તથા આનંદ કરવાનું ગમતું નથી.

આજે ઘણી જગ્યાએ તો ઘર એટલે એક હોટલ અને માતા એટલે વેઈટરના સ્વરૂપમાં જોવાય છે. હોટલમાં જમવા માટેનો કોઈ સમય નક્કી હોતો નથી.

જ્યારે જેને જમવું હોય તે આવીને જમી જાય અને વેઈટર તેને ભોજન પીરસી દે. તેમ ઘરમાં પણ પાંચેય સભ્યોનો જમવાનો સમય જુદો જુદો હોય. દરેક પોતપોતાના સમયે જમવા આવે અને મા વેઈટરની જેમ પીરસતી રહે. આવા રઘવાયા જીવનમાં અને સ્વાર્થી જીવનમાં ક્યાંથી આત્મીયતાનો સેતુ બંધાય ? શું ઘરમાં રહેલી સ્ત્રીનો ઉપયોગ એક વેઈટર તરીકે જ કરવાનો છે ? આ આપણાં પારિવારિક મૂલ્યો નથી. બધાયના માટે સમય કાઢો છો તો આપણા પરિવારના સભ્યો માટે તો સમય કાઢો ! દિવસમાં એક વખત તો એમની સાથે સમૂહભોજન કરો !

આખી જિંદગી બીજાનું જ સાચવ્યા કરવાનું ! બીજાના જ આમંત્રણને સ્વીકારવાનાં ! આપણા પરિવારના સભ્યોના આમંત્રણને તો સ્વીકારો ! એમની લાગણીઓને તો સમજો ! શું ઘરમાં રહેલા સભ્યોને આપના માટે લાગણી જ નથી ? શું એમનાં હૃદય પથ્થર છે ! ના...ના... એકબીજાની લાગણીઓને, ભાવનાઓને સંતોષવા માટેનું એક અદ્ભુત માધ્યમ છે : સમૂહભોજન. માટે ભલા થઈને આપણે જો કુટુંબની એકતાને અતૂટ રાખવા ઈચ્છતા હોઈએ, આપણાં બાળકોનું સારું ભવિષ્ય ઈચ્છતા હોઈએ તો દિવસમાં એક વખત તો ઘરના સૌ સભ્યો સાથે મળી સમૂહભોજન કરીએ જ.

શ્રીજીમહારાજે પણ સમૂહભોજનની આ પ્રણાલિકા પોતાની હયાતીમાં જ પ્રસ્થાપિત કરી આપણને શીખવ્યું છે.

સંતોની હંમેશાં સમૂહમાં જ જમવાની પંગત થતી. એક વખત સૌ સંતો સમૂહમાં પંગતમાં જમાડવા બેઠા હતા. જમવા માટે બધા જ સંતો આવી ગયા. પરંતુ સદ્. પ્રેમાનંદ સ્વામી આવ્યા નહોતા. શ્રીજીમહારાજે તરત જ પૂછ્યું કે, “પ્રેમાનંદ સ્વામી ક્યાં છે ? હજુ કેમ નથી આવ્યા ?” મહારાજ પોતે સદ્. પ્રેમાનંદ સ્વામીના આસને બોલાવવા ગયા. સદ્. પ્રેમાનંદ સ્વામીને રોજ શ્રીહરિના કીર્તનનાં ચાર પદ બનાવીને જ જમવું એવો નિયમ હતો. શ્રીજીમહારાજે જઈને સ્વામીને કહ્યું, “સ્વામી ! ચાલો જમાડવા.” ત્યારે સ્વામીએ કહ્યું, “મહારાજ, હજુ બે પદ બનાવવાનાં બાકી છે, બનાવીને આવું.” મહારાજ પોતે સ્વામી જોડે બેસી ગયા અને ઓરડાના પાછળનાં બે પદ પોતે જાતે બનાવ્યાં અને સ્વામીને જોડે જમવા લઈ આવ્યા. સ્વામી આવ્યા ત્યાં સુધી સૌ રાહ જોતા બેઠા હતા.

શ્રીજીમહારાજનો સૌને સમૂહભોજન કરાવવાનો કેવો આગ્રહ ! આવો આગ્રહ આપણા પરિવારમાં પણ કેળવવો જોઈએ.

❑ સમૂહમાં પ્રાર્થના :

આધ્યાત્મિક માર્ગમાં પ્રાર્થના એ તમામ પ્રશ્નો, મૂંઝવણો, દુઃખ, આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત થવાની અકસીર દવા છે. પ્રાર્થનામાં એક અનોખી શક્તિ સમાયેલી છે. આધ્યાત્મિક માર્ગનાં તમામ સાધનો પ્રાર્થનાની આગળ ઝાંખાં પડી જાય છે. પ્રાર્થનાનું જેટલું મૂલ્ય સમજીએ તેટલું ઓછું જ છે, કારણ...

પ્રાર્થના એટલે નોધારાનો એકમાત્ર આધાર.

પ્રાર્થના એટલે અંતરનો પોકાર, ભીખ.

પ્રાર્થના એટલે ભૂખ અને ગરજનું પ્રતીક.

પ્રાર્થના એટલે અહમ્‌શૂન્ય અવસ્થા.

પ્રાર્થના એટલે કાકલૂદી, અંતરનો વલોપાત.

પ્રાર્થના એટલે ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમો પ્રગતિમાર્ગ.

પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો અંગત સંબંધ, એકાંત.

આવી આધ્યાત્મિક માર્ગની અકસીર દવા એટલે પ્રાર્થના. પ્રાર્થનાની જરૂર દરેકના જીવનમાં પડે છે. પછી ચાહે તે સત્સંગી હોય કે કુસંગી. પરંતુ એને પ્રાર્થનાની તો જરૂર પડે જ છે. ડૉક્ટરો પણ જ્યારે દર્દીને બચવાની કોઈ શક્યતા ન હોય ત્યારે છેલ્લા વાક્યમાં એક જ વાત કરે છે, ‘‘બચવાની કોઈ શક્યતા નથી, આ કેસ અમારા હાથમાં નથી. ભગવાન કરે તે ખરું. માટે ભગવાનને પ્રાર્થના કરો.’’

પરંતુ જીવનમાં એવી કોઈ આકરી પળો આવે ત્યારે પ્રાર્થના જ આપણા જીવનનો આધાર બની જાય છે. સાચા ભાવની પ્રાર્થના જ આપણા સુખની ચાવી બની જાય છે અને જીવનમાં એક ચમત્કાર સર્જી દે છે.

જાણીતા ન્યૂરોસર્જન ‘બેન કાર્સન’ના જીવનમાં પણ પ્રાર્થના જ ઉજ્જવળ ભવિષ્યનો ચમત્કાર બની રહી હતી. બેન કાર્સન એક ગરીબ પરિવારના હતા. ગામડાની સ્કૂલમાં સારા ટકા આવવાથી તેમણે શહેરની એક કૉલેજમાં ઍડમિશન મેળવ્યું. ગામડાની સ્કૂલમાં તો તેઓ પરીક્ષાના અગાઉના દિવસોમાં થોડી ગોખણપટ્ટી કરી સારા માર્ક્સ લાવતા. પરંતુ તેમની આ રીતથી કૉલેજમાં ન ફાવ્યા. વાર્ષિક પરીક્ષા નજીક આવી ગઈ. દરેક વિષયમાં થોડીઘણી તૈયારી થઈ હતી, પરંતુ કેમિસ્ટ્રીમાં કશું જ આવડતું નહોતું. થોડીઘણી ફૉર્મ્યુલા ગોખવાનો

પ્રયત્ન કર્યો, પરંતુ બધું વ્યર્થ જાય. કશું જ યાદ ન રહે. ખૂબ ધ્યાનથી વાંચવા માંડ્યું. પરંતુ આખું વર્ષ કોઈ મહેનત કરી નહોતી એટલે કાંઈ સમજાય નહીં.

અંતિમ ઉપાય રૂપે તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે, "હે ભગવાન ! મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે. આપને નિષ્ફળ બનાવવા માટે અને મારી જાતને પણ નિષ્ફળ બનાવવા માટે મને માફ કરો. આપ મારા કાર્યમાં મદદરૂપ થાવ." આટલી પ્રાર્થના કરી તે સૂઈ ગયા. અચાનક તેમને એક સ્વપ્નું આવ્યું કે, તેઓ કેમિસ્ટ્રીના વર્ગમાં એકલા બેઠા છે. અચાનક એક દિવ્ય વ્યક્તિ બારણું ખોલી અંદર પ્રવેશી બોર્ડ ઉપર કેમિસ્ટ્રીના દાખલા સમજાવે છે. તેઓ પોતે પણ નોટમાં બધું લખી રહ્યા છે. થોડી વારમાં આ સ્વપ્નું પૂરું થઈ ગયું. જાગીને જુએ તો કોઈ નહીં. પરંતુ બોર્ડ પર ગણાવેલા બધા જ દાખલા તેમને યાદ હતા. તેમણે તુરત પોતાની નોટમાં તે ઉતારી લીધા.

બીજા દિવસે કૉલેજમાં પરીક્ષા આપવા માટે આવે છે. બેન કાર્સનને અંદર ગભરાટ છે કે મારું શું થશે ? પ્રોફેસરે બધાને પ્રશ્નપત્ર આપ્યાં. પ્રશ્નપત્ર ખોલતાં તેમનું હૃદય એક આંચકા સાથે બંધ થઈ ગયું હોય તેવો અનુભવ થયો. રાત્રે દિવ્ય વ્યક્તિએ જે દાખલા ગણાવ્યા હતા એ જ બધા દાખલા પેપરમાં હતા. તેમણે ફટાફટ બધા જ પ્રશ્નોના ઉત્તર લખી નાંખ્યા. અંતરમાં કોઈ દિવ્ય અને રોમાંચિત સુખનો અનુભવ થતો હતો. તેમણે ફરી ભગવાનને પ્રાર્થના કરી કે, "હે ભગવાન ! આપે તો ચમત્કાર કર્યો, પરંતુ હવે હું તમને ક્યારેય આવી પરિસ્થિતિમાં નહિ મૂકું. મારું જીવન બદલી નાંખીશ."

તે વિશ્વવિખ્યાત યેલ યુનિવર્સિટીમાં ખૂબ ખંતથી ભણ્યા અને માત્ર ડૉક્ટર નહિ પણ ન્યૂરોસર્જન બન્યા. તેઓ હાલ મશહૂર જૉન હૉપકિન્સ ઈન્સ્ટિટ્યૂટમાં પીડિયાટ્રિક ન્યૂરોસર્જરી વિભાગમાં ડૉક્ટર છે.

સાચા ભાવે અંતરની ઊર્મિઓથી પોતાની ભૂલનો એકરાર કરીને તેમણે પ્રાર્થના કરી હતી. પ્રાર્થના કયા ભગવાનને કરું છું તે પણ ખબર નહોતી. છતાંય જો તેમના જીવનમાં આવો બદલાવ આવતો હોય તો આપણને મળેલા સર્વોપરી સનાતન ભગવાન સ્વામિનારાયણને સાચા ભાવે ખરેખર પ્રાર્થના કરવામાં આવે તો શું ન થઈ શકે ? કઈ મુશ્કેલી કે કયું દુ:ખ ઊભું રહે ?

વિકટ સમયે સાચા ભાવની પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાઈ જાય છે તો હંમેશાં નિયમપૂર્વક સાચા ભાવે મહારાજને પ્રાર્થના કરીએ તો એ પ્રાર્થના મહારાજ સુધી જરૂર પહોંચે અને મહારાજ આપણા જીવનમાં કોઈ મુશ્કેલી જ ન આવવા

દે. દુઃખ, મૂંઝવણ, ઉપાધિ આવે અને ઠોકરો ખાધા પછી પ્રભુને પ્રાર્થના કરવી એના કરતાં નિત્ય પ્રત્યે ભગવાનને પ્રાર્થના કેમ ન કરીએ ? જેથી દુઃખ, મૂંઝવણ, ઉપાધિને વેઠવી જ ન પડે.

પ્રાર્થના બોલવી અને સાચા ભાવે પ્રાર્થના કરવી આ બે વચ્ચે બહુ મોટી ભેદરેખા છે. પ્રાર્થના બોલવી એટલે શબ્દોનું એવું જાળું જે માત્ર ક્રિયાત્મક હોય છે. એનાથી ભગવાન અને ભક્ત વચ્ચે કોઈ સેતુ નથી બંધાતો. એનું ફળ પણ શૂન્ય કે નહિવત્ જ મળે છે. જ્યારે સાચા ભાવે અંતરથી પ્રાર્થના કરવી એ આત્માનો પરમાત્માને પોકાર છે જેમાં શબ્દની માયાજાળ નહિ, પરંતુ અંતરની સાચી લાગણીથી પ્રભુને રીઝવવાનો ભાવ હોય છે. સો વખત પ્રાર્થના બોલવા કરતાં એક વખત પ્રાર્થના સાચા ભાવે કરાય તો તેનું મૂલ્ય અનંતગણું વધી જાય છે.

પ્રાર્થનાના પણ બે પ્રકાર છે. એક સામૂહિક પ્રાર્થના અને બીજી વ્યક્તિગત પ્રાર્થના. અંગત પ્રાર્થના એ જ ઉત્તમ ઉપાય છે. તેમ છતાં સમૂહપ્રાર્થનાનું મૂલ્ય પણ કાંઈ ઓછું નથી. સમૂહપ્રાર્થનામાં પણ એવી જ અદ્ભુત શક્તિ સમાયેલી છે જેના સંદર્ભે શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૫મા વચનામૃતમાં કહ્યું છે કે,

“જેમ કોઈ કૂવો હોય ને તે ઉપર વીસ કોશ ફરતા હોય ને તેનો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય ત્યારે તે પ્રવાહમાં જોર હોય નહિ, અને તે વીસે કોશનો પ્રવાહ ભેળો કરીએ તો નદીના જેવો અતિશે બળવાન પ્રવાહ થાય તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહીં.”

વ્યક્તિગત પ્રાર્થનામાં પણ જો અદ્ભુત શક્તિ સમાયેલી હોય તો જ્યારે આખો સમૂહ ભેગો થાય અને પછી જે પ્રાર્થના થાય એમાં કેટલું બળ હોય એ તો આ દૃષ્ટાંત દ્વારા સ્વાભાવિક રીતે સમજી શકાય તેમ છે. માટે દિવસ દરમ્યાન ભલે આપણે એકલા અંગત પ્રાર્થના કરતા હોઈએ, પરંતુ દિવસમાં ઓછામાં ઓછી એક વાર તો સમૂહમાં પ્રાર્થના કરવાની ટેવ પાડીએ જ. અને એ પણ ઘરસભા કરતા હોય તેના માટે તો સાવ સરળ છે. ઘરસભામાં સમૂહપ્રાર્થના આવી જ જાય છે. તેમ છતાં ઘરસભા તો અઠવાડિયામાં ઓછામાં ઓછી બે દિવસ કરવાની છે, પરંતુ સમૂહપ્રાર્થના તો રોજ કરીએ. એનાથી ઘણા બધા ફાયદા છે. આપણાં અનેક દુઃખો, મૂંઝવણો, પ્રશ્નો આપમેળે હલ થઈ જશે.

સમૂહમાં પ્રાર્થના કરવી એ અતિ આવશ્યક બાબત છે; અને એટલે જ તો

આપણે ઘણા બધા પ્રસંગોમાં અંગત પ્રાર્થના કરતાં સમૂહમાં પ્રાર્થના કરવા ઉપર વિશેષ ભાર મૂકીએ છીએ; જેવા કે, (૧) નૂતન વર્ષના પ્રારંભે, (૨) મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા હોય ત્યારે, (૩) કોઈ પણ પ્રતિજ્ઞા (શપથ) લેવાની હોય ત્યારે, (૪) આકસ્મિક સંજોગોમાં કુદરતી આફત આવી પડે ત્યારે, (૫) શારીરિક, તબિયત અતિશે ગંભીર હોય ત્યારે. આવા ઘણા બધા સંજોગોમાં આપણે સમૂહપ્રાર્થના જ કરતા હોઈએ છીએ.

માટે આજે જ સંકલ્પ કરો કે ઘરના સભ્યોમાં આત્મીયતાનું નિર્માણ થાય; ઘરમાં કોઈ જ પ્રકારના પ્રશ્નો, ઝઘડા-કંકાસ ન સર્જાય; આપણો દસકો કદી બદલાય જ નહિ અને મહારાજ ને મોટાપુરુષનો આપણા ઉપર, આપણા પરિવાર ઉપર નિરંતર રાજીપો વરસ્યા કરે તે માટે દિવસમાં એક વખત તો સમૂહમાં પ્રાર્થના કરવી જ છે.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક આપણી સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. અખંડ ભજન, પ્રાર્થના અને ખટકો
૨. આત્મીયતા કરવા કરીએ ઘરસભા
૩. ઘરમાં હોળી કે દિવાળી
૪. રાજીપાનો વિચાર
૫. ભલામણ
૬. કરીએ ઘરસભા (ACD)

હશે હશેની ભાવના રાખો

"એક આવાઝ જબ ગુંજેગા સત્સંગ મેં,
સંપ સે હી રહેના હૈ હમ સબ કો;
તભી હોગા પૂરા સફાયા ઘર મેં કુસંગ કા,
ઔર હોગા નિર્માણ એક સુનહરી આત્મીયતા કા."

એક જ નિશાન, એક જ ધ્યેય, અંદરોઅંદર પણ એક જ વાત દોહરાતી થશે કે "કોઈ આત્મીય બને કે ન બને પણ મારે તો ગમે તે રીતે આત્મીય બનવું જ છે." "Under any circumstances I want to keep unity with everybody." અર્થાત્ "કોઈ પણ ભોગે મારે બધાની સાથે આત્મીયતા કરવી જ છે." પરિવારના દરેક સભ્યોનો આવો વ્યક્તિગત સંકલ્પ પ્રબળ બને ત્યારે સંપની સુવાસથી પરિવાર મહેકી ઊઠે છે. સંપીને રહેવા માટે 'હશે હશેની ભાવના' એટલે કે 'Let go' કરવાની અભિલાષા પરિવારના દરેક સભ્યમાં અનિવાર્ય છે.

હશે હશેની ભાવના કેળવવા માટે માફી માંગવાની તૈયારી અને સામે માફ કરવાની તૈયારી હોવી જોઈએ. આ ઉપરાંત સહનશીલતાનો ગુણ આત્મસાત્ કરવાથી કુટુંબ હસતું-રમતું બની જાય છે. અને સંપ વગર અધર્મનો સર્ગ ઘરમાં આવીને કાયમી નિવાસ કરે છે. હશે હશેની આવી ઉદાત્ત વિચારસરણી આપણા જીવનમાં કેળવવા શું જરૂરી છે તે સમજીએ.

આજે હજારો-લાખોના મુખે એક પ્રશ્ન ઉચાટતાથી મહેસૂસ થઈ રહ્યો છે કે આટલા ટૂંકા ગાળામાં સ્વામિનારાયણ સંપ્રદાય વિશ્વવ્યાપી બની ગયો છે તેનું કારણ શું ? તેનું કારણ એક અને માત્ર એક જ છે : સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્ય સ્થાપક સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ અને તેમના સંતોની અજોડ સહનશીલતા. ભગવાન સ્વામિનારાયણે પોતાના સંપ્રદાયની સ્થાપના કરી ત્યારથી આ સંપ્રદાયના મૂળમાં આ સહનશીલતારૂપી એવું બીજ રોપ્યું કે જેના ફળસ્વરૂપે આજે માત્ર ૨૨૫ વર્ષના સમયગાળામાં સ્વામિનારાયણ સંપ્રદાયની

આન, બાન અને શાન સમગ્ર વિશ્વમાં પ્રસરી ચૂકી છે.

સદ્. રામાનંદ સ્વામીના ચૌદમાના મંગલકારી દિને સ્વયં શ્રીહરિએપોતાનાં સર્વોપરી એવા 'સ્વામિનારાયણ' નામનું પ્રકાશન કર્યું અને 'યાવદ્ચંદ્રદિવાકરૌ' એવા પોતાના સ્વામિનારાયણ સંપ્રદાયનું સ્થાપન કર્યું. એ સમયે સંપ્રદાય નવો હતો અને વિરોધોના વંટોળો સર્વત્ર ઘૂમી વળ્યા હતા. સ્વયં શ્રીજીમહારાજે પણ પોતે અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ હોવા છતાં, અનંત જીવોને સુખિયા કરવા પાપી, અધર્મી અને માલ વગરના જીવોનાં અપમાનો-તિરસ્કારોને સહ્યાં છે. "સહન કરવું એ અમારો મહામોટો પરમ ધર્મ છે. સહન કરવું તેને જ અમે અમારી મોટપ માનીએ છીએ. અમે ક્ષમારૂપી હથિયાર ધારણ કર્યું છે."

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૪, તરંગ-૧૦૨

શ્રીજીમહારાજ એક સમયે સરધારના રાજા તુંગજીત અને વેરજીતના રાજદરબારમાં ઊતર્યા હતા. એક વણિક ભક્ત ત્યાં આવી શ્રીજીમહારાજને મહેણું મારતાં પ્રશ્ન પૂછે છે, "પ્રભુ ! તમે ધનિકનિવાજ છો કે ગરીબનિવાજ છો ?" ત્યારે મહાપ્રભુ કહે છે, "અમે ગરીબનિવાજ છીએ." ભક્ત વણિક કહે છે, "પ્રભુ, અમને તો આપ ધનિકનિવાજ લાગો છો. આપ જ્યારે સરધાર પધારો છો ત્યારે રાજાના ઘરે જ ઉતારો કરો છો." આટલું કહેતાની સાથે જ શ્રીજીમહારાજ બોલી ઊઠ્યા, "જા, આજે રાત્રિ-ઉતારો તારા ઘેર, બસ !"

વણિક ભક્ત તો આ સાંભળી અતિશે રાજી થયા અને ઘરે ગયા. પ્રભુ પધારવાના છે તેના સમાચાર હોંશે હોંશે પોતાનાં માતુશ્રીને આપ્યા અને આગતાસ્વાગતા કરવાની તૈયારીમાં લાગ્યા. વણિક ભક્તનાં માતુશ્રીને ભગવાન સ્વામિનારાયણનો મહિમા નહિ અને પધારે તેમાં રુચિ પણ નહીં. તેથી ડોસીએ મહાપ્રભુને પોઢવા માટે એવો ખાટલો પાથર્યો કે જે ખાટલામાં આખા ઘરમાંથી વીણી કાઢેલા માંકડ ભેગા કરી રાખ્યા હતા.

ભક્તના આમંત્રણને સ્વીકારી પ્રભુ રાત્રિ-ઉતારો કરવા તેમના ઘરે પધાર્યા. ડોસીમાએ માંકડવાળા ખાટલામાં પ્રભુને સુવાર્યા. મહાપ્રભુ ખાટલામાં પોઢ્યા પરંતુ ખાટલામાં રહેલા માંકડના ત્રાસથી શરીરે સોજા આવી ગયા. થોડી વારમાં મહારાજ ખાટલેથી નીચે ઊતરી જમીન ઉપર વિના પાથર્યે પોઢી ગયા. થોડી વારમાં વણિક ભક્ત આવ્યા અને મહાપ્રભુને જમીન ઉપર પોઢેલા જોઈ કહ્યું,

"પ્રભુ, ખાટલામાંથી નીચે કેમ પોઢી ગયા ?" મહારાજ હસતાં હસતાં કહે છે, "તારી માને પૂછી જો કે કેવો ખાટલો સૂવા માટે આપ્યો છે ? અંદર નર્યા માંકડ જ છે." ત્યાં તો ઘરમાંથી ડોસી બોલ્યાં, "એ તો મને એમ કે આ માંકડનાં કલ્યાણ કરે તો સ્વામિનારાયણ ભગવાન ખરા."

ડોસીમાનાં વચન સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા, "ખાટલો બહાર લાવો, તમારો મનોરથ પૂરો કરીએ." વણિક ભક્ત ખાટલો બહાર લાવ્યા. મહારાજે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી ત્યાં તો એક એક માંકડ માટે જુદાં જુદાં વિમાન આવ્યાં અને માંકડને ધામમાં લઈ ગયા. ડોસીમાને આ જોઈ પસ્તાવો થયો અને મહારાજના ચરણોમાં પડી માફી માંગી. છતાં મહારાજે હસતાં હસતાં કહ્યું, "ડોસી, બીજું તો ઠીક પરંતુ આ શરીર સૂજી ગયું એનું શું ?" ત્યારે ડોસી બોલ્યાં, "આપ તો સમર્થ છો માટે ધારો તે કરો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, "ડોસી, અમે અમારા માટે નથી આવ્યા. જીવોનાં કલ્યાણ માટે આવ્યા છીએ." વાહ પ્રભુ ! કેવી આપની સહનશીલતા...!

એવો જ એક પ્રસંગ આણંદમાં બન્યો. મહારાજ સૌપ્રથમ વાર આણંદ પધાર્યા. આણંદમાં રહેલા મતવાદીઓ અને વિરોધીઓએ શ્રીજીમહારાજનું હીણું દેખાડવા માટે મહાપ્રભુની આવી રહેલી સવારી ઉપર પથ્થર, છાણ, કીચડ આ બધું નાંખવા માંડ્યું. મહારાજે સૌ સંતો-હરિભક્તોને અગાઉથી ઘૂમટો તણાવી દીધો હતો અને ઘૂમટો ન ખોલવાની આજ્ઞા કરી હતી. ત્યારે જોબન ભગત મહારાજની પાસે આવી પ્રાર્થના કરે છે, "દયાળુ ! મને ખાલી ઘૂમટો લઈ લેવાની રજા આપો. આ કોઈ ઊભા નહિ રહે, બધા નાસી જશે." ત્યારે પણ મહારાજે આ જ રુચિ બતાવી હતી. "સહન કરવું એ જ આપણો ધર્મ છે માટે કોઈએ ઘૂમટો ખોલવાનો નથી."

એક વાર જૂનાગઢમાં દિવાળીનો ઉત્સવ કરી શ્રીહરિએ સંતોનાં મંડળ વહેંચ્યાં અને સંતોને કહ્યું, "હે સંતો ! અજ્ઞાની જન ઉપાધિ કરે તે બધી તમારે સહન કરવી. સમય ક્રૂર આવ્યો છે. તેમાં તમારે ધીરજ ધરી રાખવી પડશે. તમે સહનશક્તિ કેળવો એ અમારી મરજી છે. તમારા પર અમારે અપાર હેત છે. તમે બધાએ જગતના ઉપકાર માટે દેહ ધર્યો છે. માટે ઉપાધિ સહન કરીને વિચરવું. તેમાં પીછેહઠ ન કરવી. સહન કરીને ઉપદેશ કરશો તો તમારો જશ અતિશય

વધશે. કોઈ દ્વેષ કરે, ગાળ દે, બાંધી મૂકે કે માર મારે પણ મનમાં મગન રહેશો તો હું તમારી સાથે છું, એમ નિશ્ચય જાણજો. ક્ષમા કરવી એ ખૂણાનો ખેલ નથી. રણની બાજી છે.''

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૬, તરંગ-૮૦

આ છે આપણા સૌના ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનો અંતર્ગત અભિપ્રાય. મહારાજે શા માટે સહન કર્યું ? સંતોને શા માટે સહન કરવાનો આદેશ આપ્યો ? એક અને માત્ર એક મારા માટે, આપણા માટે. આપણે પહેલાંના સંતોની જેમ કોઈની ઉપાધિ કે દ્વેષ કે મારપીટ ક્યાં સહન કરવાનાં છે ? આપણે સહન કરવાનાં છે માત્ર કોઈકનાં બે કડવાં કે મીઠાં વચન. એ કરવામાં પણ આપણે પાછા પડીએ છીએ અને સહનશીલતાને માર્ગે ચાલવાને બદલે ક્રોધાવેશમાં આવીને ઉદ્ધત વર્તન કરી બેસીએ છીએ. પરંતુ એક ડોકિયું આપણા બાપના અભિપ્રાય તરફ અને આપણા ગુરુના જીવન તરફ કરવાની જરૂર છે.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી રામપરાથી સુરેન્દ્રનગર ટ્રેનમાં જઈ રહ્યા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે સાધુતાની મૂર્તિ અને એટલે ટ્રેનના ડબ્બામાં પણ સ્ત્રીઓથી છેટા રહેતા. એક વૈરાગી બાવો બેઠો હતો તે આ જોઈ ભડક્યો અને ગુરુવર્ય પ.પૂ. બાપજીને ગાળો દેવા માંડ્યો ને ઉદ્ધત વર્તન કરવા લાગ્યો. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી તો એક શબ્દ પણ સામો ન ઉચ્ચારે. બસ, સહન જ કરે રાખે અને મહારાજને પ્રાર્થના કર્યા કરે, ''હે મહારાજ ! આ બાવાજીને સદ્બુદ્ધિ આપો.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી એના ઉદ્ધતાઈભર્યા શબ્દો સહન કરે ને સામો એક શબ્દ પણ ન ઉચ્ચારે. જેમ જેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી વધુ સહન કરે તેમ તેમ વૈરાગી બાવાનો પાવર વધતો જાય. ક્રોધ, ગુસ્સો વધતા જાય. તેણે અડધો કલાક સુધી બોલ્યા કર્યું. પછી એક મુછાળા ભાઈને મહારાજે પ્રેરણા કરી તેથી એમણે ઊભા થઈ હાકોટો કર્યો : ''આ સાધુ સહન કર્યા કરે છે ને તું ગમે તેમ બોલ્યા કરે છે ! બંધ થઈ જા...'' એટલે વૈરાગી બાવો બોલતો બંધ થયો. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સહનશીલતાનો ત્યાગ રંચમાત્ર ન કર્યો.

આ છે આપણી અમીર પેઢીનો અમર વારસો. જો આપણા ઈષ્ટદેવ સહન કરતા હોય, આપણા બાપાશ્રી, સદ્ગુરુશ્રીઓ સહન કરતા હોય, આપણા ગુરુવર્ય

પ.પૂ. બાપજી સહન કરતા હોય, તો આપણે કેમ સહન ન કરી શકીએ ! માટે સંકલ્પ નક્કી કરો કે મારે મારા ઘરમાં - પરિવારમાં સૌની સાથે સંપીને રહેવું છે અને એના માટે સહનશીલતાનો ગુણ કેળવવો જ છે.

❑ સહનશીલતા એ તો પાયો છે :

આધ્યાત્મિક માર્ગ હોય કે પછી વ્યવહારિક માર્ગ હોય કે પછી દેશની - સમાજની ઉન્નતિનો માર્ગ હોય પરંતુ એ દરેક માર્ગમાં, ક્ષેત્રમાં જે જે મહાન બન્યા છે, અનંતના મોક્ષદાતા બન્યા છે તેમની સફળતાના મૂળમાં કે તેમની મોટપ અને મહાનતાના મૂળમાં સહનશીલતાનો પાયો અતૂટ અને અવિચળ રહ્યો છે. તેનું ઉદાહરણ પણ આપણે પ્રત્યક્ષ જોયું છે અને સાંભળ્યું છે. આપણો ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાં પિસાતો હતો. ત્યારે ભારત દેશને આઝાદ કરવા માટે ગાંધીજીએ પણ 'સહનશીલતા'રૂપી ઉત્તમ શસ્ત્રનો જ સહારો લીધો હતો.

ગાંધીજી ધારત તો 'ઈંટ કા જવાબ ઈંટ સે ઔર પથ્થર કા જવાબ પથ્થર સે', 'જેવા સાથે તેવા' આ નીતિ અપનાવી શક્યા હોત; પરંતુ ગાંધીજીએ એ નીતિ અપનાવી નહોતી. દેશની આઝાદી માટે ઘણી બધી ચળવળો કરી, ઘણાં બધાં માન-અપમાન સહ્યાં; પરંતુ સહનશીલતાનો ત્યાગ ન કર્યો તો દેશ આઝાદ બની ગયો. અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવા માટે પણ જો સહનશીલતા જ પાયારૂપ હોય ત્યારે આપણે તો અતિ જોખમકારક, ભયંકર અને અતિશે વિઘ્નરૂપ એવા કુસંપને આપણા ઘરમાંથી, પરિવારમાંથી હાંકી કાઢવો છે અને સંપનું સર્જન કરવું છે. ત્યારે આપણા માટે પણ સહનશીલતા એ તો પાયો જ છે. આપણા ઘરમાં સંપ રાખવો હશે તો દરેકે વ્યક્તિગત સહનશીલતાનો ગુણ કેળવવો જ પડશે.

સહનશીલતા કેળવવા માટે જો કોઈ ફરજિયાત બાબત હોય તો એ છે હશે હશેની ભાવના. આ જ સહનશીલતા માટેનો મુખ્ય પાયો છે. સહનશીલતા કેળવવી હશે તો કંઈક ભૂલવાની, કંઈક છોડવાની, કંઈક ખમવાની, કંઈક હશે હશેની ભાવના તો કેળવવી જ પડશે. હશે હશેની ભાવના એટલે શું ? તો 'Let go' કરવું એટલે કે જતું કરતાં શીખો. કોઈનાથી કંઈક ભૂલ થઈ, કોઈકે આપણને બે શબ્દો કહ્યા, કોઈક આપણું કાર્ય કરવાનું રહી ગયું તો તેમાં "હશે, ભૂલ થઈ જાય, એમાં શું ?" "બે શબ્દો કહ્યા એમાં શું ?" એમ કોઈ પણ વાતને કે કોઈક બાબતને મોટું સ્વરૂપ ન આપતાં કંઈક જતું કરવાની ભાવનાથી એ વાતને ગળી

જવી, સમાવી લેવી તેનું નામ જ 'હશે હશેની ભાવના'. બસ, જાણે કશું બન્યું જ નથી.

હશે હશેની ભાવના એટલે સહનશીલતા કેળવવાનું ઉત્કૃષ્ટ આચરણ.

હશે હશેની ભાવના એટલે ઉદાર મનની, વિશાળતાની નિશાની.

હશે હશેની ભાવના એટલે મોટાની મોટપની નિશાની.

હશે હશેની ભાવના એટલે નિર્માનીપણું દૃઢ કરવાનો સર્વસામાન્ય અને સરળ ઉપાય.

માત્ર બદલવાની છે આપણી ભાવનાઓને, આપણી વિચારસરણીને; અને પછી એનું ફળ તો જુઓ. આપણા ઘરના સભ્યો વચ્ચેના ઘણા બધા પ્રશ્નો ઘટી જશે. કારણ, કોઈ પણ પ્રશ્ન હોય કે બાબત હોય પરંતુ એ સીધું જ મોટું સ્વરૂપ ધારણ કરી લેતી નથી. એની શરૂઆત તો નાની વાતથી જ થતી હોય છે. પરંતુ એ નાની વાતની શરૂઆતમાં 'હશે હશેની ભાવના' કેળવાતી નથી અને એટલે એ પ્રશ્ન કે નાની વાત ઝઘડાનું વિરાટ સ્વરૂપ ધારણ કરી લે છે જેના લીધે ઘરમાં કુસંપ સર્જાય છે.

એક દંપતીનું નાનું કુટુંબ. ઘરમાં પતિ-પત્ની બે જ રહેતાં. એક દિવસની વાત છે. પુરુષસભ્યને કામકાજ માટે બહાર જવાનું હતું અને જમવાનો સમય થઈ ગયેલો. તેથી તેમણે પોતાનાં ધર્મપત્નીને જમવાની વ્યવસ્થા કરવાનું કહ્યું. બન્યું એવું કે તેમનાં ધર્મપત્ની પોતાની બેનપણી સાથે બેસી વાતો કરી રહ્યાં હતાં. આ ભાઈને જવાનું મોડું થતું હતું તેથી બે-ત્રણ વાર રસોઈ બનાવવાનું કહ્યું. પરંતુ તેમનાં ધર્મપત્ની તો પોતાની બેનપણી સાથે વાતો કરવામાં મશગૂલ હતાં. આ જોઈ પેલા ભાઈ થોડા અકળાયા અને પોતાનાં ધર્મપત્નીને બાવડું ઝાલી ઊભાં કર્યાં અને કડવાં વેણ કહી હડધૂત કરી દીધાં અને જમ્યા વગર ચાલ્યા ગયા.

બસ આટલી જ નાની વાતમાં બંને સભ્યો વચ્ચે કંકાસ ચાલુ થઈ ગયો. માત્ર ૨૦ જ દિવસમાં બંને વચ્ચે કુસંપની દીવાલ ઊભી થઈ ગઈ. બેમાંથી એકેય જણાં સાથે રહેવા તૈયાર નહોતાં અને એક મહિનામાં તો છૂટાછેડા લઈ લીધા. આ છે સંસારનું ચિત્ર. વાત સામાન્ય હતી પરંતુ બેમાંથી એકેય પક્ષે 'હશે હશેની ભાવના' જ જોવા ન મળી. જો બેમાંથી એકે પણ હશે હશેની ભાવના રાખી હોત તો એ પ્રશ્ન કંકાસમાં ન પરિણમ્યો હોત. અને એ કંકાસ છૂટાછેડા સુધી ન લઈ

જાત. માટે આપણે જ્યારે ઘરમાં, સત્સંગમાં સૌની સાથે સંપીને રહેવું છે ત્યારે આપણામાં તો હશે હશેની ભાવના કેળવવી જ રહી.

નાનાથી કાંઈક ભૂલ થાય તો મોટાએ એક જ ભાવના રાખવાની કે હશે, નાનો છે ને ? ભૂલ તો મારાથી પણ થતી હોય છે એમ એનાથી ભૂલ થઈ ગઈ એમાં શું ? એમ જાણી એની ભૂલને ભૂલી જવી. અને એ જ રીતે મોટા (વડીલ) બે શબ્દ રોકેટોકે, આપણી કાંઈક ભૂલ દેખાડે ત્યારે નાનાએ પણ એવી જ ભાવના રાખવાની કે હશે, એ મોટા છે ને ! એ મને નહિ કહે તો કોને કહેશે ? મારી ભૂલ છે તો મને કહે જ ને ! એવો સવળો જ વિચાર કરવો. પરંતુ હશે હશેની ભાવનાને મૂકી આપણે મોટાની, વડીલની માન-મોટપ-મર્યાદાને મૂકી દઈએ તો મહારાજ આપણા ઉપર રાજી ન થાય.

આપણા રોજિંદા જીવનની કેટલીક બાબતો આપણે જોવી છે કે જેમાં આપણે હશે હશેની ભાવના રાખીને જ આગળ વધવું જોઈએ; તો આપણા ઘરમાં તથા સૌ સભ્યોની વચ્ચે સંપ રહેશે.

(૧) ઘરમાં બે ભાઈઓની વચ્ચે કોઈ વસ્તુની કે મિલકતની વહેંચણી કરવાની હોય ત્યારે ઘણી વાર આપણે એક આનો પણ જતો કરતા નથી. જેના લીધે અંદરોઅંદર ઘર્ષણ થાય છે. પરંતુ એવા સંજોગોમાં પણ આ જ ભાવના કેળવો કે ‘હશે, ગમે તેમ તોય એ મારો ભાઈ જ છે ને ! બે પૈસા વધુ જશે તો મારી એટલી સેવા થશે.’

(૨) ઘરમાં રહેનારા દરેક સભ્યનાં સ્વભાવ-પ્રકૃતિ જુદાં રહેવાનાં જ છે. એમાં ક્યાંય કોઈનો જિદ્દી, ઠરાવી સ્વભાવ હોય અને એમના ધાર્યા પ્રમાણે જ કરાવે તો ત્યાં પણ આ જ ભાવના કેળવો. હશે, એવું કરીને એ રાજી થાય છે ને ? આપણે તો બીજું કાર્ય પહેલાં કરીને એમને સંતોષ થાય છે તો એવી રીતે કરીએ.

(૩) પ્રસંગોપાત્ત કોઈની સાથે બે શબ્દો બોલવાના થયા અને ઝઘડો થઈ ગયો તો તેને લીધે એકબીજા વચ્ચે આંટી ન બાંધી દેવી. પાણીમાં લીટો કરીએ તેમ એ વાતને ભૂલી જાવ. હશે, હવે ભૂલ થઈ ગઈ. એને વારંવાર વાગોળીને શું ફાયદો છે ?

(૪) નાનાં બાળકો તોફાન-મસ્તી કરતાં હોય ત્યારે તેમને મારઝૂડ ન કરવી;

તેમને પ્રેમથી સમજાવી-પટાવીને કામ લેવું; અકળાઈ ન જવું. ‘હશે, બાળકો છે, તો તોફાન કરે. વડીલો થોડા કાંઈ તોફાન કરવાના છે ?’ એવી ભાવના રાખવી.

(૫) ઘરમાં વડીલ, માતાપિતા કોઈ બાબતમાં રોકેટોકે, સલાહ આપે, બોલબોલ કરતાં હોય તોપણ ક્યારેય એમના પ્રત્યે કટુ વેણ ન બોલવાં. હશે, મારાં માતાપિતા જ છે ને; મારા સારા માટે બે શબ્દો કહેતાં હશે; એમને મારા કરતાં વધુ અનુભવ છે. ભલે એમનો ગમે તેવો સ્વભાવ હોય, પરંતુ મારા માટે કેટલું વેઠીને મને મોટો કર્યો છે !

(૬) પરિવારના સભ્યો આપણા કહ્યા પ્રમાણે ન કરે ત્યારે તરત જ ‘હશે હશેની ભાવના’ કેળવવી કે દરેકના વિચાર કંઈ થોડા એકસરખા હોય ? કદાચ એનું પણ સાચું હોય અને હું કહું એમ જ થાય એવું કંઈ જરૂરી થોડું છે ? જે થાય છે તેમાં મહારાજ સારું જ કરતા હશે.

આવી ઘણી બધી બાબતો આપણા રોજબરોજના જીવનમાં બનતી હોય છે કે જેમાં ‘હશે હશેની ભાવના’ સાંસારિક પ્રશ્નોના ઉકેલ માટે ઔષધિરૂપ બની રહે છે.

❑ ક્ષમા આપતાં શીખો અને ક્ષમા માંગતાં શીખો :

‘હશે હશેની ભાવના’ કેળવવા માટેનું ઉત્તમ આચરણ એટલે ક્ષમા આપો અને ક્ષમા માંગો. આપણાથી કાંઈ પણ ભૂલ થઈ ગઈ તો તુરત જ સામેના પાત્રની માફી માંગી લો, ક્ષમા માંગી લો : “હશે દયાળુ, રાજી રહેજો, મારી ભૂલ થઈ ગઈ.” કોઈને બે શબ્દ ગુસ્સામાં આવીને બોલાઈ ગયા તો તુરત બે હાથ જોડી નમ્રભાવે ક્ષમા માંગી લો : “દયાળુ, રાજી રહેજો. મારાથી આપને કટુ વચન બોલાઈ ગયાં માટે માફ કરજો.” ક્ષમા માંગવામાં જરાય સંકોચ કે નાનપ ન અનુભવવાં. કારણ કે પોતાની ભૂલની ક્ષમા માંગવી એ નાનીસૂની વાત નથી.

પહેલું તો આપણને આપણી ભૂલ સમજાઈ અને સ્વીકાર થયો કે “આ મારી ભૂલ છે” એ જ આપણી મુમુક્ષુતાની નિશાની છે. અને ભૂલ સમજાયા પછી સામેના પાત્રની આગળ બે હાથ જોડી માફી માંગવી એ તો અતિ ઉત્તમ ભૂમિકા

છે. જેનામાં સાચી ખુમારી હોય, વીરતા હોય એ જ પોતાની ભૂલ માટે ક્ષમા માંગી શકે અને એટલે જ તો કહ્યું છે, 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એટલે 'ક્ષમા એ વીરોનું આભૂષણ છે.'

ક્ષમા આપવી એ ઉત્તમ ધર્મ છે. અને એટલે જ શ્રીજીમહારાજ ક્ષમા માંગવાનું મહત્ત્વ દર્શાવતાં કહે છે :

"ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, ક્લેશનું કારણ અક્ષમા છે;
ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણાં પીડાય."
"ક્ષમા સ્વરૂપી શુભ શસ્ત્ર જેને, રહે ન કોઈ પણ શત્રુ તેને;
વિદ્યા ક્ષમા તો વશીકાકરણી છે, ક્ષમા વિશે શક્તિ રહી ઘણી છે."

– શ્રીહરિલીલામૃત : કળશ-૫, વિશ્રામ-૧૪

ક્ષમા એ ભલા એટલે કે એક સારા વ્યક્તિનું ઘરેણું છે. જેમ ઘરેણાંથી વ્યક્તિ સુંદર લાગે છે તેમ ક્ષમારૂપી ઘરેણું જે પહેરે તેનું વ્યક્તિત્વ બીજા કરતાં ચઢિયાતું લાગે છે. જે આ ક્ષમારૂપી ઘરેણું નથી પહેરતા તેના ઘરમાં ક્લેશ સર્જાય છે. પરિણામે દુઃખથી પીડા પામે છે. માટે સદાય સુખિયા રહેવા ક્ષમારૂપી ઘરેણું પહેરવું, કારણ કે ક્ષમારૂપી ભૂષણ અને ક્ષમારૂપી શસ્ત્ર જેની પાસે હોય છે તેના કોઈ શત્રુ હોતા નથી. ક્ષમા આપવાનો અને ક્ષમા માંગવાનો ગુણ એ એક વશીકરણ વિદ્યા જેવું છે.

ક્ષમામાં અપાર શક્તિ રહેલી છે જેનાથી વણઊકલ્યાં કાર્યો ઊકલી જાય છે. અસંભવ પણ સંભવ થઈ જાય છે. પરસ્પરના સંબંધો બદલાઈ જાય છે.

ક્ષમા માંગવાથી અનેક લાભ હોવા છતાં આપણા કૌટુંબિક જીવનમાં સૌથી મોટો એક પ્રશ્ન સતાવ્યા કરતો હોય છે કે પહેલો કોણ નમે ? પહેલાં માફી કોણ માંગે ? "હું અને એની માફી માંગું ! એ આજકાલના અને એની માફી હું માંગું ! એ નાનો છે તો એણે માફી મારી માંગવાની હોય. મારે થોડી એની માફી માંગવાની હોય !" કોઈ કોઈને નમી દેવા, ક્ષમા માંગવા જ તૈયાર થતું નથી અને એટલે પ્રશ્નોની વણઝાર ઊભી થાય છે અને વણનોતર્યો કુસંપ ઘરમાં આવી નિવાસ કરે છે.

એક હરિભક્ત નવા વર્ષે પ.પૂ. સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું કે, "સ્વામી, આજે નવા વર્ષનો પહેલો દિવસ છે તો મને કાંઈક નિયમ આપો." પ.પૂ.

સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું, “ઝાઝા નિયમ નથી આપતો, પણ આજે તમે તમારા ઘરનાં મહિલાસભ્યની માફી માંગી લેજો કે વર્ષ દરમ્યાન કાંઈ ભૂલચૂક થઈ ગઈ હોય, બે શબ્દ કહેવાયા હોય તો માફ કરી દો.” આટલું સાંભળતાં પેલા હરિભક્ત બોલ્યા, “સ્વામી, તમે આ કેવો નિયમ આપો છો ? હું મારાં ધર્મપત્નીની માફી માંગું ? મારાથી માફી મંગાય ? માફી માંગવાનું કામ તો મહિલાનું છે, મારું નહીં. કંઈક બીજો નિયમ આપો તો સારું.”

પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, “આત્મીયતા કેળવવી હશે, ઘરમાં સંપીને રહેવું હશે તો આટલું કરવું જ પડશે.” આ ટકોર માત્ર એ હરિભક્ત માટે જ નહોતી; આપણા સૌ માટે છે અને એટલે પ.પૂ. સ્વામીશ્રીએ પણ ૨૦૦૯ની નૂતનવર્ષની આશીર્વાદ સભામાં ત્રણ લેસન આપ્યાં હતાં તેમાંનું એક આ પણ હતું કે, “તમે તમારાં મહિલાસભ્યની તથા ઘરના સૌ સભ્યની માફી માંગી આખા વર્ષનું દેવું ચૂકતે કરાવજો.”

ખરેખર જો એકબીજા અંદરોઅંદર પોતાનું માન, મોટપ મૂકી ક્ષમા માંગતાં થઈ જાય તો આપણા કુટુંબના ૭૦થી ૮૦ ટકા પ્રશ્નો આપમેળે જ ઉકેલાઈ જતા હોય છે. આપણા ધણી શ્રીજીમહારાજનો પણ ક્ષમા માંગી લેનાર ઉપર અત્યંત રાજીપો થાય છે.

ક્ષમા માંગવાની અભિરુચિ દર્શાવતાં સ્વયં શ્રીજીમહારાજ સ્વમુખવાણી વચનામૃતમાં જણાવે છે કે,

“અમથી તો જો એક ગરીબ પણ દુભાણો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, ભગવાન સર્વાંતર્યામી છે તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે, માટે જેને અમે દુખ્યો તેના જ અંતરમાં વિરાજતા હશે, તો અમે ભગવાનનો અપરાધ કર્યો એમ જાણીને તેને પગે લાગીએ, ને તેને કાંઈ જોઈતું હોય તે આપીએ, પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ.”

- ગઢડા મધ્યનું ૨૭મું વચનામૃત

“ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.”

- ગઢડા છેલ્લાનું ૨૨મું વચનામૃત

આ છે શ્રીજીમહારાજનો ક્ષમા માંગવા અંગેનો અંતર્ગત અભિપ્રાય. શાસ્ત્રો

એવું કહે છે કે અવરભાવમાં શ્રીજીમહારાજનો એક સ્વાભાવિક ગુણ હતો કે, “રખેને અમથી કોઈ ભક્ત દુભાઈ ન જાય એ માટે અમે નિરંતર ભક્તના અપરાધથી બીતા રહીએ છીએ અને જો કોઈ અમથી દુભાઈ જાય તો તેની અમે માફી માંગી લઈએ, એને રાજી કરી લઈએ ત્યારે જ અંતરે સુખ થાય છે.” આપણા મહારાજ આપણને વર્તાવવા, શીખવવા માટે આટલા નિર્માની થઈ વર્તતા હોય તો આપણે નિર્માની થઈ એકબીજાની ક્ષમા કેમ ન માંગી શકીએ ?

ક્ષમાને મહારાજે સજ્જનોના ગુણ તરીકે નવાજતાં કહ્યું છે કે,

“વિનાપરાધે ખળ દુઃખ દેય, તે દુઃખ જો સજ્જન સાંખી લેય,
સહાયતા શ્રીજી કરે જરૂર, ક્ષમા તજે તો પ્રભુ જાય દૂર.
દ્વેષી જનોનું પણ સારું ઈચ્છે, એવી સદા સજ્જનની રીતિ છે,
જે શસ્ત્ર તો ચંદન વૃક્ષ કાપે, તે શસ્ત્રને તોય સુગંધ આપે.
ક્રોધે કરી જે જન ગાળ દે છે, સત્કર્મ તેનાં સઘળાં બળે છે;
જે ગાળ સાંખે અઘ તેનું જે છે, તે ગાળ દેનાર જ ભોગવે છે.”

– શ્રીહરિલીલામૃત : કળશ-૫, વિશ્રામ-૧૪

વગર વાંકે કદાચ કોઈ ખળ (શઠ) આપણને દુઃખ આપે તોપણ જો તેને આપણે સહન કરી લઈએ તો શ્રીજીમહારાજ આપણને મદદ કરે છે અને જો ક્ષમાને તજી આપણે સામે એવો જ વર્તાવ કરીએ તો મહારાજ આપણાથી દૂર થઈ જાય છે. ગમે તેવો દ્વેષી હોય તોપણ આપણે તેનું સારું જ ઈચ્છવું. જેમ ચંદનના ઝાડને કોઈ શસ્ત્ર લઈ કાપે તો શસ્ત્રને પણ ઝાડ સુગંધ જ આપે છે, ક્યારેય દુઃખ નથી આપતું. તેમ આપણે પણ કદાચ કોઈ આપણી ઉપર શસ્ત્રની જેમ ઘા કરે તોપણ તેની સાથે સુગંધ જેવો સારો જ વર્તાવ કરવો. અને જો સામે તેની ઉપર ક્રોધ કરીએ તો આપણા રાજીપાનાં કરેલાં સર્વે સાધનનું ફળ બળી જાય છે. માટે જો આપણે કોઈનાં વેણ-કવેણ કે અપશબ્દો સહન કરી લઈ ક્ષમા આપી દઈએ તો આપણું પાપ ગાળ દેનારને કહેતાં સામેવાળાને જાય છે. માટે ક્ષમા માંગવારૂપી ગુણ આપણામાં કેળવવા અતિ આવશ્યક છે.

આ તો વાત થઈ ક્ષમા માંગવાની. એ જ રીતે ક્ષમા આપવામાં પણ આપણે કદી સંકોચ ન રાખવો. એમાં કદી અટંટ, અક્કડ ન રહેવું. “હું એને માફી આપું ? એનાં કુકર્મો તો જુઓ ! એવાને માફી અપાય ?” આવી ભાવના કદી આપણા માનસમાં ઉદ્ભવવા ન દેવી. સૌ મહારાજના સંબંધમાં આવેલા અનાદિમુક્તો

છે. સૌને વિષે આવો પરભાવનો મહિમા સમજાશે તો જ ક્ષમા માંગી શકાશે અને ક્ષમા આપી શકાશે. ક્ષમા માંગવાથી અને ક્ષમા આપવાથી મોટામાં મોટો ફાયદો એ છે કે આપણાથી કોઈ નાના કે મોટા ભક્તનો કદી અપરાધ કે દ્રોહ થાય જ નહીં. અને આ થયું એટલે આપણે બહુ મોટી ઊંડી ખાઈમાં પડતા બચી ગયા. મહારાજનો રાજીપો આપણી ઉપર વરસી જાય.

આપણને હજુ ક્ષમા માંગતાં કે ક્ષમા આપતાં સંકોચ અનુભવાતો હોય, પગ પાછો પડતો હોય, હિંમત ન ચાલતી હોય તો સમજવું કે આપણામાં કેટલીક બદીઓ પેઠી છે જે આપણને ક્ષમાના ગુણને પામવા દેતી નથી.

❑ **ક્ષમા નથી માંગી શકતા કે નથી આપી શકતા તેનાં કેટલાંક કારણો :**

(૧) દેહાભિમાન :

"હું જ સાચો છું.", "મારી રીત જ યોગ્ય છે.", "મારા જેવું સારું બીજા કોઈથી ન થઈ શકે." – એવું રહેતું હોય તે જ આપણું દેહાભિમાન છે. આપણા રોજબરોજના જીવનમાં આ જ દેહાભિમાનની પુષ્ટિ કરતા વિચારો આવતા હોય છે. એમાં જો ક્યાંક કોઈ વ્યક્તિ આપણા દેહાભિમાનનું ખંડન કરે ત્યારે ખૂબ દુઃખ લાગે છે. એ સમયે કોઈ આપણને આપણી ભૂલ બતાવે તો આપણી ભૂલ નથી દેખાતી. અને ઉપરથી તેમના અવગુણ દેખાય છે. તો પછી તેમની માફી તો મંગાય જ ક્યાંથી ?

સમૂહની વચ્ચે આપણું સ્થાન જાળવી રાખવા કે આપણી આગવી પ્રતિષ્ઠા ઊભી કરવા માટે પણ કેટલીક વાર કોઈની અલ્પ ભૂલને ભૂલી જવાને બદલે મોટું સ્વરૂપ અપાતું હોય છે. આપણી ગમે તેટલી મોટી ભૂલ હોવા છતાં આપણને દેખાતી જ નથી. ત્યારે પોતાના અહંકારને કારણે કોઈની ભૂલને માફ કરી શકતા નથી કે બે હાથ જોડી નિર્માની થઈ આપણી ભૂલનો સ્વીકાર કરી શકતા નથી.

(૨) પૂર્વાગ્રહ :

કોઈ વ્યક્તિનાં વાણી અને વર્તને કરીને તેના માટે કોઈક પૂર્વાગ્રહ બંધાઈ જતો હોય છે કે "આ વ્યક્તિ તો આવી જ છે." "એની ક્રિયા તો આવી જ હોય છે." "એનામાં તો કોઈ પ્રકારનો માલ નથી." "એ તો મારા માટે કાયમ નકારાત્મક વિચાર જ કરતો હોય છે." "મારું હંમેશાં ખરાબ જ ઇચ્છતો હોય છે." પરિણામે તે વ્યક્તિને જોતાં જ આ બધા ભાવો આપણા માનસપટ પર

તરવરવા માંડે છે. કદાચ તે વ્યક્તિ આપણા હિતની વાત કરે કે આપણું હિત થાય તેમ કરતી હોય તોપણ તેનો આપણને સ્વીકાર થતો નથી. ક્યાંક આપણી ભૂલ બતાવે તો આપણને તેમના શબ્દો તીરની જેમ વાગતા હોય છે અને તેમની હાજરી કાંટાની જેમ ખૂંચતી હોય છે. તેમની આગળ ભૂલનો જ સ્વીકાર નથી થતો તો તેમની માફી કેવી રીતે મંગાય ?

તેમને વિષે બંધાઈ ગયેલા નકારાત્મક પૂર્વાગ્રહને કારણે એ વ્યક્તિની ક્ષમ્ય ભૂલ હોય ને તે સામે ચાલીને માફી માંગતો હોય તોપણ તેને માફી આપી શકતા નથી કે તેની ભૂલને પણ ભૂલી શકતા નથી. ઉપરથી તેને ફજેત કરવાનો પ્રયત્ન થતો હોય છે.

(૩) દેહદૃષ્ટિ :

કારણ સત્સંગમાં આવેલા દરેકના ચૈતન્યને મહારાજ અને મોટાપુરુષે વર્તમાન ધરાવી અનાદિમુક્ત કર્યો જ છે. પરંતુ તેમના વિષે દેહદૃષ્ટિ રહે છે એટલે તેમનાં સ્વભાવ-પ્રકૃતિ, ભૂલો, દોષો આ બધું દેખાયા જ કરે છે. કારણ કે, દેહભાવ એટલે અનંત દોષોનો સરવાળો. દેહદૃષ્ટિની જ વારંવાર પ્રૅક્ટિસ થયા કરે છે. તેથી તેમનો મુક્ત તરીકેનો મહિમા સમજી શકાતો નથી. તેમને સામાન્ય જગતના દેહધારી જીવો જેવા જ મનાય છે. તેથી તેમની આગળ ક્યાંક માફી માંગવાની થાય તો દાસ થઈને માફી માંગી શકતા નથી.

દીવાન ગમે તેટલો મોટો હોય તોપણ રાજાના દીકરાને સલામ ભરે છે. એની આગળ દાસ થઈ જાય છે. એમ સંતો-ભક્તો, પરિવારના સભ્યો સૌને વિષે જ્યારે પરભાવનો મહિમા સમજાય તો આપમેળે તેમના દાસ થઈ જવાય. તેમની માફી માંગી શકાય. અને કદાચ તેમનાથી કોઈ નાની-મોટી ભૂલ થઈ ગઈ હોય તો તેને ભૂલી જઈ માફ પણ કરી શકાય.

(૪) રાજી કરી જ લેવા છે - એવો મક્કમ નિર્ધાર નથી :

આપણા જીવનમાં જો આપણે કોઈ વસ્તુ મેળવવા કે ડિગ્રી મેળવવા માટે મક્કમ નિર્ધાર કર્યો હોય તો યેન કેન પ્રકારેય ગમે તેમ કરીને પણ તેને મેળવીએ છીએ. કોઈકની આગળ કગરવું પડે તો કગરીને, નમીને, ગરજુ થઈને પણ મેળવીએ છીએ. કારણ કે મક્કમ નિર્ધાર કર્યો છે. પરંતુ સત્સંગમાં મહારાજ અને મોટાપુરુષના રાજીપા વગર કશું જ શક્ય નથી. એવું જાણતા હોવા છતાં રાજીપાના માર્ગે આગળ નથી ચલાતું, કારણ કે રાજી કરી જ લેવા છે એવો મક્કમ નિર્ધાર

નથી કર્યો.

જો રાજીપાના માર્ગે મક્કમ નિર્ધાર થાય તો નાનામાં નાનાના દાસ થવામાં પણ કોઈ શરમ કે સંકોચ ન લાગે. કોઈ આગળ પોતાનું અસ્તિત્વ જ ન રહે અને દાસભાવે સૌની માફી માંગી શકાય. પરંતુ જ્યાં સુધી રાજીપાના માર્ગે મક્કમ નિર્ધાર નથી કર્યો ત્યાં સુધી કોઈની માફી નથી માંગી શકાતી. ઉપરથી પહેલાં એ માફી માંગે તો હું માફી માંગું અથવા એણે આમ કરવું જોઈએ ને – એવો વાદવિવાદ થાય છે.

એકમાત્ર રાજીપા સામે જ અખંડ દૃષ્ટિ થઈ જાય તો સૌની માફી માંગી શકાય છે. એની આગળ પોતાનો કોઈ ઠરાવ કે આંટી પણ રહેતાં નથી અને બધાયની ભૂલોને ભૂલીને તેમને માફ કરી 'હશે હશેની ભાવના' કેળવી સૌની સાથે દિવ્ય આત્મીયતાનું સર્જન કરી શકાય છે.

આમ, આટલી કસરો ટાળીએ તો સહેજે જ ક્ષમા માંગી શકાય અને ક્ષમા આપી શકાય. અને એ થાય તો 'હશે હશેની ભાવના' સહેજે રહે અને 'હશે હશેની ભાવના' રહે તો સહનશીલતાના ગુણને આવકારવો ન પડે, આવી જ જાય અને સહનશીલતા આવી ત્યાં સૌની સાથે સંપીને રહેવાય જ. સૌની સાથે સંપીને રહેવાય તો મહારાજ રાજી, રાજી ને રાજી...

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. દુઃખકર સંસારનો સુખકર ઉકેલ

૨. ઘરમાં દિવાળી કે હોળી

નમો અને સૌનું ખમો

સાંસારિક જીવન જીવતી કોઈ પણ વ્યક્તિને પૂછવામાં આવે કે, ''તમારી સંપત્તિ ગણાવો.'' તો સામાન્ય રીતે શું શું ગણાવશે ? તો રૂપિયા, દાગીના, મકાન, જમીન, ફર્નિચર, વાહન, ધંધાનો વ્યાપ, શૅર - આવી મિલકતોને વ્યક્તિ પોતાની સાચી સંપત્તિ ગણે છે. હરહંમેશ આ સંપત્તિનો ચઢતો ને ચઢતો ક્રમ રહે એવી ઘેલછા દરેકને રહે છે. આ સંપત્તિમાં ઘટાડો થાય તે કોઈનેય માન્ય હોતું નથી.

આ સંપત્તિનો ચઢતો ક્રમ રાખવાનો કોઈ કીમિયો ખરો ? હા...હા...હા... કેમ નહીં ? વ્યવહાર માર્ગ કે પછી અધ્યાત્મ માર્ગ હોય, પરંતુ જ્યાં સંપ હોય ત્યાં સતત ચઢતો ક્રમ હોય જ છે. પારિવારિક સંપ એ જ પરિવારનું ઊજળું ભવિષ્ય છે. જે પરિવારમાં સંપ હોય તેનો દસકો ક્યારેય બદલાતો નથી.

સંપીને રહેવાની ઈચ્છા તો હરકોઈને હોય છે. કોઈને કુસંપ ગમતો નથી છતાં સંપીને રહેવાતું નથી. સંપીને રહેવાની ઈચ્છા હોવા છતાં આપણો અહમ્ આપણી આ ઈચ્છાના ચૂરેચૂરા ઉડાડી દે છે.

સ્વતંત્ર જીવન જીવવાની ખેવના કરતી આજની યુવાપેઢી હોય કે પછી વડીલવર્ગ હોય, પરંતુ કોઈને કોઈની રોકણી-ટોકણી કે સલાહના બે શબ્દો સાંભળવા ગમતાં નથી. તો પછી ત્યાં નમવા કે ખમવાની વાત જ ક્યાં રહી ? આજે કેટકેટલાય પરિવારોમાં સર્જાતા કુસંપ અને કંકાસનું કારણ તપાસીએ તો એમાં એકબીજાને નમી દેવાની અને બે શબ્દ ખમી લેવાની તૈયારી જણાતી નથી, જેથી સંપભર્યું વાતાવરણ સર્જાતું નથી.

લગ્ન થયે હજુ બે જ મહિના થયા હતા અને પતિ-પત્ની વચ્ચેના ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું. કારણ એટલું જ કે પતિએ પોતાની પત્નીને રસોઈ બાબતે ટકોર કરી. પ્રસંગ જાણે એમ હતો કે રસોઈમાં બે-ત્રણ દિવસથી ઠીક આવતું નહોતું. એટલે જમાડતી વખતે મિતેષભાઈએ ટકોર કરી, “રસોઈ કેમ આવી બને છે ?” આવું બીજા બે-ત્રણ દિવસ ચાલ્યું. બે દિવસથી મિતેષભાઈની ટકોરને એમની પત્નીએ સાંભળી, પણ ત્રીજા દિવસે ના રહેવાયું અને વળતો ઉત્તર આપ્યો, “રસોઈ જેવી આવડે છે એવી બને છે ! ભાવતું હોય તો જમો.” ઉત્તર સાંભળી મિતેષભાઈથી ન રહેવાયું એટલે બોલ્યા, “તારા કરતાં તો નોકરાણી રાખી હોય તો એય સારી અને પ્રેમથી રસોઈ જમાડે.” વળતો જવાબ તૈયાર જ હતો, “તો પછી રાખી લો નોકરાણીને.” આટલી વાતમાં બંને વચ્ચે ઘર્ષણ ચાલુ થયું અને ચાર મહિના તો માંડ પૂરા થયા અને અંતે પરિણામ આવ્યું છૂટાછેડા !

સમૃદ્ધ અને સુખી પરિવારમાં નવી પુત્રવધૂનો પ્રવેશ થયો. સાસુમા સહજ સ્વભાવે પુત્રવધૂના કામમાં વણમાંગ્યાં સલાહ-સૂચનો આપ્યાં કરે, ટોક્યાં કરે. બે-ત્રણ દિવસ તો આ રોકણી-ટોકણીમાં માંડ કાઢ્યા અને એક પ્રસંગે પુત્રવધૂથી ન રહેવાયું ને પોતાની સાસુમા સામે જીભ ઉપાડી. સાસુ અને વહુ સામસામે આવી ગયાં. શબ્દોનાં બાણ સામસામે વરસવા લાગ્યાં. સાસુમાએ કહ્યું કે, “મારા દીકરાને આવવા દે; પછી તારી વાત છે.”

ઑફિસના કામથી કંટાળેલો દીકરો સાંજે ઘરે આવે છે. ઘરે આવતાંની સાથે દીકરાની મા એને વહુના વિરોધમાં કાન-ભંભેરણી કરે છે. કાચા કાનના દીકરાએ ઘટનાની ઊલટતપાસ કર્યા વિના ઘરમાં આવેલી પોતાની પત્નીને ઢોરમાર માર્યો. શાંતિમય જીવન જીવવાના શુભ હેતુથી જોડાયેલા દંપતીના જીવનમાં હુંસાતુંસી, તું-તારી અને મારઝૂડનો થયો પ્રવેશ. અને ઘરમાં દિવાળીનો આનંદ હોળીના દુઃખમાં ફેરવાઈ ગયો.

દીપકભાઈ એમના મિત્રો સાથે બેઠા બેઠા વાતોના ગપાટા ને ટોળટપ્પા કરતા હતા. દીપકભાઈના પિતાશ્રી આ જોતાં નજીક આવ્યા અને થોડા કડક શબ્દોમાં દીપકભાઈને ટકોર કરી. અત્યારે આ યુવાનીના ઉંબરે ભણીગણીને જીવન કેળવવા બાબતે થોડાં સલાહસૂચનો આપ્યાં. પોતાના પિતાશ્રીનાં બે વેણ તેમનાથી ખમાયાં નહિ અને તેઓ એ જ રાત્રે ઘર છોડીને ચાલ્યા ગયા.

જ્યાં માત્ર શબ્દો નથી ખમાતા ત્યાં પોતાની ભૂલનો સ્વીકાર કરી નમવાની

વાત જ ક્યાં હોય ? તો પછી ત્યાં સંપ કેવી રીતે શક્ય છે ?

આવાં તો પાને પાનાં ભરાઈ જાય એટલા પ્રસંગો રોજના સર્જાતા હોય છે. જેમાં એક ખૂટતી કડી હોય છે 'સામેનાની આગળ નમી જવાની ભાવના' અને 'કોઈના બે શબ્દો ખમી લેવાની ભાવના'. આ ભાવનાના અભાવે જ બહુધા આપણી વાણીમાં અસંયમ ઊભો થતો હોય છે. પછી પરિણામ શું આવે છે ? તો હાડકા વગરની જીભ અનેકનાં હાડકાં તોડી નાંખે છે. એટલે જ અંગ્રેજીમાં એક લેખકે કહ્યું છે કે,

"A toungue without bones has the power to break many bones."

અર્થાત્ "હાડકા વગરની જીભમાં અનેકનાં હાડકાંને તોડી નાંખવાની શક્તિ છે."

એક વખત સંતો એક હરિભક્તને ત્યાં પધરામણી માટે પધાર્યા. આરતી-પૂજન દરમ્યાન આ હરિભક્તનાં ઘરનાંએ સાથે આવેલા હરિભક્તો પાસે પ્રાર્થના રૂપે એક સૂચન મોકલ્યું કે, "અમારે મોટા ભાઈ સાથે એક નાની બાબતમાં અણબનાવ બન્યો હતો. એ પ્રસંગ પછી તેઓએ મોટા ભાઈ સાથે અબોલા લઈ લીધા છે. અત્યારે મોટા ભાઈ માફી માંગી સામેથી બોલવા માટે તૈયાર છે. પરંતુ તેઓ ના પાડે છે. માટે બંને ભાઈઓ વચ્ચેના અબોલા તૂટે અને અમારા પરિવારમાં સંપ થાય એવી ભલામણ કરશો."

સંતો થોડી વાર પેલા હરિભક્ત પાસે બેઠા અને કહ્યું કે, "આજે સ્વયં શ્રીજીમહારાજ અને સંતો આપના ઘરે પધાર્યા છે તો તમારે અમારી એક વાત માનવાની છે." "શું ?" "તમારે તમારા મોટા ભાઈ સાથેના અબોલા છોડી દઈ એમની માફી માંગી, તમારે સામેથી એમને બોલાવવાના છે. ભલે ગમે તે પ્રસંગ બન્યો હોય તોય શું થઈ ગયું ? તમે નમી જાવ, એમના બે શબ્દોને ખમી લો. ભાઈ તો તમારા જ છે ને ? ક્યાં બીજાના છે ?"

સંતોના ભલામણના આટલા શબ્દો જાણે તેમની ઉપર થતા વજ્ર પ્રહાર જેવા લાગ્યા. તેઓ લાલપીળા થઈ ગયા અને મોં બગાડતાં બોલ્યા કે, "સ્વામી ! રાજી રહેજો. એ બહુ અઘરું છે. આ નહિ બને." "કેમ ?" "સ્વામી, એ એના મનમાં સમજે છે શું ? એ મને એવા શબ્દો બોલે જ શાનો ? હું પણ બતાવી દઈશ કે હુંય કંઈ કમ નથી. મારે એમની કોઈ ગરજ નથી."

અહમ્‌ના ઓડકારમાંથી સરતાં આવાં વચનોથી સંતોની મર્યાદા પણ ન

રહી અને તેમનું વચન પણ ન મનાયું. પરંતુ એ જ વખતે તેઓ નમી ગયા હોત તો ? મહારાજ અને સંતોના રાજીપાના પાત્ર બની ગયા હોત. કુટુંબનો કુસંપ ટળી જાત અને સંપ થઈ જાત. માટે જ કહ્યું છે ને,

"જે હાર્ય પામે હરિભક્ત સાથ, તેને રીઝે શ્રીહરિ સૌના નાથ,
તે તો નહિ હાર સુવર્ણહાર, શોભા વધે તે થકી તો અપાર.
માતાપિતા કે ગુરુ સંત સંગે, જે માનવી વાદ વદે ઉમંગે;
તેનાથી જીત્યો જન એ જ હાર્યો, હારી છૂટ્યો એ જ જીત્યો જ ધારો."

- શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૨૭

આવો પ્રસંગ અન્યના પરિવારમાં બને ને ત્યાં જો આપણને સંપ કરાવવાનું કહેવામાં આવે કે સલાહસૂચનો આપવામાં આવે તો આપણે અન્યને આવી જ રીતે કંઈક સમજાવીએ કે...

- હશે, કદાચ મોટા ભાઈનો વાંક છે કે એ તમને વઢ્યા, પણ એમણે સામેથી માફી માંગી છે તો આપણે અટંટ થઈ પકડી ના રખાય. આપણે સામે નમી જવાનું હોય.
- તમને મોટા ભાઈએ બે શબ્દો કહ્યા એમાં આટલું બધું ખોટું થોડું લગાડવાનું હોય ? મોટા ભાઈ છે તો એમને બે શબ્દ કહેવાનો અધિકાર છે. ગમે તેમ તોયે એ મોટા છે.
- આપણે આટલો બધો સત્સંગ કરીએ છીએ તો મોટા ભાઈના બે કડવા શબ્દો સહન કરી લેવાની તૈયારી તો આપણામાં જોઈશે ને ? આપણા ગુરુએ કેટલાં માન-અપમાનોને સહન કર્યાં છે ? આપણે એવાં માન-અપમાન તો ક્યાં સહન કરવાનાં છે ? એક-બે શબ્દો સહન કરવાના છે. એમાં વળી કેવી આંટી ?
- થોડું સમજો. આપણી આ એક નાનકડી હઠ આપણા કુટુંબના વ્યવહારોમાં કેટલી વિઘ્નરૂપ થશે ? આપણા ઘરનું, કુટુંબનું અને તમારું પોતાનું સમાજમાં કેટલું ખરાબ દેખાશે ? ઘણા સમયથી આવું ચાલે છે એટલે ક્યાંક પગ ભારે થઈ ગયો હોય તો અમે સાથે રહી બોલતા કરાવીએ. ગમે તેમ કરીને પણ આપણે અબોલા છોડવાના છે.

આપણે આવો કંઈક ઉપદેશ આપીને એમના પરિવારમાં સંપ કરાવવા માટે પ્રયત્ન કરીશું. પરંતુ સાથે સાથે એક પ્રશ્ન વિચારવો બહુ જરૂરી છે. જે

ઉપદેશ આપણે એ હરિભક્તને આપવા માટે તૈયાર થયા છીએ એ ઉપદેશ સમય આવે આપણે પોતાને આપી શકીએ છીએ ? સમયે આપણે સામેનાની આગળ નમતું જોખી શકીએ છીએ ? સામેની વ્યક્તિનાં બે કડવાં વચન આપણે ગળી જઈએ છીએ ? સહન કરી શકીએ છીએ ? મહત્ત્વનો મુદ્દો તો એ છે. આપણે બીજાને ઉપદેશ તો આપી શકીએ છીએ પરંતુ એ જ ઉપદેશને પોતાના સ્વજીવનમાં લઈ શકતા નથી અને સમય આવ્યે આપણે આપણા સ્વભાવો ઉપર જતા રહીએ છીએ.

કોઈએ આપણા ઉપર હાથ ઉપાડ્યો હોય તો તેની અસર ૫-૧૦-૧૫ મિનિટ કે ૨-૪ કલાક રહે છે. પરંતુ આપણા માટે બોલાયેલા બે શબ્દો કે આપણું અપમાન કર્યું હોય તો એ શબ્દોને આપણે જીવન પર્યંત ભૂલી શકતા નથી. શબ્દોની ગાંઠ વાળી દઈએ છીએ અને પૂર્વાગ્રહનાં પોટલાં ભરીએ છીએ. એમના દોષોનું ધ્યાન કરીએ છીએ ને એમના વિષે અવરભાવમાં ચાલ્યા જઈએ છીએ. આગળ જણાવેલ બે ભાઈઓના પ્રસંગમાં ભલે તે હરિભક્ત સંતોના કહેવા છતાં પોતે અડગ રહ્યા, એમાં પોતાની જીત માની પરંતુ ખરેખર તેઓ હારેલા જ છે. જો તેઓ નમી ગયા હોત તો મહારાજ અને સંતોનાં હૈયાંના હાર થઈ જાત. અંતરના રાજીપાનાં પાત્ર બની જાત.

આપણો વાંક કદાચ હોય કે ન હોય છતાંય નમી જઈ માફી માંગી લેવાની રીત શ્રીજીમહારાજે પોતે વર્તીને આપણને શીખવી છે.

એક વખત ગઢપુરના જૈન અપાસરામાં એક ઘટના બની ગઈ. એક હરિભક્તના બાળકુંવર જૈન અપાસરા પાસેથી નીકળ્યા. એવામાં તેઓ થૂંક્યા જેના છાંટા તે અપાસરાના ઓટલા પર પડ્યા.

સ્વામિનારાયણના સત્સંગીના દીકરાથી થયેલી આવી નાની ભૂલ માટે જૈન સાધુઓએ રજનું ગજ કરી મૂક્યું. તેમને પોતાનું અપમાન લાગ્યું તેથી તેઓ દોડતા ગઢડાના વેપારી મહાજનોની વચ્ચે પહોંચી પોતાનો ઊભરો ઠાલવવા માંડ્યા કે, "તમારા વેપારી મહાજનોમાં પાણી નહિ ત્યારે અમારે આવાં અપમાનો વેઠવાં પડે ને આજે એ સ્વામિનારાયણિયો ઓટલે થૂંક ઉડાડી ગયો ?! કાલે અમારા બધાયની ઉપર થૂંક ઉડાડશે. તોય તમે કાંઈ નહિ કરી શકો."

અગ્નિમાં જેમ ઘી હોમાય તો વધુ પ્રજ્વલિત થાય તેમ જતિના શબ્દોએ મહાજનોનો ઉશ્કેરાટ વધારી દીધો. તેમણે જૈન સાધુના થયેલા અપમાનને કારણે

ગઢપુરના બજારની દુકાનો બંધ કરવાના આદેશો આપ્યા. થોડી વારમાં આખી બજારમાં સોપો પડી ગયો. ચર્ચા ચકડોળે ચડી. વાતનું વતેસર થવા માંડ્યું અને હવે કેવી રીતે સ્વામિનારાયણને પાઠ ભણાવવો તેની સૌ વિચારણા કરી રહ્યા હતા.

આ બધી પરિસ્થિતિની જાણ શ્રીજીમહારાજને થતાં કોઈની સાથે વાતચીત કર્યા વગર તેઓ સભામાંથી ઊભા થઈ ગયા અને માણકી મંગાવી. મહારાજ માણકીના પેગડામાં પગ ભરાવતાં અપાસરા ભણી ચાલ્યા. પાળાઓ, સંતો મહારાજની સાથે ચાલવા તૈયાર થયા. મહારાજે 'કોઈને પણ સાથે આવવાનું નથી, અમે એકલા જ જઈશું' એવી આજ્ઞા કરી.

શ્રીજીમહારાજ એકલા જ જૈન અપાસરે પહોંચ્યા. ગંભીર મુખમુદ્રાએ પગથિયાં ચઢી ઉપર પહોંચ્યા ત્યાં તો જતિઓ અને મહાજનો હવે આગળ શું કરવું તેનાં પગલાં અંગે મસલત કરી રહ્યા હતા. અચાનક ભગવાન સ્વામિનારાયણને આવા તંગ વાતાવરણમાં એકલા જોતાં સૌ અવાચક થઈ ગયા. તેમની આંખો આ વાસ્તવિકતાને સ્વીકારી શકતી નહોતી. તેઓ કંઈ બોલે તે પહેલાં શ્રીજીમહારાજ બે હાથ જોડી માફી માંગતા બોલ્યા કે, "હે ઉદારદિલના તપસ્વી પુરુષો, આજે અમારા સત્સંગીના દીકરાથી અજાણતાં ભૂલ થઈ ગઈ છે, તો હે સાધુવર્ય, એમાં આપનું અપમાન થયું હોય તેવું લાગ્યું હોય તો માફ કરશો. મહાજનનાં મન તો મોટાં હોય માટે આ ભૂલને માફ કરી દો. હું તમને વિનંતી કરું છું કે આ ઝઘડાનો હવે અંત આણો અને બજારો પણ ચાલુ કરાવી દો... રાજી રહેજો."

જતિ અને મહાજનો તો આ સાંભળી સ્થિર થઈ ગયા. અનંતના ઈષ્ટદેવ એવા ભગવાન સ્વામિનારાયણ જાતે માફી માંગવા આવ્યા ! એ પણ બધાની વચ્ચે જાહેરમાં બીજાની ભૂલને પોતે સ્વીકારી લીધી ! આહાહા... શું સ્વામિનારાયણનું ભક્તવત્સલપણું...!

શ્રીજીમહારાજ સ્વયં જતિઓ અને મહાજન આગળ નમી ગયા અને તેમની માફી વગર વાંકે માંગી. આ વિનીત વર્તનના પડઘા આખા ગઢપુરમાં ગાજવા માંડ્યા. ચોમેર વાતાવરણ બદલાઈ ગયું. વિરોધોના વંટોળો મહિમાના પૂરમાં ફેરવાઈ ગયા.

શ્રીજીમહારાજ એક બિનસત્સંગી આગળ પણ નમી માફી માંગી શક્યા તો

આપણે તો સત્સંગમાં વ્યતિરેક સંબંધવાળા સૌના દાસ થવાનું છે. આ દાસત્વભાવ એ જ આપણી આધ્યાત્મિક ઊંડાઈ છે.

આપણે કોઈની આગળ સરળ થઈને નમી શકતા નથી કે દાસભાવે, નિર્માનીપણે કોઈનાંય બે કડવાં-મીઠાં વચનોને કે થયેલી ટકોરને હસતે મુખે સ્વીકારી શકતા નથી તેનું કારણ શું ? આપણને કોઈના બે શબ્દો તીરની માફક વાગે છે અને ડગમગાવી નાખે છે. આપણા આંતરતંત્રમાં ચહલપહલ મચાવી દે છે એનું કારણ શું ? તો આપણું દેહાભિમાન. આપણું દેહાભિમાન જ આપણને નમવા દેતું નથી કે કોઈનાય કડવાં શબ્દોને-વચનોને સહન કરવા દેતું નથી. એ દેહાભિમાનનો મોટામાં મોટો દીકરો છે માન. સહનશીલતાના અભાવનું કારણ જ આપણું માન. એટલે જ કહ્યું છે કે,

“વેણ-કવેણ સહન કરીને, ભાર ને ભીડો ખમ્યા કરો;
સેવા બીજાથી વધુ કરીને, અહોભાવમાં જીવ્યા કરો;
નાની-નાની વાતોની ગાંઠો છોડી, મોટું પેટ રાખીને ફર્યા કરો.”

મનુષ્યમાત્રને સૌથી પ્રિય પોતાનો અહમ્ છે. વ્યક્તિ બધું ત્યજી શકે છે, પરંતુ પોતાનો અહમ્ છોડવો એ તો પ્રાણ ત્યાગ કરવા જેવું અઘરું લાગે છે. જીવાત્માને સૌથી વધુ સ્વાદ પણ માનમાંથી જ આવે છે. એટલે શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૪૧મા વચનામૃતમાં કહ્યું છે,

“જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશે મોટો જાણવો.”

આપણાં અહમ્, માનને લીધે આપણે ઘણી વાર નાપાસ થયા છીએ. આપણા માનને લીધે જ આપણા કુટુંબમાં, પરિવારમાં અને સત્સંગમાં પ્રશ્નો ઊભા થાય છે. આ અહમે આપણને મહારાજ અને મોટાની આગળ પણ નાપાસ કરી દીધા છે. ભૂતકાળમાં બનેલા એવા પ્રસંગોને આપણે સાંભળ્યા છે કે જ્યાં પોતાના અહમ્, માનને લીધે સ્વયં મહારાજ અને મોટાપુરુષનાં અમૃત સમાં કડવાં વચનો પણ સહન થઈ શક્યાં નથી, એમની આગળ પણ નમી શકાયું નથી.

સદ્. હરિયાનંદ સ્વામીને વચનામૃત ખૂબ પ્રિય હતાં. વચનામૃતના ખરડા જોડે ને જોડે રાખતા. પરંતુ એક વાર કોઈક ભૂલના કારણે મહારાજે એમને બે

શબ્દ કડક ભાષામાં કહ્યા અને એમનાથી સહન ના થયું... સત્સંગ મૂકીને ચાલી નીકળ્યા : ''આપણે આ સત્સંગમાં નથી રહેવું.''

શ્રીજીમહારાજે ચાર હરિભક્તોના નંબર આપવાનું કહ્યું. એમાં સદ્. મુક્તાનંદ સ્વામી બોલ્યા, ''અલૈયોખાચર એટલે કેવળ માનની મૂર્તિ. એનો નંબર ચોથો.'' આ કડવાં વચનો અલૈયાખાચરથી સહન ન થયાં અને સત્સંગની મા સમા સદ્. મુક્તાનંદ સ્વામીને મારવા તલવાર ઉગામી.

આપણે ઘરના સભ્યોની આગળ કે સત્સંગમાં નાના કે મોટાની આગળ પણ સહનશીલતાનો ગુણ કેળવી શકતા નથી. એમના બે શબ્દો આપણા મોઢાના હાવભાવ બદલાવી દે છે. અને એટલે એવું જ વર્તન ક્યાંક સંતો આગળ કે મોટાપુરુષ આગળ થઈ જતું હોય છે. આપણામાં સામેનાની આગળ નમી જવાનો અને બે શબ્દો સહન કરવાનો અભાવ ઘણા પ્રકારે જોવા મળતો હોય છે, જે ક્યાંક ઘરના સભ્યો આગળ કે સત્સંગી ભક્તો આગળ કે પછી સંતોની આગળ શબ્દોના રૂપમાં જોવા મળતો હોય છે :

- ''કાયમ માટે મારે જ નમી જવાનું ? એને નમવાનું જ નહીં ?''
- ''સહન કરવાની પણ કોઈ હદ હોય કે નહીં ?''
- ''જેમ વધુ નમીએ છીએ તેમ એ વધુ માથે ચડતા જાય છે.''
- ''મોઢામાં લાકડાં નાખીને બોલાવે છે.''
- ''એ મને કહી જાય ? આજકાલનો આવેલો મને રોકટોક કરી જાય ?''
- ''એને કોણે સત્તા સોંપી મારી ભૂલો શોધવાની ?''

આ બધા શબ્દો જે આપણે વ્યક્ત કરીએ છીએ એ આપણી સહનશીલતાના અભાવનું પ્રતીક છે. આપણામાં સામેનાની આગળ નમી જવાની અને સહન કરવાની ભાવનાનો અભાવ છે એનું પ્રતીક છે. માટે આપણા રોજબરોજના જીવનમાં સંપીને રહેવા, હળીમળીને રહેવા માટે, આપણા અનેક પ્રશ્નોના નિરાકરણ માટે સૌની આગળ નમી જાવ અને સૌનું ખમી લો. કોઈની આગળ નમી જવું, એના શબ્દોને સહન કરી લેવા એ કાયરતાની નિશાની નથી.

ઘણી વાર આપણે એવું વિચારતા હોઈએ છીએ કે જે કાયર હોય એ જ બીજાની આગળ નમી જાય અને કોઈના શબ્દોને સહન કરી લે. બાકી આપણને

કોઈ બે શબ્દ કહી શાનો જાય ? પરંતુ ભાઈ, દાદા બનવું એ વીરતા નથી. નાનાથી પણ નાના બનવું. સૌની આગળ સરળ થઈ નમી જવું. ભલે દયાળુ ! તમે જેમ કહો તેમ. મારી ભૂલ થઈ ગઈ – આ ભાવ સાથે સૌના દાસ થઈ જવું અને કોઈના બે શબ્દોને સહન કરવા, ક્યાંક કોઈના તરફથી ભાર-ભીડો કે તકલીફ મળે તો એનો પણ હસતા મુખે સ્વીકાર કરી દરેક પરિસ્થિતિને ઠરેલ બની સ્વીકારી લેવી. એ બધાને હસતે મુખે સહન કરી લેવું એ જ સાચી વીરતા છે. એ જ સાચી મહાનતા છે.

દાસત્વભાવ એ જ આપણી સાચી આધ્યાત્મિક ઊંડાઈ છે. દાસત્વભાવ જેટલો હશે એટલા જ આપણે સામેનાની આગળ સરળતાથી અને ઝપાટે નમી શકીશું. પોતાની ભૂલનો સ્વીકાર કરી શકીશું. માફી માંગી શકીશું. પોતાની ભૂલને સ્વીકારવી અને સામેના પાત્રની આગળ નમી જવું; પોતાનું ગમતું, ધાર્યું છોડી દેવું; પોતાનો ઠરાવ, જીદ છોડી દેવી એ ખરી મર્દાનગી છે. એ જ સાચી મોટપ છે. એ જ ખરું ભક્તપણું છે અને એ જ ખરી સાધુની સાધુતા. માટે સૌની આગળ નમતાં શીખો અને સૌનું ખમતાં શીખો. એનાથી આપણા અહમ્‌નું ખંડન થશે. અનાદિકાળથી જે દેહાધ્યાસ વળગ્યો છે એ ધીરે ધીરે તૂટતો જશે. આપણા ઈષ્ટદેવે અને આપણા સમર્થ સદ્‌ગુરુશ્રીઓએ આ જ માર્ગ અપનાવ્યો છે અને આ જ રસ્તે સંતો-હરિભક્તોને દોડાવ્યા છે.

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના પાયામાં સ્વયં શ્રીજીમહારાજે આ એક જ સૂત્ર ગુંજાવ્યું છે : ‘‘નમવું-ખમવું અને સૌનું સહન કરવું.’’ સ્વયં શ્રીજીમહારાજે પણ પોતાના અવરભાવના જીવનકાળ દરમ્યાન આ સૂત્રને જ અપનાવ્યું છે અને પોતાના સંતોને પણ આ જ ઉપદેશ આપ્યો હતો,

‘‘હે સંતો ! જેનામાં જેટલી સહનશક્તિ વધુ તેટલું તેનામાં સામર્થ્ય અધિક માનવું. સહનશક્તિ જેટલી ઓછી તેટલો તે ભક્તપણામાં ન્યૂન છે. સહન કરે તેનો પાયો અચળ છે. અને પાકો હરિજન તો ત્યારે કહેવાય જ્યારે તેનામાં સહનશક્તિ આવે. અમારે તમને પાકા કરવા છે, જેથી જગત તમારું પ્રમાણ લે, તમારે પગલે પગલે ચાલે.’’

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૪, તરંગ-૩૫

‘‘હરિભક્તો ! સંતોનાં કડવાં વચન અને અપમાન સહન કરે તે મોટો

હરિભક્ત છે. સત્સંગની સમજણ જેટલી કંઈ છે તે સઘળી સહનશીલતામાં રહેલી છે. તે જેમ જેમ સહન કરે તેમ મોટપ વધતી જાય છે.''

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૧, તરંગ-૮૪

સ્વયં શ્રીજીમહારાજે પણ અલ્પ જીવોનાં માન-અપમાનને સહન કર્યાં છે. શ્રીજીમહારાજની હાજરીમાં પણ સ્વયં પુરુષોત્તમનારાયણ માટે પણ હલકા શબ્દો બોલનારાઓ હતા. તેમ છતાં મહાપ્રભુએ કેવળ સહનશીલતાનો જ માર્ગ અપનાવ્યો છે અને એવાનાં પણ કલ્યાણ કર્યાં છે. શ્રીજીમહારાજે સંતોને પણ એ જ શીખવ્યું છે અને એવી રીતે જ વર્તાવ્યા છે. ગામોગામ વિરોધીઓના વિરોધ હતા. ગડદાપાક, ઢેકાપાક અને મેથીપાક જ સંતોને મળતા હતા, છતાં મહાપ્રભુએ સંતોને સહનશીલતાનો ગુણ જ કેળવાવ્યો છે. તો સ્વાભાવિક છે કે, આપણી પાસે તો એમને એવી અપેક્ષા હોય જ. આપણે સંતોની જેમ ગડદાપાક કે મેથીપાક સહન કરવાના નથી. આપણે માત્ર કોઈના બે શબ્દોને સહન કરવાના છે અને નિર્માની થઈ એમની આગળ નમતાં શીખવાનું છે.

❑ ''નમો અને સૌનું ખમો'' આ ગુણને દૃઢ કરવા માટે આટલું કરીએ :

(૧) આપણને કોઈકે બે શબ્દો કહ્યા, વઢ્યું, રોકટોક કરી તો એક જ વિચાર આવે : ''એ નથી બોલતા... એ મહારાજના વ્યતિરેકના સંબંધવાળા છે. એમાંય મહારાજ બિરાજે છે અને એમાં રહી મહારાજ જ મને મારી ભૂલ દેખાડી રહ્યા છે'' એ ભાવથી સહર્ષ સ્વીકારો.

(૨) કોઈકે આપણું અપમાન કર્યું, ન બોલવાના શબ્દો કહ્યા ત્યારે એ વખતે આવા કોઈક વિચારના બળે આગળ વધો : ''અપમાન થાય તો એ દેહનું થાય છે અને માન મળે તો એ મહારાજનું થાય છે'' એ વિચારના બળે કરીને આપણે અકર્તા બની જાવ. તો કોઈના બે શબ્દો આપણને દુઃખ નહિ લગાડે, ગુસ્સો નહિ કરાવે.

(૩) સૌની આગળ નમવાનો ગુણ કેળવવા નાના-મોટાની આગળ પોતાની ભૂલનો સ્વીકાર કરી લો. 'હશે દયાળુ, મારી ભૂલ થઈ ગઈ, માફ કરી દો.' અને એ જ રીતે સૌનું સહન કરવા માટે ગમ ખાતાં શીખો. એટલે કે કોઈ આપણને વઢે, બે શબ્દો આકરા થઈને કહે ત્યારે તેની સાથે રકઝકમાં કે

ઝઘડામાં કે આક્રોશમાં ન આવી જાવ. એ વખતે મૌનરૂપ ચાવીને આવકારો. એ વખતે એમની સામા થવાનું, વેણ ઉપર વેણ લાવવાનો પ્રયત્ન ન કરો. તો સૌની સાથે સંપીને રહેવાનો સંકલ્પ સરળતાથી આપણા પરિવારમાં અને સ્વજીવનમાં પૂર્ણ થશે.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. ભલે દયાળુ ભાગ-૧,૨

૨. નિર્માની થઈએ

શીખો અને શિખવાડો – વિનય અને વિવેક

અમને સંતોષ છે અમારા પરિવારથી...

જી હા, આ વાત છે આપણા એસ.એમ.વી.એસ.ના દિવ્ય સમાજમાંના જ એક પરિવારની કે જેમના હૈયે એક જ સૂર મહેંકે છે, જેમના મુખે એક જ સૂર રેલાય છે :

"અમને સંતોષ છે અમારા પરિવારથી અને અમારા પરિવારના સભ્યોથી તથા અમારી આત્મીયતાથી, અમારા સંપથી. સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને મળેલા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીની અમીદૃષ્ટિથી અમારા પરિવારની રોનક સાવ બદલાઈ જ ગઈ છે. અમે ઋણી છીએ એ દિવ્યપુરુષના (ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીના) કે જેઓએ અમારા પરિવારને એક નવી દિશા અને નવું જીવન બક્ષ્યું છે. અમને ગૌરવ છે અમારા પરિવાર માટે કે અમારા પરિવારના તમામ સભ્યો એક આત્મીયતાના તાંતણે બંધાયા છે. એકબીજાને મળતાં હૈયાં ઊભરાઈ જાય છે, આનંદ છલકાઈ જાય છે. એકબીજા માટેનાં વિનય, વિવેક, મર્યાદા અકબંધ છે તો વળી પ્રેમ, લાગણી, સહાનુભૂતિનો ધસમસતો પ્રવાહ અવિરત વહી રહ્યો છે. ઘરનું વાતાવરણ એવું દિવ્ય અને મંગલમય બની ગયું છે કે પરિવારના કોઈ સભ્યોને એકબીજાથી દૂર જવાની કે ઘરની બહાર જવાની ઇચ્છા થતી નથી. અમારા ઘરમાં મહારાજે આપેલ સંકલ્પ 'સૌની સાથે સંપીને રહેવું' એ જાણે ખૂબ ટૂંકા ગાળામાં સાકાર થઈ ગયો હોય એવું જણાય છે."

શું આપને આ પરિવારની જીવંત ગાથા ગમી ? આ જીવંત ગાથા સાંભળતાં પણ આપણા અંતરે આનંદ વ્યક્ત થતો હોય તો એ જીવંત ગાથા આપણા પરિવારની બની જાય તો કેવું સુખ વર્તે, તેની કલ્પના કરો. શું આપણે આપણા

પરિવારને આવો બનાવવો છે ? હા. તો, આપણા પરિવારમાં વિનય અને વિવેકનાં બીજનું વાવેતર કરીએ કે જેમાંથી આત્મીયતારૂપી મોલ તૈયાર થાય છે.

આપણે સૌ કાંડા-ઘડિયાળ પહેરતા હોઈએ છીએ. આ કાંડા-ઘડિયાળમાં વપરાયેલ મશીનરી જો કોઈ દિવસ નિહાળીને જોઈ હોય તો તેમાં નાનાંથી માંડી મોટાં એમ કેટલાંક ચક્રો હોય છે. એ મશીનરીમાં મોટાં ચક્રની તો જરૂર ફરજિયાત પડે પણ એકાદ નાનું ચક્ર ન હોય તો ચાલે ? ના...ના... ભલે ચક્ર નાનું છે પરંતુ ઘડિયાળને ચાલુ કરવા માટે નાનાં અને મોટાં ચક્રનું મહત્ત્વ, મૂલ્ય એકસરખાં જ છે. એના વગર પણ ન જ ચાલે. એવું જ કંઈક આધ્યાત્મિક માર્ગે તથા આપણા સમૂહજીવનમાં છે. વિનય અને વિવેક : ત્રણ-ત્રણ અક્ષરના બનેલા આ શબ્દો ભલે લાગે નાના ને ટચૂકડા, પરંતુ ઘણી વાર આ જ શબ્દો આપણા જીવનમાં પ્રગતિની હરણફાળ દોટ મૂકવા, દીવાદાંડીરૂપ બની રહે છે.

આજે ઘર-ઘરનો અને પરિવારના સભ્યોનો એક સળગતો અને સતત મૂંઝવતો પ્રશ્ન છે કે 'અમે પરિવારના સભ્યો એક જ લોહીના સંબંધવાળા હોવા છતાં, અમે એકબીજાને કાંઈ જ કહી શકતા નથી.' પરિણામે પરિવારના બધા જ સભ્યોના મનમાં અકારણ ઉદ્વેગ અનુભવાય છે. દરેકને એકબીજા સાથે ભાર ભાર રહ્યા કરે છે. નથી અંતર ખોલીને વાત કરી શકાતી કે નથી નિર્દોષભાવે, નિખાલસતાથી એકબીજા સાથે બેસી શકાતું. આ બધી પરિસ્થિતિનું કારણ શું છે ?

૪૬ વર્ષના એક વાલી મળવા આવ્યા હતા. તેઓ પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહે છે, "સ્વામી ! મારે શું કરવું એ મને સમજાતું નથી. નથી ભગવાન ભજવામાં મન ચોંટતું, નથી પ્રવૃત્તિ કરવામાં ચિત્ત ચોંટતું, નથી પરિવારના સભ્યો સાથે રહેવાની ઇચ્છા થતી. ઘરમાં આવવાનું થાય તો કંટાળો આવે છે. ઘરના દરવાજા આગળ પહોંચું ત્યાં અટકી જવાય છે. ઘરના દરવાજામાં કે આંગણામાં પગ મૂકવાની હિંમત નથી ચાલતી. એમ થાય કે ઘરમાં જઈ મારે કરવું છે શું ? શું હૈયાનો ઉકળાટ જ વધારવાનો ? હતાશા અને ઉદાસીનતામાં વધારો જ કરવાનો ? આ ઘરમાં જઈને મને શું પ્રાપ્ત થવાનું છે ? વિચારોની ઘટમાળ વચ્ચે હું એવો ગૂંચવાઈ ગયો છું કે એવા વિચારો આવી જાય છે કે આવી રીતે જીવન વિતાવવું એના કરતાં મૃત્યુને ભેટી લેવું સારું. સ્વામી ! હું હવે હારી ગયો છું, ભાંગી ગયો છું. મને કાંઈક યોગ્ય રસ્તો બતાવો."

એમને થોડું આશ્વાસન આપતાં પૂછ્યું, "એવું તો તમારા ઘરમાં શું છે કે

તમને ઘરમાં જવાની ઇચ્છા જ થતી નથી ? મન પાછું પડે છે ? તમારા ઘરમાં એવું તે કેવું વાતાવરણ છે કે તમે તમારા પરિવારથી હારી ગયા છો ?'' તેઓ પોતાની આપવીતી વ્યક્ત કરતાં જણાવે છે, ''સ્વામી ! ઘરના વાતાવરણની વાત મારે આપને શું કરવી ? ઘરમાં એકબીજા માટે હેત, પ્રેમ કે લાગણીઓનું નામોનિશાન જોવા મળતું નથી; નથી એકબીજા માટે મર્યાદા, વિનય કે વિવેક. મારાં ધર્મપત્ની તો હું એક શબ્દ બોલું ત્યાં મારી ઉપર તાડૂકે છે. એવા શબ્દો બોલે છે કે જે તલવારના ઘાની જેમ વાગે છે. નાની-નાની વાતમાં ઝઘડા-કંકાસ જ કર્યા કરે છે. એમાં વળી મારો દીકરો પણ એની માનો જ વારસો રાખે છે. મારા દીકરાને કંઈક રોકટોક કરીએ, કંઈક પૂછીએ તો એ પણ સામો થાય છે. મર્યાદા નેવે મૂકી દે છે. એવું જ મા-દીકરા વચ્ચે, અને એવું જ પરિવારના બીજા સભ્યો વચ્ચે છે. કોઈને એકબીજા માટે કોઈ આદર જ નથી. દિવ્યભાવ, મહિમા નામની કોઈ વસ્તુ જ જોવા ન મળે. ત્યારે એમ થાય કે આ ઘરમાં રહીને મારે હવે શું કરવાનું ?''

આ પ્રશ્ન એક જ પરિવારનો નથી. આવા તો હજારો અને લાખો પરિવારો આવા પ્રશ્નોની હારમાળાથી પીડાય છે. ઉપર પ્રસ્તુત પરિવારની આ સ્થિતિ થવાનું મુખ્ય કારણ છે એકબીજા માટે વિનય અને વિવેકનો અભાવ. જ્યાં એકબીજા માટે વિનય અને વિવેક નથી ત્યાં લાગણીઓનો શૂન્યાવકાશ છે. જો આ બે જ નહિ હોય તો કોણ કોને ટોકશે ? નિરંતર એક જ ભાર રહ્યા કરે કે બે શબ્દ કહીશું તો સામા થશે, ન બોલવાનું બોલશે એના કરતાં ન કહેવું સારું, એને મનાશે કે નહિ મનાય ? આવા બધા ભયને લીધે કોઈ એકબીજાથી નજીક આવી શકતું જ નથી. નથી કોઈ એકબીજાને રોકટોક કરી શકતું કે નથી એકબીજાની મદદ માંગવાની હિંમત કરી શકતું. માટે આપણા ઘરમાં, પરિવારમાં જેટલા એકબીજા માટેના વિનય અને વિવેક વધુ હશે એટલી જ આપણા પરિવારમાં સંપ, આત્મીયતા, શાંતિ અને આનંદની સૌરભ મહેંકતી હશે ! માટે આપણા પરિવારના સભ્યો વચ્ચે વિનય અને વિવેક જળવાયેલા રહે તે માટે આપણે સતત જાગ્રત રહેવું પડશે. ક્યાંક પ્રેમથી તો ક્યાંક કડક થઈને, વિનય અને વિવેકની પાળ જાળવીને વિનય ને વિવેક શિખવાડવા પડશે.

આપણે જ્યારે આપણા ઘરમાં વિનય અને વિવેકભર્યું વાતાવરણ સર્જવું છે ત્યારે 'વિનય' અને 'વિવેક' આ બે શબ્દોની સ્પષ્ટતા સમજવી અત્યંત

આવશ્યક છે.

વિનય એટલે આદર કરવો (મર્યાદા જાળવવી), જેને અંગ્રેજીમાં કહેવાય છે રિસ્પેક્ટ (Respect).

વિવેક એટલે સાર-અસારની સમજ (અને અસારનો ત્યાગ), જેને અંગ્રેજીમાં કહેવાય છે ડિસ્ક્રેશન (Discretion).

વિનય અને વિવેક આપણે આપણા સ્વજીવનમાં બે બાબતોમાં ગ્રહણ કરવાના છે. એક, આપણી વાણીમાં અને બીજું, આપણા વર્તનમાં. મોટે ભાગે આપણે વિનય અને વિવેકમાં જો નાપાસ થતા હોઈએ તો તે આ બે બાબતોમાં જ થતા હોઈએ છીએ. ઘણી વાર આપણી વાણી અને આપણું વર્તન આપણી કિંમત કરી દેતાં હોય છે. આપણામાં કેટલું સત્ત્વ છે ? આપણે કેટલા સજ્જન વ્યક્તિ છીએ ? તથા આપણા કુટુંબ-પરિવારના કેવા સંસ્કારો હશે ? - એનું દર્શન કરાવી દેતું હોય છે. ક્યારેક આપણા ઘરે કોઈ મહેમાન આવ્યા હોય તો એ પણ આપણા પરિવારના સભ્યો વચ્ચેના વ્યવહારો ઉપરથી, એકબીજા સાથેની વાતચીત ઉપરથી, આપણા પરિવારમાં સંપનું તથા આપણા સંસ્કારોનું માપ કાઢી લેતા હોય છે.

એક વાત સનાતન સત્ય છે કે આપણા ઘરમાં રહેલા સભ્યો વચ્ચેનો વિનય અને વિવેક એ જ આપણા ઘરની શોભા છે, એ જ આપણા સંસ્કારોનું પ્રતીક છે. જો પરિવારના સભ્યોનો પોતાના ઘરમાં વિનય અને વિવેકભર્યો વર્તાવ હશે તો ઘરની બહાર નીકળ્યા પછી અન્ય સભ્યો સાથેનો વર્તાવ પણ તેમનો એવો જ હશે; તો સામે એ વાત પણ સત્ય છે કે જે પરિવારના સભ્યોનો વર્તાવ પોતાના ઘરમાં જ અવિવેકભર્યો, મર્યાદા વગરનો હશે તો એમનો એવો જ વર્તાવ ઘરની બહાર પણ હશે. જેવું જીવન આપણું ઘરમાં હશે એવું જ જીવન બહાર આવવાનું અને એટલે જ ઘરને સંસ્કારસિંચનની પાઠશાળા કહેવામાં આવે છે.

ઘણા પરિવારો એવા પણ જોયા છે કે જેમના ઘરમાં અખંડ ધારે ઝઘડા-કંકાસનો પ્રવાહ ચાલ્યા જ કરતો હોય છે. પાડોશમાં રહેનારા પાડોશી કંટાળી જતા હોય છે, તોબા પોકારી જતા હોય છે. જેમ અનાજ દળવાની ઘંટી ચાલુ થાય એટલે આજુબાજુનાં ૫-૭ ઘર સુધી એનો ઘોંઘાટ સંભળાય અને એ ઘંટી બંધ થાય એટલે કેવી શાંતિનો અનુભવ થાય ! તેમ એવા ઘરમાં સવારથી વાણી અને વર્તનનો ઘોંઘાટ ચાલુ થાય એટલે આજુબાજુનાં ૫-૭ ઘર સુધી એનો પ્રભાવ પ્રસરે અને એ ઘોંઘાટ બંધ થાય એટલે જેમ ઘંટીનો ઘોંઘાટ બંધ થાય ને જેવી

નીરવ શાંતિ અનુભવાય એવી શાંતિનો અનુભવ થાય.

ઘણા પરિવારોમાં તો એવું જણાય કે પરિવારના બધા સભ્યો એકએકથી ચડે એવા હોય છે. દરેક એવું જ સમજતા હોય છે કે, "હમ ભી કિસી સે કમ નહીં." ઘણા પરિવારોમાં ઘરના કોઈ સભ્યો બોલવામાં પાછા પડે જ નહીં. કોઈએ બે શબ્દ કહ્યા હોય તો એને સામા ચાર શબ્દો સંભળાવે અને પછી શરૂ થાય ઝઘડાનો દાવાનળ.

આ બધી વાત આપણામાંના જ કેટલાક પરિવારોની છે. આજના આ પરિવારોના સળગતા પ્રશ્નોનું મૂળ છે – પરિવારના સભ્યોમાં રહેલો વિનય અને વિવેકનો અભાવ, વાણી અને વર્તનનો અવિવેક. જે વાણી અનંતના હૈયાને, લાગણીને છિન્નભિન્ન કરી નાખે છે એ જ વાણીમાં એવી તાકાત છે કે એ અનંતનાં હૈયાંને લાગણીઓથી ભરી દે છે, અનંતનાં હૈયાંને પુલકિત કરી દે છે. એ જ રીતે આપણું વર્તન જુઓ. જે વર્તન અનંતને આપણાથી છેટા કરી દે છે, અનેકને આપણાથી ત્રાસ અનુભવાવે છે એ જ વર્તનમાં એવી અજબ તાકાત છે કે એ અનંતને આપણાથી નિકટ કરી શકે છે અને અનેકનાં હૈયાંમાં આપણું આગવું સ્થાન ઊભું કરી શકે છે. પરંતુ એ ત્યારે જ શક્ય બને કે જો આપણામાં વાણી અને વર્તનનો વિવેક વિલસતો હોય; એકબીજાની મર્યાદાનું, આદરનું મહત્ત્વ સમજાયું હોય તો. સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે કે,

"प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात् तदेव वक्तव्यं वचने का दरिद्रता ॥"

અર્થાત્ "પ્રિય વાણી બોલવાથી સૌ મનુષ્યો સંતુષ્ટ થાય છે તેથી એવી જ વાણી બોલવી જોઈએ. મધુર વાણી બોલવામાં વળી ગરીબાઈ શું રાખવાની ?"

આપણું બોલવાનું એનું એ છે, વાણી એની એ છે; માત્ર બદલવાના છે આપણી વાણીના શબ્દોને. સમજવાનો ને રાખવાનો છે થોડો વિવેક. આપણે જ્યારે કોઈની પણ સાથે વાત કરીએ છીએ ત્યારે એને એ અપેક્ષા જરૂર રહે છે કે એ મને પ્રેમથી બોલાવે, પ્રેમથી મારી સાથે વાત કરે, મારી મર્યાદા રાખે. અને એટલામાં જો એમને સંતોષ થઈ જતો હોય, એ રાજી થઈ જતા હોય તો આપણે શા માટે એવી મધુર વાણી, મીઠી અને સરળ વાણી ન બોલીએ ? શા માટે એવું મર્યાદાભર્યું વર્તન ન કરીએ ?

પરંતુ કેટલુંક આપણાથી સ્વભાવગત થઈ જાય છે જે આપણી વચ્ચેનો સંપ,

આત્મીયતા તોડે છે. એ જે સ્વભાવગત થઈ જાય છે એમાં આપણે વિનય અને વિવેક કેળવતાં શીખવાનું છે અને આપણાથી નાના હોય તેમને એ શિખવાડવાનું છે. આપણાથી સ્વભાવગત આવું કેટલુંક થઈ જતું હોય છે :

- ઘણા વાણીથી આખાબોલા હોય છે. તેમની બોલી જ એવી હોય કે કામ બધું કરે, મદદરૂપ થાય, પણ બોલીને બગાડી નાખે.
- દૂધ પિવડાવવા ઘણો આગ્રહ કરે. “લો ને લો... લો ને લો...” છતાંય સામેવાળા ના પાડે તો કહે, “ભલા માણસ, લ્યોને ! આમેય પાડાને પિવડાવી દેવાનો હતો ને તમે આવી ગયા છો, તો હવે લ્યો.”
- ઘરે કોઈક અચાનક મહેમાનગતિએ આવી ગયું હોય અને જમાડવાનું થાય તો જમાડે જરૂર. પણ જ્યારે સામેવાળા એમ કહે કે, “માફ કરજો, તમને તકલીફ આપી, નહીં ?” તો કહે, “કંઈ વાંધો નહીં. આજ મારા કૂતરાને ચાટમાં નહિ આપું. તમે આવ્યા છો તો જમાડીને જ જાવ.”
- જમવામાં કોઈને આગ્રહ કરીને પીરસે ને સામેવાળા ના પાડે તો કહે, “જમોને હવે, આમેય એંઠવાડની ડોલમાં જ નાંખવાનું છે ને ફેંકી દેવું એના કરતાં તમારા પેટમાં જાય એ શું ખોટું !”

આ તો માત્ર સામાન્ય દૃષ્ટાંત છે. આવું તો આપણે ઘણું સાવ સહજ રીતે અવિવેકભર્યું બોલી જઈએ છીએ જે સામેનાના અંતરને દુભાવી દે છે. એમાં થોડો વિવેક ભેળવવાની જરૂર છે. પ્રેમથી, હેતથી આવકાર આપો. ખૂબ ભાવથી એની સરભરા કરો. એવી વાણી ના બોલો કે સામેનાને સંકોચ અનુભવાય.

એ જ રીતે ઘણાનો ઉતાવળિયો સ્વભાવ હોય. બોલવામાં ઉતાવળ, ચાલવામાં ઉતાવળ, કાર્ય કરવામાં ઉતાવળ. બધેય ઉતાવળ જ કર્યા કરે. જાણે કૂતરું પાછળ પડ્યું હોય એમ ધડાધડી જ કર્યા કરે. એક વસ્તુ લેવા જાય તો બીજી બે પાડે. બોલવામાં અધીરો બની જાય. ન બોલવાનું હોય એ બોલી જાય. કોઈ વાત પેટમાં રાખી જ ન શકે. અવિવેકના લીધે અન્યને આપણો અવગુણ આવતો હોય છે અને ક્યારેક કુસંપના સર્જનમાં એ પણ કારણરૂપ બની જતું હોય છે.

એ જ રીતે ઘણાનો બકબક કરવાનો સ્વભાવ હોય. સેવા બધી કરે, મદદરૂપ થાય, ૧૦ જણાનું કામ એકલો કરે પણ બકબક કર્યા જ કરે (બોલબોલ કર્યા કરે). એની જોડે રહેવાવાળા કંટાળી જાય. સાંભળી સાંભળી કાન દુઃખી જાય પણ એનું બોલવાનું બંધ ન થાય. બોલવાનું અને ન બોલવાનું બધુંય બોલ્યા કરે. એમાં

થોડો વિવેક કેળવવાની જરૂર છે. જરૂરિયાત પૂરતું મર્યાદિત અને જોખી જોખીને બોલો... બોલબોલ કરવાથી આપણી ગણતરી ગાંડામાં થશે, મંદ બુદ્ધિવાળામાં થશે. એના કરતાં બોલવામાં થોડો વિવેક રાખવામાં શો વાંધો !

એ જ રીતે ઘણાને વાતે વાતે જૂઠું બોલવાનો સ્વભાવ હોય. પોતાની કોઈ ભૂલને સ્વીકારે જ નહીં. વાતે વાતે ખોટું બોલે અને તેના લીધે સંપ તૂટતો હોય છે.

એ જ રીતે ઘણાનો બીજાના દોષ, અવગુણની વાત કર્યા કરવાનો સ્વભાવ હોય. ઘણાનો નાની વાતને મોટું સ્વરૂપ આપી; રજનું ગજ કરવાનો સ્વભાવ હોય; ઘણાનો ટોન્ટ (મહેણાં) મારવાનો સ્વભાવ હોય છે. આવું ઘણું બધું આપણાથી સ્વભાવગત થઈ જતું હોય છે જે આપણી આત્મીયતામાં તિરાડ ઊભી કરે છે.

સ્વયં શ્રીજીમહારાજે વિનય અને વિવેક પોતાના આશ્રિતોને, વચનામૃત ગ્રંથમાં તથા અન્ય પ્રસંગોમાં શીખવ્યા છે.

સારંગપુરનું ૨જું વચનામૃત :

- ‘‘વચને કરીને તો કોઈ જીવ-પ્રાણીમાત્રને દુઃખવવાં નહીં.’’
- ‘‘પરમેશ્વર સાથે અથવા મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતા હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થાતો હોય ને તેમાં પોતે જીતીએ એમ જણાય તોપણ જે મોટાથી નાનો હોય તેને મોટાને સમીપે નમી દેવું.’’
- ‘‘આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભૂંઠા પડે એમ કરવું નહીં.’’
- ‘‘મોટા સંત આગે ને પરમેશ્વર આગે તો જરૂર હારી જાવું.’’
- ‘‘પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ વચન યોગ્ય કહે અથવા અયોગ્ય કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું. તેમાં યોગ્ય વચન હોય તેમાં તો આશંકા થાય નહિ પણ કોઈ અયોગ્ય વચન કહ્યું હોય ને તેમાં આશંકા થાય એવું હોય તોપણ તે સમાને વિષે ના પાડવી નહિ; એ તો હા જ પાડવી અને એમ કહેવું જે, હે મહારાજ ! જેમ તમે કહેશો તેમ હું કરીશ.’’

ગઢડા મધ્યનું ૪૦મું વચનામૃત :

- શ્રીજીમહારાજે પોતાનો જે નિત્યક્રમ હતો તેમાં રોજ કરતાં આજે એક દંડવત

પ્રણામ અધિક કર્યો... કારણ, “આજ તો અમને એવો વિચાર થયો જે ભગવાનના ભક્તનો મને, વચને ને દેહે કરીને જે કાંઈક જાણ્યે-અજાણ્યે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થાતું નથી. માટે જાણે-અજાણે, મને-વચને-દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બણી આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ અમે એક પ્રણામ અધિક કર્યો.”

અમદાવાદનું ૮મું વચનામૃત :

- “જેની ઉપર ક્રોધ ઊપજે તેને એક સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવો. અને ગદ્‌ગદ હૃદય થઈને દીનતાએ કરીને રૂડાંરૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો. એ અમારી આજ્ઞા છે.”

ગઢડા છેલ્લાનું ૨૫મું વચનામૃત :

- “પોતાના અંતરમાં કાંઈક વિશેષ વર્તવાનું હોય તેનું અમને એક વાર કહી દેવું જે, હે મહારાજ ! તમે કહો તો હું આવી રીતે વર્તું પણ વારંવાર ન કહેવું જે, હે મહારાજ ! હું આમ વર્તું, હું આમ વર્તું. તમે કેમ મુને કહેતા નથી ? તે ન ગમે.”
- “વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે.”
- “હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે.”
- “સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે તે ન ગમે.”
- “કોઈક મોટા તે સભામાં બેઠા હોય ને તેને કૂણી મારીને માગ કરીને પોતે બેસે તે ન ગમે.”
- “બાઈ માણસ હોય ને તે પોતાના અંગને ઢાંકીને લજ્જા સહિત વર્તે તે ગમે.”
- “હરિભક્તને માંહોમાંહી બરોબરિયાપણું રહે પણ એક એકનો ભાર ન આવે એ પણ અતિશે ભૂંડું છે.”

પ્રસંગસ્મૃતિ :

સ્વયં શ્રીજીમહારાજ મનુષ્યને મનુષ્ય જેવા અવરભાવમાં જ્યારે દેખાતા,

ત્યારે અનેકને પ્રેરણા આપવા જે વિનય અને વિવેક દાખવ્યો છે તેને પ્રસંગોની સ્મૃતિ દ્વારા સમજીએ :

૧. શ્રીજીમહારાજ જમવા બેસતા ત્યારે સૌને ભોજનમાંથી પ્રસાદ રૂપે વહેંચી પછી જ ભોજન ગ્રહણ કરતા.

જેમાંથી મહારાજ આપણને એ પ્રેરણા આપે છે કે, ઘરના સૌ સભ્યોને વહેંચીને જમવું જોઈએ.

૨. કોઈકે ઉત્સાહપૂર્વક અને ખંતથી કોઈ સેવા કરી હોય તો શ્રીજીમહારાજ તેમના ઉપર રાજીપો દેખાડતા અને પ્રસાદીની વસ્તુ આપતા.

આના દ્વારા મહારાજ આપણને એ પ્રેરણા આપે છે કે, આપણા પરિવારના સભ્યોમાં કોઈકે કંઈક કાર્ય સારું કર્યું, કોઈ સ્પર્ધામાં નંબર આવ્યો, સારું પરિણામ આવ્યું તો તેને પ્રોત્સાહન આપવું.

હવે આપણે આપણા સમૂહજીવનમાં વ્યક્તિગત કેટલોક વિનય અને વિવેક શીખવાની અને અન્યને શિખવાડવાની જરૂર છે તેને જાણીએ અને આપણા જીવનને તપાસી કસર હોય ત્યાં એ વિનય અને વિવેકને સ્વીકારી કસર રહિત થઈએ.

❑ સમૂહજીવનમાં વ્યક્તિગત વિનય અને વિવેક :

(૧) બાળકો-કિશોરો માટે :

- આપણાથી મોટા હોય તેને ‘તું’કારે ન બોલાવવા.
- વાણીએ કરીને અપશબ્દો કે ગાળ ન બોલવી.
- અન્યની ઉપર કે માતાપિતા ઉપર ક્રોધ ન કરો, સામે ન બોલવું.
- આપણા વડીલોને તથા માતાપિતાને દરરોજ નીચા નમી ચરણસ્પર્શ કરી, ‘‘દયાળુ, રાજી રહેજો’’ કહેવાની ટેવ પાડીએ.
- ઘરના કે અન્ય કોઈ પણ સભ્યો આપણને કોઈ કામ કે સેવા બતાવે તો તુરત ના ન પાડીએ.
- આપણા કોઈ પણ મિત્રોને ચીડવવા નહિ; તેમનાં કોઈ નામ ન પાડવાં.
- આપણી ભૂલને તુરત સ્વીકારતાં શીખવી.
- ભાઈ કે બહેન સાથે કે અન્ય સાથે મારઝૂડ ન કરવી.
- આપણાથી કોઈ દુભાઈ જાય તો નમ્રભાવે તેમની માફી માંગી લેવી.
- ઘરના કામકાજમાં મદદરૂપ થવું.

(૨) યુવકો માટે :

- ઘરના કોઈ સભ્યો સાથે તોછડાઈભરી વાણી ન ઉચ્ચારવી.
- બિનજરૂરી ખર્ચા ઓછા કરી, કરકસર કરી, ઘરની આર્થિક સહાયમાં મદદ કરવી.
- માતાપિતાને ટેન્શનમાંથી, નોકરી-ધંધામાંથી ધીરે ધીરે નિવૃત્ત કરવાં અને આપણે જવાબદારી વહન કરવી.
- આપણા કરતાં મોટાં હોય, વડીલ હોય તેની મર્યાદા રાખવી, માન આપવું, આદર કરવો અને બેસવા માટે, સૂવા માટે યોગ્ય સ્થાન આપવું.
- માતાપિતાને કહ્યા વગર ઘરની બહાર કે મિત્રો સાથે ફરવા ન જવું.
- આપણા ભણતર અંગે, હરવા-ફરવા અંગે માતાપિતા કંઈક પૂછે તો સાચો અને વિવેકપૂર્ણ ઉત્તર આપવો.
- માતાપિતા કે ઘરના મનુષ્ય ઉપર હાથ ન ઉપાડવો.
- આપણા ઘરે આવેલા મહેમાનને મીઠો આવકાર આપવો, આગતા-સ્વાગતા કરવી.
- કોઈ પણ સભ્યો સાથે કટાક્ષમાં વાત ન કરવી, કોઈની મશ્કરી ન કરવી.
- આપણાથી નાનાં ભાઈ-બહેનને જોઈતી વસ્તુ આપી રાજી કરવાં.
- નાના-મોટાના બે શબ્દોને સહન કરતાં શીખીએ.

(૩) વાલીઓ માટે :

- આપણાં વડીલ માતાપિતા સાથે બેહૂદું વર્તન ન કરવું. નહિ તો આપણો બાળક આપણામાંથી એવી જ પ્રેરણા લેશે અને આપણી સાથે એવું જ વર્તન કરશે.
- બાળકોની હાજરીમાં તો ઝઘડા-કંકાસ, મારઝૂડ ન જ કરવાં.
- આપનો બાળક કોઈની સાથે મારઝૂડ કરે કે સામો થઈ આવે તો રાજી ન થાવ કે કેવો બહાદુર છે ! એને રોકટોક કરો. વિવેક શિખવાડો.
- નાનપણથી બાળકોને સંસ્કાર આપવા; જેવા કે,

૧. કોઈની સામું ન બોલાય.	૨. કોઈનું અંતર દુભાય એવું ન બોલવું.
૩. જૂઠું ન બોલાય.	૪. કોઈનાં નામ ન પડાય.
૫. અપશબ્દો ન બોલાય.	૬. નાની-મોટી વસ્તુની ચોરી ન થાય.

- આપના બાળકનો તિરસ્કાર ન કરો, તરછોડશો નહીં. નાની-નાની વાતમાં બાળક ઉપર અકળાઈ ન જવું.
- બાળકના ઉત્સાહને કદી તોડી ન નાખો. બાળકની લાગણીને સમજવી.
- બાળકને જરૂર છે આપના પ્રેમની, હૂંફની. માટે એની સાથે સમય કાઢો.
- આખા દિવસનો બળાપો-ઊભરો ઘરનાં મહિલાસભ્ય, બાળકો કે નોકરો ઉપર ન કાઢવો.
- બાળકને આપનો ઉપદેશ જેટલો અસર નથી કરતો એટલું આપનું વર્તન વધુ અસરકારક બને છે. એ આપના જીવનમાંથી ઘણું બધું શીખે છે.
- બાળકની હાજરીમાં અજુગતું કે વિષયાસક્ત વર્તન પણ ન કરવું. આપનો બાળક ભલે નાનો છે પરંતુ એ બધું જ સમજે છે.

(૪) વડીલો માટે :

- આપણો સ્વભાવ થોડો શાંત કરીએ. નાની-નાની વાતમાં ક્રોધાવેશમાં આવી ન જવું.
- ઘરના વડીલ તરીકે ઘરમાં સંપ અને આત્મીયતા કરાવવામાં મદદરૂપ થઈએ.
- એકબીજાની વાત એકબીજાને કહી મન જુદા ન કરાવવા.
- નાની-નાની વાતમાં દખલગીરી કરવી નહીં.
- નાની વાતને મોટું સ્વરૂપ આપવું નહિ, રજનું ગજ ન કરવું.
- વણમાંગી સલાહ આપ્યા કરવી નહીં.
- દીકરો મોટો થયો એટલે એની સાથે પણ પ્રેમથી વાત કરવી, તોછડાઈભર્યું વર્તન કરવું નહીં.
- રસોઈમાં કાંઈક ખારું, મોળું રહી ગયું હોય તો કજિયા-કંકાસ ન કરવા, થોડું ચલવી લેતાં શીખવું; પ્રેમથી ટકોર કરવી.
- નાની-નાની વાતમાં કોઈને રોકટોક ન કરવી.
- નાના બાળકની જેમ કોઈ પણ વાતની જીદ ન કરવી.

(૫) મહિલા વર્ગ માટે :

- સાસુએ પોતાની પુત્રવધૂને દીકરી તરીકે સ્વીકારી એની સાથે યોગ્ય વર્તન કરવું અને પુત્રવધૂએ સાસુને મા તરીકે સ્વીકારી મર્યાદા જાળવવી તથા યોગ્ય વર્તન કરવું.
- પોતાના ઘરે આવેલ પુત્રવધૂના દોષો, અવગુણો અન્યની આગળ ગાવા

નહીં. એ જ રીતે પુત્રવધૂએ પોતાની સાસુના દોષો, અવગુણો અન્યને કહેવા નહીં.

- પુત્રવધૂ તરીકે સાસુમા દ્વારા થતી રોકટોક ને ભાર-ભીડાને સહન કરવાં. એમના માટેનો આદર ગુમાવવો નહીં.
- સાસુએ પુત્રવધૂને નાની-નાની વાતમાં ટોકટોક કરી કજિયા-કંકાસ ન કરવા. ભૂલ થાય તો એને સમજાવતાં શીખવું.

બસ, આપણા પરિવારમાં દરેક સભ્ય વ્યક્તિગત જીવનમાં આવો વિનય અને વિવેક કેળવે તો આપણા ઘરમાં સંપનું સર્જન થશે. અંતમાં આ પંક્તિને લક્ષ્યાર્થ કરીએ :

"ઐસી બાની બોલીએ, મન કા આપા ખોય;
ઓરન કું શીતલ કરે, આપ હું શીતલ હોય."

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. ભલે દયાળુ ભાગ-૧,૨
૨. નિર્માની થઈએ

લખપતિ થવાના અભરખા છોડો

આજના આ આધુનિક યુગમાં વ્યક્તિ પોતાના જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ ઈચ્છે છે. અને એમાંય વ્યક્તિ જો સૌથી વધુ પ્રગતિ ઈચ્છતી હોય તો તે પૈસા કમાવવામાં અને વાહવાહ, નામના મેળવવામાં ! ભેંસ આગળ ગમે તેટલો મોટો ઘાસનો ઢગલો કર્યો હોય તોપણ જરૂરી ચારો લીધા પછી એને પણ સંતોષ થાય છે અને ચારો ખાવાનું બંધ કરી દે છે. પરંતુ આજના બે પગાળા માનવીને ગમે તેટલો પૈસો મળે તોપણ સંતોષ થતો નથી !

નોકરી કરનાર એક ભાઈને પૂછ્યું, ‘‘તમારો પગાર કેટલો છે ?’’ એમણે કહ્યું, ‘‘સ્વામીજી ! ૧૦,૦૦૦ રૂપિયા.’’ એટલે સહજતાથી ફરી પૂછ્યું, ‘‘તમને કેટલા પગારવાળી નોકરી મળે તો સંતોષ થાય ?’’ ‘‘સ્વામીજી ! ૨૦,૦૦૦ રૂપિયાની નોકરી મળી જાય તો બસ.’’ એમણે ઉત્તર આપ્યો. થોડા સમય પછી એમની સાથે ફરી મળવાનું થયું ત્યારે તેમને ૨૦,૦૦૦ રૂપિયાના માસિક પગારવાળી નોકરી મળી ગઈ હતી. એટલે સ્વામીએ એમને પૂછ્યું,‘‘હવે તમને સંતોષકારક નોકરી મળી ગઈ છે, નહીં ?’’ ‘‘ના, સ્વામીજી ! હજુ ૨૫-૩૦ હજારની નોકરી મળે તો સારું, પછી કોઈ જ ચિંતા નહીં.’’

આ ભાઈને ૨૫-૩૦ હજારની નોકરી મળી જશે એટલે એમને સંતોષ થઈ જશે ? ના...ના... એમને કદાચ મહિને લાખ રૂપિયાની નોકરી મળશે તોપણ સંતોષ નહિ થાય. તુરત એમને બીજી અપેક્ષા બંધાયેલી હશે જ કે મને સવા લાખ રૂપિયાના પગારની નોકરી મળે તો સારું. એનું કારણ એ છે એમણે લખપતિ થવાના જ અભરખા સેવ્યા છે. એટલે એમને ગમે તેટલા રૂપિયા મળશે તોપણ સંતોષ નહિ જ થાય.

આજનો ભણનારો કિશોર હોય કે પછી ૩૦-૩૫ વર્ષનો યુવાન હોય કે ૬૦ વર્ષના વયોવૃદ્ધ વડીલ હોય, પરંતુ દરેકનું કેન્દ્રબિંદુ આજે પૈસો બની ગયું છે. પૈસાને પ્રાપ્ત કરવા એ બધું જ છોડવા તૈયાર છે. જે કરવું પડે એ કરવા તૈયાર છે. જેના પરિણામે આજે કુટુંબોના કુસંપભર્યા વાતાવરણ-સર્જનનું એક વિશિષ્ટ કારણ

જો કોઈ જોવા મળતું હોય તો એ છે 'લખપતિ થવાના અભરખા.' સંસારમાં રહેલ દરેક વ્યક્તિનું આ સપનું છે : "મારે લખપતિ થવું છે." જેના કારણે વણનોતર્યા પ્રશ્નો આવીને ઊભા રહે છે.

"તમારામાં કશો બુધવારો નથી", "તમે સાવ ગબાના ગબા જ રહ્યા", "સાવ અક્કલના ઓથમીર આવા બીકણ ને બાયલા શું રહો છો ?", "તમારે જો આવી જ રીતે જીવન જીવવાનું હોય તો મારે આ ઘરમાં નથી રહેવું. આપણે પાછા પોળમાં રહેવા જતા રહીએ..."

વાત જાણે એમ હતી કે એક દંપતી કુટુંબ પોળમાં રહેવાનું છોડી, સારી એવી સોસાયટીમાં ઘર રાખે છે.

આદર્શભાઈમાં નામ એવા ગુણો હતા. આદર્શભાઈ સરકારી ખાતામાં નોકરી કરતા હતા. અને એમના જ સહસાથી કેટલાક મિત્રો કે જેઓ પણ સરકારી ખાતામાં, જુદા જુદા વિભાગોમાં નોકરી કરતાં. તેઓનાં મકાન પણ આ જ સોસાયટીમાં હતાં. આદર્શભાઈના જીવનમાં નીતિમત્તા, સત્યતા જેવા આદર્શો રગેરગમાં પ્રસરેલા હતા. જેથી તેઓ પોતાની નોકરીમાં સંપૂર્ણ સત્યનિષ્ઠ બની પોતાનું કામ કરતા હતા. પરંતુ સામે પોતાનાં ધર્મપત્ની લખપતિ થવાના અભરખાઓ સેવતાં. જેથી પતિ-પત્ની વચ્ચે અંદરોઅંદર ટકરાવ થયા કરતો.

આદર્શભાઈની જેમ સરકારી નોકરી કરનાર મિત્રો, પોતાના પગાર ઉપરાંત પણ કેટલીક ઉપરની કમાણી કરવામાં ઉસ્તાદ હતા. તેથી તેમના ઘરમાં તેઓ કંઈક નવું રિનોવેશન કર્યા કરે. જ્યારે આદર્શભાઈ, મળેલા નીતિમત્તા અને નૈતિકતાના સંસ્કારોને સેવી રહ્યા હતા. તેથી આવી કોઈ ઉપરની કમાણી લેતા નહીં. જેથી એમના ઘરમાં એ બિનજરૂરી રંગરોગાન કે સાજ-સજાવટના ખર્ચ કરતા નહીં. સોસાયટીમાં રહેનારા દરેક સભ્યનાં ઘર બહારથી દેખાવમાં તો સરખાં જ હતાં. પરંતુ આદર્શભાઈનાં પત્ની લોકોના ઘરમાં આવી બધી સાજ-સજાવટ જોઈ બળી મરતાં. કારણ એમનેય પોતાના ઘરની અંદર સારામાં સારું ફર્નિચર અને રંગરોગાન કરાવી વટ પાડવો હતો. પરંતુ પતિ-પત્ની બંનેની વિચારધારાઓ તદ્દન વિરુદ્ધ હતી એટલે વારંવાર બંને વચ્ચે ચકમક ઝર્યા કરતી.

લખપતિ થવાનાં સપના સેવી રહેલ આદર્શભાઈનાં ધર્મપત્ની, તેમની મર્યાદા મૂકી ન કહેવાનાં વેણ કહી દેતાં, "તમારામાં કોઈ જાતનો બુધવારો જ નથી. સાવ ફોસી છો. લોકો લખપતિ થઈ ગયા અને તમે તો આદર્શોનું પૂંછડું પકડીને બેઠા છો. સાવ આવા બાયલા શું રહો છો ? જગ આખું પૈસા કમાવવા માટે દોડે

છે ને તમે કાચબાની ગતિએ ચાલો છો. તમારે જો આવી જ રીતે રહેવાનું હોય તો આપણે પોળવાળા મકાનમાં પાછા જતા રહીએ જેથી મારે રોજની ઉપાધિ તો ઓછી. આડોશપાડોશમાં કોઈને ત્યાં વૈભવ વધે એટલે મારે લોહી-ઉકાળા ! પોળમાં તો બધાં આપણાં જેવાં જ. એટલે કોઈ ઉપાધિ નહીં.''

આદર્શભાઈએ સમજાવતાં કહ્યું, ''પોળ કરતાં આ ઘર શું ખોટું છે ! આપણે અહીંયાં જ રહેવાનું છે.'' આદર્શભાઈનો જવાબ સાંભળી એમનાં ધર્મપત્નીએ મોં બગાડી બિસ્તરા-પોટલાં ભરવા માંડ્યાં. આદર્શભાઈએ પૂછ્યું, ''શું કરે છે ?'' ''તમારે રહેવું હોય તો રહો, હું તો જાઉં છું પોળના મકાનમાં.'' એટલો ઉત્તર આપતાં એ ચાલી નીકળ્યાં પોળના મકાનમાં જવા. આ છે આજનાં કુટુંબોમાં ઘરે ઘરે સળગતી હોળીઓ. આવાં તો કંઈક કુટુંબો જોયાં છે કે જે લખપતિ થવાના અભરખાઓનાં માઠાં પરિણામો ભોગવે છે.

આજનો જમાનો વેસ્ટર્ન કલ્ચરને અપનાવવા માટે વધુ લાંબી દોટ મૂકી રહ્યો છે. આપણા સંસ્કારો અને ભારતીય સંસ્કૃતિ તો જાણે ભૂતકાળની એક સ્મૃતિ જ બની ગયાં હોય એવું લાગે છે. આજનો પુખ્તવયનો યુવાન હોય કે પછી યુવતી હોય તેને પણ એવું જ પાત્ર ગમે છે કે જે લખપતિ હોય, ભણેલું હોય. આજના યુવકો પોતાના જીવનસાથી તરીકે જે પાત્રની પસંદગી કરે છે કે એનાં માબાપ કરાવે છે ત્યારે એ એટલું જ જુએ છે કે એ પૈસેટકે સુખી છે ? ભણેલી-ગણેલી છે ? પરંતુ એનું કુટુંબ સંસ્કારી છે ? એ દીકરીમાં સંસ્કાર છે ? આ કોઈ જોતું જ નથી. અને એવું જ આજની યુવતીઓમાં છે. એ એવા જ યુવકોને પોતાના જીવનસાથી તરીકે પસંદ કરે છે કે જેને મોટો બિઝનેસ કે સારા પગારની નોકરી હોય, ઘરે બે-ત્રણ ગાડીઓ હોય અને ધનનો ઢગલો હોય તથા મોજશોખની છોળો ઊડતી હોય. એવા જ પાત્રને એ પસંદ કરે છે. પરંતુ એનામાં સંસ્કાર કેટલા છે એ કોઈ જોતું નથી. પરિણામે કેવળ ધનની લાલસામાં એ વિના વિચાર્યે પગલું ભરી બેસે છે અને અંતે કેવળ પસ્તાવો, રોજના પ્રશ્નો, ઝઘડા-કંકાસ જ સહન કરવાના હોય છે. આજનો માનવી પોતાના જીવન માટે લાંબું વિચારી શકતો જ નથી. એને તો બસ, માત્ર પૈસો જ દેખાય છે. ઉનાળામાં ધોમધખતા તાપમાં તરસ્યું હરણ પાણી પ્રાપ્ત કરવા આગળ દેખાતું મૃગજળ (જળનો આભાસ) દેખી તેને પ્રાપ્ત કરવા દોડ્યા કરે છે પરંતુ એનો એ પ્રયત્ન નિરર્થક છે. તેમ આજનો માનવી પણ પૈસા પાછળ આંધળી દોટ મૂકીને દોડ્યા કરે છે પરંતુ એને ખબર

નથી કે મારા તમામ પ્રયત્નો મૃગજળને હાંસલ કરવા જેવા છે.

તમે જોયું હશે કે વંટોળિયો આવે ત્યારે ધરતી પરની ધૂળ એ વંટોળ ભેગી ઊંચે ચડે છે. વંટોળ વહેતો રહે ત્યાં સુધી એ રજકણો ઉપર અવકાશમાં ઘૂમ્યા કરે છે અને વંટોળ શમી જતાં એ જ રજકણોને પાછું પતન પામીને ધરાશાયી થવું પડે છે. આજનો માનવી મોટે ભાગે આ રજકણો જેવી જ 'પોકળ પ્રતિષ્ઠા' મેળવવા મથ્યા કરે છે. પોકળ એટલા માટે કે એ પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ પાછળ સત્યનિષ્ઠા કે ઉચ્ચ અને શુદ્ધ ધ્યેય મોટે ભાગે હોતાં નથી અને એટલે જ વંટોળિયાની રજકણોની પેઠે 'પોલી પ્રતિષ્ઠા' થોડી જ વારમાં પાછી નીચે આવી જાય છે. અને છતાં આશ્ચર્ય અને દુ:ખની વાત તો એ છે કે આજની દરેક વ્યક્તિ આવી 'પોકળ પ્રતિષ્ઠા' પાછળ આંખ મીંચીને દોડે છે.

આજની વ્યક્તિને ધનલાલસાની સાથે સાથે કીર્તિલાલસા પ્રાપ્ત કરવાનો પણ મહારોગ લાગુ પડ્યો છે. આજે ધનલાલસા તીવ્રતર બનતી જાય છે એનું કારણ એ છે કે આજની વ્યક્તિની મહત્તાનો માપદંડ 'પૈસો' જ બની ગયો છે ! એણે પોતાની જરૂરિયાતો અને ભોગવિલાસો એટલાં બધાં વધારી દીધાં છે કે આજે દરેક વ્યક્તિ માટે 'વધુ પૈસો' લગભગ 'અનિવાર્ય' થઈ પડ્યો છે. વળી આ ધનલાલસામાં કીર્તિલાલસા ભળતાં જેટલું વધુ ધન પોતે મેળવશે એટલો વધારે મહાન પોતે લેખાશે એવી માન્યતા પણ આજના વ્યક્તિના મનનો કેડો મૂકતી નથી; અને એટલે એ ધન અને કીર્તિની પાછળ દોડ્યા કરે છે. કેટલાક સભ્યો તો એવા જોયા છે કે જેમના ઘરે ખાવા માટે રોટલાનાં ફાંફાં હોય અને લાખો-કરોડોનું દેવું માથે હોય, માથાનો એકેય વાળ પોતાનો ન હોય, બધાય ભાડાના જ હોય અને વ્યાજ ચૂકવવામાંથી ઊંચો ન આવતો હોય તોપણ એનો બહારનો પડઘો તો જરાય ઓછો હોતો નથી. પોતાની પાસે ધન ન હોવા છતાં મારી પાસે ખૂબ ધન છે, હું લખપતિ છું – એવી પ્રસિદ્ધિ મેળવવા, કીર્તિ મેળવવા પ્રયત્ન કર્યા કરે છે.

જેના કારણે આજે સિદ્ધાંતપ્રિયતા, નીતિપ્રિયતા, ચારિત્ર્ય, ન્યાયપ્રિયતા, સંતોષ, ગરીબીને જોવાની આંખ, સાચાની ખુમારી - આ સર્વે સદ્‌ગુણોને આજનો માનવી ગુમાવી બેઠો છે. એને સ્થાને પવન તેવી પીઠ દેવાનો સિદ્ધાંત, હીનતાભર્યો સિદ્ધાંત, નીતિ કે ભગવાન તરફ આંખમીંચામણાં કરવાની ટેવ, ચારિત્ર્યહીનતા, ગમે તે પ્રકારે આગળ વધવાની ઈચ્છા, દંભ, મહત્ત્વાકાંક્ષાના ઓઠા હેઠળ

લાલસાનો ગુણાકાર, ગરીબોને અને ગરીબીને હીણવાની હીન વૃત્તિ વગેરે દુર્ગુણો આજના માનવીને ઘેરી વળ્યા છે. અને સૌથી વધુ દુઃખની વાત તો એ છે કે આ સર્વે દુર્ગુણોને જીવનની કહેવાતી પ્રગતિ કાજે 'અનિવાર્ય' લેખતો આજનો માનવી જીવનના મર્મનો કે આધ્યાત્મિકતાનો તાત્ત્વિક રીતે કદી વિચાર જ કરતો નથી. અને એટલે સદ્. ગુણાતીતાનંદ સ્વામી વાતમાં કહે છે,

"અમે જોઈજોઈને જોયું, જીવ-પ્રાણીમાત્રને ધન અને સ્ત્રી આ બે પંખડાનું જ ચિંતવન રહ્યા કરે છે."

ધનપ્રાપ્તિની લાલસા એવી આંધળી છે કે જેમાં વ્યક્તિ પોતાની મનોકામનાને પૂર્ણ કરવા માટે બધું વિસરી જાય છે. એના માટે એને જે કરવું પડે તે કરવા તૈયાર થઈ જાય છે. જેમ ચોર પોતાના કુટુંબને સુખી કરવા, બીજાના પુત્ર-પરિવારને મારી નાખવા કે બીજાના ઘરમાંથી ચોરી કરવામાં જરાય સંકોચ અનુભવતો નથી.

એવું જ કંઈક આજના સંસારના કેટલાક રીતરિવાજોમાં જોવા મળતું હોય છે. સાંસારિક રીતરિવાજોમાં વ્યક્તિ એકબીજાનું આર્થિક શોષણ કરતાં અચકાતો નથી. કેવળ પોતાના સ્વાર્થ માટે દીકરા-દીકરીઓનાં લગ્નમાં દહેજપ્રથાના માધ્યમનો ઉપયોગ કરીને રાજીખુશીથી ઘર વસાવવાને બદલે ઉજાડતા હોય છે.

વર્ષોથી ચાલી આવતી લગ્નપ્રથામાં માબાપ રાજીખુશીથી દીકરીને કરિયાવરમાં આર્થિક સ્થિતિ મુજબ પૈસા ને વસ્તુ આપતાં, જે આજના સમયમાં લગ્નનો એક ફરજિયાત રિવાજ બની ગયો છે. જે લગ્ન કરી પતિ-પત્નીના પવિત્ર સંબંધ બંધાવવામાં કલંકરૂપ ને વિઘ્નરૂપ બને છે. વળી આ જ દહેજપ્રથાના કારણે કુટુંબમાં કે સાસરે ગયેલી દીકરી સાથે કુસંપ સર્જાતો હોય છે.

પોતે ઈચ્છેલ દહેજ ન મળતાં સાસુ-સસરા નવોઢા ઉપર મહેણાં-ટોણાંનો વરસાદવરસાવતા હોય છે. અવ્યવહારુ વર્તન થતું હોય છે. દીકરીના પિતાએ કરિયાવરમાં આપેલાં નાણાં કે વસ્તુઓ જાહેરમાં દેખાડવાના રિવાજના કારણે ઘણી વાર દીકરીના પિતાએ ખેંચાઈને પણ તેનું ઘર ભરવું પડતું હોય છે. અને જો આ અપેક્ષિત દહેજ ન મળે તો ઘરમાં કુસંપ સર્જાતો હોય છે.

કેટલીક વખત આ દહેજના દાવાનળમાં સુશિક્ષિત યુવતીઓ પોતાને હોમી દેતી હોય છે. તો કેટલીક પોતાના પિતાના ઘરે પાછી આવતી હોય છે. કેટલાક પરિવારો દહેજપ્રથાનાં જડતાભર્યાં વલણોને કારણે કજિયા અને કંકાસનો ભોગ

બને છે તો કેટલાક જેલના સળિયા પણ ગણતા હોય છે. પૈસો અને સંપત્તિ કજિયાનાં ઘર સાબિત થતાં હોય છે.

એટલે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે,

"જર, જમીન અને જોરુ આ ત્રણે કજિયાના મોટા છોરુ."

"સારી મેડી, ઝાઝું દ્રવ્ય અને રૂપવાન સ્ત્રી - આ ત્રણેય દુઃખનાં મૂળ છે."

નજીકનાં ૮-૧૦ વર્ષોમાં ભૌતિક સુખસાહ્યબીમાં ભારે ફેરફારો થયા છે. ભૌતિક સુખસાહ્યબી માટેની નવી શોધખોળોનો સતત ચડતો ક્રમ છે. દિન-પ્રતિદિન વધતી જતી ટેક્નૉલોજીનો ઉપયોગ કરી વ્યક્તિ પોતાની ભૌતિક સુખ-સંપત્તિમાં વધારો કરતો જાય છે અને એને સંતોષવા દિનરાત મથ્યા કરે છે. આ ભૌતિકવાદ અને ટેક્નૉલોજીઓ વધવાને કારણે વ્યક્તિનું ભૌતિક જીવન તો સુખ-સમૃદ્ધિવાળું બન્યું છે, પરંતુ કૌટુંબિક જીવન મહદ્અંશે ખોરવાઈ ગયેલું જોવા મળે છે. વ્યક્તિના જીવનમાં પૈસાનું મહત્ત્વ અને એના માટેના પ્રયત્નો વધ્યાં છે અને સામે પોતાના કૌટુંબિક જીવનનું મહત્ત્વ ઘટ્યું છે.

પૈસા કમાવવાની લાલસામાં વ્યક્તિગત જીવન સંપૂર્ણ સ્વાર્થી બનતું જાય છે. અને એટલે એ નથી બીજાની લાગણીઓને, ભાવનાઓને સમજી શકતો કે નથી એને પોષી શકતો. પોતાના કુટુંબ, પરિવાર કરતાં પણ વ્યક્તિને આજે પૈસો વધુ વહાલો લાગે છે. પૈસા કમાવવા માટે દિવસ દરમ્યાન વ્યક્તિ જેટલો સમય વિતાવે છે એના દસમા કે પાંચમા ભાગનો સમય પણ પોતાના પરિવારના સભ્યો સાથે વિતાવતો નથી. પરિણામે ઘરમાં પણ અંદરોઅંદર સભ્યો વચ્ચે જે ચાહના હોવી જોઈએ; એકબીજા માટેની લાગણી, પ્રેમ હોવાં જોઈએ એનું ધોવાણ થઈ રહ્યું છે. જેથી ઘરમાં કોઈ સભ્યોને એકબીજા માટે નથી માન-મર્યાદા જોવા મળતાં કે નથી તો સમૂહજીવન જીવવાનો અંશ જોવા મળતો.

દરેક વ્યક્તિના જીવનમાં પૈસાનું ઘેલું લાગ્યું હોય છે. કોઈ વ્યક્તિ અન્ય કોઈનાય નેતૃત્વ નીચે રહેવા તૈયાર નથી. આજનો યુવાન વર્ગ પણ પોતાનાં માતાપિતા પાસેથી હાથખર્ચીના રૂપિયા લઈને, એને ક્યાં વાપર્યા એનો જવાબ આપવાની ઝંઝટમાં પડવા માંગતો નથી અને પરિણામે નાની ઉંમરે ભણતાં ભણતાં એ કોઈ પણ રીતે અર્થઉપાર્જન કરી, પોતાના મોજશોખને સંતોષે છે. લખપતિ થવાના અભરખાઓ સેવતાં માતાપિતાને આનંદ હોય છે કે મારો દીકરો નાની ઉંમરે પૈસા કમાતો થઈ ગયો. પરંતુ એ તપાસ્યું છે કે આપનો દીકરો

એ પૈસાનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરે છે ? આ જોવાની કે જાણવાની તસ્દી આજના વાલી લેતા જ નથી ! એમને તો બસ એક જ વસ્તુ દેખાય છે : પૈસો, પૈસો ને પૈસો. પરિણામે આજનું યુવાધન ખોરવાઈ રહ્યું છે. આજના યુવકો અધર્મના માર્ગે ચાલતા થયા છે અને ન કરવાનાં કૃત્યો, વ્યવહારો, ધંધા કરતા થયા છે. એની પાછળ માતાપિતાના લખપતિ થવાના અભરખા પણ મહદ્અંશે કારણભૂત છે.

એ જ રીતે આજે વર્ષોથી ચાલી આવતી સંસ્કૃતિ મુજબ સંયુક્ત કુટુંબમાં જીવન જીવતાં કુટુંબોનું વિભાજન થઈ રહ્યું છે. એક જ ઘરમાં રહેતા બે સગાં ભાઈઓ હોય પરંતુ પૈસાની લેવડદેવડમાં કે હિસાબોમાં એક પૈસો પણ છોડવા તૈયાર થતા નથી અને ઝઘડા-કંકાસ તેમજ મારામારી કરવા સુધી આવી જતા હોય છે. એટલું જ નહિ, એક જ લોહીનાં સંબંધવાળાં સગાં ભાઈઓ કે બહેનનાં ખૂન કરી નાંખવાનાં દૃષ્ટાંતો આપણે નથી જોયાં ? દરરોજ બહાર પડતાં સમાચારપત્રોનો જો સરવે કરવામાં આવે તો એમાં સૌથી વધુ સમાચાર ખૂનખરાબા, ચોરી-લૂંટફાટ કે વ્યભિચારના જ હોય છે. અને એ તમામ પ્રસંગોમાં મોટા ભાગના પ્રસંગોનું કારણ પૈસો જ હોય છે જેની આજનાં સમાચારપત્રો સાક્ષી પૂરે છે.

કચ્છ જિલ્લાનું માધાપર નામનું એક ગામ. ગામમાં પતિ-પત્ની અને સ્ત્રીનો ભાઈ એક ઘરમાં સાથે રહેતાં. પરંતુ બહેન તરફથી ભાઈને વારંવાર તોછડાઈભર્યું વર્તન થતું. એની લાગણીઓનું ખંડન થતું તેથી ભાઈએ એ ઘરમાંથી નીકળી બીજે ક્યાંક પૈસા કમાવવા જવાનું વિચાર્યું. એક રાત્રે અચાનક આ ભાઈ ઘર છોડી ચાલી નીકળ્યો અને આફ્રિકા પૈસા કમાવવા માટે ગયો. ૫-૭ વર્ષ આફ્રિકા રહી તેણે ખૂબ પૈસા ભેગા કર્યા. તેને એક વખત ભારત આવી પોતાની બહેનને મળવાની ઇચ્છા થઈ. તેથી તેણે આફ્રિકાથી પોતાની બહેનને પત્ર લખી જણાવ્યું કે પોતે હાલ આફ્રિકા છે અને ત્યાં રૂપિયા ખૂબ કમાયો છે; અને હવે એ પોતાની કમાણી લઈને પાછો ભારત આવવાનો છે અને બહેનના ઘરે પણ આવવા માંગે છે.

બહેનને આ પત્ર મળતાં એની પહેલી નજર એના ભાઈ પાસેથી કેમ કરીને પૈસા મેળવવા એ તરફ મંડાઈ. એનો ભાઈ આફ્રિકાથી આવ્યો એટલે એની બહેન તેને એરપૉર્ટ ઉપર લેવા ગઈ અને ભાવથી પોતાના ઘરે લઈ ગઈ. ઘરે બેસી ભાઈએ બધી વિગતે વાત કરી અને જે કાંઈ કમાણી કરીને લાવ્યો હતો તે

વિષે જણાવ્યું. એની બહેનની નજર હવે ભાઈ પાસેથી પૈસા પડાવવા તરફ હતી. રાત પડી. એના ભાઈને જમાડી એક રૂમમાં સૂવાની વ્યવસ્થા કરી આપી. બહેન તરફથી મળતાં હેત, પ્રેમ અને લાગણી જોઈ એને આનંદ હતો કે મારી બહેન મને ખૂબ જ ચાહે છે. પરંતુ બહેનની નજર તો પૈસા પડાવવા તરફ હતી.

આ બાજુ એની બહેન એના ધણીને વાત કરે છે, ''મારો ભાઈ લાખો રૂપિયા કમાઈને લાવ્યો છે. એ જો આપણા થઈ જાય તો આપણે રાતોરાત લખપતિ થઈ જઈએ.'' પરંતુ એ પૈસા પોતાના કરવા કેવી રીતે એ પ્રશ્ન હતો. તેથી પેલી સ્ત્રીએ પોતાના ધણીને કહ્યું, ''પૈસા આપણા કરવાનો એક જ ઉપાય છે કે મારા ભાઈને આપણે પતાવી દઈએ અને ઘરના આંગણામાં જ દાટી દઈએ. કોઈને ગંધ પણ નહિ આવે કે મારો ભાઈ આવ્યો હતો.'' પરંતુ એના ધણીનું મન ન માન્યું. એણે કહ્યું, ''આવું શું વિચારે છે ? તારા સગા ભાઈનું ખૂન કરાય ? હું એમાં તૈયાર નથી.'' પરંતુ પેલી સ્ત્રીનો પાવર વધુ એટલે એણે કડક શબ્દોમાં કહી દીધું, ''તમારો જીવ ના ચાલતો હોય તો કંઈ નહિ, હું એને પતાવી દઈશ. પરંતુ ખબડદાર જો બીજું કાંઈ બોલ્યા છો તો ! અને મારી જોડે તમારે એને પતાવવા આવવાનું છે.''

આ બાજુ એનો ભાઈ ગાઢ નિદ્રામાં સૂતો છે અને એની સગી બહેન હાથમાં ધારિયું લઈ પોતાના ધણી સાથે શાંતિથી રૂમમાં પ્રવેશ કરે છે. પેલી સ્ત્રીના હાથમાં ધારિયું છે અને એનો ધણી એના ભાઈને પકડી રાખે છે ને સગી બહેન એના ભાઈની છાતી ઉપર ધારિયાના ઉપરાઉપરી પ્રહાર ચાલુ કરે છે. બે-ત્રણ મિનિટમાં જ એના ભાઈને મરણને ઘાટ ઉતારી દે છે. સગી બહેન પોતાના જ ભાઈને પોતાના જ ઘરના આંગણામાં ખાડો ખોદી સ્વહસ્તે દફનાવી દે છે અને લખપતિ થવાનો અભરખો પૂરો કરે છે.

ગુજરાતીમાં કહેવત છે કે ''દગાબાજ દોઢા નમે બહોત નમે નાદાન'' એ મુજબ પોતાના ભાઈનું ખૂન કર્યું. એ પાપના પ્રાયશ્ચિત્ત માટે એણે નજીકના સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીને ત્રણ દિવસની રસોઈ આપી. પરંતુ આવા આસુરી દ્રવ્યની આપેલ રસોઈ પ્રભુ જમે ખરા ? ના જમે. બન્યું પણ એવું. ઠાકોરજી ત્રણ દિવસથી થાળ જ જમ્યા નહીં. ત્રણ દિવસથી ઠાકોરજી આગળ થાળ જમવા માટે મૂક્યો હોય ને એ પડી જાય,ઢોળાઈ જ જાય જાણે ઠાકોરજી થાળને હડસેલો મારતા હોય. ત્રીજા દિવસે સ્વયં ઘનશ્યામ મહારાજે

અનાદિમુક્તરાજ સૂરજબાને દર્શન આપ્યાં અને કહ્યું કે, ‘‘અમે છેલ્લા ત્રણ દિવસથી ભૂખ્યા છીએ માટે અમને કંઈક જમવાનું આપો.’’ સૂરજબાએ મહારાજ માટે ભોજન પીરસ્યું. જમતાં જમતાં સૂરજબાએ મહારાજને પૂછ્યું, ‘‘મહારાજ, સંતોથી થાળમાં કંઈ કસર રહી ગઈ હતી ?’’ ત્યાં મહારાજ નારાજગીના ભાવ સાથે બોલ્યા, ‘‘પેલી પાપી સ્ત્રીએ રસોઈ આપી છે એટલે અમે નથી જમતા.’’ મહારાજે સૂરજબાને વિગતે બધી વાત કરી. સૂરજબાએ સંતોને આ બાબતે વિગતે ખબર મોકલી અને રસોઈ બંધ કરાવી. થોડા જ દિવસોમાં આ પાપ ઉઘાડું પડ્યું.

પૈસો ચીજ એવી છે કે એને પામવા માટે વ્યક્તિ પાગલ જેવો બની જાય છે અને એ ભૂલી જાય છે કે હું કોની જોડે શું કરું છું અને એનું પરિણામ શું આવશે ? ધનલાલસામાં મગ્ન રહેનારને આ બધું જ બન્યા પછી અંતમાં કેવળ પસ્તાવા સિવાય બીજો કોઈ રસ્તો મળતો નથી.

લખપતિ થવાના અભરખા આપણા સ્વજીવનમાં તથા આપણા કૌટુંબિક અને સામૂહિક જીવનમાં વિશેષ વિઘ્નરૂપ બની રહે છે. આ લખપતિ થવાના અભરખા રહેવાના મૂળ કારણને આપણે તપાસવું છે. પ.પૂ. સ્વામીશ્રીને મળવા આવનાર, લખપતિ થવાના અભરખા સેવનાર હજારો વ્યક્તિઓને મળ્યા બાદ, પ.પૂ. સ્વામીશ્રી આ બાબતે જણાવે છે કે, ‘‘જ્યાં સુધી હજુ જગતના માર્ગે લખપતિ થવાના અભરખા રહે છે ત્યાં સુધી આધ્યાત્મિક માર્ગે લખપતિ થવાનો વિચાર આવશે જ નહીં. આ લોકમાં કદાચ આપણે લખપતિ થયા પરંતુ એ તો ટૂંકા સમય માટેનો જ અનુભવ છે. કારણ કે પૈસો કોઈની પાસે કાયમ રહેતો જ નથી. આજે ભલે કદાચ લખપતિ છીએ પરંતુ ક્યારે પૈસો ચાલ્યો જશે અને રોડપતિ થઈ જઈશું એ કાંઈ નક્કી નથી. જ્યારે એક મહારાજની મૂર્તિ એવું અનગણ નાણું છે કે જે કદી જતું નથી, કદી ખૂટતું નથી. પરંતુ જીવનમાં આવું અવિચળ અને અખંડિત મહારાજની મૂર્તિરૂપી નાણું પ્રાપ્ત કરવાનો કહેતાં, આધ્યાત્મિક માર્ગે લખપતિ થવાનો અભરખો જાગતો નથી અને આ લોકમાં લખપતિ થવાનો અભરખો મટતો નથી.

❑ લખપતિ થવાના અભરખા રહેવાનાં કારણો :

લખપતિ થવાના અભરખા હજુ રહ્યા કરે છે એનાં મુખ્ય ત્રણ કારણો છે : જેમાં એક, અસંતોષ; બીજું, દેખાદેખી; અને ત્રીજું, ભોગવિલાસી જીવન.

(૧) અસંતોષ :

અસંતોષ એ વ્યક્તિનો માનવસહજ સ્વભાવ છે. જ્યાં જ્યાં કોઈક પદાર્થ કે

વસ્તુ કે પછી પૈસો પ્રાપ્ત કરવાની વાત આવે છે ત્યારે એને કદી સંતોષ વ્યક્ત થતો જ નથી. દરેક વ્યક્તિ પોતાની પાસે શું નથી એ જોયા કરે છે અને એને મેળવવાના તાનમાં મથ્યા કરે છે; પરંતુ પોતાની પાસે શું છે એનો વિચાર કરતો નથી. જો એ વિચાર કરે તો એને સંતોષ અનુભવાય જ. પરંતુ દુઃખની વાત એ છે કે આપણે હંમેશાં આપણી પાસે શું નથી એ જ શોધ્યા કરીએ છીએ અને એને પામવા માટે જ ઉધામા માર્યા કરીએ છીએ. જેથી અસંતોષની આગમાં બળતા જ રહીએ છીએ કારણ કે અસંતોષની કોઈ સીમા જ નથી.

એક વખત એક હરિભક્ત સદ્. ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. તેમણે સ્વામીને કહ્યું કે, ‘‘સ્વામી, મહારાજને પ્રાર્થના કરો કે થોડા પૈસાની સગવડ થઈ જાય તો બસ, હવે મારે ભગવાન જ ભજવા છે. બીજું કાંઈ નથી કરવું.’’ સ્વામીએ પૂછ્યું, ‘‘ભગત, કેટલા રૂપિયા જોઈએ છે ?’’ ‘‘સ્વામી, વધુ નહિ પણ મહારાજ દસ હજાર આપે તો ઘણું.’’ ત્યારે સ્વામીએ કહ્યું, ‘‘ભગત, એટલા રૂપિયા થઈ રહેશે ? કે વધુ કંઈ જોઈશે ?’’ ‘‘સ્વામી, એમ તો જો મહારાજ એક લાખ આપી દે તો પછી કંઈ ચિંતા ન રહે.’’ સ્વામીએ ફરી કહ્યું કે, ‘‘તો પછી લાખ થઈ રહેશે ?’’ ત્યારે પેલા હરિભક્તે કહ્યું, ‘‘સ્વામી, જો મહારાજ ચાર લાખ આપી દે તો પછી મારે પાછું વળીને જોવાનું ન રહે ને સેવામાં આવી જઉં.’’ તેમનો જવાબ સાંભળી સદ્. ગોપાળાનંદ સ્વામી હસતાં હસતાં બોલ્યા કે, ‘‘ભાઈ, હજુ તારા હાથમાં રૂપિયા આવ્યા નથી તોપણ તું બે મિનિટમાં વધતો વધતો ત્રણ લાખ ને નેવું હજારની રકમ સુધી વધારામાં પહોંચી ગયો તો પછી તારા હાથમાં પૈસો આવે તો તારો શો વિશ્વાસ !’’

પૈસાની વગરપ્રાપ્તિએ વધુ ને વધુ મેળવવાના અભરખા જાગતા હોય, અસંતોષ જ રહેતો હોય તો પછી જ્યારે મળે ત્યારે એટલાથી શું સંતોષ થાય ? ના... વધુ ને વધુ મેળવવાની લાલસા જાગે છે. માટે જેટલા પૈસા છે એટલાથી સંતોષ માનતાં શીખવું.

(૨) દેખાદેખી :

‘‘બાજુવાળાના ઘરમાં નવું રેફ્રિજરેટર આવ્યું અને આપણા ઘરમાં જૂનુંય નથી !’’

‘‘કાકાના ઘરે નવી ગાડી આવી અને આપણા ઘરે જૂની ગાડી પણ નહીં !’’

‘‘કાકાએ નવું ઘર લીધું અને આપણે હજુ ભાડાના ઘરમાં જ રહેવાનું !’’

‘‘આપણે નવું ઘર ક્યારે લઈશું !’’

સંસાર આખો આવી દેખાદેખી ઉપર જ ચાલી રહ્યો છે. આડોશીપાડોશી, સગાંસંબંધી કોઈનાય ઘરે કંઈક નવું થયું, કંઈક વસ્તુ ખરીદી એટલે તરત જ દેખાદેખી ઉપર જતું રહેવાય છે. જેના પરિણામે પણ લખપતિ થવાના અભરખા ઊભા થતા હોય છે અને કજિયા-કંકાસ ઊભા થઈ જતા હોય છે. પાડોશીની કે સગાંસંબંધીની આવક વધુ છે તો એ સારી ગાડી લાવવાનો અને સામે આપણી આવક ઓછી છે તો સ્વાભાવિક જ છે કે આપણે સ્કૂટર કે સાદી ગાડીમાં જ ફરવાનું થશે. એમાં દેખાદેખી ઉપર જઈ ભાડાના વાળ કરી (વ્યાજના પૈસા લઈ) શા માટે ખોટો પૈસા હોવાનો દંભ, આડંબર રચવો જોઈએ !

(૩) ભોગવિલાસી જીવન :

આજે માનવીનું જીવન સંપૂર્ણ ભોગવિલાસી બનતું જાય છે. અને એમાંય વેસ્ટર્ન કલ્ચરનો (પશ્ચિમી સંસ્કૃતિનો) વાયરો જ્યારથી અડ્યો છે ત્યારથી તો જાણે ભોગવિલાસે માઝા મૂકી દીધી છે. વ્યક્તિએ પોતાની જરૂરિયાતો અને અપેક્ષાઓ તથા આકાંક્ષાઓ એટલી બધી વધારી દીધી છે કે જેને પ્રાપ્ત કરવા, મેળવવા માટે પૈસો અનિવાર્ય બની ગયો છે. અને એટલે એવા સંજોગોમાં પણ રાતોરાત લખપતિ થઈ જવાના અભરખા ઘણા સેવતા હોય છે.

સ્વામિનારાયણ ભગવાન આ અંગે પોતાનો અભિપ્રાય જણાવતાં ગઢડા છેલ્લા પ્રકરણના ૩૮મા વચનામૃતમાં કહે છે,

‘‘એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં.’’

મહારાજે છ વાનાં કહ્યાં એમાં સૌથી પહેલું દ્રવ્યાદિકના લોભને ગણાવ્યું છે.

એ જ રીતે શિક્ષાપત્રીમાં મહારાજ પોતાનો અભિપ્રાય જણાવે છે,

‘‘ગૃહસ્થ સત્સંગીએ પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો (વપરાશ) હોય, તેટલા અન્ન-દ્રવ્યનો સંગ્રહ કરવો, અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો.’’

સદ્. ગુણાતીતાનંદ સ્વામી આ અંગે અભિપ્રાય જણાવતાં કહે છે,

‘‘રોટલાથી તો વધારે જમાતું નથી તો પછી શા માટે બિનજરૂરી દોડાદોડ કરવી જોઈએ ?’’

એક વાતનું નિરંતર જાણપણું રાખવું કે જીવન જીવવા માટે પૈસો જરૂરી છે, પરંતુ પૈસો એ જ જીવન છે એવું નથી. માટે જીવનનિર્વાહ માટે જેટલી પૈસાની જરૂર હોય એટલું જ કમાવું જોઈએ. જો જરૂરિયાત કરતાં વધારે પૈસા કમાવવા માટે કાવા-દાવા, આઘું-પાછું કરીને કે કોઈની આંતરડી દુભવીને પૈસા કમાઈશું તો એ બધો પૈસો આસુરી કહેવાય જે આપણને સુખી નહિ થવા દે.

દ્રવ્યના બે પ્રકાર છે : એક આસુરી દ્રવ્ય અને બીજું દૈવી દ્રવ્ય. આસુરી દ્રવ્ય એટલે મહારાજના રાજીપા બહાર, ગમતા બહાર વર્તી, અન્યને દુઃખ પહોંચાડી, છેતરીને કમાયેલું દ્રવ્ય. દૈવી દ્રવ્ય એટલે પ્રભુના રાજીપામાં રહીને કમાયેલું દ્રવ્ય. આસુરી દ્રવ્ય હંમેશાં વિનાશ નોતરે છે અને દૈવી દ્રવ્ય હંમેશાં આપણું ઉજ્જવળ ભવિષ્ય રચે છે. જગતમાં લોકો એવું કહે છે કે, ‘‘દસકો બદલાય છે પરંતુ જેના ઘરમાં દૈવી દ્રવ્ય જ આવ્યું હશે એનો દસકો નહિ, સો પેઢીએ પણ દસકો નહિ બદલાય.’’ માટે આપણા ઘરમાં પણ એવું આસુરી દ્રવ્ય ન આવી જાય એનો નિરંતર ખ્યાલ રાખવો.

❑ આપણા ઘરમાં આસુરી દ્રવ્ય ન આવી જાય તે માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો. (પૈસો કમાતી વખતે ધ્યાનમાં રાખવા જેવા મહત્ત્વના મુદ્દા...)

૧. એવો પૈસો ન કમાવવો કે જેથી નિરંતર ચિંતા રહ્યા કરે, સુખેથી ઊંઘ પણ ન આવે કે પછી હૃદયરોગ જેવા રોગોના ભોગ બની જવાય.

૨. એવો પૈસો ન કમાવવો કે જેથી આપણને સતત ભય વર્ત્યા કરે. સરકારનો ભય (ઇન્કમટૅક્ષ), ચોરીનો ભય. આવા બધા ભયમાં ન જીવો. જરૂરિયાત પૂરતા જ પૈસા કમાવો.

૩. આપણે એવો ધંધો પણ ન કરીએ કે જેથી બીજાને ખોટ જાય કે બીજાને હેરાન થવું પડે. બીજાને સુખરૂપ થઈને, બીજાનું હિત થાય એવો જ ધંધો કરો.

૪. આપણાં નોકરી-ધંધામાં લાંચ કે રુશવત લેવાતી હોય તો આપણે એ માર્ગે ન ચાલવું. તે અણહકનો પૈસો છે જે આપણને સુખી નહિ કરે.

૫. કોઈની મજબૂરીઓનો ગેરલાભ ઉઠાવી ધંધો ન કરવો કે કોઈની આંતરડી દુભાય એવો ધંધો પણ ન કરવો.

૬. એવો ધંધો પણ ન કરો કે આપણાથી કોઈ ગરીબને શોષાવું પડે કે એને કાયમ ભીખ માંગ્યા કરવી પડે અને સતત પૈસાના વ્યાજનું ટેન્શન (ચિંતા) રહ્યા કરે. (ખાસ કરીને શ્રોફનો ધંધો કરતા હોય તેમના માટે.)

૭. જે પૈસો કમાવવાથી આપણું અભિમાન વધે એવો પૈસો આસુરી દ્રવ્ય છે. માટે એવું દ્રવ્ય પણ ઘરમાં ન આવવા દો.
૮. આપણે 'જેવું વાવીશું એવું જ લણીશું' એટલે કે આપણે ધંધામાં કોઈ પ્રકારની ભેળસેળ કે ગોલમાલ ન કરવી. જો કરીશું તો એનું ફળ પણ આપણે જ ભોગવવું પડશે. એટલે જ કહેવત છે કે, 'ખાડો ખોદે એ જ પડે.'
૯. અન્યની ઉપર ઈર્ષ્યા રાખી પૈસા ન કમાઈએ. જ્યાં સુધી કોઈના પ્રત્યે ઈર્ષ્યાથી ધંધો કરીશું ત્યાં સુધી સામેની વ્યક્તિના ધંધાને પાછા પાડવાના પ્રયત્ન થશે. એમ કરતાં આપણા ધંધાને વધુ આગળ લાવવાના પ્રયત્નો થશે અને અંતમાં ભૂંડાં પરિણામો સહેવાં પડશે.
૧૦. પૈસો કમાવવામાં એવા ગાંડા ન બની જાવ કે જેથી તમે તમારા પરિવારના સભ્યો માટે સમય જ ન ફાળવી શકો, એમને પ્રેમ ન આપી શકો કે એમની લાગણીઓને ગૌણ કરવી પડે.
૧૧. જે કાંઈ પૈસો કમાઈએ એમાં સ્વામિનારાયણ ભગવાનનો ચોખ્ખો ૧૦% કે ૫% ધર્માદો કાઢીએ કે જેથી આપણા ઘરે આવેલા ધનની શુદ્ધિ થાય.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. નીતિમત્તાનાં મૂલ્યો
૨. પૈસો, પદ અને પ્રતિષ્ઠા
૩. પ્રામાણિકતા
૪. સાત્ત્વિક જીવન
૫. સુખની શોધ ભાગ-૧,૨
૬. ગિરધારી રે સખી ગિરધારી
૭. ભલામણ
૮. જ્ઞાનસત્ર-૪ : દ્રવ્ય ઉપાર્જન કેવી રીતે કરવું ?
૯. જ્ઞાનસત્ર-૮ : શીદને રહીએ કંગાળ રે...
૧૦. જ્ઞાનસત્ર-૮ : રે શ્યામ તમે સાચું નાણું

તામસી પ્રકૃતિનો ત્યાગ (ક્રોધ છોડો)

વિશ્વભરમાં સર્જાતી કુદરતી હોનારતોમાં સૌથી મહાભયંકર હોનારત હોય તો તે છે - ''વોલ્કેનિક ઇરપ્શન'' (Volcanic Eruption) કહેતાં જ્વાળામુખી ફાટી નીકળે છે તે.

આ હોનારતથી થતા વિનાશને આપણે સૌ કોઈ જાણીએ છીએ. જ્વાળામુખીમાંથી નીકળતો લાવારસ એટલો બધો ગરમ હોય છે કે તેની નજીક કોઈ માણસ જાય તો તે આખો બળી જાય છે. વળી સમુદ્રના પેટાળમાં જો જ્વાળામુખી ફાટે તો તેમાંથી મોટા હિમાલય જેવા પર્વતનું પણ સર્જન થાય છે. ટૂંકમાં, 'અટ્ટન સો દટ્ટન' કરવાની તાકાત આ જ્વાળામુખીમાં છે. તેમ માનવીના જીવનમાં પણ જ્વાળામુખીએ કરીને જેવો વિનાશ થાય છે એવો જ કોઈક વિનાશ સર્જાય છે.

કોણ છે જવાબદાર આ વિનાશનું સર્જન કરવા માટે ?

કયા કારણથી માનવીના જીવનમાં 'અટ્ટન સો દટ્ટન' કહેતાં હતું ન હતું થઈ શકે છે ?

તો તેનો એકમાત્ર જવાબ છે, ''માણસમાત્રમાં રહેલો ક્રોધી સ્વભાવ.''

આજે જ્યારે ૨૧મી સદીમાં દુનિયા ડગ ભરી રહી છે, ત્યારે...

વધી રહ્યા છે - પરિવાર વચ્ચેના અણબનાવ - કુસંપ

વધી રહ્યા છે - છૂટાછેડાના કિસ્સા

વધી રહ્યાં છે - કુટુંબનાં પતન

વધી રહ્યા છે - આપઘાતના કિસ્સા

બધાંનું કારણ એક જ છે ને તે છે એકબીજા વચ્ચે ઉગ્ર સ્વભાવને લીધે ઊભાં થતાં ઘર્ષણો. આપણે વિચારવાનું એ છે કે હું તો ક્યાંક આવા જ્વાળામુખી

સમાન ક્રોધી સ્વભાવનો ગુલામ તો નથી બની જતો ને ? કારણ કે આપણા ઈષ્ટદેવને આ સ્વભાવવાળા સાથે નથી બનતું તો ભક્ત તરીકે આપણામાં આ ક્રોધી સ્વભાવ ન જ રહેવો જોઈએ. ક્રોધી સ્વભાવને ટાળવા માટે પ્રથમ તેને ઓળખીએ કે આ મને ક્રોધ આવ્યો કહેવાય. કારણ કે ક્રોધ વ્યાપે ત્યારે એવું અનુસંધાન રાખવું કે, 'આ મને ક્રોધ આવ્યો' તે બહુ કઠિન છે. જો અનુસંધાન આવે તો ક્રોધ શમી જાય.

❑ **ક્રોધનું સ્વરૂપ (ક્રોધને ઓળખીએ) :**

- ક્રોધ એ માનરૂપી બાપનો દીકરો છે. જ્યાં માન છે ત્યાં ક્રોધ અવશ્ય હોય જ, તેને આમંત્રણ આપવું પડતું નથી. ક્રોધ બધાય સ્વભાવ કરતાં જલદી પ્રકાશિત થઈ દેખાઈ આવે છે.
- ક્રોધ એટલે વાણી ઉપરનો અસંયમ.
- ક્રોધ એટલે કુસંપનું સર્જન કરનાર (આત્મીયતામાં ભંગ કરનાર).
- ક્રોધ એટલે સર્વનાશનું મૂળ.
- ક્રોધ એટલે મહા ચેપી રોગ.
- ક્રોધ એટલે રાક્ષસનું સ્વરૂપ.
- ક્રોધ એટલે સારું કાર્ય બગાડનાર.
- ક્રોધ એ માણસનો દુશ્મન છે.
- ક્રોધ એ એક એવા પ્રકારનું તોફાન છે કે તે જ્યારે વ્યક્તિમાં પ્રવેશે છે ત્યારે સામાન્ય વિવેકને પણ નષ્ટ કરી નાખે છે. ક્રોધ એ ક્ષણિક ગાંડપણ છે. આ ક્રોધને વશ કરનાર મહાન વ્યક્તિ તરીકે લેખાય છે.

બે સગા ભાઈ હોય પરંતુ જ્યારે ઝઘડો થાય ને ક્રોધ આવે ત્યારે બોલે છે કે, "તું મને ઓળખે છે ? હું કોણ છું ?" આ બધું બે ભાઈ નથી બોલતા, પરંતુ તેમની અંદર રહેલો દુષ્ટ અસુર ક્રોધ બોલે છે. જેમ કોઈકને ભૂત વળગ્યું હોય ત્યારે ગાંડપણ કરે, ન બોલવાનું બોલે, ધમાલ કરે ઇત્યાદિક બધું કરે અને ભૂત જતું રહે પછી તેને પોતાને પણ ખબર ન હોય કે મેં શું કર્યું ? એમ જેને આ ક્રોધરૂપી ભૂત વળગ્યું હોય તેની દશા પણ આવી જ હોય છે. તે પોતાને ભૂલી જાય છે. તે વખતે હું શું કરું છું ? હું કોને કહું છું ? હું કોની આગળ કેવી વાત કરું છું ? હું શું બોલું છું ? આવું બોલ્યા પછી મારું શું થશે ? મારે શું પરિણામ ભોગવવું પડશે ? તે બધું જ ભૂલી જાય છે ને પરિણામે

અરસપરસના સંબંધો શૂન્ય થઈ જાય છે.

ક્રોધનું સાચું સ્વરૂપ જો નિહાળવું હોય તો તે છે રાક્ષસનું સ્વરૂપ. માણસ જ્યારે ક્રોધ કરે છે ત્યારે તેની આંખો પહોળી થઈ જાય છે, કપાળ ચડી જાય છે, નાક ફૂલી જાય છે, મોઢું મરડાઈ જાય છે. ટૂંકમાં તેનો આખો ચહેરો માણસને બદલે રાક્ષસના જેવો વિકરાળ અને વિકૃત બની જાય છે.

ક્રોધનું સ્વરૂપ વિરૂપ બને ત્યારપછી હથિયાર શોધવાની જરૂર ના પડે. હાથ હથિયાર બની જાય છે. હાથમાં જે વસ્તુ હોય તે પણ હથિયાર કે શસ્ત્ર બની જાય છે. પછી ભલે વેલણ હોય કે સાવરણી હોય, બૂટ હોય કે ચંપલ હોય, ચશ્માં હોય કે કોઈ પણ કીમતી વસ્તુ હોય; છેવટે કશું જ ના મળે તો ખાલી ખાલી હાથ પણ પછાડે. ક્રોધ આવે તે વખતે તેના મગજની કે શરીરની સ્થિરતા હોતી નથી, જેની વિકૃતિ વ્યક્તિના બાહ્યિક દેખાવમાં તથા વર્તનમાં તુરંત જણાઈ આવે છે. ક્રોધ વ્યાપતાં વ્યક્તિ સાર-અસારને ભૂલી જાય છે. જેને ભગવાન સ્વામિનારાયણે ગઢડા મધ્યના પહેલા વચનામૃતમાં મોહ વ્યાપ્યો એવી ઉપમા આપી છે. એવો જ્યારે પોતાનો સ્વભાવગત મોહ વ્યાપે છે ત્યારે પોતાનો આશ્રમ, પોતાનું પદ કે પ્રતિષ્ઠા પણ ભુલવાડી દે છે જેથી વિશેષે કરી વાણી ને વર્તન દ્વારા અન્યને દુભવી દેવાય છે કાં તો એનો અપરાધ કરી દેવાય છે.

આ અપરાધે કરી જીવ સૂનકાર અવસ્થાને પામે છે. આ પાપે કરીને દોષો ટળતા નથી અને મૂર્તિનું સુખ આવતું નથી. અને એટલે જ ક્રોધની ભયંકરતા સમજાવતાં લોયાના પહેલા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે,

“ક્રોધ તો કેવો છે તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે, જેમ હડકાયા કૂતરાની જે લાળ તે ઢોર અથવા મનુષ્ય જેને અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયું નાખીને મરી જાય, તેમ ક્રોધની લાળ જેને અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયું નાખીને સંતના માર્ગ થકી પડી જાય અને વળી ક્રોધ કેવો છે તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બિવરાવે છે ને બીજાના પ્રાણને હરી લે છે, તેમ ક્રોધ છે તે પણ સૌને બિવરાવે છે ને બીજાના પ્રાણને હરી લે છે એવો જે ક્રોધ તે જો સાધુમાં આવે તો તે અતિ ભૂંડો લાગે, કેમ જે સાધુ તો શાંત હોય પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે ને તે સાધુની આકૃતિ પણ ફરી જાય, કેમ જે એ ક્રોધનું નામ વિરૂપ છે માટે એ

ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાખે.''

❑ ક્રોધ શું ના કરી શકે ? (ક્રોધનાં પરિણામો) :

ક્રોધ એવું દૂષણ છે કે જેનાથી પોતે તો પીડાય છે પરંતુ તેના સંગમાં જે આવે તે પણ પીડાય છે ને તેના જીવનમાં પણ અશાંતિ ઊભી કરી દે છે. નોકરી ઉપર શેઠનો ગુસ્સો સહન કરીને આવેલા મુરબ્બીશ્રી ઘેર આવીને પત્ની ઉપર ગુસ્સો ઠાલવે છે. પત્ની પણ અકળાઈને નિર્દોષ બાળકો ઉપર ગુસ્સો ઠાલવે છે. બાળકો બિચારાં શું કરે એટલે વારો ચડી જાય શેરીના કૂતરાનો. આમ, ક્રોધની પરંપરા ચાલુ જ રહે છે.

અંતે પોતાનો જ નહિ પરંતુ સાથે સાથે કુટુંબનો, સમાજનો કે સંસ્થાનો કે કોઈ પણ દેશનો સર્વનાશ થઈ જતો હોય છે. તે ક્ષણિક ક્રોધને અંતે મોટો ઝઘડો, અંતે મારામારી ને કાપાકાપી, ત્યારપછી પોલીસ, કૉર્ટ, વકીલના આંટા-ધક્કાથી ચાલુ થઈ જાય છે હેરાનગતિ.

માણસમાં ૧૦૦ ગુણ હોય પરંતુ જો આ એક ક્રોધનો સ્વભાવ હોય તો એ એક સ્વભાવને કારણે તેના ૧૦૦ ગુણ ગુમ થઈ જાય છે. છેવટે પોતાનું સ્ટેટસ-ભાર ગુમાવે છે. એટલું જ નહિ, સંતો-હરિભક્તો તથા ઘર-પરિવારના સભ્યો સાથેના સંગ-પ્રસંગને એક પળમાં વેડફી નાંખે છે. પોતાનું જ્ઞાન-વિદ્વત્તા, સત્સંગ માટેની સમર્પણભાવના, આ બધું જ ભુલાઈ જાય. સાથે સાથે પોતાની શારીરિક શક્તિ પણ ગુમાવી બેસે છે.

દિવસ દરમ્યાન માણસ જે પૌષ્ટિક ખોરાક લે છે, તેમાંથી જેટલી કૅલરી મેળવે છે એટલી કૅલરીનો વ્યય માણસ એક મિનિટના ક્રોધમાં કરી દે છે અને સામેવાળાનો અપરાધ કરી બેસે છે.

કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દીધી.

ફ્લૅટના ત્રીજા કે ચોથા માળેથી ભૂસકો મારી આપઘાત કર્યો.

ટ્રેન નીચે પડતું મૂક્યું.

ઘરમાંથી કોઈને કહ્યા વગર નીકળી ગયો છે.

સગા ભાઈએ પોતાના હાથે પોતાના જ ભાઈને મોતને ઘાટ ઉતાર્યો.

...સમાચારપત્રોમાં નજરે ચડતા આવા અનેક પ્રસંગોની અલપઝલપ આપણે વાંચી હશે. આ પ્રસંગો બનવામાં બહુધા જો કોઈ ભાગ ભજવતું હોય તો એ છે

સહજ સ્વભાવે રહેલો ક્રોધ.

❑ ક્રોધ આવવાનાં કારણો :

ક્રોધ આવવાનાં કારણોનો સ્પષ્ટ અને ઝીણવટપૂર્વકનો ખ્યાલ શ્રીજીમહારાજે અમદાવાદના ૮મા વચનામૃતમાં આપ્યો છે :

૧. એકબીજા સાથે પ્રશ્નોત્તરી કરતાં (એકબીજા સાથે કોઈ પ્રશ્નની ચર્ચા કરતા હોઈએ ત્યારે)
૨. વાદવિવાદ કરતાં
૩. કોઈ પદાર્થ લેવા-દેવામાં
૪. કોઈને શિક્ષા કરતા હોઈએ ત્યારે
૫. પક્ષપાતે કરીને
૬. અપમાન થાય ત્યારે (માનનું ખંડન થાય ત્યારે)
૭. ઈર્ષ્યાએ કરીને
૮. ભગવાનની પ્રસાદી વહેંચવાને વિષે ન્યૂનાધિકપણું કરે ત્યારે

ક્રોધ આવવાનું બીજું એક મહત્ત્વનું સૂક્ષ્મ કારણ શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૩૪મા વચનામૃતમાં જણાવ્યું છે,

"પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય ને તેનો ભંગ કોઈક કરે ત્યારે તેને તેમાંથી ક્રોધ ઊપજે છે, ને કામના જે ઈચ્છા તેનો ભંગ થયો ત્યારે તે કામ હતો તે ક્રોધ રૂપે પરિણામને પામે છે. માટે એનો તો એવો સ્વભાવ જ થયો જે એમાં ક્રોધ ઊપજે."

❑ સ્વયં શ્રીજીમહારાજે જણાવેલી ક્રોધની ભયંકરતા :

(૧) ગઢડા મધ્યનું ૨૭મું વચનામૃત :

"જેને ગરીબ ઉપર ક્રોધાદિકનો સંકલ્પ થાતો હોય તો તેને મોટા ઉપર પણ થાય અને પોતાના ઈષ્ટદેવ ઉપર પણ ક્રોધાદિકનો મલિન ઘાટ થાય, માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને કોઈ ઉપર મલિન ઘાટ કરવો નહીં."

(૨) ગઢડા પ્રથમ પ્રકરણનું ૬૯મું વચનામૃત :

"ક્રોધે યુક્ત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે, અને કોઈ કહેશે જે, હજારો માણસને નિયમમાં વર્તાવવાં હોય

તેને કેમ સાધુતા ગ્રહણ કર્યે ચાલે ? તો એનો ઉત્તર એ છે જે, રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું, તોય પણ સાધુતા રાખી હતી ને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય તે વારીએ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહિ, માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ્ય નથી; એવા તો ઘણાય હોય, પણ સાધુ થવું એ જ ઘણું દુર્લભ છે.''

(૩) ગઢડા પ્રથમનું ૭૬મું વચનામૃત :

''ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોય પણ તે સાથે અમારે બને નહીં.''

(૪) લોયાનું ૧લું વચનામૃત :

''ક્રોધ ઉપર તો અમારે ઘણું વેર છે ને ક્રોધી જે માણસ અથવા દેવતા તે મુને ગમે જ નહીં.''

❑ સ્વયં શ્રીજીમહારાજે જણાવેલ ક્રોધ ટાળવાના ઉપાયો :

(૧) ગઢડા મધ્યનું ૨૭મું વચનામૃત :

''એક તો ભગવાનનું મહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી, અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ.''

(૨) ગઢડા છેલ્લાનું ૩૪મું વચનામૃત :

ક્રોધ ન ઊપજે તેનો ઉપાય શો છે ?

શ્રીજીમહારાજે કહ્યું જે, ધર્મમાં વર્તાવવા સારુ તમારે ક્રોધ કરવો તેમાં બાધ નથી. એમ કહીને પછી તે ક્રોધ ન થવાનો ઉપાય બતાવ્યો છે જે એ શુભ સંકલ્પનો ત્યાગ કરીને એકાએકી વનમાં ફરે તો ન થાય, અને બીજું જેને મોટા સાધુ સાથે હેત હોય ને કલ્યાણનો સ્વાર્થ હોય તો ક્રોધ ન ઊપજે એ ઉપાય બતાવ્યો છે.

(૩) લોયાનું ૧લું વચનામૃત :

''જે લગારેક ક્રોધ ચડી આવે ને પછી તેને ટાળી નાખે એવો જે ક્રોધ તે કાંઈ નડતર કરે કે ન કરે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ આ સભા બેઠી છે તેમાં જો હમણે સર્પ નીકળે ને કોઈને કરડે નહિ તોપણ ઊઠીને સૌને ભાગવું પડે તથા

સૌના અંતરમાં ત્રાસ થાય, અને વળી જેમ ગામને ઝાંપે આવીને વાઘ હુંકારા કરતો હોય ને કોઈને મારે નહિ તોપણ સૌ માણસને અંતરમાં ભય લાગે ને બારણે નીકળાય નહિ તેમ થોડોક ક્રોધ ઊપજે તે પણ અતિશે દુઃખદાયી છે.''

તત્ત્વચિંતક સોક્રેટીસ પાસે એરિટ્રાયસ ભણવા ગયા. અભ્યાસ શરૂ કરતાં પહેલાં એક ધ્યેય નક્કી કર્યો હતો, દૃઢ નિશ્ચય કર્યો હતો કે બસ, ગુરુ જે ભણાવે તેને મારે મારા જીવનમાં લક્ષ્યાર્થ કરવું જ છે. આવા દૃઢ મનોબળ સાથે ભણવાનું શરૂ કર્યું. સાથે સાથે ગુરુજી જે ભણાવે તેને ખૂબ જ ધ્યાનથી સાંભળે એટલું જ નહિ, સાંભળ્યા પછી સમજીને વર્તનમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ કરી દે. એકાગ્રતાથી ગુરુના ઉપદેશના મર્મને તરત પકડી લે. ગુરુજી પાસે ૪થી ૬ વર્ષ સુધી અભ્યાસ કર્યો. ભણીને ઘેર આવ્યા. ઘણા લાંબા સમય પછી ભણીને ઘેર આવ્યા હતા તેથી તેમના પિતાજીને ખૂબ આનંદ હતો. તેમણે દીકરાને પૂછ્યું કે, ''બેટા, તું ગુરુ પાસેથી શું શીખીને આવ્યો ?'' પરંતુ આશ્ચર્યની વાત બની ગઈ. એરિટ્રાયસ તેમના પિતાજીને કંઈ જ જવાબ નથી આપતા. ફરીથી તેમના પિતાએ પૂછ્યું પણ એ જ રીતે, કોઈ જ ઉત્તર ન આપ્યો ને મંદ સ્મિત કર્યું.

આથી તેમના પિતાજી ગુસ્સામાં આવી ગયા ને એરિટ્રાયસના મોં પર તમાચો માર્યો અને કહ્યું, ''સરખો જવાબ તો આપ.'' છતાંય તેઓએ કંઈ જ ઉત્તર ન આપ્યો ને હસવાનું ચાલુ જ રાખ્યું એટલે તેમના પિતાનો ક્રોધાગ્નિ વધારે સળગી ઊઠ્યો. અને ફરીથી જોરજોરથી તમાચા માર્યા. છતાં તેમણે હસવાનું ચાલુ જ રાખ્યું. જવાબ ન આપ્યો.

છેવટે તેમના પિતાજી થાક્યા, શાંત પડ્યા એટલે એરિટ્રાયસ બોલ્યા, ''પિતાજી, હવે હું કહું કે ગુરુજી પાસેથી હું શું શીખ્યો ? મને ગુરુજીએ ઉપદેશ આપેલો કે જીવનમાં કદી ક્રોધ ન કરવો. સામેની વ્યક્તિ આપણને ગમે તેટલી હેરાન કરે, આપણા પર ગમે તેટલો ક્રોધનો વરસાદ વરસાવે તોપણ આપણે ગુસ્સો ન કરવો. આ ઉપદેશ મેં સાંભળેલો, તે જીવનમાં ઉતાર્યો છે કે નહિ તેની આજે મારે પરીક્ષા કરવી હતી. તેની આજે તક મળી. હવે ખાતરી થઈ ગઈ ને કે હું ક્રોધ કર્યા વગર રહી શકું છું !!''

આ સાંભળતાં તેમના પિતાજી એકદમ ભેટી પડ્યા અને આંખમાંથી હર્ષનાં આંસુ નીકળી ગયાં.

એરિટ્રાયસ જો આ સ્વભાવને ટાળી શકતા હોય તો આપણા માટે શું અશક્ય

છે ? આપણને તો દોષ ઓળખાવનાર ને ટળાવનાર દિવ્ય સત્પુરુષ મળ્યા છે. એરિટ્રાયસને તો આવા કોઈ સર્વોપરી ભગવાન કે ગુરુવર્ય પ.પૂ. બાપજી ને પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષો નહોતા મળ્યા.

આપણને તો શ્રીજીમહારાજે દેહના સત્તાવનના ટોળામાંથી બહાર કાઢી, ચૈતન્યને અનાદિમુક્ત કરી, મૂર્તિમાં મૂકી દીધો છે. દોષોથી અલગ કરી દીધા. હવે માત્ર જાણપણું જ રાખવાનું છે.

શું જાણપણું ? તો જેમ એરિટ્રાયસ ગુરુજી પાસે ભણવા ગયા ત્યારે સૌપ્રથમ દૃઢ સંકલ્પ કરેલો કે “મારે મારા ગુરુજી જે શીખવે તેને મારે મારા જીવનમાં લક્ષ્યાર્થ કરી, ગુરુજીને રાજી કરવા છે.” તો સમયે ક્રોધ પર વિજય મેળવવા સતત પ્રયત્ન કર્યા કર્યો. તો હવે એરિટ્રાયસના જીવનમાંથી પ્રેરણા મેળવી દૃઢ સંકલ્પ કરીએ કે, “બસ, મારે હવે કોઈ ગુસ્સો કરાવે, અપમાન કરે, મારું ધાર્યું ન કરે, તોપણ ગુસ્સો નથી જ કરવો.”

એરિટ્રાયસે, નિરંતર જાણપણાની સાથે સાથે સહનશીલતા પણ કેળવી હતી.

આપણે પણ ક્રોધ ટાળવા ખૂબ ખપ, ખટકો તથા નિરંતર જાણપણું રાખીએ ને સાથે સાથે કોઈનાં અપમાનો તથા ધાર્યું થાય ન થાય તોપણ સહન કરવાની તૈયારી રાખીએ.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં લખ્યું છે કે, “સાધુ થવું અઘરું છે, સાધુતા આવવી એથીય અઘરી છે અને સ્વભાવ ટાળવા તે તો એથીયે કઠિન છે.”

જ્ઞાની, તપી, જપી હોય કે વિદ્વાન, શાસ્ત્રી, પંડિત હોય તેના માટે પણ સ્વભાવ ટાળવા અઘરા છે.

એક દરબાર સ્વામિનારાયણના સત્સંગી. બહુ મોટા મુક્ત, ખૂબ જ જ્ઞાની, વચનામૃતના ખાંટુ. ઉપાસનામાં એક્કો. નિયમધર્મ યુક્ત જીવન જીવે ને જે જોગમાં આવે તેનું સાધુ જેવું જીવન કરી દે. સદ્ગુરુશ્રીઓના પરમકૃપાપાત્ર, હજારો ગુણોના ભંડાર. તેમની હાજરીમાં કોઈ ઢીલું વેણ ન બોલી શકે, પણ પ્રશ્ન એ હતો કે તેમનો સ્વભાવ ખૂબ જ આકરો. ગુસ્સાવાળો. વાતવાતમાં ક્રોધ વ્યાપી જાય. “મને ઓળખો છો ? હું દરબાર ! હું ગરાસિયો !” આટલી જ કસર હતી. કોઈની પર ક્રોધ આવે તો પાછળથી પસ્તાવો પણ કરે, માફી પણ માંગે. વારંવાર મોટાપુરુષની આગળ નિયમ પણ લે. પણ સમયે જાણપણું ન

રહે. પરંતુ મોટાપુરુષે દયા કરીને તેમને બચાવી લીધા, નહિ તો અપરાધે કરીને કલ્યાણના માર્ગમાંથી પડી જાત.

❑ ક્રોધ ટાળવા માટે સ્વજીવનમાં આ ચાર પાસાંઓને અપનાવીએ...

(૧) ધ્યેય નક્કી કરવો :

આ દેહે કરીને મારે મહારાજ અને મોટાપુરુષને રાજી કરી જ લેવા છે. જો એ આ સ્વભાવથી રાજી ન થતા હોય તો મારે ન જ જોઈએ એમ ધ્યેય નક્કી કરી સ્વભાવ સાથે શત્રુપણું કરીએ.

(૨) સત્પુરુષનો સમાગમ :

પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો શક્ય જ નથી. મોટાપુરુષના સમાગમે કરીને જ આપણો સ્વભાવ ઓળખાય અને તેમની રોકણી-ટોકણીએ કરીને જ સ્વભાવ ટળે છે. તેમ છતાં તેનો આધાર તો આપણા ઉપર જ છે. આપણે રોકણી-ટોકણી પ્રમાણે આપણું જીવન બદલીએ છીએ ?

(૩) સૌમાં મહારાજનાં દર્શન કરીએ :

કારણ સત્સંગના યોગમાં આવેલા કે પરિવારના સભ્યો કે પછી સત્સંગ સમાજના સભ્યો હોય તેઓ શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધવાળા છે. સૌને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યા છે. તેમના સંપૂર્ણ કર્તા મહારાજ છે. ગમે તેવા સંજોગો ઊભા થાય તોપણ મહારાજ અને મોટાપુરુષ ઉપર ક્રોધ આવે ? ના...ના... તો સૌમાં મહારાજનાં દર્શન કરીએ તો કોઈના ઉપર ગુસ્સો થાય ? વ્યતિરેક સ્વરૂપના સંબંધવાળા અનાદિમુક્તો ઉપર ક્રોધ થાય તો તેમાં મહારાજનો અપરાધ થઈ જાય. કારણ કે અનાદિમુક્ત મૂર્તિમાં રહે છે. માટે એ સીધો મહારાજનો અપરાધ થઈ જાય. એ અપરાધના ફળે જીવનો પણ નાશ થઈ જાય, મોક્ષનો માર્ગ સદાને માટે બંધ થઈ જાય.

(૪) ભજન-પ્રાર્થના :

સબ રોગ કી એક દવા - ભજન અને પ્રાર્થના. ક્રોધ ટાળવા માટે સાચી ભૂખ-ગરજ જગાડી ભજન અને પ્રાર્થના કરવા માંડે તો મહારાજ અને મોટાપુરુષ રાજી થઈ ગમે તેવા કામ-ક્રોધાદિક શત્રુ હોય તેને પણ ટાળી નાખે.

❑ **આ ઉપાયો પ્રમાણે જીવન કરવા કટિબદ્ધ થઈએ અને સ્વજીવનમાં વિચારવિમર્શ કરીએ કે કેવા કેવા પ્રસંગોમાં ક્રોધ આવે છે ?**

- નાનાં બાળકો તોફાન-મસ્તીએ ચડે ત્યારે...
- આપણે સોંપેલી જવાબદારી કોઈ પૂરી ન કરે ત્યારે...
- આપણા સ્વમાનનું ખંડન થાય ત્યારે...
- આપણું ભાવતું જમવાનું ન મળે ત્યારે...
- આપણને કોઈ વારંવાર સેવા બતાવે ત્યારે...
- આપણને કોઈ ચીડવે ત્યારે...
- કોઈ વારંવાર એકનો એક ઉપદેશ (સલાહ) આપે ત્યારે...
- વારંવાર કોઈને આપણે કહેવાનું થાય ત્યારે...

આવા સમયે જાણપણું રાખીએ કે મારે ક્રોધ નથી જ કરવો. અને જો કદાચિત્ ક્યાંક ક્રોધ ઊપજે તો તરત જ ક્ષમાયાચના કરીએ.

❑ **ક્ષમાયાચના (થયેલા અપરાધથી છૂટીએ) :**

શ્રીજીમહારાજે વચનામૃતમાં ક્ષમાયાચના કરવાની અદ્ભુત રીત દર્શાવી છે.

(૧) ગઢડા મધ્યનું ૨૭મું વચનામૃત :

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ રુચિ દર્શાવે છે કે “અમથી તો જો એક ગરીબ પણ દુભાણો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, ભગવાન સર્વાંતર્યામી છે તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે, માટે જેને અમે દુભ્યો, તેના જ અંતરમાં વિરાજતા હશે, તો અમે ભગવાનનો અપરાધ કર્યો એમ જાણીને તેને પગે લાગીએ, ને તેને કાંઈ જોઈતું હોય તે આપીએ પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ.”

(૨) અમદાવાદનું ૮મું વચનામૃત :

- જેની ઉપર ક્રોધ ઊપજે તેને એક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો.
- ગદ્ગદ હૃદય થઈને દીનતાએ કરીને રૂડાં રૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો એમ અમારી આજ્ઞા છે.

- જો કોઈક સાધુ ઉપર દ્રોહની બુદ્ધિનો સંકલ્પ થાય તો નિષ્કપટ થઈને પોતાને મુખે તે સંકલ્પ કહે જે, હે મહારાજ ! આ રીતનો ભૂંડો સંકલ્પ તમારી ઉપર થયો અને તે સંકલ્પનો જે દોષ તેની નિવૃત્તિને અર્થે તેની પ્રાર્થના કરવી.
- જો ગૃહસ્થ ઉપર પરમહંસને ક્રોધ ઊપજે તો તે પરમહંસ તે ગૃહસ્થની વચને કરીને પ્રાર્થના કરે અને બેઠે થકે નમસ્કાર કરે પણ સાષ્ટાંગ દંડવત્ ન કરે.
- જે સાંખ્યયોગી બાઈઓ તેને જો પરસ્પર ક્રોધ ઊપજે તો વચને કરીને પ્રાર્થના કરવી ને બેઠે થકે નમસ્કાર કરવો.
- જો સાંખ્યયોગી પુરુષ તથા પરમહંસ તેની તો એ રીત છે અને જેની ઉપર ક્રોધ ઊપજે તેની આગળ પોતાની મોટપ મૂકીને તેને પોતાના ઈષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ તેના ભક્ત જાણીને નમસ્કાર કરવો ને પ્રાર્થના કરવી.
- બીજું, આ જે અમે ક્રોધનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે તેને જે કરશે તેને ઉપર અમે પ્રસન્ન થઈશું ને તેનું અંતઃકરણ શુદ્ધ થાશે અને તેનાં કામ, ક્રોધ, માન, લોભ, ઈર્ષ્યા, મદ, મત્સર તે સર્વ નાશ પામી જશે.

શ્રીજીમહારાજે આપેલ દિશ પ્રમાણે ક્રોધાવેશમાં આવીને થઈ ગયેલા અપરાધથી છૂટવા ક્ષમાયાચના કરીએ અને ફરી ક્રોધ ન થઈ જાય તેનું જાણપણું રાખીએ.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. દુઃખનું મૂળ

૨. આપણી કુટેવો

૩. હરિ ગમતામાં જ રહેવું છે. ભાગ-૧, ૨, ૩, ૪, ૫ (MP3)

સંપ એ જ સુખ

સંતાનો માટે જાગ્રત બનો

જાગૃતિ એટલે સાવધાની. જાગૃતિ એટલે Awareness.

સ્વજીવન કે પરજીવનના શ્રેષ્ઠ પરિવર્તનનો આધાર જાગ્રતતા ઉપર છે. જીવનમાં જેટલી જાગૃતિ વિશેષ તેટલી સફળતાની અને સુખની સીડી નજીક આવતી જાય છે. શેરીએ શેરીએ ફરનારો સરાણિયો છરી કે કાતરની ધાર કાઢતી વેળાએ ચરખો ફેરવી વારે વારે તેની ધારની તીક્ષ્ણતાને ચકાસતો રહે છે. ધારની તીક્ષ્ણતા ચકાસવા તેને પોતાના અંગૂઠાને અડાડે છે અને તેનું સાવધાનીપૂર્વક બારીક અવલોકન કરતો રહે છે. પરિણામ સ્વરૂપે છરી કે કાતરની યોગ્ય ધાર સજી શકે છે. ત્યારે એક સફળ વાલી તરીકે બાળકના આદર્શ જીવનના ઘડતર માટે આપણા જીવનમાં કેટલી જાગ્રતતા જોઈએ ?!!

એક રૂપિયાના સિક્કાની બે બાજુની માફક માતાપિતા તથા સંતાનો અભિન્નપણે જોડાયેલાં છે. માતાપિતા અને સંતાનનો ત્રિવણીસંગમ એ પ્રભુની માનવસમાજને આપેલી ઉત્તમ બક્ષિસ છે અને એમાંય માતાપિતાથી ભગવાન દ્વારા સર્જન પામેલ સંતાન એ તો અમૂલ્ય મૂડી છે. અંગ્રેજીમાં પણ એક સુંદર સુભાષિતમાં કહ્યું છે :

"A child is the father of the nation."

અર્થાત્ "બ્રહ્માંડોના કેન્દ્રસ્થાને જેમ ભગવાન છે તેમ સમાજના કેન્દ્રસ્થાને બાળક છે."

સમાજમાં દાંપત્યજીવન જીવતા સભ્યોમાં બહુધા એવું જ જોવા મળતું હોય છે કે દરેકને સંતાનપ્રાપ્તિની ઈચ્છા હોય છે. પરંતુ સંતાન પ્રાપ્ત કરવાનો હેતુ શું ? માત્ર માબાપનું ટાઈટલ મેળવવા માટે ? સંતાનની પ્રાપ્તિ થવાથી આપણે માબાપ તો બની જઈશું પરંતુ સંતાનના વાલી નહિ બની શકીએ. માબાપ બનવું અને વાલી બનવું આ બેમાં આભ ને ધરતીનો તફાવત છે. માબાપની જવાબદારી માત્ર બાળકને જન્મ આપવાની અને ખવડાવી-પિવડાવી મોટો કરવાની છે; જ્યારે એક વાલી તરીકેની જવાબદારી સંતાનને કેળવવાની અને ઘડવાની છે. જન્મ પામેલ દરેક સંતાનો મોટાં તો થાય જ છે, પણ તેમને કેળવીને મોટા કરનાર માબાપ વાલી બની શકે છે. સમાજમાં એવા વાલીની બાળકોને જરૂર પણ છે.

❑ માતાપિતાનું કાર્યક્ષેત્ર શું ?

જેમ કોઈ પણ કંપની હોય કે ધંધો હોય તે દરેકમાં જે કોઈ વ્યક્તિનું સિલેક્શન થાય (પસંદગી પામે) તેને જે તે વિભાગની ઓળખ, પરિચય તથા કાર્યક્ષેત્રની જાણકારી આપવી જરૂરી છે. તે જ રીતે પી.ટી.સી. કે બી.એડ્.ના તાલીમાર્થી શિક્ષકોને શાની તાલીમ આપવામાં આવે છે ? તેઓને તેમની નોકરીમાં કેન્દ્રસ્થાને રહેલા બાળકને કેવી રીતે ભણાવવું તે અંગેની પ્રાયોગિક તાલીમ પૂરી પાડવામાં આવે છે. અને તેને લીધે તેઓ પોતાના શૈક્ષણિક ક્ષેત્રમાં પોતાની નોકરીને યોગ્ય ન્યાય આપી શકે છે.

જ્યારે શોકનીય વાત તો એ છે કે, બાળકને જન્મ આપનાર વાલી કહેતાં માતાપિતાને પોતાના સંતાનને કેળવવા માટેનું કાર્યક્ષેત્ર કોઈ શાળા કે મહાશાળામાં ઘડાયું નથી, ત્યારે તેની તાલીમ હજુ શરૂ જ ક્યાંથી થઈ હોય !! માતાપિતાને આદર્શ વાલી તરીકે ઘડનાર આદર્શ કાર્યક્ષેત્ર એ આજના ભૌતિકતાગ્રસ્ત માનવસમાજની અત્યંત જરૂરી ને મહત્ત્વની બાબત છે, જે માનવજીવનમાં ખૂબ જ અમૂલ્ય બાબત છે. આધ્યાત્મિક રીતે જોઈએ તો ૮૪ લાખ યોનિને અંતે જે માનવજન્મ પ્રભુકૃપાથી મળે છે તેની કોઈ ગંભીરતા જ નહીં ? અને એ પણ આજના એકવીસમી સદીના હજારો-લાખો શોધોથી સમૃદ્ધ વૈજ્ઞાનિક યુગમાં ?? કેવી કરુણ બાબત ગણાય ? ખેર, પણ આ સચોટ વાસ્તવિકતા છે.

સરકસમાં કેટકેટલાં પ્રાણીઓને વિવિધ પ્રકારની તાલીમ આપીને હેરતભર્યા પ્રયોગો કરાવીને માનવીને મનોરંજન પૂરું પાડનાર મૂંગાં પ્રાણીઓ ક્યારેક કહેતા

પણ હશે કે હે માનવી, તું ભલે અમને વશ કરીને અમારી પાસે અદ્‌ભુત કાર્યો કરાવે છે, પરંતુ વાસ્તવિક તાલીમની જરૂરિયાત તો તને છે, અમને નહીં. તું તાલીમ પામેલો નથી, કેળવાયેલો નથી એથી તો અમારી આ દશા છે !!

એ માનવીને માતાપિતા થવા માટેના સર્ટિફિકેટ કોર્સની તાતી જરૂરિયાતનો સમય પાકી ગયો છે. ફક્ત લગ્ન કરવામાત્રથી માતાપિતા બનવાની સંપૂર્ણ લાયકાત આવી જાય તે પણ અત્યારના આધુનિક યુગમાં એક પ્રકારની અંધશ્રદ્ધા જેવી બીના ગણાય. માનવ દ્વારા માનવીનું થતું સર્જન એ જીવ-પ્રાણીમાત્રની પવિત્ર ઘટના છે, અસાધારણ ઘટના છે.

'એક ભણેલી માતા સો શિક્ષકોની ગરજ સારે છે' એવી પ્રાચીન ઉક્તિ છે. પરંતુ ફક્ત ભણવું એટલે શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવી તે. તો પછી ભણતર એ આદર્શ જીવન જીવવા માટેનો માપદંડ ગણી શકાય ખરો ? અને એટલે જ આપણે તેમાં સુધારો કરવો જરૂરી છે કે ભણેલી માતા નહિ પરંતુ કેળવાયેલ માતાપિતા સો શિક્ષકોની ગરજ સારે છે. અને દુઃખની બાબત તો એ છે કે આ માટે નથી કોઈ અભ્યાસક્રમ, નથી સ્કૂલ કે નથી કૉલેજ કે નથી ખાનગી સંસ્થાઓ. બધું જ પ્રભુના ભરોસે કરવાનું અને પ્રભુ સૌ સારાં વાનાં કરશે તેવી નિરાધાર ને નિર્બળ વાણીથી મનને મનાવી લેવાનું !!

જેમ રસ્તા ઉપર ગાડી લઈને નીકળીએ ત્યારે અમુક અમુક ચેતવણીઓ આવે છે. ખતરાની નિશાની આવે, ઍક્સિડન્ટ ઝોન એવાં ગંભીરતાસૂચક વાક્યો આવે. હવે કોઈ ડ્રાઇવર આ આદેશોને ગણકાર્યા વિના ગાડી પૂરપાટ હાંકે રાખે તો શી પરિસ્થિતિ આવે ? મૃત્યુને ભેટવાનો વારો આવે અને બીજાને પણ એ માર્ગે લઈ જાય. મોટું નુકસાન થાય. આ તો તાલીમ પામેલા ડ્રાઇવરની કહાની તમે સાંભળી. અહીં જીવનના વિશાળ કાર્યક્ષેત્રમાં તાલીમ વગરનાં માબાપ કેટકેટલા અકસ્માતોની હારમાળા સર્જી શકે તેનો અંદાજ આપણે કાઢી શકીશું ?

જે બાળક આવતી કાલનો ઊગતો સૂરજ છે, જેના હાથમાં સમગ્ર દેશની ધુરા સંભાળવાની જવાબદારી આવવાની છે, જે આવતી કાલનો નેતા છે, કલેક્ટર છે, રાજા છે, વડાપ્રધાન છે, વૈજ્ઞાનિક છે, સંસ્થાનો વડો છે, સાધુ છે તેવાં ચુનંદા પાત્રો માટે તેમના સર્જનમાં, ઘડતરમાં ક્ષતિ-ત્રુટિ રહી જાય તો તેની કેટલી ભારે હોનારત સર્જાય તેની કલ્પના કરી શકો છો ?!!! જેમ મોટી ઈમારત હોય અને તેનો પાયો કાચો હોય, નબળો હોય, તો તે ઈમારત તોફાનો સામે ઝીંક ઝીલી

શકશે ખરી ? કંઈક એવી જ પરિસ્થિતિ, અણઘડ દંપતીના હાથમાં બાળઘડતરની મહામોટી જવાબદારીરૂપી સુકાન સોંપવાથી થઈ શકે છે.

આ તો જીવનનો ક્રમ છે. આગે સે ચલી આઈ હૈ - જેવી બાબત ક્યારેક સમાજની માનીનતા ગણાય છે. બાળકને જન્મ આપીને મોટું સર્ટિફિકેટ માતાપિતા તરીકે મળી ગયું છે. એમાં રાચવું એ ઠીક નથી. હવે બાળકોને મોટાં કરવાની બાબત આવી. બાળકો તો મોટાં થશે જ, થવાનાં જ છે. એ તો જીવનના ક્રમ પ્રમાણે પણ થવાનાં છે. લોકવાયકા છે ને કે 'દિવસે ન વધે એટલો રાત્રે વધે' એમ બાળક, કિશોર, યુવાન, વડીલ, વૃદ્ધ એવા લેબલ સાથે વૃદ્ધાવસ્થા તો આવવાની. પણ સુસંસ્કારી, ચારિત્ર્યવાન, સદાચારી, સંયમી અને જીવનનો સર્વાંગી વિકાસ પામેલ કેળવાયેલ બાળક તૈયાર કરવાની જવાબદારી કોની ? વાલીની. તો આ જવાબદારી અદા કરવા માટે કોઈ શાળા, કૉલેજ, બજાર, મેગા મૉલ, યુનિવર્સિટી પણ ક્યાં છે ?

બાળક વધુમાં વધુ સમય ઘરમાં કહેતાં માતાપિતાના સાંનિધ્યમાં પસાર કરે છે. શાળામાં તો ૪ કલાક કે વધુમાં વધુ ૫ કલાક પસાર કરે, પણ મોટા ભાગનો સમય તો માતાપિતા પાસે રહે છે. તેથી માતાપિતાની પવિત્ર ફરજ છે કે બાળકને સાચા અર્થમાં કેળવણી આપવી, યોગ્ય રીતે તેનું જતન કરવું. કેમ કે, જેમ રૂપિયા, સોના-ચાંદીનું જેટલું જતન કરીએ છીએ તેથીય વિશેષ આ અમૂલ્ય મૂડીને સાચવવા જેવી છે. તો જ તેનાં મીઠાં ફળ આપણને તથા સમાજને યોગ્ય સમયે મળશે.

ઈ.સ. ૧૯૯૫માં, એસ.એમ.વી.એસ.ની ઊગતી વામન સંસ્થાએ નાનકડી સંખ્યાના ૧૫ જેટલા સંતો દ્વારા, ૧૩ દિવસનો ભવ્ય બાપાશ્રી મહોત્સવ ઊજવેલો. ૧૨૫ એકર જમીનમાં ૫૦૦ જેટલા સ્ટેચ્યૂ તથા ૫ એકરમાં માટીનાં પૂતળાં બનાવવાનાં હતાં જે માટે ઓરિસા-કર્ણાટકથી કારીગરો આવ્યા હતા.

તેથી તેના પૂર્વે સરવે કરવાના હેતુથી પ.પૂ. સ્વામીશ્રી તથા કેટલાક સંતવૃંદે ગુજરાત યુનિવર્સિટીના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં સ્ટેચ્યૂ બનાવનારી વિશિષ્ટ પ્રજા કે જેમનાં ૫૦-૧૦૦ વર્કશોપ હતાં તે પૈકી કેટલાંકની મુલાકાત લીધી.

તે દરમ્યાન એક વિશિષ્ટ કલાકારનો ભેટો થયો. એ આર્ટિસ્ટ તેના વર્કશોપમાં લઈ ગયો. પછી તેણે એકસરખાં બે સ્ટેચ્યૂ બતાવ્યાં. એકસરખી ઊંચાઈ, એકસરખો દેખાવ તથા એક જ ડાઈ (બીબું)માંથી બનાવેલ અને એકસરખા કલરવાળાં ૨

સ્ટેચ્યૂ પૈકી એકની કિંમત ૨૫૦ રૂપિયા હતી ને બીજાની કિંમત ૨૫૦૦ રૂપિયા હતી ! આમ, આ બે સ્ટેચ્યૂ વચ્ચે ખૂબ મોટો તફાવત કેમ ?

કારીગરે ઉત્તર કર્યો : બંને પૂતળાં માટે માટી, ડાઈ, પદ્ધતિ વગેરે સરખું છે, પણ માટી ઢેફાના રૂપમાં મળે છે. તેને અમે ઝીણી કરીએ છીએ. પલાળીને પછી અડધો કલાક ગૂંદીને બીબામાં ભરીએ છીએ. તેથી એક દિવસમાં ૧૦ સ્ટેચ્યૂ ૨૫૦ રૂપિયાવાળાં તૈયાર થાય. જ્યારે બીજા પ્રકારનાં સ્ટેચ્યૂ માટે અમને ખૂબ મહેનત પડે છે. ઝીણો ભૂકો કર્યા પછી તેને ચારણીથી ચાળી ફરી પાછું કપડાથી ગાળીએ. પછી તે માટીમાં પાણી નાંખી હાથથી-પગથી ઝાઝો સમય તેને ગૂંદીએ છીએ. એ કેળવેલી માટી બને છે. અને એની મૂર્તિ ૨૫૦૦ રૂપિયાની કિંમતે તૈયાર થાય છે.

૨૫૦ રૂપિયાના સ્ટેચ્યૂ તેમજ ૨૫૦૦ રૂપિયાના સ્ટેચ્યૂ વચ્ચેનો તફાવત માત્ર રૂપિયાનો છે એવું નથી. પણ ૨૫૦ રૂપિયાવાળું સ્ટેચ્યૂ ઘડતર વિનાનું તેમજ કેળવાયા વિનાનું છે. જ્યારે ૨૫૦૦વાળું સ્ટેચ્યૂ કેળવાયેલ માટીમાંથી નિર્માણ પામ્યું છે. એના ઘડતરમાં કારીગરે પોતાની મહેનત અને જીવનનો મહામૂલો સમય કાઢ્યાં છે. એના માટે એની એક વિશિષ્ટ પદ્ધતિ અપનાવી છે. જ્યારે ૨૫૦ રૂપિયાનું સ્ટેચ્યૂ સામાન્ય પદ્ધતિથી બનાવેલું છે. માટે આ બંને સ્ટેચ્યૂ જુદી જુદી કિંમતનાં છે. આમ, અણઘડ તેમજ કેળવાયેલ બંને વચ્ચેનો તફાવત એ એની કિંમત વચ્ચેની સર્વશ્રેષ્ઠતાને રજૂ કરે છે.

સૌ માતાપિતાની ઝંખના તો હોય જ કે મારો બાળક શૂરવીર, હિંમતવાન, સદાચારી, સરદાર જેવો બને. પણ તે આકાંક્ષા પૂરી કરવા માટે બાળકને કેળવવો પડે. આજની શાળામાં ગોખણિયું જ્ઞાન અપાય છે. ભણતર અપાય છે, ગણતર નહીં. બાળકને ભણતરની સાથે ગણતરની, કેળવણીની ને ઘડતરની જરૂર છે. માટે એ ફરજિયાતપણે આપવું જોઈએ.

❑ વાલીની ફરજો :

(૧) બાળકને તમારો પ્રેમ આપો :

બાળકને બીજું કાંઈ જ નહિ આપો તો ચાલશે, પરંતુ તેને નિઃસ્વાર્થ પ્રેમ આપો. નાની સરખી ચૉકલેટથી બાળક ક્ષણિક ખુશ તો થઈ જશે. પરંતુ નિઃસ્વાર્થ પ્રેમના મહાસાગરથી બાળકને ભીંજવી દો. તે રાજી રાજી થઈ જશે અને સમગ્ર

દુનિયાનું સુખ મળ્યાનો તેને સંતોષ થશે. કેટલાક સંવાદો આપણે ક્યાંક સાંભળીએ છીએ; જેવા કે...

"બેસ છાનોમાનો; આવ્યો ત્યારથી જંપ જ નથી."

"નાના મોઢે મોટી વાતો કરે છે ?"

"જા, ભણવા બેસી જા."

"એક તો થાક્યાપાક્યા આવ્યા છીએ અને તારો કકળાટ શરૂ થયો." વગેરે.

આવા સંવાદો જો થતા હોય તો બાળકના કુમળા હૃદયમાં ઘા ઉત્પન્ન કરે તેવું બને. માટે તેની આગળ તો તેના જેવા નિર્દોષ થઈને રહો. અને જો તેને પ્રેમ નહિ આપીએ તો તે બીજે બધે... ટી.વી.માં, મિત્રોમાં, વિજાતિ પાત્રમાં, વ્યસનમાં પ્રેમ શોધશે જે અઘટિત છે.

ક્યારેક આઘાતજનક સમાચારો સાંભળવા મળતા હોય છે; જેવા કે...

"મારો દીકરો ઘરમાંથી ભાગી ગયો."

"મારી દીકરીને ઠપકો આપ્યો તો તે નાસી ગઈ." વગેરે.

સ્કૂલો, કૉલેજોમાં શિક્ષકો દ્વારા પ્રેમ ન મળે; ઘરમાં માતાપિતા દ્વારા પ્રેમ ન મળે તો તે ક્યાં જાય ?

એક ભાઈને વર્ષો પછી પણ પારણું ન બંધાયું. છેવટે તે શ્રીમંત દંપતીએ બાળકને દત્તક લેવાનો પ્રયત્ન કર્યો. એક શાંત-ગંભીર બાળકને પસંદ કર્યો. તેને કહ્યું, "તું અમારી સાથે આવીશ ?" "જરૂર આવીશ." "અમે આજથી તારાં માતાપિતા બની રહ્યાં છીએ. તું અમારે ઘેર ચાલ." ત્યારે બાળકે કહ્યું, "તમે મને શું આપશો ?" "અરે, તને રમકડાં લાવી આપીશું." "બીજું ?" "સરસ કપડાં લાવી આપીશું." "બીજું ?" "સારી શાળામાં મૂકીશું. દફતર-પુસ્તકો લાવી આપીશું." "પછી ?" "તને પ્રવાસમાં ફરવા લઈ જઈશું." "પછી ?" આમ છેલ્લે દંપતીએ પૂછ્યું કે, "તારે શું જોઈએ છે ? તે વારેઘડીએ બીજું બીજું કર્યા કરે છે ?" ત્યારે બાળક બોલ્યો, "મારે તો તમારો પ્રેમ જોઈએ છે. તમે મને પ્રેમ આપશો ને ?"

બસ, બાળકને ભરપૂર પ્રેમની જરૂર છે.

(૨) બાળકોને સમય આપો :

સ્કૂલો અને કૉલેજો બાળકની બુદ્ધિનો, તેના શિક્ષણનો, તેના કલા-કૌશલ્યનો વિકાસ કરી શકે છે. પરંતુ એના જીવનમાં સંસ્કારોનો ઉદય અને વિકાસ કરવાની

જવાબદારી વાલી તરીકે એનાં માબાપની છે.

બાળકની પ્રગતિનો આધાર, ભવિષ્યનો આધાર તેના વાલી પર છે. બાળક બગડે એટલે વાંક આપણે શિક્ષકોનો, વાતાવરણનો, મિત્રોનો, ટી.વી.નો કાઢીએ છીએ. શું આ સત્ય છે ? ના... પહેલો વાંક તેનાં માબાપનો છે. સૌથી વધુ દુઃખની વાત આજે એ છે કે માબાપ બાળકોના ઘડતર માટે સમય નથી ફાળવી શકતા. પૈસાની લત લાગતાં તે સંતાનોને પણ ગૌણ કરી દે છે. સવારથી સાંજ સુધી પૈસા માટે આમથી તેમ દોડ્યા જ કરે છે. બાળક કયા ધોરણમાં ભણે છે ? શું કરે છે ? તેને શાની જરૂર છે ? અરે, તેનાં સુખ-દુઃખની વાતો પૂછવાનો પણ સમય આજનાં માબાપને હોતો નથી.

એવાં બેજવાબદાર માબાપે પોતાને જ એક પ્રશ્ન પૂછવો જરૂરી જણાય છે કે, ''પૈસા કમાઈએ છીએ તે કોના માટે ?'' ''સંપત્તિ ભેગી કરીએ છીએ પણ કોના માટે ?'' ''બંગલા બનાવીએ છીએ કોના માટે ?'' જવાબ એક જ હશે કે, ''સંતાનો માટે.'' પરંતુ આપના ભેગા કરેલા પૈસા, ભેગી કરેલી સંપત્તિ, બનાવેલા બંગલા ક્યારે સચવાશે ? જો આપે આપની સંતતિનું જતન કર્યું હશે તો.

બાળકોને સંસ્કારરૂપી સંપત્તિ નહિ આપો તો તે તમારી ભેગી કરેલી ભૌતિક સંપત્તિનો નાશ કરતાં વાર નહિ લગાડે. ભૌતિક સંપત્તિ ઓછી ભેગી થશે તો ચાલશે. એ સંપત્તિ તો બાળકો મોટાં થઈને પણ વધારી શકશે. પરંતુ બાળપણમાં સંસ્કારો આપવા પાછળ દુર્લક્ષ્ય આપી મોટા થયેલા દીકરાઓમાં એ ઉંમરે સંસ્કાર આપી શકીશું ખરા ? ગુજરાતીમાં કહેવત છે કે, 'જે થાય ટાણે તે ન થાય નાણે' તેમ સંસ્કારો એ બાળપણથી આપવાની વસ્તુ છે. માટે વાલી તરીકે પ્રથમ તો આપણાં બાળકોના સંસ્કારના સિંચન માટે સમય કાઢવો એ આપણી પવિત્ર ફરજ બને છે. આપણે બાળકોમાં સંસ્કાર આપવારૂપી સેવા માટે સમય નહિ કાઢ્યો હોય તો એ જ બાળકો મોટાં થઈ આપણાં માન-મર્યાદા, પૂજ્યભાવ, વચન-સ્વીકૃતિરૂપ સેવા તથા દૈહિક સેવા માટેનું પણ મૂલ્ય નહિ સમજે. બાળકોનું વર્તમાન અને ભવિષ્ય વિચારવાની તેમજ પોતાનું વર્તમાન અને ભવિષ્ય વિચારવાની વિવેકતા કેળવી સંતાનોના ઘડતર માટે જાગ્રત બનવું જરૂરી છે.

એક વખત પ.પૂ. સ્વામીશ્રી મુંબઈ વિચરણમાં પધાર્યા હતા. ત્યાં એક હરિભક્ત પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા. તેઓ પહેલાં અમદાવાદમાં રહેતા હતા. ઘણાં વર્ષો બાદ પ.પૂ. સ્વામીશ્રીએ એમને જોયા એટલે સહજતાથી

તેમના બાળક વિષે પૂછ્યું, ''મુનિયો ક્યાં છે ?'' હરિભક્તે કહ્યું, ''સ્વામી, ઘેર જ છે.'' '' એમ ? બહુ સારું. મુનિયો કેવડો થયો ?'' પ.પૂ. સ્વામીશ્રીએ સહજતાથી પૂછ્યું. ત્યારે પેલા હરિભક્તે બે હાથ પહોળા કરીને બાળકનું માપ પ.પૂ. સ્વામીશ્રીને બતાવીને કહ્યું કે, ''સ્વામી, અત્યારે તો મુનિયો આવડો થયો છે.'' હાથ પહોળા કરીને ઉત્તર આપ્યો એટલે પ.પૂ. સ્વામીશ્રીએ આશ્ચર્યથી પૂછ્યું, ''આમ પહોળા હાથ કરીને કેમ બતાવ્યા ?'' ત્યારે પેલા હરિભક્તે કહ્યું, ''સ્વામી, મેં મારા મુનિયાને ઊભો જોયો જ નથી. આડો (સૂતેલો) જ જોયો છે. હું સવારે વહેલો નોકરીએ જાઉં ત્યારે સૂતેલો હોય છે. અને રાત્રે મોડો આવું ત્યારે પણ સૂતેલો હોય છે. એટલે આડો બતાવું છું.'' આ સાંભળી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ''દયાળુ, તમે તમારા બાળકને સૂતેલો જ જોયો છે તો તમે એની જોડે કોઈ દિવસ બેઠા તો નહિ જ હોય ? એ કયા ધોરણમાં ભણે છે ? એ પણ તમને ખબર નહિ જ હોય, નહીં ?'' પેલા હરિભક્ત મૌન રહ્યા. પ.પૂ. સ્વામીશ્રીએ તેમને ટકોર કરતાં કહ્યું, ''તમે દિવસ દરમ્યાન બધાને મળવા માટે સમય કાઢતા હશો તો થોડો સમય તમારા દીકરાને મળવા પણ કાઢો. એ પણ મળવા જેવો તો છે જ.''

(૩) સંસ્કારે યુક્ત જીવન બનાવો અને બાળકોને સંસ્કાર આપો :

મનગમતી ચીજવસ્તુઓ બજારમાંથી કે દુકાનમાંથી મળી જાય છે. ઉચ્ચ શિક્ષણ સ્કૂલોમાં શિક્ષકો દ્વારા મળે છે, પરંતુ ઉચ્ચ સંસ્કારો બજારમાંથી કે સ્કૂલમાંથી નથી મળતા. બાળકના જીવનમાં ઉચ્ચ સંસ્કારોની સરવાણી માતાપિતાના જીવનમાંથી જ વહે છે. જેટલું માતાપિતાનું જીવન સંસ્કારોથી મઘમઘતું હોય તેટલી જ બાળકોના જીવનમાં સંસ્કારોની સુવાસ ફેલાયેલી હોય છે. એક કહેવતમાં કહ્યું છે કે, 'કૂવામાં હોય તો જ હવાડામાં આવે, કૂવામાં હોય એવું જ હવાડામાં આવે અને કૂવામાં હોય એટલું જ હવાડામાં આવે.'

એટલે કે માતાપિતામાં જેટલા, જેવા અને જે સંસ્કાર હોય તેટલા, તેવા અને તે જ સંસ્કાર બાળકોને આપી શકે છે. પરંતુ આજે માતાપિતા પોતાનું વાલી તરીકેનું સ્થાન ભૂલી જઈ પોતાની ફરજો ચૂકીને બાળક સાથે બેહૂદું વર્તન કરે છે. તેની બાળકોના સંસ્કાર ઉપર કેવી વિપરીત અસરો પડે છે !

બાળક જે કાંઈ શીખે છે તે ઘરમાંથી શીખે છે. તેથી જ અંગ્રેજીમાં કહેવત છે ને કે, "Cherity begins at home." અર્થાત્ ''કોઈ પણ કાર્યની શરૂઆત

પોતાના ઘરથી કરો.'' જો માતાપિતા ઘરમાં ઝઘડતાં હોય, કુસંપનું વાતાવરણ હોય, મારામારી ને ગાળાગાળી કરતાં હોય તો એવાં દશ્યો બાળકના કુમળા માનસ પર કાયમી વિપરીત અસર પાડે છે. અને તે એવું અજાણપણે-અભાનપણે શીખી પણ લે છે. વાલીને મોટી ઉંમરે ખબર પડે કે મારું સંતાન આવા સંસ્કાર કે આવું અયોગ્ય વર્તન કેવી રીતે શીખ્યું હશે ? પણ પોતાની ભૂલ જલદી જણાતી નથી. તેથી ઘણી વાર શિક્ષકો, સમાજ, પાડોશીઓ વગેરે પર રોષ ઠાલવી આક્ષેપ મૂકતાં જોવા મળે છે. પણ તે મોટી ભૂલ છે.

● એક વખત પ.પૂ. સ્વામીશ્રી વિદેશ વિચરણમાં પધાર્યા હતા. રોજ સવારે થતી પ્રાતઃસભામાં એક આઠ વર્ષનો બાળક આવે. પરંતુ એક દિવસ આ બાળક તેમની પાડોશીની ગાડીમાં વહેલો આવી ગયો. મહારાજનાં અને સંતોનાં દર્શન કરી પ.પૂ. સ્વામીશ્રી જોડે જઈને કહ્યું, ''સ્વામી, મારે તમારું ખૂબ અગત્યનું કામ છે. માટે જરા થોડી વાર અંદરના રૂમમાં આવોને.'' પ.પૂ. સ્વામીશ્રી આશ્ચર્ય પામી ગયા કે આવડા બાળકને મારું શું કામ હશે ?

પ.પૂ. સ્વામીશ્રી અને આ નાનકડો બાળક બાજુના રૂમમાં ગયા. બાળકે અંદરથી રૂમની સ્ટોપર બંધ કરી દીધી. પછી બોલવા માંડ્યો કે, ''સ્વામી, મારા પપ્પા રોજ સભામાં આવે છે, સત્સંગી છે, પૂજા કરે છે, તમારી જોડે ને જોડે ફરે છે.'' આટલું બોલતાં બોલતાં તો તેની આંખો આંસુથી છલકાઈ ગઈ.

''સ્વામી, મારા પપ્પાને તમે તો કંઈક કહો. સ્વામી, તમે તો મારા ડેડીને કંઈક સમજાવો.'' આટલું બોલતાં તો તેનાથી ડૂસકું ભરાઈ ગયું. પ.પૂ. સ્વામીશ્રીએ તેને શાંત પાડ્યો અને પૂછ્યું કે, ''બેટા, તું શું કહેવા માંગે છે ? શાંત થઈને બોલ.''

ત્યારે આ બાળક રડતાં રડતાં પોતાની અંતરની વ્યથા રજૂ કરે છે કે, ''સ્વામી, હવે હું મોટો થયો છું. મારાં મમ્મી-પપ્પાને એટલી ખબર નથી પડતી કે અમારી હાજરીમાં ઝઘડવું ન જોઈએ. ઘરમાં ભેગાં થાય એટલે એમનું બોલવાનું ચાલુ થઈ જાય. અને પછી મારામારી પર આવી જાય. અમારામાં કેવા સંસ્કાર આવે ! મારા ડેડીને તમે તો કંઈક કહો.''

● એક નાનકડો બાળક પ.પૂ. સ્વામીશ્રી પાસે આવીને પોક મૂકીને રડવા લાગ્યો. સ્વામીએ પૂછ્યું, ''કેમ રડે છે ? શું થયું ?'' ત્યારે પેલો બાળક રડતાં રડતાં પ.પૂ.

સ્વામીશ્રીને કહે છે, "સ્વામી, શું કરું ? મારે ઘરમાં કેવી રીતે રહેવું ? સ્વામી, મારી મમ્મી ને પપ્પા આખો દા'ડો બાઝબાઝ જ કરે છે." તેના પપ્પા બાજુમાં જ ઊભા હતા. બાળક સામું જોઈ એ આંખો કાઢે પણ બાળક એમની સામું જોતો જ નથી. બાળક રડતો જાય ને તેની વેદના કહેતો જાય. સ્વામીએ તેના પપ્પાને કહ્યું, "આ બાળકની વાત સાચી છે ?" "હા, સ્વામી, શું કરું ? એની મમ્મી કેવી છે તે પૂછોને. આખો દા'ડો બોલબોલ જ કરે. એ બોલે એટલે હું ડબલ ગુસ્સે થઈને બોલું. ક્યાં સુધી સહન કરવું ?"

● એક ભાઈએ ઘેર કામ કરવા નોકર રાખેલો. નોકરનો સ્વભાવ સહેજ ભુલકણો તેથી ચીંધેલું કામ તે ભૂલી જ જાય. જ્યારે જ્યારે ચીંધેલું કામ ભૂલી જાય ત્યારે આ ભાઈ કહેતા, "અરે ઉલ્લુ, મૂરખ, ખબર નથી પડતી ? ભૂલી કેમ જાય છે ?" આવાં અશોભનીય વાક્યો બોલી ધમકાવે. તેમનો નાનો દીકરો કાયમ આ બધાંનું નિરીક્ષણ કરે.

એક દિવસ બાળકે તેના પિતા પાસે બહારગામથી તેની વસ્તુ મંગાવી. કોઈક કારણસર તેના પિતા લાવવાનું ભૂલી ગયા. ઘેર આવ્યા ત્યારે બાળકે પૂછ્યું, "પિતાજી, વસ્તુ લાવ્યા ?" "બેટા, એ તો સાવ ભુલાઈ જ ગયું." ત્યારે બાળકે કહ્યું કે, "સાવ ઉલ્લુ, મૂરખ, ખબર કેમ નથી પડતી ?" આ શબ્દો પિતાના કર્ણપટ પર આવતાં તેઓ તો અવાચક જ બની ગયા. આશ્ચર્યમાં ડૂબી ગયા ને પૂછ્યું, "બેટા, તું કેમ આવું બોલે છે ? આવું ક્યાંથી શીખ્યો ?" ત્યારે બાળકે કહ્યું, "પિતાજી, તમે નોકર ભૂલી જાય છે ત્યારે આવું નથી કહેતા ? એટલે મને એમ કે કોઈ ભૂલી જાય કે કામ ન કરે તો તેને આવું કહેવું જોઈએ."

● એક વાલી વ્યસનના બંધાણી હતા. તેઓ તેમના બાળક દ્વારા રોજ પાનના ગલ્લા પરથી પાન મંગાવે અને તેમાંથી બાળકને થોડુંક આપે. સ્વાભાવિક જ છે કે બાળકને આ ગમવાનું જ. બાળકને પણ ટેવ પડી ગઈ. સમય જતાં બાળક પણ વ્યસનનો બંધાણી થઈ ગયો.

એક દિવસ સ્કૂલમાં શિક્ષકે તેને પકડ્યો. તેને પૂછવામાં આવ્યું કે આવી ટેવ કેવી રીતે પડી ? ત્યારે બાળક નિર્દોષભાવે જવાબ આપે છે કે, "મારા પિતા મને રોજ પાનના ગલ્લે પાન લેવા મોકલે છે. પછી મને પણ તેમાંથી થોડું આપે છે. એમ કરતાં કરતાં મને પણ વ્યસનનો ગુલામ કરી દીધો."

● સંતો એક વખત એક ભાઈને ત્યાં પધરામણીએ ગયેલા. ત્યારે ભાઈએ ફરિયાદ કરી કે, "સ્વામી, આ ટીનિયાને તમારે જે કહેવું હોય તે કહો...સ્કૂલેથી આવી આખો દિવસ ટી.વી. જ જોયા કરે છે. ભણતો જ નથી." ત્યારે પેલા બાળકે ધીમે રહીને કહ્યું, "સ્વામી, તમે મારા પપ્પાને પૂછો તો ખરા કે અમે સ્કૂલે જઈએ પછી તમે શું કરો છો ? તે પણ ટી.વી. જુએ છે."

આ બધા પ્રસંગોમાં જવાબદાર કોણ ?

બાળકનાં માબાપ જ આમાં વિશેષ જવાબદાર છે.

આજના મૉડર્ન યુગમાં વાલીઓ પોતાના ઘરને, રીતભાતને, પહેરવેશને સંપૂર્ણ વેસ્ટર્ન બનાવવાની ઈચ્છા રાખે છે. આજનાં માબાપનો પહેરવેશ પણ બાળકોને શરમાવે તેવો હોય છે. એ વાલીઓ એટલા જાગ્રત નથી કે અમારું પ્રતિબિંબ ક્યાં પડશે ? બાળકનું વર્તન એ તેનાં માતાપિતાનું પ્રતિબિંબ છે. બાળક તો કોરી સ્લેટ છે. તેનાં પર જેવાં ચિત્રો દોરવાં હશે તેવાં દોરી શકાશે. બાળક કુમળો છોડ છે. તેને જેમ વાળવો હોય તેમ વાળી શકાશે.

(૪) બાળકોને સાંભળો અને સમજો :

૨૧મી સદીના આધુનિક સમયમાં વિશ્વ જ્યારે તમામ ક્ષેત્રોમાં પ્રગતિની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ઘણાં બધાં પાસાંઓમાંથી મુખ્યત્વે ત્રણ પાસાંઓ આપણા જીવન ઉપર પ્રભાવ પાડે છે :

૧. ઝડપી પરિવર્તન (Transience)

૨. વિવિધતા (Variety)

૩. નવીનતા (Novelty)

આ પરિબળો એવાં છે કે જે વ્યક્તિની પોતાની આગવી ઓળખ, વૈચારિક શક્તિ, કલ્પનાશક્તિ, આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરે છે. જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં બાળક જિજ્ઞાસુ, બુદ્ધિશાળી અને આત્મવિશ્વાસુ હોય છે. આ એવો મૂલ્યવાન સમય છે કે જેના પાયા ઉપર બાળકના જીવનની ભાવિ ઈમારતનું નિર્માણ કરી શકાય. હવે પ્રશ્ન એ થાય કે, બાળકોને સાંભળવાં અને સમજવાં એટલે શું ?

સંતાનોને સારી-સારી સુવિધા-સવલતો પૂરી પાડવી; તેમના મોજશોખને પૂરા કરવા; સ્કૂલો-કૉલેજોમાં સારામાં સારા ગુણો સાથે ઉત્તીર્ણ થાય તે જોવું એ માતાપિતા તરીકેની જાગૃતિ હોઈ શકે, પરંતુ વાલી તરીકેની નહીં. આપણા

જીવનકાળમાં આપણે કેટલું જોયું ? કેવું જોયું ? કેવી પરિસ્થિતિમાંથી પસાર થયા ? એ બધું બાળક માટે અગત્યનું નથી. પણ જીવનમાં આવનારી અણધારી કે અનિશ્ચિત પરિસ્થિતિઓમાં જીવન કેવી રીતે જિવાય એ વિષે આપસૂઝ કેળવાય તો બાળકોને ખરા અર્થમાં સાંભળ્યાં અને સમજ્યાં કહેવાય.

અત્યારના સ્પર્ધાત્મક યુગમાં વકીલ તરીકે ક્લાયન્ટને, શિક્ષક તરીકે વિદ્યાર્થીને, ડૉક્ટર તરીકે દર્દીને, શેઠ તરીકે નોકરને સાંભળવામાં આવે છે પરંતુ ક્યારેય વાલી તરીકે આપણે બાળકોને સાંભળવાનો પ્રયાસ કર્યો છે ખરો ? બાળકને ક્યારેય મુક્તકંઠે બોલવામાં સહકાર આપ્યો ? મોટે ભાગે આપણે માતાપિતા તરીકે બાળકોને વચ્ચેથી જ બોલતાં અટકાવી દઈએ છીએ. આપણું બાળક આપણી આગળ નહિ બોલે તો કોની આગળ બોલશે ? આપણી આવી ગેરવર્તણૂક બાળકોને નકારાત્મક અભિગમ ઉપર લઈ જઈ શકે છે.

ખરેખર, આપણી પાસે સમય નથી એવું નથી. મોટા ભાગના વાલીઓ ધંધા-વ્યવહારનાં કામ પૂરાં કર્યાં પછી ટી.વી. જોવામાં, સહસાથી સાથે ગપ્પાં મારવામાં, સંબંધીઓના ઘરે જવા-આવવામાં સમય વ્યતીત કરતા હોય છે. ક્યારેય બાળક પાસે બેસીને બાળકને પૂછ્યું કે, "બેટા, તારે કોઈ મુશ્કેલી છે ? તકલીફ છે ?" આમ કરવાથી બાળક અને માતાપિતા વચ્ચેનું અંતર ઘટશે. પરંતુ બાળક સાથે વાત કરવી આપણને માથાકૂટ લાગે છે. પછી પોતાના કર્તવ્યમાંથી છૂટવા, 'મારી પાસે સમય નથી. મારે ઑફિસે જવાનું હોય છે, સામાજિક પ્રસંગોમાં જવાનું હોય છે, વ્યવહારિક તથા પારિવારિક સંબંધો સાચવવાના હોય છે.' – આવા બધા તર્ક કરીને બાળકોને પૂરતો સંતોષ અપાતો નથી.

ઝડપી પરિવર્તનશીલ યુગમાં બાળકોને ઉત્કૃષ્ટ જીવન જીવવાની કળા શીખવીએ. બાળકો માટેની જાગૃતિમાં બાળકનું આત્મસન્માન (Self esteem) કહેતાં પોતાની જાત માટે આદરમાન ખીલવવું એ બહુ મહત્ત્વનું પાસું છે. વ્યક્તિગત જીવનમાં આત્મસન્માન એ મહત્ત્વનું પાસું છે. બાળકની સફળતા અને નિષ્ફળતા મહદ્અંશે તેના પર આધારિત છે. ઘણી વખત કેટલાક શિસ્તના આગ્રહી વાલીઓ બાળકો ઉપર આકરા નિયમો લાદી દે છે કે તારે આ કરવાનું જ અને આમ નહિ જ કરવાનું. આ જમવાનું જ અને આ નહિ જ જમવાનું ! પરંતુ બાળકને મુક્ત રીતે વિકસવા દો. આવા આકરા નિયમોને કારણે બાળક મૂંઝવણમાં મુકાઈ જતો હોય છે. પછી તેનાથી બાળકના જીવનમાં ઘણી બધી વિપરીત અસરો પડે છે.

ઘણી વખત બાળકો માતાપિતાના કડક સ્વભાવને કારણે બોલી નથી શકતાં, પરંતુ તેની અસર તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પડતી હોય છે. એક સમાજસુધારકે ખૂબ સરસ વાત કરી છે કે, "બાળકોની આગળ ચાલી બાળકોને હંફાવશો નહિ, બાળકોની પાછળ ચાલી તેને ચકાસશો નહિ; પણ બાળકની સાથે ચાલી બાળકને સમજો."

બાળ-અવસ્થા પૂરી થયા પછી કિશોરાવસ્થાનો ૧૩થી ૧૯ વર્ષની ઉંમરનો ગાળો એટલે સંતાનો માટે મૂંઝવણ, દ્વિધા, સંઘર્ષ વચ્ચે પોતાના અસ્તિત્વ (Self Identity)ને સાબિત કરવાનો ગાળો. આ સમયમાં સંતાનને પોતાની આગવી ઓળખ, છાપ ઊભી કરવાનો એક અનોખો તલસાટ હોય છે. ભારતમાં ૨૦મી સદીના યુવાનો કરતાં ૨૧મી સદીના યુવાનો વધુ સુખ-સગવડો, આધુનિક સવલતો વચ્ચે જીવે છે. સહજતાથી મળતાં વસ્ત્રો, મોબાઈલ ફોન, વાહનો જેવાં અનેક મનોરંજનનાં માધ્યમોની વચ્ચે જીવે છે. આટલી બધી સુવિધા હોવા છતાં મૂંઝવણ, પ્રશ્નો, મુશ્કેલીઓ, સંઘર્ષો વધ્યાં છે. આ બધાંને કારણે યુવાનોમાં આત્મહત્યા તથા માનસિક રોગોનું પ્રમાણ વધ્યું છે.

નૅશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (NCRB)ના આંકડાઓ તથા સર્વેક્ષણો ચોંકાવી દે તેવાં છે. યુવા આત્મહત્યામાં ભારત વિશ્વમાં સર્વપ્રથમ છે. ભારતમાં છેલ્લા ત્રણ દાયકામાં યુવા આત્મહત્યાના આંકમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. ભારતમાં દર ૯૦ મિનિટે એક યુવાન આત્મહત્યાનો પ્રયાસ કરે છે. તેમાંના ઘણા પ્રયાસો માત્ર લોકોની સહાનુભૂતિ મેળવવા થાય છે. પરંતુ દર છ કલાકે આત્મહત્યાનો એક પ્રયાસ સફળ થઈ જાય છે. સર્વેક્ષણો એવું કહે છે કે, ૯૫ % લોકો ગ્રૅજ્યુએશન પહેલાં ગુટકા-તમાકુનો ઉપયોગ ચાલુ કરે છે.

આવું બધું ન બને તે માટે આપણે શું કરવું ?

સંતાનોને માત્ર સુવિધાઓ નહિ પરંતુ માતાપિતાનો સહવાસ જોઈએ છે. આજના વાલીઓને સવાલ ! ક્યારેય આપણાં સંતાનોને સમજવા માટેનો પ્રયત્ન કરીએ છીએ ? સમય નથી. એનું કારણ આપણે આપણાં બાળકોને જેવાં છે તેવાં ઓળખ્યાં નથી પરંતુ આપણે જેવા હોઈએ છીએ તે રીતે જોઈએ છીએ.

આપણે પેઢીઓની પેઢીઓ ઊભી કરશું. પરંતુ એ પેઢીઓનું, સંપત્તિનું ભાવિ સુકાન જેના હાથમાં છે એવાં સંતાનો જ સત્ત્વહીન હશે તો શું ? આપણી જિંદગીની

કરેલી મહેનત ઉપર પાણી ફરતાં વાર નહિ લાગે.

❑ વાલી તરીકે બાળકો સાથેનું વર્તન કેળવો :

(૧) બાળકોની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન ન કરો :

બાળકથી નાની-મોટી કંઈક ભૂલ થાય, દૂધ-ઘી-તેલ ઢોળાઈ જાય, હાથમાંથી વસ્તુ પડી જાય ત્યારે તેને બધાની વચ્ચે ઉતારી ના પાડીએ. ઝાંખો ના પાડી દઈએ. એ સમયે તો...''હશે, કંઈ નહિ, ભૂલ તો થાય,'' એમ કહીને તેને નિર્ભય કરી દઈએ. પછી પાછળથી તેને પ્રેમથી સમજાવી બીજી વખત ભૂલ ન કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

પરંતુ ઘણા વાલીની ખાસિયત હોય કે બાળકોને બધાંની વચ્ચે ઘણાં ઉપનામો આપી તેનું પ્રદર્શન વધારે. એક વાલી તરીકે કેટલાંક અશોભનીય વાક્યો પણ નીકળી જતાં હોય છે કે જે વાલી હોવાના નાતે ઉચ્ચારવાં ઉચિત નથી; જેવાં કે,

''સાલા, ખબર નથી પડતી ? આટલી ભાન નથી પડતી ?''

''આવો ને આવો જ રહ્યો, અક્કલ વગરનો જ રહ્યો.''

''સાલા, મૂરખના જામ, બુડથલ જેવો છે. આટલુંય આવડતું નથી ?''

''બુદ્ધિનો બારદાન જ છે, ઢબુનો 'ઢ' જ રહેવાનો.''

''પેલો જો આગળ વધી ગયો તારા કરતાં. તું ડોબાં ચારજે.''

આવું બોલવાથી બાળકની છાપ ખરાબ નથી પડતી પણ આપણી જ છાપ ખરાબ પડે છે. આવી વાણીથી ક્યારેય બાળકને બધાની વચ્ચે શરમાવી ન દેવો. બાળકની ભૂલને બધાની વચ્ચે પ્રકાશિત ન કરવી.

(૨) બાળકોને પ્રોત્સાહિત કરો :

બાળમનોચિકિત્સક એવું કહે છે, ''પૂર્વેની સદી કરતાં ૨૧મી સદીમાં જન્મેલો બાળક ૧૦ ગણી બુદ્ધિપ્રતિભા ધરાવે છે અને તે ધારે તેવું કરવા માટે સક્ષમ છે.'' બસ, માત્ર જરૂર છે તેને પ્રેરણા આપવાની, તેનામાં ઉત્સાહ જગાવવાની; અને બાળકોને પ્રોત્સાહન એના પોતાના વાલી પાસેથી જ મળે છે.

બાળકને જે ક્ષેત્રમાં રસ છે તેમાં પ્રોત્સાહન આપી આગળ વધારવામાં આવે તો જરૂર સફળતા પ્રાપ્ત કરે છે. એક નાનો બાળક કાગળનું વિમાન બનાવી ઉડાડતો હતો. એ જોઈ તેના પિતાશ્રીએ તેનામાં ઉત્સાહ સ્ફુરાવ્યો કે, ''બેટા, તું વિમાન ઉડાડજે; તને જરૂર સફળતા મળશે.'' અને પોતે પણ તેની જોડે ભળી

જઈને મદદ કરી. આગળ જતાં તે પાઈલટ બન્યો ને તેણે ખરેખર વિમાન ઉડાડ્યું.

બાળક બધું જ કરી શકે તેમ છે, પરંતુ જરૂર છે તેને પ્રોત્સાહિત કરવાની. ઘણી વખત બાળકોની નિષ્ફળતા જોઈને વાલીઓ પોતાની જવાબદારી સ્વીકારવામાં હિચકિચાટનો અનુભવ કરે છે અને બાળકોને ધમકાવે છે. આ સમયે વાલીઓ પોતાની જાતને નીચેના પ્રશ્નો પૂછે તો તે ખરેખર બાળકના માનસને સમજી શકે :

૧. બાળકે જે કાંઈ કરવાનું હતું તે કરવા માટે એનામાં જરૂરી આવડત હતી ખરી ? આવડતનો વિચાર કર્યા વિના બાળકને આપવામાં આવેલી પ્રવૃત્તિમાં બાળકને નિષ્ફળતા મળે તો વાંક કોનો ? બાળકનો કે માવતરનો ?
૨. માવતરે પોતાની જાતને બીજો પ્રશ્ન પૂછવાનો કે, બાળકે જે કાંઈ કરવાનું છે તેની સૂચના એને તમે ચોખ્ખી અને સમજી શકાય એવી ભાષામાં આપી હતી ?
૩. ત્રીજો પ્રશ્ન પૂછવાનો કે, બાળકને જે કામ કરવાનું હતું એ કરવા માટે મેં જરૂરી મદદ આપી હતી ?
૪. બાળકોને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહનના બે શબ્દો મેં કહ્યા હતા ?
૫. બાળકને એની પ્રવૃત્તિમાં મદદ મળે, રસ પડે એવું વાતાવરણ મેં બનાવ્યું હતું ?

આ રીતે બાળકના માનસને સમજવામાં આવે તો જરૂર બાળકમાં ઉત્સાહ જન્મે છે અને તે સફળતા પ્રાપ્ત કરે છે.

(૩) બાળકો પાસે વધુ પડતી અપેક્ષા ન રાખો :

બાળકો પાસે એ જ વાલી અપેક્ષા રાખી શકે કે જેણે નાનપણથી જ બાળક પાછળ સમયનો ભોગ આપી આદર્શતાના પાઠો શીખવ્યા હોય, સુસંસ્કારો તેના જીવનમાં રેડ્યા હોય, તેની સાથે પ્રેમભર્યું વર્તન કર્યું હોય.

બાળકોના અભ્યાસ પાછળ વાલી પૂરતો સમય ન કાઢે, ધ્યાન ન આપે અને અપેક્ષા રાખે કે તે ડૉક્ટર થાય તો તે તદ્દન ખોટી અપેક્ષા છે.

બાળકની બુદ્ધિનો-આવડતનો અને તેના ભવિષ્યનો માપદંડ કાઢી તેના ભવિષ્યની કલ્પના કરવી જોઈએ.

ઘણા વાલીઓ બાળકોની કૅપેસિટી જોયા વગર તેની આગળ ઠરાવો પસાર કરી દેતા હોય છે : 'તારે ધોરણ-૧૦ પછી સાયન્સ જ લેવું પડશે. ના કેમ

આવડે ?' આ બાજુ બાળક સાયન્સમાં માંડ-માંડ ૩૫ માર્ક્સ લાવી પાસ થતો હોય છે પરંતુ વાલીના દબાણથી, વારંવાર થતા ટૉર્ચરિંગથી બાળક મૂંઝાય છે. મારે આગળ શું પગલું ભરવું તેનો નિર્ણય તે નથી લઈ શકતો. અંતે બાળક દુઃખી રહ્યા કરે છે ને સાથે સાથે તેના વાલી પણ દુઃખી થાય છે.

ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરનાર ચિંતન માટે આજે અતિશે આનંદનો દિવસ હતો કારણ કે આજે ધોરણ ૧૨ સાયન્સની આપેલી પરીક્ષાનું રિઝલ્ટ હતું. ચિંતન સવારમાં ભગવાનને પ્રાર્થના કરી, માતાપિતાને પગે લાગી શાળાએ પરિણામ લેવા માટે ગયો. શાળાએ મિત્રોને મળ્યો, આનંદ કર્યો. પરંતુ જ્યાં ધોરણ ૧૨નું પરિણામ એના હાથમાં આવ્યું ત્યાં એના મુખના ભાવો કરમાઈ ગયા. આનંદ ઓસરી ગયો. આંખમાંથી આંસુ વહી ગયાં. ગમગીન બની મૌન થઈ ગયો. અંતરમાં ધ્રાસકો પડ્યો કે મારા પિતાએ મારા પરિણામની જેવી ધારણા રાખી છે એના કરતાં ઘણું ઓછું પરિણામ આવ્યું. હવે હું શું કરું ? ચિંતનને ઓછા ટકા આવ્યા એનું દુઃખ નહોતું પરંતુ એના પિતા એની શું વલે કરશે એનો ભય મોટો હતો.

ચિંતન ધોરણ ૧૨નું પરિણામ લઈ ઘરે ગયો. એને એમ હતું કે પિતા ધંધા ઉપર જવા નીકળી ગયા હશે એટલે વાંધો નહિ આવે, થોડું શાંતિથી કાર્ય પૂર્ણ થશે. પરંતુ ઘરમાં પ્રવેશતાં જ એના પિતાને સામે બેઠેલા જોયા. પિતાને જોતાં જ હૈયામાં ફાળ પડી ને પગ ધ્રૂજવા લાગ્યા. પિતાનો આક્રોશ ચિંતન માટે અસહ્ય હતો; અને એની જ એને બીક હતી. પિતાએ ચિંતનને કહ્યું, "ચિંતન, ૧૨મા ધોરણનું પરિણામ લઈ આવ્યો ? લાવ તો મને બતાવ." ચિંતને બીતાં બીતાં પરિણામ એના પિતાના હાથમાં મૂક્યું. જ્યાં પરિણામ જોયું ત્યાં એના પિતાનો પિત્તો ગયો અને આક્રોશ સાથે એક થપ્પડ ચિંતનના મોં ઉપર મારી અને પોતાનો ઉકળાટ કાઢવા લાગ્યા : "આખું વર્ષ તારી પાછળ ખર્ચા કરી કરીને તૂટી ગયો અને અંતે સાલા આવું ભોપાળું જ વાળ્યું...!! ખબરદાર આજ પછી જો હવે ઘરની બહાર પગ મૂક્યો છે તો ? જો મને પૂછ્યા વગર ઘરની બહાર પગ મૂક્યો છે તો તારા માટે મારાથી ભૂંડો બીજો કોઈ નહિ હોય..." આવા આક્રોશભર્યા શબ્દોથી ચિંતનનું હૈયું છિન્નભિન્ન થઈ ગયું. તેને ડૂમો ભરાઈ આવ્યો.

સાંજે જમવાનો સમય થયો. પરિવારના સૌ સભ્યો જમવા માટે ભેગા થયા, પણ ચિંતન જમવા ન આવ્યો. ઘરમાં જોયું, તપાસ કરી, પરંતુ ચિંતન નજરે ન

આવ્યો. સગાંસંબંધી ને મિત્રોને ફોન કર્યા, પરંતુ ચિંતન ન મળે. આજુબાજુ સોસાયટીમાં તપાસ ચાલુ કરી, પરંતુ ચિંતન ક્યાંય ન મળ્યો. છેવટે સોસાયટીમાં એક છેવાડાના અવાવરા બંધ મકાનમાં કોઈકનું ધ્યાન ગયું ને ત્યાં તપાસ કરતાં ચિંતનનો મૃતદેહ મળી આવ્યો. તેના એક હાથમાં ઝેરની બૉટલ હતી અને બીજા હાથમાં એક લેટર લખેલો હતો. લેટરમાં લખ્યું હતું કે, "Last day, last result & last enjoyment." આટલું લખી નીચે ચિંતને પોતાના અંતરની એક વાત રજૂ કરી હતી જે અનેક માતાપિતાઓને ચેતવી દે એવી હતી :

"પિતાજી ! હું આજ દિન સુધી એ પ્રશ્નનો ઉત્તર મેળવવા મથ્યા કરતો હતો કે મારાં માતાપિતાએ મને શા માટે જન્મ આપ્યો છે ? નાનપણથી મરતા દમ સુધી મારા ઉપર કેવળ તેમની જ અપેક્ષાઓ પૂરી કરવાનો મારો રખાયો ?! પિતાજી, આપને હું એ પ્રશ્ન પૂછું છું કે આપની ૧૨મા ધોરણની એક સારા પરિણામની અપેક્ષાને હું ન સંતોષી શક્યો તે બદલ આપે મને કેવા શબ્દો ને કેવી સજા આપી ? પરંતુ કદી આપે મારી અપેક્ષાઓને સમજવા પ્રયત્ન કર્યો હતો ? આપે કોઈ દિવસ મને એટલું પણ પૂછ્યું હતું કે તને શેમાં રસ છે ? બસ, એક જ બળજબરી કરી હતી કે તારે સાયન્સમાં સારામાં સારા ટકા લાવી ડૉક્ટર બનવાનું છે. પરંતુ મને ડૉક્ટર બનવાની નહિ, બીજું કંઈક પામવાની અપેક્ષા હતી. મારી અપેક્ષાઓનું શું ???"

આ પ્રશ્ન માત્ર ચિંતનનો નથી. ચિંતન જેવાં અનેક સંતાનોનો છે કે જે માબાપની વધુ પડતી અપેક્ષાઓને સંતોષવામાં પીડાયા કરે છે. જો ચિંતનના પિતાએ તેના ઓછા પરિણામ બદલ તેને સાંત્વના આપી હોત તો ચિંતને આ પગલું ભર્યું ન હોત.

(૪) ૧૫-૧૭ વર્ષ પછી બાળકને મિત્ર તરીકે સ્વીકારો :

બાળક કાયમ માટે બાળક અવસ્થામાં નથી રહેતો. જેમ જેમ સમય જાય છે તેમ તેમ બાળકની બુદ્ધિમાં, સમજણમાં, આવડતમાં, વ્યવહારકુશળતામાં વિકાસ થતો જાય છે. આપસૂઝ વધતી જાય છે. પછી તેને પણ તેનાં માન-સન્માનની, મર્યાદાની ગણતરી હોય છે.

જેમ મિત્રની માન-મર્યાદા સાચવીએ છીએ તેમ પુત્રની પણ મિત્રની જેમ માન-મર્યાદા સાચવવી. કારણ કે હવે તે પણ વ્યવહારો કરતો થઈ ગયો છે. તે

પણ કોઈકનો ઉપરી છે. તેને તમારા ઘરની પરિસ્થિતિથી અજાણ ન રાખો. દરેક કાર્યમાં ભેગો ભેળવો. તે પણ જીવનમાં અમુક બાબતે સ્વતંત્રતાને ઈચ્છે છે. તેને અમુક પ્રસંગે સમયોચિત જાતે નિર્ણયો લેવા દો, નહિતર તેની અંદર રહેલા ગુણોને તે બહાર નહિ લાવી શકે, વિકાસ નહિ કરી શકે. તેના નજીકના મિત્ર બનીને રહો.

(૫) બીજાનો ગુસ્સો બાળક પર ન કાઢો :

ઘણાં કુટુંબ-પરિવારોમાં વાલીઓ નોકરી-ધંધેથી થાકીને કંટાળીને આવ્યા હોય, સાથે શેઠનો કે કોકનો ગુસ્સો લઈને ઘેર આવ્યા હોય. શેઠ સામે ગુસ્સો કરાય નહિ એટલે શું કરે ? ઘેર લાવે. ઘેર આવી ગુસ્સો ઉતારે પત્ની પર, પત્ની બીક-મર્યાદાને કારણે સામે બોલી ના શકે એટલે તે ગુસ્સો ઉતારે છોકરાંઓ પર. બિચારા બાળકોનો શો વાંક ? કયો ગુનો ? બાળક બિચારો પછી રડ્યા કરે. માબાપથી ગભરાયા કરે. ભયભીત થઈ જાય. પછી ભયના માર્યા માબાપથી છટકવાના પ્રયત્નો કરે, યુક્તિ-પ્રયુક્તિ કરતાં શીખે. ખોટું બોલતાં શીખે, ભૂલો છુપાવવાના પ્રયત્નો કરે વગેરે દૂષણો બાળકોમાં દોડતાં આવે.

કદાચ, બાળકની ભૂલ થાય, તોફાન કરે તોપણ ક્યારેય ગુસ્સો ના કરવો. તેને પ્રેમથી સમજાવવું, શિખવાડવું; બાળકની સાથે ગુસ્સાથી નહિ પણ પ્રેમથી કામ લેતાં શીખવું. બાળકને પ્રેમથી જીતો.

(૬) બાળકોમાં પક્ષપાત ન રાખો :

બાળકો સાથે ક્યારેય પક્ષપાત ન કરવો. કેટલાંક માબાપ બાળકો સાથે પારકા-પરાયા જેવું વર્તન કરે છે. સ્વાભાવિક છે કે જે બાળક આપણું કહ્યું કરે તે ગમે. અથવા તો મોટા કરતાં નાનો બાળક વહાલો લાગે. પરંતુ તેની અસર જે બાળક ઉપર અન્યાય થતો હોય તેના પર પડે છે. તેના મગજમાં નાનપણથી ગ્રંથિ બંધાઈ જાય છે : “મારાં મમ્મી-પપ્પાને તો એ જ વહાલો છે. એને જ બધું આપે. એના માટે જ બધું લાવે. એનું જ કહ્યું કરે.” સમયાંતરે આવી ગ્રંથિઓ દૃઢ થયા પછી તેને ભૂંસાતાં ઘણી વાર લાગે છે.

માબાપ સાથે વેર લેવાની ભાવના ઊપજે. હું મોટો થઈશ પછી ખબર પડશે. હું મમ્મી-પપ્પાને મારી સાથે નહિ રાખું. બાળક ભલે નાનો હોય કે મોટો હોય તે બાળક કોનો છે ? બાળ-અવસ્થામાં વેરોવંચો ના રાખો. તેના માનસપટ

પર આવી ગ્રંથિઓ કદી ન પડવા દેવી. નહિ તો એ જ બાળક કાલે પરિવારમાં કુસંપનો કીડો સળવળતો કરી મૂકશે.

કદાચ બાળક પ્રભુઇચ્છાથી કોઈ ખોડ-ખાંપણવાળો હોય, તોપણ તેના પ્રત્યે ક્યારેય નફરત ન કરો. પ્રભુએ આપેલી પ્રસાદી સમજી બાળકનું જતન કરવું.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. યુવાનની અજબ તાકાત ભાગ-૧,૨
૨. કિશોરો મારું હૃદય છે.
૩. વાલીઓ જાગો
૪. વાલી તરીકેની ફરજો
૫. યુવાનોમાં સત્સંગનું મહત્ત્વ
૬. બાલુડાને બચાવો
૭. વ્હાલા બને વાલીઓ

પહેલાંનું ભૂલી જવું

અમદાવાદના એક વિસ્તારના પરિવારમાં બનેલી આ સત્ય ઘટના છે. સોસાયટીમાં પાંચમા નંબરનું ઘર, જેમાં બે ભાઈઓનો સંયુક્ત પરિવાર આનંદ-કિલ્લોલમય જીવન જીવી રહ્યો હતો. બંને ભાઈઓનો ધંધો એક જ હતો. મોટા ભાઈને લગ્ન થયે બે વર્ષ પૂર્ણ થયાં હશે ને અચાનક એક રાત્રે ઘરમાં ચકમક ઝરી. બંને ભાઈઓના સૂર ઊંચા ચડી ગયેલા : "મહેશભાઈ, લગ્ન થયા પછી હું જોતો આવું છું કે આપનું વલણ ઘરમાં એકપક્ષી બનતું જાય છે. ધંધાની બાબતમાં પણ મને કામ વધુ સોંપો છો અને છૂટથી પૈસા તમે વાપરો છો, જ્યારે મારે ખર્ચ કરવો હોય તો તમને પૂછી પૂછીને કરવાનો !" "વિકાસ, તું એવું અવળું શા માટે વિચારે છે ? તને મેં ક્યાં કદી કોઈ ખર્ચ કરવામાં રોક્યો છે ? અને પિતાશ્રીને નિવૃત્ત કર્યા, તેથી ઘરની બધી ચિંતા મારા માથે છે તો સ્વાભાવિક છે કે ઘરના કામ માટે મારે સમય તો કાઢવો પડશે ને !" "બસ, વધુ બહાનાં ના બતાવો, હું કાંઈ એમ ભોળો નથી કે ભોળવાઈ જઈશ." વિકાસ બોલી રહ્યો... ત્યાં તેમના પિતાશ્રીએ ઉગ્ર વાતાવરણને થોડું શાંત સ્વરૂપ આપ્યું અને વિકાસને એના મોટા ભાઈ મહેશ માટે સવળો વિચાર કરાવ્યો.

આ પ્રસંગના થોડા જ સમય બાદ વિકાસનાં લગ્ન થયાં. વિકાસનાં લગ્ન થયાં બાદ તો ઘરમાં આવા પ્રસંગો વધવા લાગ્યા. વિકાસને તો મહેશભાઈ માટે મનમાં એવો અભાવ આવી ગયો હતો કે, "મહેશભાઈ સ્વાર્થી છે, અને પોતાના પરિવારનો વધુ ખ્યાલ રાખે છે." એમાં વળી વિકાસનાં ધર્મપત્ની તરફથી પણ એને એવી જ ચઢવણી મળી કે, "એ મોટા છે એટલે સ્વતંત્ર રીતે પોતાના ધાર્યા મુજબ કરે. એ સુખેથી જીવન જીવે અને આપણે તો નહિ ક્યાંય ફરવા જવાનું કે નહિ કોઈ ખરીદી કરવા જવાનું. આપણે જ સહન કરવાનું ? આ બધું ખોટું નથી થતું ?"

વિકાસને મહેશભાઈ માટે જે ગ્રંથિ બંધાઈ હતી એને વધુ પુષ્ટિ મળી અને પરિણામે ઘરમાં ફરી ઝઘડાનું સ્વરૂપ સર્જાયું. આ વખતે ઝઘડો થોડો વધુ તીવ્ર

હતો છતાં માતાપિતાના કહેવાથી બંને શમી તો ગયા, પરંતુ વિકાસ ઘર છોડી જુદા ઘરમાં રહેવા જતો રહ્યો. વિકાસને મહેશભાઈના વર્તનથી અસંતોષ તો હતો જ અને એમાંય થોડા દિવસોમાં બીજો એક પ્રસંગ બન્યો, ધંધામાં હિસાબ બાબતે. આ પ્રસંગે પણ ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું. આ વખતે વિકાસે હદ વાળી દીધી હતી. એણે મહેશભાઈ સાથે સંબંધો કાપી નાખ્યા અને કહી દીધું કે, ''અત્યાર સુધી તમારું મેં ઘણું સહ્યું પરંતુ હવે નહિ સહું. હું પણ તમને દેખાડી દઈશ.'' વિકાસે કોર્ટ-કચેરી દ્વારા પૈસા મેળવવા પ્રયત્નો કર્યા. સામે મહેશભાઈ પણ આ વખતે ઢીલું મૂકે એમ નહોતા. બંનેને એકબીજા માટે બંધાયેલી ગ્રંથિઓના કારણે કોર્ટ-કચેરીના ધક્કા વધ્યા. પ્રશ્ન હતો માત્ર ૩૫,૦૦૦ રૂપિયાના હિસાબનો, પરંતુ બેમાંથી એકેય સમજવા તૈયાર નહોતા અને પરિણામે હજારો ને લાખો રૂપિયા કોર્ટ-કચેરીમાં ખોયા છતાં કોઈ જ પરિણામ ન મળ્યું.

આ હોળી માત્ર આ એક જ પરિવારની નથી. આવા તો અનેક પરિવારો છે કે જેમાં આવા સળગતા પ્રશ્નો છે. આ પ્રશ્નોનું મૂળ એક જ છે, પહેલાંનું ભૂલવાની તૈયારી નથી. એકબીજા સાથે બનેલા પ્રસંગોને ભૂલવાને બદલે વારંવાર તેને સંભારીને, રજૂ કરીને પ્રશ્નને મોટું સ્વરૂપ અપાય છે. જેના કારણે સાંપ્રત સમાજની આ એક જટિલ સમસ્યા બની ગઈ છે. આ સમસ્યાને કેવી રીતે ઉકેલી શકાય ?

દરેક વ્યક્તિના જીવનમાં ખારા, મોળા, તીખા, કડવા પ્રસંગો તો બનવાના જ છે. પરંતુ એ બની ચૂકેલા પ્રસંગને લઈને માનસમાં કોઈક વાત નક્કી થઈ જાય છે જેને કહેવાય છે પૂર્વાગ્રહ. વ્યક્તિ પહેલાંનું ભૂલી શકતો નથી એનું કારણ એક જ છે : એ વ્યક્તિ પ્રત્યે બંધાયેલો પૂર્વાગ્રહ કે જે એને પહેલાંનું જે કાંઈ બન્યું છે એ ભૂલવા દેતો નથી. પૂર્વાગ્રહને અંગ્રેજીમાં Prejudice કહેવાય છે. મનોવૈજ્ઞાનિકોની ભાષામાં એનો અર્થ થાય છે ''પૂર્ણ તપાસ કર્યા વિનાનો'' અથવા ''વિના ચકાસણીએ બાંધેલો મત.'' ન્યુકોમ્બની વ્યાખ્યા પ્રમાણે ''પૂર્વાગ્રહ એટલે કોઈ પણ વ્યક્તિ, જૂથ પ્રત્યે પ્રતિકૂળ દૃષ્ટિથી જોવાનું, વર્તવાનું કે લાગણી અનુભવવાનું પૂર્વનિર્ધારિત મનોવલણ.'' અન્ય રીતે કહીએ તો પૂર્વાગ્રહ એટલે પૂર્વેથી જ માનસમાં બંધાઈ ગયેલ મત, અભિગમ, અભિપ્રાય કે આગ્રહ, વિચાર કે વલણ.

પૂર્વાગ્રહ એ કોઈ વ્યક્તિ, સમૂહ કે જૂથ વિશે નકારાત્મક, પ્રતિકૂળ કે નુકસાનકારક જ ભાવ દર્શાવે છે તેવું કાંઈ નથી હોતું. પૂર્વાગ્રહ એ એક વલણ છે,

જે હકારાત્મક કે નકારાત્મક પણ હોઈ શકે છે. તેમ છતાં પૂર્વાગ્રહ શબ્દનો ઉપયોગ, અર્થ વિશેષ કરીને નકારાત્મક અભિગમ, વલણ માટે થતો હોય છે. જે હંમેશાં સત્ય હોય જ એવું નથી બનતું. પરંતુ તેનો વિશેષ ઉપયોગ નકારાત્મક ભાવ દર્શાવવા માટે થાય છે. માટે સામાન્ય અર્થમાં સમજીએ તો પૂર્વાગ્રહ એટલે કોઈ પણ વ્યક્તિ માટે બંધાઈ ગયેલો નકારાત્મક અભિગમ.

સામાન્યતઃ દરેક વ્યક્તિના જીવનમાં મોટે ભાગે ત્રણ બાબતો પ્રત્યે પૂર્વાગ્રહ જોવા મળતો હોય છે, જેમાં (૧) વ્યક્તિ (૨) વસ્તુ (૩) વિચાર. આ ત્રણેયમાં સૌથી વધુ વિઘ્નકર્તા જો કોઈ હોય તો એ છે કોઈ પણ વ્યક્તિ માટે બંધાયેલો પૂર્વાગ્રહ (નકારાત્મક વલણ). કોઈ પણ વસ્તુ કે વિચાર પ્રત્યે બંધાયેલ પૂર્વાગ્રહ કરતાં વ્યક્તિ પ્રત્યે બંધાયેલો પૂર્વાગ્રહ વિશેષ વિઘ્નરૂપ બને છે. પ્રશ્ન એ થાય કે આ પૂર્વાગ્રહ બંધાય છે કેવી રીતે ? અને પહેલાંનું ભૂલી જવું કહીએ છીએ તો શું ભૂલી જવાનું છે ?

બહુધા કોઈ પણ વ્યક્તિને વિષે પૂર્વાગ્રહ બંધાવાનું મૂળ કારણ હોય છે અન્યનું આપણી સાથેનું વર્તન અને અન્યનો આપણી સાથેનો વાણીનો વ્યવહાર. વાણી અને વર્તન આ બેને આધારે આપણને પૂર્વાગ્રહ બંધાતો હોય છે. એમાંય આપણી સાથેના વાણી કે વર્તનના કોઈ પણ વ્યવહારને આપણે કેવી રીતે મૂલવીએ છીએ, કેવા દૃષ્ટિકોણથી, વિચારોથી સ્વીકારીએ છીએ એ બહુ મહત્ત્વનું છે. આપણે એ વ્યવહારને કે પ્રસંગને જેવા દૃષ્ટિકોણથી મૂલવીએ છીએ, એવી માનીનતા આપણા માનસમાં બંધાય છે. જો સવળા દૃષ્ટિકોણથી એ વ્યવહારને મૂલવવામાં આવે તો સુખી થવાય છે, અને એના એ જ વ્યવહારને જો અવળા દૃષ્ટિકોણથી મૂલવવામાં આવે તો સામેની વ્યક્તિ માટે કોઈક નકારાત્મક સમજણ, માનીનતા બંધાઈ જાય છે જેને આધ્યાત્મિક ભાષામાં કહે છે 'પૂર્વાગ્રહ'.

એક દૃષ્ટાંત દ્વારા સમજીએ. પ.પૂ. સ્વામીશ્રી આપણને એમના અવરભાવના જીવનમાં બનેલો નાનપણનો એક પ્રસંગ કહે છે. પ.પૂ. સ્વામીશ્રી ૮મા ધોરણમાં ભણતા હતા એ અરસાની વાત છે. એક દિવસ પરીક્ષાનું પરિણામ આવ્યું. ગણિતના શિક્ષકે દરેક વિદ્યાર્થીને વર્ગમાં વારાફરતી ઊભા કરી પોતાના માર્ક્સ બોલવાનું કહ્યું. દરેક વિદ્યાર્થીએ પોતાના ગણિત વિષયના માર્ક્સ બોલવા માંડ્યા. ઘનશ્યામભાઈનો (પ.પૂ. સ્વામીશ્રીનો) પણ માર્ક્સ બોલવાનો વારો આવ્યો. ઘનશ્યામભાઈને (પ.પૂ. સ્વામીશ્રીને) ગણિતમાં ૧૦૦માંથી ૯૮ માર્ક્સ આવ્યા

હતા. જ્યાં ઘનશ્યામભાઈએ ૯૮ માર્ક્સ કહ્યા ત્યાં શિક્ષકે ઘનશ્યામભાઈના ગાલ ઉપર એક તમાચો માર્યો અને કહ્યું, “બે માર્ક્સ ઓછા કેમ આવ્યા ?” ક્લાસમાં વિદ્યાર્થીઓ તો ઘણા હતા અને એમાંય ઘનશ્યામભાઈને જે માર્ક્સ આવ્યા હતા તેનાથી ઓછા માર્ક્સવાળા જ બહુધા હતા તેમ છતાં શિક્ષકે કોઈને નહિ અને ઘનશ્યામભાઈને શિક્ષા કરી ! આ પ્રસંગને બંને રીતે મૂલવી શકાય છે. સવળા દૃષ્ટિકોણથી અને અવળા દૃષ્ટિકોણથી. પરંતુ ઘનશ્યામભાઈએ આ પ્રસંગને સવળા દૃષ્ટિકોણથી સ્વીકાર્યો : સાહેબને મારા માટે કેટલો લગાવ છે ? કેટલો આગ્રહ છે કે મારા બે માર્ક્સ પણ ઓછા આવવા દેવા નથી. આવા સવળા વિચારને કારણે ઘનશ્યામભાઈને એ શિક્ષક માટે કોઈ નકારાત્મક અભિગમ કે પૂર્વાગ્રહ ન બંધાયો. જો આ જ પ્રસંગને અવળા વિચાર સાથે સ્વીકાર્યો હોય તો જરૂર એ શિક્ષક માટે પૂર્વાગ્રહ બંધાત. “૯૮ માર્ક્સ આવ્યા એ શું ઓછા છે ? સાહેબની કાર્ય લેવાની પદ્ધતિ યોગ્ય નથી. સાહેબ કોઈને પ્રોત્સાહિત કરવાનું શીખ્યા જ નથી વગેરે...” આવી ઘણી બધી માનીનતા બંધાત. જેના કારણે એ શિક્ષકની પસંદગી આપણા માનસમાંથી ઘટી જાય. અને બીજાં ઘણાં બધાં પરિવર્તન એ શિક્ષક સાથેના વ્યવહારોમાં આવી જાય.

એક ઉક્તિ આપણે નાનપણથી સાંભળતા આવ્યા છીએ : “કોઈ કોઈને દુઃખી પણ કરતું નથી અને કોઈ કોઈને સુખી પણ કરી શકતું નથી. સૌ સૌના સ્વભાવે દુઃખી અને સુખી થાય છે.” આપણે ઘણી વાર એવું કહેતા હોઈએ છીએ કે ફલાણી વ્યક્તિ મને દુઃખી કરે છે. પરંતુ વાસ્તવિકતાએ આપણને આપણા વિચારો જ દુઃખી અને સુખી રાખતા હોય છે. જો આપણા વિચારો સવળા હશે તો આપણે સુખી રહીશું અને અવળા વિચારો હશે તો દુઃખી જ રહેવાના એ ચોખ્ખું ગણિત છે. જેવા આપણા વિચારો હશે એવી જ આપણી સમજણ કેળવાશે. સવળા વિચારો હશે તો કોઈના બે શબ્દ, ક્રિયા, સ્વભાવ આપણને દુઃખી નહિ કરી શકે.

નારદીપુરના તીતા ભગતને અબુધ લોકોએ વગર વાંકે પકડ્યા, માથે મૂંડો કરાવ્યો, ચૂનો ચોપડ્યો, ગળામાં રીંગણાંની માળા પહેરાવી. પછી અવળે ગધેડે પૂંછડું પકડાવીને બેસાડ્યા. હુરિયો બોલાવતાં બજાર વચ્ચે તેમનું સરઘસ કાઢ્યું. સરઘસ પૂરું થયું પછી તીતા ભગત હસતાં થકા ઘરમાં પ્રવેશ્યા. ત્યાં તેમનાં ધર્મપત્ની રડતાં હતાં. તીતા ભગતે રડવાનું કારણ પૂછ્યું તો કહ્યું, “તમે

ભગવાનની ભક્તિ કરો છો, તો આવું દુઃખ કેમ આવ્યું ?'' ત્યારે તીતા ભગતે કહ્યું, ''ભગવાને આપણા ઉપર બહુ દયા કરી. આપણે પરણ્યા ત્યારે વરઘોડો નીકળ્યો નહોતો, તે આ વરઘોડો નીકળ્યો, ને ગામમાં બધાંને મારી જાણ થઈ. વળી આ પાંચ કિલો શાક અઠવાડિયું ચાલશે, ને મારે ઘણા વખતથી હજામત ચઢી ગયેલી, તે વગર પૈસે મૂંડો થઈ ગયો.'' તીતા ભગતને હેરાન કરનારાએ હેરાન કર્યા પરંતુ તેમણે સવળો વિચાર રાખ્યો તો દુઃખ ન લાગ્યું તેમ આપણા સમૂહજીવનમાં પણ જેટલો સવળો વિચાર હશે એટલા જ આનંદમાં રહેવાશે.

ઘણી વાર એવું પણ જોવા મળતું હોય છે કે, આપણે કોઈનો દોષ કે સ્વભાવ જોયો એટલે આપણે આપણા માનસમાં એના માટેની કાયમી કોઈક માનીનતા બાંધી દેતા હોઈએ છીએ. કોઈકને આપણી સાથે અણબનાવ બન્યો. એવો ને એવો અણબનાવ બીજાની સાથે બન્યો એટલે આપણે એવી માનીનતા દૃઢ કરી દેતા હોઈએ છીએ કે, ''આમનો તો સ્વભાવ જ ડખાળિયો છે. એમને કાયમ બધાયની જોડે ડખા જ ચાલતા હોય. કોની જોડે એમને બને છે ?'' એ જ રીતે કોઈએ આપણને સલાહનાં બે વચન કહ્યાં. એક વાર કહ્યાં, બે વાર કહ્યાં એટલે આપણે એવું માની લઈએ છીએ કે આમનો તો સ્વભાવ જ કચકચ કરવાનો છે. જ્યારે જુઓ ત્યારે વણમાંગી સલાહ જ આપ્યા કરે છે. આ બધો પણ પૂર્વાગ્રહનો જ અંશ છે. ઘણી વાર કોઈ વ્યક્તિને વિષે આવી કાયમી ધોરણે નક્કી થઈ ગયેલી માનીનતા પણ આપણને પહેલાંનું ભૂલવા દેતી નથી અને એ વ્યક્તિ માટેની નકારાત્મક છાપ (Negative Impression) આપણા માનસમાં ખડી થઈ જતી હોય છે.

કાગળ ઉપર લખ્યું હોય એ તો ભૂંસી પણ શકાય. કદાચ બોર્ડ ઉપર લખ્યું હોય તો એને પણ ભૂંસી શકાય છે. પરંતુ પથ્થર ઉપર કોતરેલું ભૂંસી શકાય છે ? ના... એમ પૂર્વાગ્રહો એ એવી કોતરણી છે કે જે પહેલાંનું ભૂલવા જ નથી દેતું. અને એટલે જ કહેવાય છે કે, ''આજે વ્યક્તિ લાખો અને કરોડો રૂપિયાના ખર્ચે મોટા-મોટા ઉપગ્રહોને અવકાશમાં છોડી શકે છે પરંતુ દુઃખની વાત એ છે કે વ્યક્તિ પોતાના પૂર્વાગ્રહો છોડી શકતો નથી.'' પરિણામે એ તમામ પાસાંને નકારાત્મક દૃષ્ટિથી જ જુએ છે જેથી સામેનાની ભૂલોને, દોષોને, વેણ-કવેણને ભૂલવાને બદલે વધુ પાકાં કરે છે. એ દરેક બાબતોને પોતાના જ દૃષ્ટિકોણથી મૂલવવાનો પ્રયત્ન કરે છે. જેથી સામેના પાત્રની એના માનસમાં એવી સૂગ થઈ

જાય છે કે એની સાથે દૃષ્ટિ મેળવીને વાત પણ કરી શકતો નથી કે મુસ્કુરાતો ચહેરો પણ પ્રદર્શિત કરી શકતો નથી. એ વ્યક્તિત્વથી એને જુદું રહેવાનું જ પસંદ પડે છે. આ જ પૂર્વાગ્રહની બળતરા છે. અને જ્યારે પૂર્વાગ્રહની પરાકાષ્ઠા આવી જાય છે ત્યારે તો "મારું અથવા મરી જઉં" એવો ઉદ્વેગ વર્તતો હોય છે જેને શ્રીજીમહારાજે વચનામૃતમાં પાડાખાર કહ્યો છે. પાડાખાર એટલે શું ? તો...

વડતાલમાં એક પાર્ષદે પાડાને કોઈક પ્રસંગે સારી પેઠે માર મારેલો. પછી પાડો આ પાર્ષદને જ્યાં જુએ ત્યાં તેની પાછળ પડે. થોડા સમય બાદ આ પાર્ષદ ધામમાં ગયા. તેમનો અગ્નિસંસ્કારવિધિ કરવા સ્મશાને લઈ જતા હતા. રસ્તામાં આ પાડાને પેલા પાર્ષદના મૃતદેહનું મોઢું દેખાયું. પાડો સ્મશાનમાં દૂર ઊભો હતો. પાર્ષદનો અગ્નિસંસ્કારવિધિ પૂરો થયો. સૌ પોતપોતાના ઘરે ગયા. પરંતુ પાડાને પાર્ષદ સાથે વેર બંધાયું હતું. પાર્ષદે પાડાને માર માર્યો હતો એ પાડાથી હજુ ભુલાયું નહોતું. તેથી પાડો પાર્ષદના પાર્થિવ શરીરની રાખમાં માથું ભરાવી રાખને ઉડાડવા માંડ્યો. પછી એને શાંતિ થઈ. મરતાં સુધી નહિ પરંતુ મરી ગયા પછીયે રીસ ન જાય તે પાડાખાર કહેવાય. જ્યારે પૂર્વાગ્રહ પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે તમામ પ્રયત્ન સામેના વ્યક્તિત્વની ભૂલોને ભૂલવાના નહિ, પરંતુ મિટાવાના થતા હોય છે.

એક વાત તો નક્કી જ છે કે આપણે જીવનકાળ દરમ્યાન સૌની સાથે સમૂહજીવનમાં જ રહેવાનું છે તો આવી રીતે કેટલાની સાથે પૂર્વાગ્રહ બાંધ્યા કરીશું ? કેટલાની ભૂલોને નોંધ્યા કરીશું ? કેટલાની ભૂલોને સંભાર્યા કરીશું ? દરેકને આપણે આપણા જ દૃષ્ટિકોણથી જોવાને બદલે સહેજ જુદી રીતે જોવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ. શક્ય છે કે એ દૃષ્ટિકોણ જુદો જ હોય, એટલું જ નહિ, એ વધારે યોગ્ય પણ હોય. આપણા કૅમેરામાં આપણા જ દૃષ્ટિકોણથી લીધેલી છબી જ સાચી છે, એવો દુરાગ્રહ કે માનીનતા રાખવાના બદલે બીજાના દૃષ્ટિકોણનો પણ સ્વીકાર કરીએ તો ઘણી વાર છબી વધારે સુંદર પણ મળી શકે. એટલે કે આપણે જે નકારાત્મક દૃષ્ટિકોણથી દરેકને માપીએ છીએ એને હકારાત્મક રીતે માપીએ તો વધુ સારો વ્યવહાર આપણે કરી શકીશું.

આપણો ઢાળ જ દરેકને આપણા દૃષ્ટિકોણથી જોવાનો પડી ગયો હોય છે. એટલે સત્સંગમાં પણ આપણે સૌ સંતો-હરિભક્તોને આપણા દૃષ્ટિકોણથી જ જોતા હોઈએ છીએ. જેથી આવા દિવ્ય કારણ સત્સંગના યોગમાં આવેલા,

વ્યતિરેકના સંબંધવાળા સૌ અનાદિમુક્તોને વિષે પણ પૂર્વાગ્રહ બાંધી બેસતા હોઈએ છીએ અને અભાવ-અવગુણ-અપરાધનો વેપાર કરી, પાપનાં પોટલાં બાંધતા હોઈએ છીએ જે આપણને સત્સંગમાં સુખ લેવા દેતાં નથી.

શરીરમાં કેટલાક રોગ એવા હોય છે કે જે આપણને દુઃખ આપતા હોય છતાં કળી ના શકાય. પણ એનો દુઃખાવો એટલો બધો અસહ્ય થતો હોય કે જેનો ન તો કોઈ ઈલાજ કરી શકાય અને ન તો દુઃખાવો સહન થાય. તેમ આ પૂર્વાગ્રહનો રોગ એવો છે કે જેને કળવો બહુ અઘરો છે. વળી એનો દુઃખાવો સહન કરવો પણ અતિ કઠણ છે. જેમ પથરીનો દુઃખાવો ક્યારે ઊપડે અને કેવો ઊપડે એ કાંઈ જ નિશ્ચિત નથી. તેમ પૂર્વાગ્રહરૂપી દુઃખાવો ક્યારે ઊપડે અને કેવો ઊપડે એ પણ નિશ્ચિત હોતું નથી. પરંતુ પૂર્વાગ્રહની બળતરાને સહન કરવી બહુ કઠણ છે. સત્સંગમાં રહેવા છતાં પૂર્વાગ્રહ એવો છે કે જે આપણને સુખનો ઘૂંટડો પણ પીવા દેતો નથી. અને એટલે શ્રીજીમહારાજ ગઢડા મધ્યના ૬૦મા વચનામૃતમાં પોતાનો અંતર્ગત અભિપ્રાય જણાવતાં કહે છે...

“જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે, અને તેની વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ એવો જે ચાંડાળ જેવો જીવ હોય, તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, તે સર્વે વૃથા છે અને બીજાં પણ કોટિક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહીં.”

“જેવો પોતાનાં સગાંવહાલાં હોય અથવા માબાપ હોય તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો, અને ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.”

“અમારો દયાવાળો જીવ (સ્વભાવ) છે તોપણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગોવહાલો હોય તોપણ જાણીએ જે તેની આંખ્ય ફોડી નાંખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુભે તો તે હાથને કાપી નાખીએ, એવો તેનો અભાવ આવે છે, પણ ત્યાં દયા નથી રહેતી. અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.”

શાંત અને નિર્મળ જળની અંદર પથ્થર મારી જળને ડહોળવાનું કામ જો કોઈ

કરતું હોય તો એ છે પૂર્વાગ્રહ. આપણા સત્સંગને, આપણી અતૂટ આત્મીયતાને, આપણા સંગઠનને, સંપને ક્ષણવારમાં છેદી નાંખવાનું દુષ્કાર્ય જો કોઈ કરતું હોય તો એ છે પૂર્વાગ્રહ. આપણે સૌએ જ્યારે કારણ સત્સંગના પ્રવર્તકો બની કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના પ્રચંડ સંકલ્પ માટેની જહેમત ઉઠાવવાની છે, ત્યારે આપણી સ્લેટમાં જો આપણે સૌના દોષ જ નોંધ્યા કરશું તો એ ભરાયેલી સ્લેટમાં, મહારાજ અને મોટાના સંકલ્પો અને સિદ્ધાંતો કેવી રીતે કંડારીશું ? માટે કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાની જહેમત ઉઠાવતાં પહેલાં આપણી સ્લેટને એકદમ કોરી કરી નાખીએ. પૂર્વાગ્રહથી રહિત થવાની જહેમત ઉઠાવીએ. આ કાર્ય થઈ જશે તો મહારાજ ને મોટાના સંકલ્પો આંખના પલકારામાં સાકાર થઈ જશે.

સ્લેટમાં કે બોર્ડમાં લખેલું ભૂંસવા માટે ડસ્ટર હોય છે તેમ આપણા મનરૂપી સ્લેટમાં અન્યને વિષે જે પૂર્વાગ્રહના ડાઘ લાગી ગયા છે તેને ભૂંસવા માટે કોઈ ડસ્ટર છે ખરું ? શું પૂર્વાગ્રહથી રહિત થવાનો કોઈ કીમિયો છે ખરો ? શું પૂર્વાગ્રહથી રહિત થવાના કોઈ સફળ ઉપાયો ખરા ? હા....

❑ પૂર્વાગ્રહના ડાઘથી રહિત થવા માટે છ 'સ'નાં સમીકરણો :

(૧) સત્યતા તપાસો :

પૂર્વાગ્રહથી રહિત થવા માટેનો તથા પૂર્વાગ્રહ ન બંધાવવા દેવાનો સૌપ્રથમ અને ફરજિયાત ઉપાય એ છે કે, કોઈ પણ વાતમાં સત્યતાની તપાસ કરવી. આપણે આંખે કરીને કંઈક જોયું, અન્યનાં બે શબ્દો-વચનો એ અંગે સાંભળ્યાં. પાંચ-છ સભ્યો દ્વારા એકની એક વાત પુષ્ટ થઈ. આ બધાં પરિબળોને લઈને મોટે ભાગે પૂર્વાગ્રહનું સર્જન થતું હોય છે, જે આપણને પહેલાંનું ભૂલવામાં વિઘ્નરૂપ બને છે. પરંતુ આવા સંજોગોમાં સૌપ્રથમ તો સત્યતાની તપાસ કરવી બહુ જરૂરી છે. આપણે જે જોયું એ શું ખરેખર સાચું છે ? આપણે સાંભળ્યું એ શું ખરેખર સાચું છે ? કોઈનાં બે વચનને સીધાં સ્વીકારી કોઈનાય માટે પૂર્વાગ્રહ ન બાંધી દો. ઘણી વાર સગી આંખે જોયેલું અને કાને સાંભળેલું પણ ખોટું હોઈ શકે. માટે આપણે જે જોયું અને જે સાંભળ્યું એમાં સત્યતા કેટલી છે એ તપાસો.

(૨) સંબંધનો વિચાર :

સત્યતા તપાસતાં કદાચ જો એ વાત સાચી હોય તોપણ એ મુક્તને વિષે પૂર્વાગ્રહ ન બાંધો, આંટી ન બાંધો. એ વખતે એના સંબંધનો, પરભાવનો,

મળેલી પ્રાપ્તિનો વિચાર કરો. આ કારણ સત્સંગમાં આવેલા સૌ કોઈ મહારાજના અનાદિમુક્તો છે, મહારાજના વ્યતિરેક સંબંધવાળા છે. સૌના દ્વારા કર્તા મહારાજ છે. એમના પરભાવનો વિચાર કરવો પરંતુ એમની સામાન્ય ભૂલ કે દોષ કે સ્વભાવને લીધે એમને વિષે આંટી ન પાડવી. અને એમાંય જ્યારે આપણે તો સૌની સાથે સંપ અને આત્મીયતાનું નિર્માણ કરવું છે ત્યારે કદાચ કોઈ મુક્ત આપણી સાથે એવું વર્તન કરે તો એક ભ્રાતૃભાવના નાતે, આ કારણ સત્સંગના તમામ મુક્તો આપણા ભાઈઓ છે એ નાતે પણ એની ભૂલોને ભૂલતાં શીખો.

(૩) સંકલ્પની મક્કમતા, દૃઢતા :

કોઈ એમ કહેતું હોય કે મને કોઈને વિષે પૂર્વાગ્રહ છે જ નહિ તો એ વાત મહદ્ અંશે ખોટી છે. આપણને કોઈકને વિષે તો ઊંડે ઊંડે પૂર્વાગ્રહ રહી જ જતો હોય છે. ભલે આપણી અંતરદૃષ્ટિના અભાવે ક્યાંક આપણે કોની સાથે મને પૂર્વાગ્રહ છે એ પકડી શકતા ન હોઈએ, પરંતુ પૂર્વાગ્રહ હોવો એ વાસ્તવિકતા છે. માટે સૌપ્રથમ તો હજુ જો આપણે અંતરદૃષ્ટિ કરી એ તપાસ્યું ન હોય કે મને કોને વિષે પૂર્વાગ્રહ છે ? તો આજે જ તપાસો. પૂર્વાગ્રહને પકડવાનો ઉપાય સાવ સરળ છે. આપણને કોઈકે કહેલાં બે વેણ અને વર્તન આપણને વારંવાર યાદ આવે છે ? અરે ! આણે મારી સાથે આમ કર્યું. હજુ એ ભાવ પણ રહી ગયો હોય તો સમજવું કે એ સભ્યને વિષે મને પૂર્વાગ્રહ છે. બસ, એ પૂર્વાગ્રહને પકડો અને મહારાજને રાજી કરવા માટે મારે કોઈનાય માટે પૂર્વાગ્રહ નથી જ રાખવો એવો સંકલ્પ દૃઢ કરો. સંકલ્પ મક્કમ હશે તો જ એ દોષ ટાળ્યાની ભૂખ અને ગરજ જાગશે.

(૪) સત્પુરુષના રાજીપા તરફ દૃષ્ટિ :

મળેલા સત્પુરુષના રાજીપા તરફ નિરંતર દૃષ્ટિ હશે, એમના રાજીપા-કુરાજીપાનું દુઃખ હશે તો જ આપણે આપણા દોષોને ઓળખી શકીશું અને એને ટાળવાની ભૂખ જાગશે. આપણને કોઈને વિષે પૂર્વાગ્રહ છે એ ઓળખાયું અને એ ટાળવા માટેનો મક્કમ નિર્ધાર, દૃઢ સંકલ્પ કર્યો હશે પરંતુ એમાંય જો સત્પુરુષના રાજીપા તરફ દૃષ્ટિ નહિ હોય તો એ સંકલ્પની દૃઢતામાં પણ ચઢ-ઊતર થયા કરશે અને દોષ ટાળવાનો, પૂર્વાગ્રહ છોડવાનો આવેગ મંદ પડી જશે. માટે સત્પુરુષના રાજીપા તરફ નિરંતર દૃષ્ટિ જોઈએ. એ રાજીપા તરફની દૃષ્ટિ જ આપણને પૂર્વાગ્રહ ટાળવાનું, પહેલાંનું ભૂલી જવાની હિંમત, શક્તિ અને બળ આપશે.

(૫) સવળો વિચાર :

સદ્. નિષ્કુળાનંદસ્વામી 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં કહે છે,

"અવળી સમજણ અળગી કરી, સવળું સમજાય તો સારું રે;
નિષ્કુળાનંદ કહે વિચારી, આટલું માની લે મારું રે."

જેટલો આપણને સવળો વિચાર રહેશે એટલો જ આપણો પૂર્વાગ્રહ છૂટશે, પહેલાંનું ભુલાશે. સવળો વિચાર શો કરવો ? તો હું જેને વિષે પૂર્વાગ્રહ બાંધીને બેઠો છું એ મહારાજના મુક્ત છે. એમને વિષે એવા કોઈ દોષ કે સ્વભાવ છે જ નહીં. એ જે મને દેખાય છે એ મારી દૃષ્ટિનો ભ્રમ છે, મારી અવળી વિચારધારા છે જે મને સુખ લેવા દેતી નથી. અને કદાચ એવા કોઈક સ્વભાવ દેખાય, ભૂલો દેખાય તોપણ એક જ વિચાર કરવો કે મારામાં કેટલી બધી ભૂલો છે, દોષો છે પરંતુ મોટાપુરુષે ક્યાં મારા દોષ જોયા છે ?? જો એમણે મારા દોષને જોઈ મારે વિષે પૂર્વાગ્રહ બાંધ્યો હોત તો !! માટે મારે કોઈને વિષે પૂર્વાગ્રહ નથી બાંધવો.

(૬) સરળ થઈ ક્ષમાયાચના :

જેને વિષે આપણને પૂર્વાગ્રહ હશે એનાથી આપણું મન જરૂર છેટું થઈ ગયું હશે, આપણને એની જોડે જવામાં ભાર ભાર લાગશે, એની સામે આંખ મિલાવીને વાત પણ નહિ કરી શકીએ. હસીને બે શબ્દ બોલી પણ નહિ શકીએ. આ બધાંનું કારણ આપણો અહમ્ છે અને એ અહમ્ આપણને પૂર્વાગ્રહનું વિલીનીકરણ કરવું હોવા છતાં કરવા દેતો નથી. માટે આપણા અહમ્‌ને છોડી દીનભાવે સરળ થઈ, જેને વિષે પૂર્વાગ્રહ હોય અને એનો અપરાધ મન-કર્મ-વચને થયો હોય તો એ માટે ક્ષમા માગી લો. આટલું કરવાથી સામેની વ્યક્તિને આપણા માટે જરૂર લાગણીનો સેતુ બંધાશે અને પૂર્વાગ્રહથી રહિત થઈ મહિમાસભર થવાશે.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. દુઃખકર સંસારનો સુખકર ઉકેલ

એકબીજાને સમજો

એલાર્મની ઘંટડી વાગતાં અશ્વિનભાઈની આંખ ખૂલી. ઘડિયાળમાં જોયું તો ૬:૦૦ વાગ્યા હતા. ઑફિસનો સમય ૮:૦૦ વાગ્યાનો હતો. અશ્વિનભાઈએ દીવાલ ઉપર લટકતા કૅલેન્ડરને હાથમાં લઈ આજની તારીખ જોઈ. અને એમને એકદમ જ સ્મૃતિ થઈ આવી કે આજે તો મારો જન્મદિવસ છે. તે એકદમ આનંદમાં આવી ગયા. તેમણે પોતાના આનંદના સમાચાર માતાપિતા અને પોતાની ધર્મપત્નીને પણ આપ્યા. રોજ કરતાં આજે એમનો ઑફિસે જવાનો આનંદ પણ જુદો હતો.

ઑફિસમાં પણ પોતાના મિત્રોને તેમણે પોતાના આનંદનું કારણ જણાવ્યું. ઑફિસમાં બધા મિત્રોએ પણ તેમને શુભઆશિષ પાઠવ્યા ને ગળ્યું મોં કરાવ્યું. અશ્વિનભાઈ ઑફિસમાં કામ કરતા હતા ત્યાં એમને વિચાર આવ્યો કે, "આજે મારો જન્મદિવસ છે એની જાણ મેં મારાં ધર્મપત્નીને કરી છે એટલે એ જરૂર જમવામાં કંઈક સારી વસ્તુ બનાવશે."

સાંજ પડે અશ્વિનભાઈ ઘરે આવ્યા. અશ્વિનભાઈને એમ જ હતું કે આજે ઘરે કંઈક નવી વસ્તુ જમવામાં બનાવી હશે. પરંતુ જ્યાં ભોજન માટે બેઠા અને મેનુમાં ખીચડી-ભાખરી જોઈ ત્યાં જ તેમનો આનંદ ઓસરી ગયો. તે પોતા ઉપર કંટ્રોલ ન કરી શક્યા અને ઉગ્ર અવાજે પોતાની ધર્મપત્નીને ધમકાવવા લાગ્યા. અશ્વિનભાઈનાં ધર્મપત્ની તેમને પોતાની પરિસ્થિતિની કંઈક રજૂઆત કરવા માંગતાં હતાં. પરંતુ અશ્વિનભાઈ એટલા બધા આક્રોશમાં હતા કે એ એક શબ્દ સાંભળવા તૈયાર નહોતા. તેઓ જમ્યા વગર જ ઊભા થઈ ગયા. અશ્વિનભાઈનું આવું ઉદ્ધત વર્તન જોઈ તેમનાં ધર્મપત્ની પણ મૌન અને દુઃખી અંતરે અલગ

ઓરડામાં જઈ રુદન કરવા લાગ્યાં.

બંને વચ્ચે થયેલા આ કંકાસની ખબર અશ્વિનભાઈનાં માતાને થતાં તેઓએ પ્રથમ અશ્વિનભાઈનાં ધર્મપત્નીને આશ્વાસન આપી શાંત કર્યાં. ત્યારબાદ તેઓ અશ્વિનભાઈ પાસે ગયાં. અશ્વિનભાઈ હજુ પોતાના આક્રોશમાં જ હતા. એમની માતાએ તેમને પ્રેમથી પૂછ્યું કે શું થયું ? એટલે અશ્વિનભાઈએ બળાપો કાઢવા માંડ્યો. બધું જ સાંભળ્યા પછી એમની માતાએ તેમને એટલું જ કહ્યું કે, “અશ્વિન, પહેલું તો તેં એ જાણ્યું કે આજે જમવામાં સારા ભોજનની જગ્યાએ ખીચડી-ભાખરી કેમ આવી ?” અશ્વિનભાઈએ કશો જ ઉત્તર ન આપ્યો. એટલે તેમની માતાએ કહ્યું, “આજની રસોઈ પુત્રવધૂએ નથી બનાવી; મેં બનાવી છે. એને પેટમાં ખૂબ દુઃખાવો છે. ગોળી લેવડાવી એટલે અત્યારે તને જમાડવા ઊભી થઈ શકી છે.” આટલું સાંભળતાં અશ્વિનભાઈને પસ્તાવો થયો. એમની માતાએ ટકોર કરતાં કહ્યું, “બેટા ! પહેલું તો આપણે પોતાની જ અપેક્ષાઓમાં ન રાચવું. આપણી કોઈ અપેક્ષા પૂરી ન થઈ તો એમાં કોઈ કારણ કે પરિસ્થિતિ તો હશે જ. માટે પહેલાં એની તપાસ કરવી જોઈએ અને અરસપરસ એકબીજાંને સમજીને કામ લેવું પડશે. આમ, ઉદ્ધત વર્તન કરવાથી તમારાં બેની વચ્ચે સંબંધોમાં અને આત્મીયતામાં તિરાડ પડશે.”

દિવસ ઊગતાથી શરૂ કરીને રાત્રે સૂવા સુધીની અનેકવિધ બાબતોમાં આવા પ્રસંગોની ચકમક ઘરઘરમાં ઝરતી હોય છે. આવી નાની સામાન્ય બાબતોમાંથી ઊભા થયેલા પ્રશ્નો અસામાન્ય રૂપ લઈ લે છે ને તેનાં પરિણામો પણ એવાં અસામાન્ય જ આવતાં હોય છે. નાની સામાન્ય બાબતોમાં વધારો થતાં આવી નાની બાબતો પણ પરિવારોને છિન્નભિન્ન કરી નાખે છે. આવી સામાન્ય બાબતોને અસામાન્ય બાબતો બનતી અટકાવવા માટેનો બહુ સામાન્ય અને સરળ ઉપાય એક જ છે : સમૂહજીવનમાં ઊભી થતી સ્થિતિ-પરિસ્થિતિઓમાં એકબીજાને સમજતાં શીખવું.

❑ એકબીજાને સમજવાં એટલે શું ?

બે કે ત્રણ સભ્યોનો નાનો પરિવાર હોય કે પછી ૫-૧૦-૧૫ સભ્યોનો સંયુક્ત પરિવાર હોય. પરંતુ મહત્તમ પરિવારો એવા હશે કે જેમાં ઝઘડા, કંકાસ, વાટાઘાટ, તું-તારી થતાં હશે. વાસણ ખખડતાં હશે. એવા પરિવારોનો સરવે કરતાં આ થવાનું મૂળ કારણ એવું સ્પષ્ટ થયું છે કે પરિવારના સભ્યો એકબીજાને

સમજવા તૈયાર નથી હોતા; પરિણામે ઘરમાં ઝઘડા, કંકાસ અને કુસંપ સર્જાય છે.

આજના ટેક્નૉલોજીના યુગમાં વ્યક્તિ કમ્પ્યૂટર ઉપર પોતાનું કામ કરે છે. એ કમ્પ્યૂટર પોતાને ઑપરેટ કરનાર વ્યક્તિના કમાન્ડને, આઇડિયાને સમજી શકે છે. પરંતુ દુઃખની વાત એ છે કે જેની સાથે પોતાનું આખું જીવન પસાર કરવાનું છે એવા પરિવારના સભ્યો એકબીજાને સમજવા તૈયાર નથી. જો પરિવારના સભ્યો એકબીજાને સમજતાં શીખે તો ૮૦% પ્રશ્નો આપમેળે હલ થઈ જાય.

એકબીજાને સમજવા એટલે આપણી દૃષ્ટિને બાજુ પર મૂકી સામેનાની દૃષ્ટિએ જોતાં શીખવું; સામેનાની મુશ્કેલી-તકલીફ કે પ્રતિકૂળ પરિસ્થિતિ-સંજોગોને સમજી સહકાર આપવો. દરેક વ્યક્તિ પોતાની રીતે સાચી જ હોય છે. પરંતુ, જો દરેક વ્યક્તિ એમ જ માને કે "મારું જ સાચું છે. મારા જ નિર્ણયો બરાબર છે." આમ, એકબીજાની વાત સમજવા તૈયાર જ ન થાય તો સ્વાભાવિક જ છે કે કોઈ બાબતનો નિર્ણય ન આવે. વાતનું વતેસર થાય અને અંતે, વધુ આગળ જતાં એકબીજાનો અહમ્ ટકરાય તો આત્મીયતામાં તિરાડ પડે જ.

ઘણી વાર એવું પણ બનતું હોય છે કે કોઈ વ્યક્તિ કોઈ બાબતે તટસ્થ કે મક્કમ રહે છે ત્યારે તેની પાછળ કુટુંબ-પરિવાર, કંપની-સંસ્થા કે આપણું પણ હિત હોઈ શકે. કાં તો તે વ્યક્તિ કંઈક તકલીફમાં મુકાયેલી હોવી જોઈએ.

ભલે આપણે સાચા જ હોઈએ, પરંતુ પહેલાં સામેની વ્યક્તિને સમજવાનો પ્રયત્ન કરીએ. જો આપણે પહેલાં સમજવાની શરૂઆત કરીશું કે તેને સહકાર આપીશું તો આપમેળે સામેની વ્યક્તિને પણ લાગણી, પસ્તાવો થાય. તે પણ આપણને સમજવાનો પ્રયત્ન કરશે, સહકાર આપશે.

માટે, કોઈ પ્રસંગ બનતાં તરત તેના ઉપરના ચિત્રને જોઈ આગળ કદી ન વધીએ. "આવું કેમ કહે છે ? આવું કેમ કરે છે ?" તેનું કારણ પહેલાં તપાસવું. પછી યોગ્ય રીતે આગળ વધવું. તો સદાયને માટે સૌની સાથે સંપીને રહેવાશે.

❑ એકબીજાને સમજી શકતા નથી એનું કારણ શું ?

વ્યક્તિને સંગીત શીખવું, કમ્પ્યૂટર શીખવું ગમે છે પણ એકબીજાને સમજવાનું ગમતું નથી. એનું કારણ શું ?

તો એકબીજાને સમજવા માટે છોડવા પડે છે આપણા દૃષ્ટિકોણ, આપણી

વિચારધારા, આપણી ગ્રંથિઓ, આપણી સમજણ અને અનુસરવું પડે છે બીજાના દૃષ્ટિકોણથી, બીજાની વિચારધારાથી, બીજાની સમજણથી જે સૌથી વધુ કઠણ પડે છે. કારણ કે માનવસહજ સ્વભાવ છે કે વ્યક્તિ દરેકને પોતાના બીબામાં જ ઢાળવા પ્રયત્ન કરે છે.

ઘણી વખત વ્યક્તિ પ્રત્યે પહેલેથી જ ખોટો પૂર્વાગ્રહ બંધાઈ ગયો હોય છે. પરિણામે સામેની વ્યક્તિ સાચી હોવા છતાં તેમની સાચી વાત પણ ખોટી જ લાગે, જેથી એ વ્યક્તિની વાતને કે એ વ્યક્તિને સમજી શકતા નથી. આમ, પૂર્વાગ્રહની ગાંઠો પણ એકબીજાને સમજવામાં વિઘ્નરૂપ બને છે.

❑ એકબીજાને સમજવામાં નડતા સ્વભાવો :

(૧) દેહાભિમાન (‘હું’ભાવ) :

પોતાની સત્તા-મોટપ-આવડતનો અહમ્ આવે છે ત્યારે સામેની વ્યક્તિને સમજી શકતા નથી. કેટલીક વખત પોતાની મોટપને કારણે “હું કરું તે જ બરાબર” આવું સમજીએ છીએ. ત્યારે કોઈકની આગળ અહમ્‌વાચક શબ્દો બોલી જવાય છે. જેમ કે, “હું તારો બાપ છું, મને નહિ ખબર પડતી હોય ?” “હું બધાયથી મોટો છું, મેં તારા કરતાં ઝાઝી દિવાળીઓ જોઈ; હું શેઠ, તમને શું ખબર પડે ?” “હું ભણેલો છું, તમને ન આવડે.” આવા શબ્દો બોલી સામેનાની સાચી વાતને ખોટી કરી દઈએ છીએ. વાતને કાને ધરતા નથી. અખંડ અહમ્‌માં રાચનારી વ્યક્તિ ક્યારેય બીજી વ્યક્તિને સમજી ન શકે. તેના કૂંડાળામાં અન્યના કૂંડાળાને ન દોરી શકે.

ક્યારેક એવું બને કે વાતમાં કંઈ જ માલ ના હોય, હેતુ વગરની વાત હોય પણ બંને વ્યક્તિઓ પોતાના અહમ્‌ને કારણે એકબીજાને સમજવા તૈયાર જ ન થાય. પછી કરે કેસ. ચાલુ થાય કોર્ટ-કચેરીના ધક્કા. અંતે કશુંય ના વળે. સમય અને પૈસો બંનેનો અંતે બગાડ જ થતો હોય.

(૨) ધાર્યું કરાવવાનો સ્વભાવ :

ધાર્યું કરાવવાનો જેનો સ્વભાવ હોય તે વ્યક્તિ પણ બીજાની વાતને-મુશ્કેલીને કદી ના સમજી શકે. પોતાના મગજમાં એક વાર ફિટ થઈ ગયું કે આમ એટલે આમ. પછી બીજાનું શું થશે ? શું પરિણામ આવશે ? તેને ફાવશે કે નહિ, કરી શકશે કે નહીં ? - તેનો વિચાર નહિ કરવાનો. તેની પાસે કરાવે જ છૂટકો. જેને

કારણે ઘણી વખત સામેની વ્યક્તિ પર જાણે દબાણ થતું હોય તેવું લાગે. તેને કેટલીક આર્થિક, શારીરિક, સામાજિક, વ્યવહારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. સહન કરવું પડતું હોય છે. એ આપણે ન સમજીએ ને તે બાબત પ્રત્યે દુર્લક્ષ્ય સેવીએ તો પછી તેનું મન આપણાથી જુદું પડી જ જવાનું. એના માનસપટ પર આપણી ખોટી છાપ પડી જવાની. અને અંતે આત્મીયતામાં ભંગાણ થવાનું જ.

એકબીજાને સમજી શકવાનું નાનુંસરખું કાર્ય આપણે કરતા નથી અને પરિણામે આપણા પર મુસીબતોનો વરસાદ વરસે છે. પોતાના હાથે પોતાના જ પગ ઉપર કુહાડી મારીએ છીએ.

રોડ ઉપર રાત્રિના સમયે બે ટ્રક સામસામે આવે છે. બંનેની ફૂલ લાઈટ ચાલુ છે. જો બંને ટ્રકવાળા એમ વિચારે કે, 'હું મારી લાઈટ ડીમ નહિ કરું. હું તો ફૂલ લાઈટ જ રાખીશ.' એમ વિચારી કોઈ લાઈટ ડીમ ના કરે, ફૂલ લાઈટ જ રાખે તો તેનું શું પરિણામ આવે ? ભયંકર ઍક્સિડન્ટ જ થાય.

તેમ દરેક વ્યક્તિ એવું જ વિચારે કે 'એ ન સમજે તો હું શું કરવા સમજું ? એને સમજવું જોઈએ ને ? વાંક એનો છે, મારો નથી.'

તો તેનું પરિણામ નક્કી જ છે. ગમે તેટલું તેની સાથે હેત હોય, ગમે તેવા જૂના મિત્રો હોઈએ કે ગમે તે હોય, પોતાનાં માબાપ કે ભાઈ-બહેન હોય કે કોઈ પણ વ્યક્તિ હોય પણ સંપમાં તિરાડ પડે, પડે ને પડે જ. એકબીજાનાં મન નોખાં પડી જ જાય.

વ્યક્તિ ભણી-ગણીને ડૉક્ટર, એન્જિનિયર, મૅનેજર, શિક્ષક વગેરે જેવી ડિગ્રીઓ પ્રાપ્ત કરી બીજાને સમજાવી શકે છે પણ બીજાને સમજી શકતો નથી; પરિણામે ઝઘડા, કંકાસ અને કુસંપભર્યું વાતાવરણ સર્જાઈ જાય છે. જે બીજાને સમજતાં શીખે તેના જીવનમાં પ્રગતિ, પ્રગતિ ને પ્રગતિ જ છે. હતાશા-નિરાશા, સુખ કે દુઃખ તેના જીવનની યાદીમાંથી બહાર નીકળી જાય છે.

આપણે એકલા હોઈએ ત્યારે તો આપણે પોતે જ પોતાને સમજવાના છે, અરસ-પરસના પ્રશ્નો એકાંત જીવનમાં નથી ઉદ્ભવતા; સમૂહજીવનમાં બને છે. સમૂહજીવન એટલે સો-બસો સભ્યોનો સમૂહ ? ના, એકથી વધુ સભ્યો એટલે સમૂહજીવન. અને પરસ્પરને સમજવાનો પ્રશ્ન ત્યાં જ આવે છે.

❑ સમૂહજીવનમાં કેવા સંજોગોમાં એકબીજાને સમજવાની જરૂર છે ?

(૧) સામેનાની પરિસ્થિતિ, સંજોગો વિકટ હોય ત્યારે :

એક કિશોરને તેના પિતાએ ભણવા માટે ગામડેથી શહેરમાં મોટાં ભાઈ-ભાભીને ત્યાં મૂક્યો. પરંતુ મોટા ભાઈનાં પત્નીને તે આંખના કણાની જેમ ખૂંચે. તેમને આ ગમતું નહોતું. પરિણામે સમય જતાં કિશોર પર તેના પ્રત્યાઘાતો આવવા લાગ્યા. કિશોર અભ્યાસમાં ખૂબ હોશિયાર હોવા છતાં ભાઈ-ભાભીના અવળા પ્રત્યાઘાતોથી તે નાસીપાસ થઈ ગયો.

એક દિવસ દુઃખી હૈયે તેનાં માતાપિતાને ટપાલ લખે છે કે, ''હું હોસ્ટેલમાં રહીશ, પણ મારે ભાઈ સાથે નથી રહેવું.'' ટપાલ વાંચી પિતાએ વળતો જવાબ મોકલ્યો કે ''તારે ભણવું હોય તો અહીં જ રહેવું પડશે. આ ઘર કરતાં હોસ્ટેલ વળી કેવી સારી ? તારા નખરા અમને નહિ પોસાય. અહીં જ રહેવું પડશે.'' કિશોરના આ પ્રશ્ન પાછળ પૂરી તપાસ કરવા કે પરિસ્થિતિ સમજવા માટે તેના પિતા પણ તૈયાર થતા નથી.

સમયાંતરે આની અસર કિશોરના અભ્યાસ પર પડી અને તે નાપાસ થયો. અંતે આપઘાત કરવાના વિચારો સુધી પહોંચી ગયો.

પુત્રની વિકટ પરિસ્થિતિને તેના પિતા સમજી ન શક્યા. તેનું પરિણામ કોને ભોગવવું પડ્યું ? પિતાએ જ સહન કરવાનું રહ્યું.

કુટુંબ-પરિવારમાં કે સત્સંગમાં ક્યારેક આપણે સામેની વ્યક્તિની વાત પણ પૂરી સાંભળતા નથી. તે શું કહેવા માંગે છે ? કેમ આવી માંગણી કરે છે ? તેને શું તકલીફ કે મુશ્કેલી છે ? તે કયા હેતુથી આમ કરે છે ? આવા બધા પ્રશ્નોમાં ઊંડા ઊતરવાને બદલે જે દેખાયું, જે જોયું, જે સાંભળ્યું તેના નિર્ણયો તરત આપી દઈએ છીએ.

આપણને કોઈનાં વર્તન-સ્વભાવ ઉપરથી તે વ્યક્તિ ખરાબ દેખાઈ, કોઈની ક્રિયા ઉપરથી અયોગ્ય જોઈ કે કોઈનું હીણું વચન આપણે કોઈના દ્વારા સાંભળ્યું તો તે શું સાચું માની લેવું ? તે સાચું જ હશે ? ના.

ઘણી વખત એવું બનતું હોય છે કે પિતાની પરિસ્થિતિ દીકરાઓ નથી સમજી શકતા હોતા. માબાપ પોતે પેટે પાટા બાંધી કરકસર કરી દીકરાઓને ભણાવતા હોય છે. પરંતુ કેટલીક વખત આર્થિક મુશ્કેલીઓને કારણે દીકરાઓની

જરૂરિયાતને સંતોષી નથી શકતા. ત્યારે બીજાનું અનુકરણ કરી રહેલા દીકરાઓ માબાપ સામે વાંધો ઉઠાવતા હોય છે, ધાકધમકી બતાવતા હોય છે, "જો તમે મને આ નહિ આપો કે આમ નહિ કરો તો હું આમ કરીશ." તેનાથી માબાપ મૂંઝાતાં હોય છે. ટીન એજર દીકરાઓનું લક્ષ્ય માબાપની પરિસ્થિતિઓ સમજવા તરફ નથી હોતું. તેમનું લક્ષ્ય તો કેવળ મોજશોખ તરફ હોય છે.

ઘર-પરિવાર હોય કે પછી ધંધા-વ્યવહાર હોય, દરેક જગ્યાએ ક્યાંક વિકટ સંજોગો તો આવતા જ હોય છે. આવા વિકટ સંજોગો એકબીજાને સમજવાને બદલે આક્ષેપો મૂકવાથી આત્મીયતામાં તિરાડ પડતી હોય છે. પરંતુ એ વિકટ સંજોગો કેમ સર્જાય તેની જો તપાસ કરી સામેની વ્યક્તિને સમજવા પ્રયત્ન કરીએ તો વિકટ પ્રશ્નોનો ઉકેલ સુખરૂપ આવતો હોય છે.

એક શેઠના ઘેર વર્ષોથી એક નોકર કામ કરે. નોકર સંપૂર્ણ વિશ્વાસુ હતો. ઘણી વખત શેઠ નોકરના ભરોસે આખા ઘરની જવાબદારી સોંપીને બહાર પણ જતા. દર મહિને નોકરને નક્કી કરેલો પગાર ચૂકવવામાં આવતો હતો. તેમાં જ તે સંતોષ માનતો હતો.

વર્ષો પછી એક પ્રસંગ બન્યો. શેઠના ઘેર તેમના મિત્ર રહેવા આવ્યા. તેમણે શેઠને નોકરના ભરોસે આખું ઘર છોડી દેતા નિહાળ્યા. તેમને અંદર પ્રશ્ન ઊભો થયો કે આમ કોઈ અજાણી વ્યક્તિ પર આટલો બધો વિશ્વાસ મૂકી દેવાય ? પણ શેઠને ન કહ્યું.

એક દિવસ બંને મિત્રો બહાર ગાર્ડનમાં બેઠા છે. તે સમયે શેઠના મિત્રે બહાર ખુરશીમાં બેઠા બેઠા એક બીના જોઈ. પેલા નોકરને શેઠના કોટમાંથી પૈસા કાઢતો જોયો. એટલે બીજા દિવસે ફરીથી બહાર આવીને બેઠા ત્યારે શેઠને વાત કરી.

"તમે નોકર પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી દીધો છે તો શું ખરેખર એ એવો વિશ્વાસુ છે ખરો ?" શેઠે કહ્યું, "હા." ત્યારે મિત્રે તેમને આગલા દિવસે બની ગયેલા પ્રસંગની વાત કરી. પરંતુ શેઠને સાચું ન મનાયું. ફરીથી શેઠને સમજાવ્યા કે આવા સમયમાં કોઈની પર વિશ્વાસ ન મૂકી દેવાય. ઘરના સભ્યો પર વિશ્વાસ ન મુકાય તો આવી અજાણી વ્યક્તિ પર કેવી રીતે સંપૂર્ણ વિશ્વાસ મૂકી દેવાય ? આવું સાંભળતાં શેઠને મિત્રની વાત સાચી મનાઈ, પરંતુ બીજી બાજુ નોકર આવું ન જ કરે તે બાબતે પણ વિશ્વાસ હતો. શેઠ વિચારમાં પડી ગયા કે હવે મારે શું

કરવું ? નોકર ઉપર આક્ષેપ મૂકવાને બદલે 'તેણે આવું કેમ કર્યું હશે ?' તે વિષે શેઠે ઊંડું વિચાર્યું. નોકરના ઘરની પરિસ્થિતિનો વિચાર કરતાં શેઠને થયું કે જ્યારથી નોકરને મેં કામે રાખ્યો છે ત્યારથી મેં એટલો ને એટલો જ પગાર એને આપ્યો છે. એમાં વધારો કર્યો જ નથી ! હવે એનો પરિવાર પણ બહોળો થતો ગયો છે. જવાબદારીઓ વધી છે અને મોંઘવારી પણ વધતી ગઈ છે. તેથી તેને પહોંચી વળવા માટે તેને આવું કૃત્ય કરવું પડ્યું હશે. બાકી તે કરે જ નહીં. માટે ખરેખર ગુનેગાર તો હું જ છું. એવી રીતે નોકરના વિકટ સંજોગ-પરિસ્થિતિનો વિચાર કરી તેનો પગાર વધારવાનું નક્કી કર્યું.

નોકરને બહાર બોલાવ્યો. શાંતિથી સમજાવ્યો અને ચોરી કરવા પાછળનું રહસ્ય પૂછ્યું તો ઘરમાં સર્જાયેલી આર્થિક ભીંસ જ હતી. શેઠે જો નોકરને સમજવાનો યોગ્ય રીતે પ્રયત્ન કર્યો તો શેઠ અને નોકર વચ્ચેની આત્મીયતા જળવાયેલી રહી. કોઈ પણ જાતની માથાકૂટ કે પ્રશ્નો વગર શાંતિથી કામ પતી ગયું. તેમ આપણે પણ આપણા સમૂહજીવનમાં એકબીજાની પરિસ્થિતિ, સંજોગોને સમજીશું તો અરસપરસની આત્મીયતા જરૂર વધશે.

(૨) કાર્ય અંગે સામેનાની નિષ્ફળતા જોઈએ ત્યારે :

ઘણી વખત કોઈ કાર્ય પાછળ સંપૂર્ણ પ્રયત્ન કર્યા પછી પણ નિષ્ફળતા મળે છે ત્યારે તે જોઈને, સાંભળીને આપણા માનસપટ પર ઘણી બધી છાપો પડી જાય છે. પરંતુ વ્યક્તિ કેમ નિષ્ફળ ગઈ છે તેની આપણે તપાસ કરતા નથી.

બીજા પ્રત્યે આપણી ઇચ્છાઓ-અપેક્ષાઓ ખૂબ ઊંચી હોય છે. પરંતુ સામેનાની કાર્યક્ષમતા ન હોય તોપણ તે કાર્યમાં સફળતા ન મેળવી શકે. કાં તો તેને કાર્ય સફળ કરવા માટે અમુક વિઘ્નો નડતાં હોય તેવું પણ બની શકે.

આવા સંજોગોમાં સામેની વ્યક્તિને સમજી ન શકવાના કારણે જ અશાંતિ ઊભી થાય છે; ને ન વિચાર્યું હોય તેવું સર્જન થઈ જાય છે.

એક યુવાન ભણવામાં ખૂબ તેજસ્વી, હોશિયાર. એના પિતાને તેની પાછળ ખૂબ મોટી આશા હતી કે યુનિવર્સિટીમાં તેનો પ્રથમ નંબર આવે. પરંતુ, કોઈ કારણસર યુવાનનો નંબર બીજો આવ્યો. યુવાનને એકદમ આઘાત લાગ્યો. હવે શું કરીશ ? પિતાને શો જવાબ આપીશ ? પિતા મારી નિષ્ફળતાને નહિ સ્વીકારે કે મારી વાતને નહિ સમજી શકે તેનું પણ તેને અસહ્ય દુઃખ હતું. અંતે તેણે પંખે લટકીને આત્મહત્યા કરી લીધી.

ક્યારેય પહેલેથી આપણી એવી છાપ ઊભી ન કરીએ કે સામેની વ્યક્તિને એવું લાગે કે આ મને નહિ જ સમજી શકે.

(૩) કાર્યોના નિર્ણયો લેવાના હોય ત્યારે :

ઘર-પરિવારમાં કે પછી ધંધા-વ્યવહારમાં જ્યાં અતિ મહત્ત્વના નિર્ણયો લેવાના હોય ત્યાં જો એકતરફી નિર્ણય લેવાય કે અન્યના હિતાર્થે નિર્ણય ન લેવાય તો મોટા વિક્ષેપો સર્જાતા હોય છે. કેટલીક વાર બાળકોને આગળ શું ભણવું છે તેનો નિર્ણય પણ તેનાં માતાપિતા જ લેતાં હોય છે; પરંતુ બાળકની શી ઈચ્છા છે એને શેમાં રસ છે તે નથી જોતા. છેવટે બાળક નિરસ થઈ ભણે અને ભોપાળું વાળે છે. એવી જ રીતે, દીકરા-દીકરીઓનાં લગ્નની બાબતમાં પણ ઘણી વાર આવું થતું હોય છે. ક્યારેક સત્સંગમાં કે સમાજમાં પણ નિર્ણયો લેવાના હોય ત્યારે પણ જો એકબીજાને સમજ્યા વગર નિર્ણયો લેવાય તો મનદુઃખ ઊભું થતું હોય છે.

બે કે બેથી વધુ વ્યક્તિઓને ભેગા મળીને જ્યારે કેટલાક નિર્ણયો લેવાના થતા હોય છે ત્યારે કેટલીક બાબતો સમજવી જરૂરી છે :

૧. જે નિર્ણયો લઈએ તે બીજાના હિતને ધ્યાનમાં રાખીને લેવા જોઈએ.
૨. પોતાના સુખ સામું ન જોવું જોઈએ.
૩. જે નિર્ણયો લઈએ તે બીજાને અનુકૂળ અથવા તો સ્વીકૃત થઈ શકે તેવા હોવા જોઈએ.
૪. બીજાનાં સૂચનોને પણ સ્વીકારવાં જોઈએ.

ઘણી વખત વડીલ તરીકે આપણે નિર્ણયો લેવાના હોય ત્યારે આપણે આપણા ઠરાવો મુજબ બીજાને તેમાં વર્તાવવા માંગતા હોઈએ છીએ એટલે કે આપણો નિર્ણય એ જ સાચો, બીજાને આમાં ખબર ન પડે તેવું માનતા હોઈએ છીએ. પરંતુ એવું પણ બની શકે કે કોઈ આપણાથી ઉંમરમાં નાના હોય, ભણેલા-ગણેલા ઓછા હોય પણ તેમના નિર્ણયો સાચા ને યોગ્ય પણ હોઈ શકે. તો તેમની વાતને-સૂચનને પણ ધ્યાનમાં લેવાં જોઈએ. તેમની દૃષ્ટિથી પણ જોવું જોઈએ.

(૪) વાણી અથવા વર્તને કરીને કોઈની સાથે અણબનાવ બને ત્યારે :

માનવ સ્વભાવગત દરેક વ્યક્તિ એવું જ ઈચ્છતી હોય છે કે, ‘‘હું કહું તેમ બધા કરે.’’ જેથી જ્યાં પોતાની ઈચ્છા પૂરી ન થાય અથવા પોતાના સ્વભાવનું

ખંડન થાય ત્યાં વાણી અને વર્તનની વિકૃતિ થઈ જાય છે. ક્રોધાવેશના આવેગમાં આવીને ન બોલવાનું બોલાઈ જાય છે અને ક્યાંક અણછાજતું વર્તન પણ થઈ જતું હોય છે. આવા સમયે જો સામેવાળી વ્યક્તિ તેના પ્રત્યાઘાત રૂપે એવું જ વર્તન કરે તો પરિસ્થિતિ વધુ વણસે છે. પરંતુ ત્યારે વિચાર કરવો જોઈએ કે આવું બનવા પાછળનું કારણ શું છે ? કારણ તપાસ્યા પછી તે જો સાચું હોય તોપણ તે સમયે તેની મનોસ્થિતિને સમજવા પ્રયત્ન કરવો. પરિસ્થિતિને સમજી સવળી રીતે મૂલવવી. કંઈક છોડવું પડે કે આપણો અહમ્ ઘવાતો હોય તેવું લાગતું હોય તોપણ ગળી જવું... તો કુસંપનું સર્જન ન થાય.

☐ એકબીજાને સમજવા માટે આટલી બાબતો આપણા જીવનમાં દૃઢ કરીએ :

(૧) નમવું પડશે, ખમવું પડશે ને સહન કરવું પડશે :

"તુંડે તુંડે મતિર્ભિન્ના" - વ્યક્તિએ-વ્યક્તિએ દૃષ્ટિકોણ, વિચારધારા, માનીનતા, પૂર્વાગ્રહ, લાગણીઓ, સમજણ વગેરે જુદાં જુદાં હોય છે. એક કુટુંબમાં સાથે રહેતા પરિવારના સભ્યો જમવા બેસે ત્યારે કોઈને ખાટું ભાવે તો કોઈને તીખું ભાવે, કોઈને ગળ્યું ભાવે તો કોઈને ખારું ભાવે, કોઈને ઠંડી વધુ લાગે તો કોઈને ગરમી વધુ લાગે, કોઈને એકલા રહેવું ગમે તો કોઈને સમૂહમાં રહેવું પસંદ પડે. માટે પરિવારમાં દરેક વ્યક્તિને સમજવા પોતાનું જતું કરી નમી જવાની, ખમી જવાની ને સહન કરી લેવાની ભાવના રાખવી.

'કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી.' સંસારમાં મોટે ભાગે આવી પરિસ્થિતિ હોય છે. આવી સ્થિતિમાં સામેનાના દૃષ્ટિકોણને સ્વીકારવો અને સમજવો બહુધા પરિવારોમાં અઘરો પડતો હોય છે.

કેટલાકના સ્વભાવ જ એવા હોય કે જેમાં ક્યારેય સુધારો જ ના થઈ શકે. ત્યારે તેને સુધારવાને બદલે આપણે સમજણ રાખવી પડશે. તેનાં બે કડવાં વેણ ખમવાની તૈયારી જોઈશે. તેની આગળ નમવાની તૈયારી જોઈશે, જો આપણે સંપ રાખવો હશે તો.

(૨) આપણી માનીનતાઓને બાજુ પર મૂકી નિર્ણયોને બદલવા પડશે :

સ્વાભાવિક જ છે કે સામેના કૂંડાળામાં જવા માટે આપણા કૂંડાળાને છોડવું જ પડે. આપણા કૂંડાળામાં રહી સામેના કૂંડાળામાં ન જઈ શકાય. તેમ, સામેની વ્યક્તિને સમજવા માટે પહેલાં આપણી માનીનતામાંથી બહાર નીકળવું

ફરજિયાત છે.

આપણને જે ચશ્માંથી સારું દેખાય છે તે જ ચશ્માંથી બીજી વ્યક્તિને સારું ન પણ દેખાય. ક્યારેક દેખાતું હોય તે પણ બંધ થઈ જાય. કારણ કે, આપણી અને બીજાની આંખના નંબર જુદા છે. એ વખતે આપણાં ચશ્માં તેને કામ ન લાગે. તેમ, દરેકની માનીનતાઓ પણ જુદી જુદી છે. આપણી માનીનતા એ જ બધાની માનીનતા હોઈ શકે તે તદ્દન ખોટી વાત છે.

ત્યાં આપણી દૃષ્ટિ-સમજણ બદલવી પડે. જે વ્યક્તિ પોતાની માનીનતાને બાજુ પર મૂકી શકે તેને સામેની વ્યક્તિને સમજવી અઘરી નહિ લાગે. તે જ બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજી શકે અને તે જ ઘરમાં સંપ રાખી શકે.

રોજિંદા જીવનમાં પતિ-પત્ની, સાસુ-વહુ, નોકર-શેઠ, શિક્ષક-વિદ્યાર્થી, વાલી-બાળક બધાંનો પ્રશ્ન એક જ છે કે અમને કોઈ સમજી શકતાં નથી. આવા સંજોગોમાં સંપ રાખવા માટે એક જ ઉપાય છે – સામેની વ્યક્તિને સમજવાનો પ્રયત્ન કરવો.

નાનો અણસમજુ બાળક આખો દિવસ રડ્યા કરે, જમે નહિ ત્યારે તેની મા બાળકની દૃષ્ટિએ જુએ છે. તે વિચારે છે કે બાળક કદાચ ભૂખ્યો થયો હશે કાં તો તેને શરીરમાં કંઈક તકલીફ થઈ હશે. તેમ કરીને તે જમાડે કાં તો ડૉક્ટર પાસે લઈ જાય છે. પણ, એમ વિચારે કે આને તો રડતાં જ આવડે છે; રડવા સિવાય બીજું કંઈ સૂઝતું જ નથી; આખો દિવસ હેરાન જ કર્યા કરે છે - જો એવું વિચારે તો બાળકને સાચવી ન શકે. પરંતુ એ એવું વિચારતી નથી, કારણ કે ‘મા’ બાળકની દૃષ્ટિથી જુએ છે ને વિચારે છે.

જ્યારે બાળક વાલીનું ન માને, નિષ્ક્રિય બની જાય, ઘર પ્રત્યે અરુચિ દેખાડે, મૂંઝાયા કરે, ટેન્શનમાં ફર્યા કરે, અંદરથી બળ્યા કરે, વ્યસનની લતે ચઢી જાય, માતાપિતાથી જુદા થવાનો પ્રયાસ કરે, જાણી-જોઈને અજાણ્યાની જેમ વર્તે, સીધી વાતને અવળી લે, બધાની જોડે ઝઘડ્યા કરે ત્યારે આવા સમયે વાલીની ફરજ બને છે કે બાળકની દૃષ્ટિએ જોવું. તેને શું નડે છે ? બાળકને આવું ગેરવર્તન કરવાની જરૂર કેમ પડે છે ? કદાચ તે તેની રીતે સાચો પણ હોઈ શકે.

બાળક પડી જાય તો તેને પાટુ ન મરાય, તેને પકડીને ઊભો કરવો તે વાલીની ફરજ છે. તેમ, બાળક અન્ય કોઈ પણ ક્ષેત્રે નિષ્ફળ જાય તો તેને ધુત્કારી ના નાંખો. તેને ડોબાં ચારવાનું સર્ટિફિકેટ ન આપી દઈએ. તેની પરિસ્થિતિને

સમજી તેને નડતાં વિઘ્નો દૂર કરવાના પ્રયત્નો કરીએ.

- **પરિવારના સભ્યો સાથે અરસપરસ કામ લેવા માટેનાં ઉત્તમ સૂત્રો :**

- બાળકને જીવનજરૂરી વસ્તુઓને માગતાં પહેલાં, સમયે પૂરી પાડીએ.
- અમુક ઉંમર થાય પછી પોતાના પુત્રને પુત્ર તરીકે ન સ્વીકારીએ, મિત્ર તરીકે સ્વીકારીએ.
- અમુક કહેવા જેવી ઘરની વાતને કે પરિસ્થિતિને ઘરમાં સામે ચાલીને કહીએ.
- અમુક સમય પછી પુત્રને યોગ્ય ને પાત્રતા મુજબ સ્વતંત્રતા આપવી જોઈએ, ને સાથે સાથે વધુ પડતા લાડ પણ ન લડાવીએ કે જેથી કરીને તેનું સ્વચ્છંદી જીવન પણ ન થઈ જાય.
- ઘરના સૌ સભ્યો પ્રત્યે ખાવામાં, પીવામાં, વસ્તુમાં - મિલકતની વહેંચણીમાં ભેદભાવવૃત્તિ ન રાખીએ.
- દીકરા પ્રત્યે પારકા-પરાયાનો ભાવ ન લાવીએ.
- બાળકોનાં ઘડતર, ભણતર ને સંસ્કાર માટે જરૂરી સમય કાઢીએ.
- બાળકોને પૂરતો પ્રેમ આપીએ કે જેથી પ્રેમની શોધ માટે બીજે ન જાય.
- સાથે રહી બાળકોને કામ શિખવાડીએ.
- કરેલી ભૂલને વારંવાર યાદ ન કરાવ્યા કરીએ ને થયેલી ભૂલોનું વારંવાર ટોર્ચરિંગ ન કર્યા કરીએ. છતાં પરિણામ ખરાબ ન આવે તે માટે સુધારો પણ કરાવીએ.
- બધાની વચ્ચે બાળકોને ઉતારી ન પાડીએ.
- બાળકે પોતાના ભણતર અને જીવનના ઘડતર માટે માબાપે કેવાં કષ્ટો સહન કરવાં પડ્યાં તે કદી ના ભૂલવાં જોઈએ.
- ઘરની આર્થિક પરિસ્થિતિને સમજીએ; માબાપ મહેનત કરે ને દીકરા પૈસાની હોળી કર્યા કરે તેવું ન કરીએ.
- માબાપના ભવિષ્યના આધારનો ખ્યાલ કરવો.
- વડીલો સાથે અજુગતું વર્તન ન કરીએ. આપણાથી વડીલો દુભાઈ ન જાય તેનું ધ્યાન રાખીએ.
- માબાપને સંપૂર્ણ વિશ્વાસ અપાવીએ.
- અમુક ઉંમર પછી સામે ચાલીને માબાપની જવાબદારી ઉપાડી લઈએ ને તેમને નિવૃત્ત કરીએ.

- માબાપ કદી પોતાના દીકરાનું અહિત કરે જ નહિ તેવું સમજીએ.
- સાસુ-વહુના સંબંધોને મા-દીકરીના સંબંધોમાં પરિવર્તિત કરીએ.
- આપણા ઘરની વાતોને ઘરમાં જ રાખીએ.
- રાખેલ નોકરને જરૂરી પગાર આપીએ ને સમય પ્રમાણે તેમાં વધારો પણ કરીએ.
- કોઈનો ગુસ્સો નોકર પર ન ઉતારીએ.
- ખાનદાનીપૂર્વક સોંપેલી જવાબદારીને નિભાવીએ.
- અન્યની ક્ષમતા જોઈ તેની સાથે કામ લઈએ.
- સૌની સાથે ધીરજતાથી કામ લઈએ.
- અન્યનાં સૂચનોને સ્વીકારીએ પણ તરછોડી ના દઈએ.
- અન્યની નિષ્ફળતાને ભુલવાડી સફળતા માટેના પ્રયત્ન કરીએ.
- ક્યારેય પોતાના સુખની ઇચ્છા ન રાખીએ. હંમેશાં બીજાના જ સુખનો વિચાર કર્યા કરીએ.
- પોતાની ભૂલનો સ્વીકાર કરીએ. બીજાને દોષિત કદી ના કરીએ.
- ક્યારેય આપણા ગમતામાં ન રાચીએ.
- એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થઈએ.
- હશે હશેની ભાવના રાખીએ.
- નાના-મોટા સૌની વાતને સમજીએ.
- આપણું ધાર્યું ન કરીએ કે ન કરાવીએ.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. હળવાફૂલ જેવા થવાનો ઉપાય

જવાબદારીને નિભાવો

અભિષેકભાઈ સવારના પહોરમાં ડ્રૉઈંગરૂમમાં સોફા ઉપર બેસી વાંચી રહ્યા છે. એવામાં ઘરમાંથી બૂમ પડી, "અભિષેક ! ઓ અભિષેક ! પરમ દિવસે મેં ઘર માટે બાટલો નોંધાવવાનું કહ્યું હતું તે નોંધાવ્યો કે નહીં ?" અભિષેકભાઈએ બહુ લક્ષ્ય ન આપ્યું અને વાંચવાનું ચાલુ રાખ્યું. રસોડામાંથી તેમનાં ધર્મપત્ની ડ્રૉઈંગરૂમમાં આવ્યાં અને થોડા ઊંચા અવાજે કહ્યું, "સાંભળતાં નથી ! ક્યારની બૂમો પાડું છું કે પરમ દિવસે મેં તમને બાટલો નોંધાવવાનું કહ્યું હતું તે નોંધાવ્યો કે નહીં ?" અભિષેકભાઈએ પ્રતિઉત્તર આપતાં થોડા ભારે અવાજમાં કહ્યું, "ના, મને ટાઈમ નથી મળ્યો એટલે નોંધાવ્યો નથી." વળતા ઉત્તરમાં ધર્મપત્નીએ કહ્યું, "ટાઈમ નથી મળ્યો કે ભૂલી ગયા છો ?" અભિષેકભાઈએ કહ્યું, "ભૂલી ગયો હતો, બસ !" આટલું સાંભળતાં જ તેમનાં ધર્મપત્ની ઊકળ્યાં, "આમેય તમારા કામમાં કયા દિવસે ભલીવાર હોય છે ? જિંદગીમાં કોઈ દિવસ કોઈ વાતને ગંભીરતાથી નોંધતાં જ ક્યાં શીખ્યા છો ? આ ઘરની બધી જવાબદારી તો મારી એકલીની જ છે ને ? એક બાટલો સમયે નોંધાવવાની જવાબદારી પણ તમારી નહીં ?" આટલું કહ્યું ત્યાં સામે અભિષેકભાઈ ઊકળ્યા,

"બધી ખબર પડે છે. તું શું કામ કરીને ઊંધી વળી ગઈ ! રસોઈ કરવાની ને ઘર ચોખ્ખું રાખવાનું અને કપડાં ધોવાનાં આ સિવાય તારે જવાબદારી જ શું છે ? તે આખા ઘરની જવાબદારી મારી એકલીની કહે છે ! છાનીમાની તારું કામ કર... આજે બાટલો નોંધાઈ જશે." વળતો ઉત્તર આપતાં ધર્મપત્નીએ કહ્યું, "હા, હું તો સાવ નવરી જ છું ને ! ત્રણ કામ સિવાય મારે બીજું કામેય ક્યાં છે !

પોતાની ભૂલ તો ઓળખાતી નથી ને પાછા પાવર કરો છો ! અત્યારે માંડ રસોઈ બની છે. ગૅસ ખલાસ થઈ ગયો છે. સાંજે શું જમશો, શકોરું ! સમયે બાટલો નોંધાવી દીધો હોય તો આટલી લાંબી કથા ના થાત.'' અભિષેકભાઈએ રોષે ભરાઈને કહ્યું, ''હા, સાંજે શકોરું જમીશ, બસ !'' બંને સભ્યો મોં ચડાવી છૂટાં પડ્યાં.

સાંજના ૭ વાગ્યાનો સમય થયો હતો. સાગર શાળાએથી ટ્યૂશન જઈ ઘરે પાછો આવ્યો. મિહિરભાઈ અને તેમનાં ધર્મપત્ની સોફા ઉપર બેસી કોઈક બાબતની ચર્ચા કરી રહ્યાં હતાં. સાગરે તેમને સંબોધતાં કહ્યું, ''મમ્મી, પપ્પા, આજે મને શાળામાં શિક્ષા થઈ !'' ''કેમ ?'' ''આ મહિનાની મારી શાળાની ફી ભરાઈ નથી એટલે.'' મિહિરભાઈ બોલ્યા, ''સારું બેટા, આવતી કાલે ફી ભરાઈ જશે.'' આ વાત પતે બે દિવસ થયા. વળી એક સવારે સાગર શાળાએ ભણવા ગયો હતો પણ અચાનક રડતો રડતો પાછો આવ્યો. તેને રડવાનું કારણ પૂછ્યું તો જાણવા મળ્યું કે શાળાની ફી હજુ સુધી ભરાઈ નથી એટલે સાગરને શાળામાંથી પાછો કાઢ્યો છે. આ જાણતાં જ મિહિરભાઈએ સાગરનાં મમ્મીને બૂમ પાડી કહ્યું, ''આ સાગરની શાળાની ફી કેમ ભરી નથી ?'' પ્રતિઉત્તર આપતાં સાગરની મમ્મીએ કહ્યું, ''મને શું ખબર ? તમે ભરવાના હતા !'' આટલું સાંભળતાં મિહિરભાઈ બોલ્યા,

''મને શું ખબર એટલે ?! સાગરની ફી ભરવાની ચિંતા રાખવી એય તારી જવાબદારી નહીં ?!'' સાગરની મમ્મીએ કહ્યું, ''સાગરે જ્યારે ફી નથી ભરાઈ એમ કહ્યું ત્યારે તમે જ બોલ્યા હતા કે આવતી કાલે ફી ભરાઈ જશે. એટલે મને એમ કે તમે ભરી દેશો.'' મિહિરભાઈ બોલ્યા, ''હું ધંધાનું કરું, વ્યવહારનું કરું, ખરીદીનું કરું કે પછી છોકરાનું કરું ? મને એમ કે તેં ભરી દીધી હશે એટલે મનેય ન સાંભર્યું !'' બંનેના સંવાદમાં સાગર વચ્ચે બોલ્યો, ''તમે બંનેએ એકબીજા માથે જવાબદારી નાંખી એમાં સહન તો મારે જ કરવાનું ને !''

અનેક પરિવારો એવા છે જેમાં આવી ઘટનાઓ એક-બે વખત નહિ, અસંખ્ય વખત, જુદા જુદા કારણ માટે, જુદી જુદી બાબતો માટે બનતી રહે છે. જેના કારણે ઘરમાં અંદરોઅંદર પરિવારના સભ્યો વચ્ચે સંઘર્ષ થાય છે. ક્યાંક એ સંઘર્ષ મોટું સ્વરૂપ ધારણ કરી અણધાર્યું પરિણામ પણ લાવી દે છે. રોજબરોજના જીવનમાં બનતી આવી ઘટનાઓનું મૂળ કારણ છે જવાબદારીની સભાનતાનો

અભાવ. આપણા સાંસારિક પ્રશ્નોને ઓછા કરવા માટે આ એક પાસું પણ અતિ આવશ્યક છે; અને એ છે... 'જવાબદારીને નિભાવો'.

મોટે ભાગે એવું જોવા મળે કે જવાબદારી નિભાવવાની વાત આવે ત્યારે, આપણી દૃષ્ટિ ઘરના ભરણપોષણ માટે, નોકરી-ધંધો કરી ઘર ચલાવનાર મુખ્ય પુરુષસભ્ય પર કેન્દ્રિત થઈ જાય. આપણે માનસિક રીતે એવું માની લેતા હોઈએ છીએ કે આ જવાબદારીની વાત આપણા માટે નથી. ઘર ચલાવનાર પુરુષસભ્ય, ઘરના મોભી માટે જ છે. પરિણામે આપણે આપણી 'જવાબદારી'માંથી સરળતાથી ખસી જઈએ છીએ. પરંતુ, 'જવાબદારી' શબ્દ માત્ર ઘરના મુખ્ય પુરુષસભ્ય માટે જ લાગુ નથી પડતો. 'જવાબદારી' શબ્દ નાના બાળકથી માંડી, ઘરના વયોવૃદ્ધ વડીલને પણ લાગુ પડે છે. દરેક વ્યક્તિના જીવનમાં કંઈક તો જવાબદારી હોય જ છે.

જવાબદારી એટલે શું ? તો કોઈ પણ બાબત અંગે આપણી ફરજ, જેને ઇંગ્લિશમાં કહેવાય છે... Responsibility.

આપણે પિતા થયા તો એ પદવી મળતાંની સાથે જ આપણી કેટલીક ફરજો આપમેળે નિર્માણ પામી જાય છે. એ જ રીતે આપણે કોઈના દીકરા થયા કે દાદા થયા, પરંતુ દરેક પદવી મળતાંની સાથે જ આપણી કેટલીક ફરજો બની જાય છે. એ ફરજોને અદા કરવી એનું નામ જ 'જવાબદારી નિભાવી' કહેવાય.

'જવાબદારી' શબ્દ એવો છે કે જેની જીવનના દરેક ક્ષેત્રે જરૂર પડે છે. સાંસારિક જીવન હોય કે વ્યવહારિક બાબત હોય કે પછી સત્સંગ કે આધ્યાત્મિક માર્ગ હોય, પરંતુ બધે જ જવાબદારીનું મહત્ત્વ એકસરખું છે. દુનિયાના કે આપણા જીવનના કોઈ પણ લક્ષ્યની દિશામાં જવાબદારીનું મૂલ્ય એક તસુ પણ ઓછું આંકી શકાય એવું નથી. જે વ્યક્તિના જીવનમાં જવાબદારી નિભાવવાનું અંગ હોય એ જ જીવનમાં પ્રગતિના શિખરને પામી શકે છે. એની જ સૌ કિંમત કરતા હોય છે. Winston Churchill (વિન્સ્ટન ચર્ચિલ) કહે છે, "Responsibility is the price of greatness." એટલે કે "જવાબદારી એ મહાનતાનું એક બહુ મોટું પાસું છે." આની સાપેક્ષમાં જેના જીવનમાં જવાબદારી નામનો કોઈ શબ્દ જ નથી એ કદી સફળતાની મજલ નહિ કાપી શકે. એના માટે દરેક પ્રયત્નમાં નિષ્ફળતા જ હશે. આપણા સ્વજીવનમાં પણ જો જવાબદારીનું અંગ નહિ હોય તો દુ:ખી થવાનો, પળે પળે ફટકા ખાવાનો સમય દૂર નથી એવું સમજી લેવાનું.

જવાબદારીનો દંડો આપણને બધી જ જગ્યાએ વાગ્યા કરશે.

આપણી જવાબદારીના અભાવે આપણે ક્યાંક તકલીફમાં, મુશ્કેલીમાં મુકાઈ જઈએ ત્યારે આપણે એ મુશ્કેલી આવવાનું કારણ બીજાને ગણતા હોઈએ છીએ. પરંતુ એ ખરેખર વાસ્તવિકતા નથી. અને એટલે Wayne Dyer (વેન ડીયર) આ અંગે પોતાનો અભિપ્રાય જણાવે છે,

"Simply put, you believe that things or people make you unhappy, but this is not accurate. You make yourself unhappy."

અર્થાત્ ''આપણે એવું માનતા હોઈએ છીએ કે કોઈ વ્યક્તિ કે વસ્તુ આપણને દુ:ખી કરે છે. પરંતુ ખરેખર એ સાચું નથી. (આપણે આપણી જવાબદારીઓને ચૂકી જઈએ છીએ.) આપણે જ આપણી જાતને દુ:ખી કરીએ છીએ.''

એક સામાન્ય દૃષ્ટિએ વિચારીએ કે નીચેના આવા સંજોગોમાં જવાબદારી ચૂકાઈ જવાય તો !!

૧. વિમાનનો ચાલક પાઇલટ પોતાની જવાબદારી ચૂકી, વિમાનમાં બેસેલા પૅસેન્જરની જેમ ઝોકું ખાય કે સૂઈ જાય તો કેવી પરિસ્થિતિનું સર્જન થાય ?
૨. કોઈ મિસાઇલ છોડવાની હોય અને એ મિસાઇલ છોડવાનું છેલ્લું સ્ટાર્ટનું બટન દબાવનાર સભ્ય જો પોતાની જવાબદારી ચૂકી જાય તો ?
૩. કોઈ કંપનીનો એકાઉન્ટન્ટ જો પોતાની જવાબદારી ચૂકી જાય તો ?
૪. કોઈક ઑફિસમાં ફાઇલ કે કોઈ ડેટા સબમિટ કરવાનો હોય અને તેમાં ફાઇલ તૈયાર કરનાર કોઈક અતિ અગત્યનો ડૉક્યુમેન્ટ (કાગળ) મૂકવાનું ભૂલી જાય તો ?
૫. આપણા કોઈ સંબંધીને ફૅમિલી સાથે ઘરે જમવાનું આમંત્રણ આપણે આપ્યું પરંતુ ઘરે આ વાત જણાવવાની જ રહી ગઈ, ભૂલી ગયા અને રાત્રે ઘેર પહોંચ્યા ત્યારે મહેમાન પણ આવી ગયા હતા. આવા સંજોગમાં શી પરિસ્થિતિનું સર્જન થાય ?

સારરૂપ બાબત એ છે કે જ્યાં આપણે આપણી જવાબદારી ચૂકી જઈશું ત્યાં આપણા માટે મુસીબતો અને આફતો વરસવા માટે તૈયાર જ હશે. એટલું જ નહિ, આપણે આપણી જવાબદારી ચૂકીશું એમાં આપણને તો નુકસાન છે જ. પરંતુ આપણી એટલી ભૂલ, જવાબદારીની અસભાનતા આપણા કારણે બીજા કેટલાયને મુશ્કેલીમાં મૂકી દેતી હોય છે. આપણા કારણે બીજાને સહન કરવું પડતું

હોય છે.

એક વાત સનાતન સત્ય છે કે જવાબદારી સંભાળવામાં નાનાં-મોટાં વિઘ્નો આવવાનાં જ છે. કોઈ વ્યક્તિ, વસ્તુ, વાતાવરણ કે સત્તા - આ બધું આપણને આપણી જવાબદારી સંભાળવામાં ખલેલરૂપ બનશે જ. પરંતુ એમાંથી આપણે જ સરળ રસ્તો કાઢી, આપણી જવાબદારીને નિભાવવી પડશે. જેના અનુસંધાનમાં Jim Rohn (જીમ રોન) જણાવે છે,

"You must take personal responsibility. You can not change the circumstances, the seasons, or the wind, but you can change yourself. That is something you have charge of."

અર્થાત્ "આપણે આપણી જવાબદારીને સ્વીકારવી જ પડશે. આપણે પરિસ્થિતિને નહિ બદલી શકીએ, ઋતુઓને નહિ બદલી શકીએ, પવનની દિશાને નહિ બદલી શકીએ. જો આપણે બદલી શકીએ તો આપણી જાતને જ બદલી શકીએ એમ છીએ. કારણ કે આ એક જ વસ્તુ આપણા વશમાં છે."

પરિવારમાં પાંચ સભ્યો રહેતા હોઈશું કે કદાચ પચ્ચીસ સભ્યો હોઈશું. પરંતુ દરેકે પોતાની વ્યક્તિગત જવાબદારી નિભાવવી જ પડશે. કોઈ એક સભ્ય પણ જો પોતાની જવાબદારી ચૂકશે તો ઘરમાં, અંદરોઅંદર પ્રશ્નો ઊભા થશે જ. આપણને પ્રશ્ન એ જરૂર થાય કે ઘરમાં દરેક સભ્યની પણ વ્યક્તિગત જવાબદારી હોય ? હા... દરેક સભ્યની સામૂહિક અને વ્યક્તિગત એમ બંને જવાબદારીઓ હોય છે. જવાબદારીઓ નિભાવવી, એનું વહન કરવું દરેક માટે ફરજિયાત છે.

આવો, સામૂહિક અને વ્યક્તિગત રીતે આપણી કઈ કઈ જવાબદારીઓ બને છે તેને નોંધીએ અને તેને અનુસરવાનો પ્રયત્ન કરીએ :

❑ ઘરના દરેક સભ્યની સામૂહિક જવાબદારી :

૧. ઘરના દરેક સભ્યે એવું સમજવું જોઈએ કે ઘરની જવાબદારી કોઈ એક વ્યક્તિની જ નથી. ઘરના સૌ સભ્યોએ સાથે મળીને જવાબદારી નિભાવવાની છે.

૨. આપણે આપણા ઘરને સ્વચ્છ અને ચોખ્ખું રાખવું જોઈએ.

૩. આપણા ઘરમાં સંપ અને શાંતિ જાળવવાં. ક્યારેક કોઈ પ્રશ્ન બને તોપણ તે વાત ઘરની બહાર ન જવા દેવી અને એ પ્રશ્નને શમાવવા પ્રયત્ન કરવો જોઈએ.

૪. આપણા ઘરના કોઈ સભ્યો માટે કદી બે શબ્દ હલકા ન બોલવા જોઈએ.

૫. આપણા ઘરની આવક પ્રમાણે જ ખર્ચ કરવો જોઈએ. બિનજરૂરી મોજશોખને પડતા મૂકવા જોઈએ.

૬. ઘરના અન્ય સભ્યોને પોતાની જવાબદારી સંભાળવામાં તકલીફ, મુશ્કેલી હોય તો સહકાર આપવો જોઈએ.

(આવી ઘણી બધી જવાબદારીઓ સામૂહિક હોય છે તેની યાદી ઘરના સભ્યોએ સાથે બેસી બનાવી શકાય.)

❑ વ્યક્તિગત જવાબદારી :

(અહીંયાં વ્યક્તિગત જવાબદારી કેવી હોય તેની માત્ર દિશા આપી છે. વિશેષ જવાબદારીની યાદી વ્યક્તિગત રીતે તૈયાર કરી શકાય.)

૧. ઘરના મોભી તરીકે મારી જવાબદારી :

- ઘર ચલાવવા માટે આર્થિક ઉપાર્જનની ચિંતા રાખવી.
- નોકરી-ધંધે જઈ આર્થિક ઉપાર્જન કરવું.
- ઘરમાં જોઈતી, ખૂટતી વસ્તુઓ પૂરી પાડવી.
- સાંસારિક પ્રસંગોમાં હાજરી આપવી - પ્રસંગો સાચવવા.

૨. ગૃહિણી તરીકે મારી જવાબદારી :

- ઘરની સંપૂર્ણ સ્વચ્છતા જાળવવી, કપડાં ધોવાં, વાસણ ઘસવાં વગેરે.
- સારી રસોઈ કરી ઘરના સભ્યોને જમાડવા.
- મહેમાનોની સરભરા કરવી.
- પોતાના પુરુષસભ્યની આજ્ઞામાં રહેવું, એમને સંતોષ આપવો.

૩. વાલી તરીકે મારી જવાબદારી :

- બાળકો માટે સમય ફાળવવો.
- બાળકોના ભણતર પાછળ ધ્યાન આપવું.
- બાળકોનો સર્વાંગી વિકાસ કેવી રીતે કરવો ? તેના માટે યત્નશીલ રહેવું.
- બાળકોને પ્રેમ આપો, સમયે રોકટોક કરો.

૪. દીકરા-દીકરી તરીકે મારી જવાબદારી :

- જીવનપર્યંત માતાપિતાની મહિમાથી સેવા કરવી.
- માતાપિતાનો તિરસ્કાર ન કરવો; એમની આજ્ઞામાં રહેવું.

- ભણતરમાં ખૂબ ધ્યાન આપવું.
- ભાઈ-બહેને અંદરોઅંદર ઝઘડવું નહીં.
- આપણા ઘરનું અને માતાપિતાનું શોભે એવું વર્તન કરવું.

૫. વડીલ તરીકે જવાબદારી :

- ઘરમાં સૌ સભ્યોની વચ્ચે આત્મીયતા કરાવવી.
- બાળકોને બેસાડી સંસ્કાર આપવા, સત્સંગની વાતો કરવી.
- સાંસારિક બાબતોમાં રસ ઓછો લઈ, ભજનભક્તિમાં સમય વધુ પસાર કરવો.
- આપણા લીધે ઘરના સભ્યોને તકલીફ ન પડે તેવા પ્રયત્નો કરવા.

૬. સત્સંગની જવાબદારી :

- આપણને સત્સંગની જે કાંઈ નાની-મોટી સેવા સોંપાય તે ઉત્સાહથી સંભાળવી જોઈએ.
- સત્સંગની સેવામાં નિયમિતતા રાખવી અને મહિમાથી સેવા કરવી.
- મોટાપુરુષ તથા સંતોની આજ્ઞામાં, રુચિમાં અને રાજીપામાં રહીને સેવા કરવી.
- નિયમિત અઠવાડિક સત્સંગ સભામાં જવું.

ઘરના સૌ સભ્યોની એ પવિત્ર ફરજ બને છે કે આપણી જવાબદારીની આપણે જ ગંભીરતાથી નોંધ લઈએ. કોઈ આપણને કાર્ય કે સેવા સોંપી શકશે પરંતુ જવાબદારી તો પોતે જ નિભાવવાની હોય છે. Stephen W. Comiskey (સ્ટીફન કોમિસ્કે)ના મત મુજબ,

"You can delegate authority, but not responsibility."

અર્થાત્ "તમે બીજાને સત્તા સોંપી શકો છો, પરંતુ જવાબદારી સોંપી શકાતી નથી." જવાબદારી તો એ વ્યક્તિએ જાતે જ સમજવાની હોય છે અને ખટકાપૂર્વક નિભાવવાની હોય છે.

કેટલીક વાર એવું પણ જોવા મળતું હોય કે પરિવારના સભ્યો પોતાની જવાબદારીમાં બીજા સભ્યોને ભેગા ભેળવી પોતે પોતાની જવાબદારીમાંથી બાકાત થઈ જવા, છટકી જવા માટે પ્રયત્ન કરતા હોય છે. એના કારણે પણ અંદરોઅંદર એકબીજા સાથે ઘર્ષણ થાય છે, અણબનાવ બને છે. આ અંગે અભિપ્રાય આપતાં Josiah Charles Stamp (જોસિહ ચાર્લ્સ સ્ટૅમ્પ) જણાવે છે કે,

"It is easy to dodge our responsibilities, but we can not dodge the consequences of dodging our responsibilities."

અર્થાત્ "આપણી જવાબદારીઓમાંથી છટકવું એ બહુ સહેલું છે. પરંતુ એ જવાબદારીઓમાંથી છટકવાથી જે પરિણામ આવશે તેમાંથી આપણે છટકી શકીશું નહીં. એનાં પરિણામ તો આપણે સફર (સહન) કરવાં જ પડશે."

એક વાત આપણે નિરંતર ધ્યાનમાં રાખવી જોઈએ કે આપણે માત્ર ઘરમાં રહેનાર એક સભ્ય જ નથી, પરંતુ ઘરની એક જવાબદાર વ્યક્તિ છીએ જેને સત્સંગની ભાષામાં આપણે કહીએ છીએ 'ઘરધણી'.

આપણે ઘરના માલિક નથી પરંતુ ઘરધણી તો જરૂર છીએ. એ ઘરધણીપણું આપણે આપણી ઘરની જવાબદારીઓમાં દાખવવું જ જોઈએ. જો ઘરના દરેક સભ્ય પોતાની જવાબદારીમાંથી ખસી જશે તો ઘર કેમ ચાલશે ? જેમ ચાર રસ્તા ઉપર વાહન લઈને મુસાફરી કરીએ ત્યારે દેશના નાગરિક તરીકે આપણી જવાબદારી છે કે રસ્તાના નિયમોનું પાલન કરવું. જો આપણે એ જવાબદારી ચૂકી નિયમો તોડીશું તો ? અને એ જ રીતે બીજા લોકો પણ આપણા જેવું વિચારી નિયમો તોડશે તો કેટલા ઍક્સિડન્ટ થશે ? આવી રીતે દેશનું તંત્ર કેમ ચાલે ? તેમ આપણા ઘરમાં પણ જો દરેક સભ્ય પોતાની જવાબદારીમાંથી આઘાપાછા થશે તો રોજ અથડામણ થવાની જ છે. પછી એ પ્રશ્નોમાં ઘર કેવી રીતે ચલાવવું એ બહુ મોટો વણઊકલ્યો પ્રશ્ન બની રહેશે. જવાબદારી નિભાવવાના પ્રેરણામૂર્તિ સ્વયં ભગવાન સ્વામિનારાયણ તરફ એક નજર કરીએ કે સ્વયં શ્રીજીમહારાજે કેવી જવાબદારી નિભાવી છે !!

અવરભાવમાં સદ્. રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજનો પટ્ટાભિષેક કર્યો અને પોતાનો સમગ્ર સંત સમુદાય અને હરિભક્ત સમુદાય સહજાનંદ સ્વામી કહેતાં શ્રીજીમહારાજને સોંપ્યો અને કહ્યું કે, "હવે તમે આ બધાયને સુખ આપજો અને સંપ્રદાયનું પ્રવર્તન કરજો." સદ્. રામાનંદ સ્વામીએ સોંપેલી આ જવાબદારીને સ્વયં પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણે આપણને શીખવવા માટે અવરભાવમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા ત્યાં સુધી નિભાવી. એમાં ઘણાં બધાં વિઘ્નો આવ્યાં છતાં વધુ ને વધુ સંપ્રદાયનો વ્યાપ વધાર્યો. એવાં વિઘ્નોમાં પણ મહારાજ પોતાની જવાબદારીને ચૂક્યા નથી. મહારાજને વિષે આવું કંઈ કહેવાય નહિ પરંતુ આપણને એમાંથી જવાબદારી નિભાવવાની પ્રેરણા

મળી રહે છે.

એ જ રીતે શ્રીજીમહારાજ ૨૮-૨૮ વર્ષ સુધી દાદાખાચરના દરબારમાં પોતાનું ઘર માનીને રહ્યા. શાસ્ત્રો એવું કહે છે કે મહારાજ એવું કહેતા કે, "આ ગઢડું મારું અને હું ગઢડાનો ને આ દાદો મારો ને હું દાદાનો." આ દાદાના દરબારમાં મહારાજ ૨૮ વર્ષ સુધી માત્ર મહેમાનની પેઠે નહોતા રહ્યા. સ્વયં શ્રીજીમહારાજે દાદાખાચરના ઘરની અને પરિવારની જવાબદારી જાણે પોતાના શિરે જ લઈ લીધી હોય એવું જણાતું.

દાદાખાચરને મારવા માટે જ્યારે બાબાજી દીવાનનું મોટું લશ્કર આવ્યું ત્યારે દાદાખાચર તો નિરાંતે ઓરડીમાં સૂતા હતા. મહારાજને આ વાતની ખબર પડી ત્યારે મહારાજ અડધી રાત્રે ઊભા થઈ દાદાખાચરની પાસે ગયા અને કહ્યું, "દાદા ! અરે ઓ દાદા ! આ બાબાજીનું લશ્કર તને મારવા આવ્યું છે ને તું નિરાંતે સૂએ છે ?" ત્યારે દાદાખાચર બોલ્યા, "મહારાજ ! દયાળુ, તમે જાગો છો એટલે જ હું નિરાંતે સૂતો છું." 'દાદાને સાચવવો, રક્ષણ કરવું એ મારી જવાબદારી' એવું સ્વયં મહારાજે સ્વીકાર્યું હતું.

દાદાખાચરની માંડવધાર ગામમાં જમીન હતી. એ જમીનનો કેસ ચાલુ હતો. તો તેની જવાબદારી પણ સ્વયં શ્રીજીમહારાજે સંભાળી લીધી અને ભગુજીને આ સેવા સોંપી. નવ નવ વર્ષ સુધી આ કેસની જવાબદારી મહારાજે રાખી અને દાદાખાચરની જમીનનો કેસ પૂર્ણ કરાવ્યો.

દાદાખાચરની જમીનમાં લીલોછમ તાજો પાક ઊભો થયેલો. દાદાખાચરના વિરોધી એવા ખબડ અને મતારો, આ બંને પોતાની ટુકડી સાથે આવી પાકને નુકસાન કરતા ને લઈ જતા. મહારાજને આ વાતની જાણ થઈ. આ વિઘ્નને નિવારવાની જવાબદારી પણ મહારાજે પોતાના શિરે લીધી.

દાદાના દરબારમાં ચોક વચ્ચે અનાજ તડકે સૂકવવા મૂક્યું હતું. મહારાજ સંતો-હરિભક્તો સાથે ઘેલાએ નાહવા પધાર્યા. ત્યાં ઝરમર ઝરમર વરસાદ ચાલુ થયો. મહારાજે સંતો-ભક્તોને કહ્યું કે, "ઉતાવળ રાખો. વરસાદ ચાલુ થયો છે ને દાદાના દરબારમાં અનાજ પાથરી મૂક્યું છે તે અમારે લેવડાવવાનું છે." અનાજ બગડી ન જાય એવી સામાન્ય ચિંતા, જવાબદારી પણ મહારાજે રાખી છે.

શાસ્ત્રો એવું કહે છે કે અવરભાવમાં મહારાજ મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા

એ અરસામાં મહારાજ કે સંતો કદી કોઈના લગ્નમાં કે જાનમાં ગયા નથી. પરંતુ દાદાખાચરનાં બીજી વાર લગ્ન થયાં ત્યારે સ્વયં શ્રીજીમહારાજ અને નંદ સંતો દાદાખાચરની જાનમાં વાજતેગાજતે, પદો બોલતાં બોલતાં પધાર્યા હતા. આ લગ્નની ચિંતા, જવાબદારી પણ મહારાજે સંભાળી. વાહ ! પ્રભુ, વાહ !

આપણા ધણી સ્વયં શ્રીજીમહારાજનો જવાબદારી નિભાવવાનો કેટલો બધો આગ્રહ ! કોઈએ મહારાજને આ બધી જવાબદારીઓ સોંપી નહોતી. મહારાજ પાસે સંતો-હરિભક્તોનો મોટો સમૂહ હતો તેમ છતાં મહારાજે જાતે એ બધી જવાબદારી નિભાવી છે. આપણા ઈષ્ટદેવે આપણને શીખવવા આ પ્રસંગો ઊભા કર્યા છે તો એમાંથી આપણે પણ કેમ પ્રેરણા ન લઈ શકીએ ! આપણે પણ આપણી જવાબદારીઓને કેમ ન નિભાવી શકીએ !! આપણને મોટે ભાગે હક, સત્તા લેવા ગમતાં હોય છે પરંતુ તેની જવાબદારીઓ નિભાવવી રુચતી નથી. આના અનુસંધાનમાં Bill Maher (બિલ મેહર) જણાવે છે,

"We have the Bill of Rights. What we need is a Bill of Responsibility."

અર્થાત્ "આપણી પાસે મારી કેટલી સત્તા છે, હક છે તેના ખરડા હોય છે. પરંતુ મારી કેટલી જવાબદારી છે, ફરજ છે તેના ખરડા હોતા નથી."

ખરેખર એ ખરડો પસાર કરવો જરૂરી છે. એટલે કે આપણને એ ખ્યાલ હોય છે કે મારી કેટલી સત્તા છે, અધિકાર છે. એની સાપેક્ષ મારી જવાબદારી કેટલી છે એ જાણવા માટે પણ આપણે પ્રયત્ન કરતા નથી. સત્તા ભોગવવાની સાથે પોતાની જવાબદારી નિભાવવી એ પણ અત્યંત આવશ્યક છે. એક વાત સનાતન સત્ય છે કે"You can not escape the responsibility of tomorrow by evading it today." અર્થાત્, "કાલે જે જવાબદારી તમારા માથે આવવાની છે તેને આજે ટાળીને આપણે કાલે છટકી શકીશું નહીં." તો શા માટે એ જવાબદારીઓને આજે જ ન નિભાવીએ ?

- ❑ **જવાબદારીનું આટલું બધું મહત્ત્વ છે. છતાં આપણે આપણી જવાબદારીઓ કેમ નથી નિભાવી શકતા તેનાં કારણો તપાસીએ :**

(૧) પોતાની જવાબદારીનો જ ખ્યાલ નથી :

કેટલાક સંજોગોમાં આવું જોવા મળતું હોય છે કે આપણને મળેલી પદવી કે

સત્તા આપણે ભોગવતા હોઈએ. પરંતુ એની સાથે સાથે આપણી કઈ કઈ જવાબદારી બને છે એ ખ્યાલ હોતો નથી. એટલે જવાબદારી નિભાવી શકાતી નથી. માટે જવાબદારી અન્ય પાસે નિભાવડાવવા માટે પ્રાથમિક બાબત એ છે કે જો વ્યક્તિને જવાબદારીની આપસૂઝ ન હોય તો આપણે દૃષ્ટિ આપવી જોઈએ અથવા દૃષ્ટિ મેળવવી જોઈએ.

(૨) પોતાનો મનસ્વી (મનમુખી) સ્વભાવ :

જવાબદારી નિભાવવામાં ક્યારેક પોતાનાં સ્વભાવ-પ્રકૃતિ વિઘ્નરૂપ બનતાં હોય છે. એમાંય પોતાનો મનમુખી સ્વભાવ સવિશેષ નડતરરૂપ બનતો હોય છે. કોઈ આપણને આપણું ધાર્યું કે ગમતું મુકાવે ત્યારે એ જવાબદારી પ્રત્યે આપણે નિઃસ્પૃહી બની જતા હોઈએ છીએ.

(૩) એકબીજાથી મન નોખાં હોવાથી :

જવાબદારી નિભાવવામાં સૌથી મોટું વિઘ્નરૂપ કારણ ક્યારેક આ બની રહે છે, જેમની સાથે રહીને જવાબદારી નિભાવવાની હોય અથવા જેમના માટે આપણે જવાબદારી નિભાવવાની હોય છે એ વ્યક્તિ કે સમૂહથી જ આપણું મન નોખું પડી ગયું હોય ત્યારે જવાબદારી નિભાવવાનો આપણો ઉત્સાહ અને ઉમંગ ભાંગી જાય છે.

(૪) આળસ-પ્રમાદ :

જવાબદારી નિભાવવામાં ૫૦થી ૬૦ ટકા આ કારણ વિઘ્નરૂપ બનતું હોય છે. આપણી "થાય છે અને થશે"ની જે મોળી ભાવના તથા વર્કને ડીલે કરવાની (કામને પાછું ઠેલવાની) આદત આપણને, આપણી જવાબદારી નિભાવવામાં નડતી હોય છે. આપણી સામાન્ય આળસને કારણે સમયે, કાર્ય પૂરું ન થતાં ઘણા બધા પ્રશ્નો ઊભા થઈ જતા હોય છે.

(૫) વાદવિવાદ :

જવાબદારી નિભાવવામાં પાછા પાડનાર કારણોમાં ઘણાખરા અંશે આ એક કારણ પણ ભાગ ભજવતું હોય છે. આપણે આપણી જવાબદારી જાણતા ને સમજતા હોવા છતાં, સાથે રહેનારા સભ્યોની સરખામણી કરીએ છીએ. ત્યારે એમનો ક્યારેક નકારાત્મક વાદ લેવાતો હોય છે કે પેલો નથી કરતો તો હું શા માટે કરું ? આવા વાદવિવાદે કરીને પણ જવાબદારી ચૂકાય છે.

આ પાંચ મહત્તમ કારણોના લીધે આપણે આપણી જવાબદારીઓ ચૂકી જઈએ છીએ. હવે આપણે આપણી જવાબદારીને આદર્શતાથી કેવી રીતે પૂર્ણ કરી શકીએ તેના ઉપાયો જોઈએ :

❑ જવાબદારીને આદર્શતાથી પૂર્ણ કરી શકીએ તેના ઉપાયો :

(૧) જવાબદારીઓની યોગ્ય વહેંચણી કરીએ :

જવાબદારી નિભાવવા માટે આ એક મહત્ત્વનું પાસું છે. કેટલીક વખત એવું જોવા મળતું હોય કે ઘરના કોઈ એક કે બે સભ્યો ઉપર એટલો બધો ભાર હોય કે સુખેથી આરામ પણ ન કરી શકે. જ્યારે બીજા સભ્યોને ઘરની સાવ સામાન્ય ચિંતાઓ પણ ન હોય. આવા સંજોગો ન બને તે માટે જવાબદારીની યોગ્ય વહેંચણી જરૂરી છે. એ જ રીતે કેટલીક વાર એવું બનતું હોય કે ‘‘સૌનું એ કોઈનું નહીં’’ એટલે કે કોઈ એક જવાબદારી માટે બધાય સભ્યોની જવાબદારી બનતી હોય તો દરેક એવું માને કે બીજા સભ્ય કરી જ નાખશે. એમાં ખરેખર કોઈ એ કાર્ય કરે જ નહિ એવું પણ બને. માટે જવાબદારીની યોગ્ય વહેંચણી કરવી જરૂરી છે.

(૨) પ્લાનિંગનું અંગ કેળવીએ :

આપણી જવાબદારીને યોગ્ય રીતે જો નિભાવવી હશે તો પ્લાનિંગનું અંગ કેળવવું ફરજિયાત છે. આપણી જવાબદારીઓનું પ્લાનિંગ આપણે જાતે જ કરવું પડશે. એમાં કોઈ આપણને આપણાં કાર્યોનું પ્લાનિંગ કરી આપવાનું નથી. ઘણી વાર આપણે વધુ પડતો ભાર છે એવું અનુભવી ઉદ્‌વેગ, અશાંતિમાં રહેતા હોઈએ છીએ. પરંતુ એ ઉદ્‌વેગ, અશાંતિ ને ભાર શેનો છે ? તો જવાબદારીનું પ્લાનિંગ નથી કર્યું એટલે ભાર લાગે છે. ભાર છે એવું બોલવાથી ભાર ઊતરી જવાનો નથી. સમય મુજબ જવાબદારીનું પ્લાનિંગ કરીશું તો હળવા રહેવાશે.

(૩) એકબીજા સાથે કો-ઓર્ડિનેશન રાખો :

ઘરના સભ્યો વચ્ચે ઘણી વાર કો-ઓર્ડિનેશનના અભાવે જવાબદારીઓ ચૂકાઈ જતી હોય છે અને પરિણામે ઝઘડા, કંકાસ કે મુશ્કેલીઓ ઊભાં થતાં હોય છે. આપણને સામાન્ય લાગતી કોઈ બાબત કે જે આપણે અન્ય સભ્યોને ન જણાવી હોય કે કહેવાનું રહી ગયું હોય તો એ ઘણી વાર અસામાન્ય મુશ્કેલીમાં

મૂકી દેતી હોય છે. જે ઘરના સભ્યો વચ્ચે કો-ઓર્ડિનેશન હોય એ ઘરમાં કોઈ દિવસ પ્રશ્નો ઊભા થાય નહીં.

(૪) મતભેદ થાય, પણ મનભેદ નહીં :

કોઈ બાબતની ચર્ચામાં કે નિર્ણયો લેવામાં કે જીવનજરૂરિયાતની વસ્તુઓની પસંદગીમાં ઘરના સભ્યો વચ્ચે મતભેદ હોય એ સ્વાભાવિક છે. પરંતુ કદી એ મતભેદ મનભેદ સુધી ચાલ્યો ન જાય એ માટે સતત સાવધાન રહેવું જોઈએ. અને ઘરના કોઈ પણ સભ્યો વચ્ચે મનભેદ થયા હોય તો અન્ય સભ્યોએ વહેલી તકે એનું નિવારણ લાવવું જોઈએ.

(૫) ફોલો-અપનું અંગ કેળવો :

મોટે ભાગે આપણી કાર્યપદ્ધતિ એવી જોવા મળે કે કોઈ કાર્ય માટે આપણે કોઈને એક વખત સૂચના આપી એટલે આપણે એવું માની લેતા હોઈએ છીએ કે કાર્ય પૂર્ણ થઈ જશે, જેના કારણે એ કાર્ય માટેનું આપણે ફરી ફોલો-અપ કરતા નથી. જોકે ક્યારેક જવાબદારી ચૂકી પણ જવાય છે. એક વાત સનાતન સત્ય છે કે જે કામની આપણને જેટલી ગંભીરતા છે એ કામ આપણે જેને કરવા સોંપ્યું છે તેને એ કામની એટલી ગંભીરતા નહિ જ હોય. પરિણામે સોંપેલું કામ કાં તો પાછું ઠેલાશે, કાં તો એ કામમાં સંતોષ નહિ થાય.

આપણે કોઈને એક વખત સૂચના આપી કે કાર્ય સોંપ્યું હોય તો એનાથી એવું પણ ન વિચારી લેવું કે હવે એમાં આપણી કોઈ જવાબદારી નથી. આપણે એ કાર્ય વખતે હાજર હોઈએ કે ન હોઈએ, પરંતુ એ કાર્ય માટે આપણે જવાબદાર છીએ. આ અંગે Napoleon Hill (નેપોલિયન હિલ) જણાવે છે કે,

"No alibi will save you from accepting the responsibility."

અર્થાત્ "જે કાર્યની જવાબદારી આપણી બને છે એ કાર્ય વખતે આપણે એ સ્થળ ઉપર હાજર હોઈએ કે ના હોઈએ, પરંતુ તેની જવાબદારીમાંથી આપણે છટકી શકીશું નહીં."

(૬) વિચારપૂર્વક નિર્ણય લો :

જવાબદારી નિભાવવા માટે આ પણ એક સર્વોત્તમ પાસું છે. ઘણી વાર આપણા એક નિર્ણય ઉપર અન્ય સભ્યોની લાગણીઓ, અપેક્ષાઓ તથા કાર્યોનો આધાર રહેલો હોય છે. માટે આપણી જવાબદારીમાં કોઈ પણ નિર્ણયો લઈએ

તેમાં આગળપાછળનો એટલે એ નિર્ણય લેવાથી શું પરિણામ આવશે અને નહિ લેવાથી શું પરિણામ આવશે ? તથા એ નિર્ણયની અસર કયા સભ્યો ઉપર કેવી પડશે ? - આ બધા વિચારો દ્વારા પરિસ્થિતિને પારખી વિચારપૂર્વકનો યોગ્ય નિર્ણય લેવો જોઈએ. જેથી પરિવારના સૌ સભ્યો આપણા નિર્ણયને રાજી થકા સ્વીકારે.

અંતમાં Martin Luther (માર્ટિન લ્યૂથર)નું સુવાક્ય આપણને જવાબદારી નિભાવવામાં સવિશેષ ઉપયોગી છે :"You are not only responsible for what you say, but also for what you do not say."

અર્થાત્ "તમે માત્ર જે બોલો છો તેના માટે જવાબદાર છો એવું નથી. તમે જે નથી બોલતા તેના માટે પણ તમે જવાબદાર છો."

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. વાલી તરીકેની ફરજો

૨. વ્હાલા બને વાલીઓ

સુખ–દુઃખમાં ભાગીદાર થઈએ

"જ્યારે બધાય તમારું આંગણું છોડીને જતા રહે ત્યારે તમારા આંગણે જે ઊભા રહે છે એ જ સાચા સ્વજન."

ખરા સમયે આપણાં સુખ-દુઃખમાં ભાગીદાર થાય એ જ આપણા સાચા સ્વજન છે; ભલે પછી તે સત્સંગી હોય કે આડોશીપાડોશી હોય.

લગભગ ૫-૬ વર્ષ પહેલાંની એક બનેલી સત્ય ઘટના છે. આપણા ઘરના જ એક સત્સંગી ભાઈ જેઓ સાધારણ નોકરી કરતા હતા. પગારની આવકમાંથી તેમનો જીવનનિર્વાહ માંડ માંડ ચાલતો હતો. એક દિવસ કોઈ કારણોસર તેમની નોકરી છૂટી ગઈ. ભેગી કરેલી બચતમાંથી ઘરનો નિર્વાહ ચાલતો હતો. તેમની પાસે લૌકિક પોતાની કોઈ સંપત્તિ કે મૂડી બચી નહોતી, પરંતુ તેમનો મહારાજ અને મોટાપુરુષ ઉપરનો વિશ્વાસ અને શ્રદ્ધા અતૂટ હતાં.

મહારાજે પોતાના આ નિષ્ઠાવાન ભક્તની કસોટી શરૂ કરી. તેમને કમળો થઈ ગયો. દિવસે દિવસે કમળાની અસર વધતી ગઈ. ઘરમાં દાણાનાં નાણાં નહોતાં તો દવા કેવી રીતે લાવવી ? આ સત્સંગી હરિભક્તને એક બાજુ પોતાના દેહનું દુઃખ અને બીજી બાજુ આર્થિક સંકડામણની ચિંતા કોરી ખાતાં હતાં. તેમને એક એક દિવસ એક એક વર્ષ જેવા લાંબા લાગતા હતા. પરિસ્થિતિ વધુ વિકટ બનતાં એમને આત્મહત્યા કરવા સુધીના વિચારો આવવા માંડ્યા.

પોતાના ભક્તની પ્રભુ કસોટી લે, પરંતુ એમાં કોઈકને નિમિત્ત કરી તારે પણ ખરા. એક દિવસ આપણા એક સત્સંગી હરિભક્ત ઘણા સમયથી પેલા હરિભક્ત

જે સત્સંગ સભામાં નહોતા આવતા હોવાથી તેમને મળવા ઘેર ગયા. ઘરમાં પ્રવેશતાં જ સત્સંગી હરિભક્ત પરિસ્થિતિને પારખી ગયા. તેઓ બિમાર હરિભક્તના ખાટલા પાસે પહોંચી ગયા અને તેમને આશ્વાસન આપતાં કહ્યું કે, "જુઓ, હવે તમે કોઈ ચિંતા ન કરશો. ગુરુવર્ય પ.પૂ.બાપજી આપણને કાયમ કહેતા હોય છે કે આ એસ.એમ.વી.એસ. એ કારણ સત્સંગનો એક પરિવાર છે. એક બાપના જ આપણે દીકરા છીએ. તમારું દુઃખ એ મારું દુઃખ અને તમારું સુખ એ મારું સુખ છે. હવે આ પરિવારની બધી જ ચિંતા મારી છે."

થોડી વારમાં તેઓ પોતાના ઘરે જઈ સીધું-સામાન લઈ આવ્યા. બાળકોની સ્કૂલની બાકી ફી ભરી દીધી. નજીકમાં રહેતા બીજા બે-ત્રણ સત્સંગી હરિભક્તોને વાત કરી. તેઓ બધા ભેગા થઈ તેમને ગાડીમાં દવાખાને લઈ ગયા. ડૉક્ટર સાહેબને વાત કરી કે 'આ અમારા આત્માનાં સાચાં સગાં છે. તેમના માટે જે સારવાર કરવી પડે તે કરો પણ એમને જલદી સારું થાય તેમ કરો.' પોતાની દુકાન ઉપર થોડા દિવસ રજા મૂકી આ સત્સંગી હરિભક્ત તેમની સેવામાં ખડે પગે ઊભા રહ્યા. ડૉક્ટર સાહેબ સત્સંગી હરિભક્તોનાં એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવાની આવી ભાવના જોઈ દિગ્મૂઢ બની ગયા અને તેમના મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યા કે, "કોટાનકોટિ ધન્યવાદ હો આપની નિઃસ્વાર્થ સેવા કરવાની ભાવનાને - હું અંતરથી નવાજું છું. દુનિયામાં આપના જેવા એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થનારા નિઃસ્વાર્થ સેવાભાવી ગોત્યા ન જડે."

ક્યારેક આપણે એવા વિચારોમાં રાચતા હોઈએ છીએ કે મારે કોઈની જરૂર નથી, મારી પાસે ખૂબ પૈસો છે, મારી પાસે આવડત છે, બુદ્ધિ છે, હોશિયારી છે. હવે મારે કોઈની ઉપર આધાર રાખવાની જરૂર નથી. હું આરામથી મારી જિંદગી જીવી શકું છું. I have no problem.

આવા ક્ષુલ્લક વિચારોમાં આપણે ક્યારેક આપણા ઘરના નાના સભ્યોની અવગણના કરી નાંખતા હોઈએ છીએ. પણ શું એમના વગર ચાલશે ? ના. એક નાનકડી ઘડિયાળમાંથી એક નાનું ચક્ર કાઢી લઈએ અને પછી એમ વિચારીએ કે એક નાના ચક્રની શું કિંમત ? એક નાના કાંટાની શું જરૂર છે ? તો શું એ ઘડિયાળ ચાલશે ? ના...ના...ના... જેમ એક નાના ચક્ર કે કાંટા વગર ઘડિયાળ પણ ચાલી શકતી નથી, એમ આપણા જીવનમાં પણ દરેકને એકબીજાની જરૂર તો પડે જ છે.

એક વખત હાથની ચાર આંગળીઓ ભેગી થઈને ચર્ચા કરવા લાગી કે આ અંગૂઠો કેવો છે ? જાડિયો ને ઠીંગણો છે તોય પાવર કરે છે. કાયમ અતડો ને અતડો રહે છે. માટે હવે આપણે એને બોલાવવો જ નથી, આપણે એની સાથે અબોલા કરી દઈએ, એકલો પાડી દઈએ એટલે એનો બધો પાવર ઊતરી જાય. ચારેય આંગળીઓ સંપી ગઈ. અંગૂઠા સાથેનો બધો વ્યવહાર બંધ કરી દીધો. પરંતુ પ્રશ્ન ઊભો થયો. લખવાના સમયે ચાર આંગળીઓ ભેગી થઈ લખવા માટે પેન પકડવા લાગી પરંતુ પેન પકડાય જ ક્યાંથી ? ત્યારે અંગૂઠાની જરૂરિયાત સમજાઈ.

થોડી વાર પછી જમવા બેઠા. ચારેય આંગળીઓ ભેગી થઈ કોળિયો પકડવા જાય પરંતુ આંગળી વડે કોળિયો પકડાય ક્યાંથી ? ત્યારે અંગૂઠાની આવશ્યકતા સમજાઈ.

આમ, દિવસ દરમ્યાન જે જે કાર્ય કરવા માંડ્યાં તેમાં નિષ્ફળતા જ નિષ્ફળતા. સાંજ પડી, હવે તો ચારેય આંગળીઓ થાકી ગઈ અને જઈને અંગૂઠાભાઈને કહેવા લાગી કે, “અંગૂઠાભાઈ, અમને માફ કરી દો. અમારાથી તમારો અપરાધ થઈ ગયો. હવે અમે તમને ક્યારેય જુદા નહિ પાડીએ. અમને હવે સમજાઈ ગયું કે કોઈના વગર ક્યારેય ચાલતું નથી. દરેકની આપણા જીવનમાં જરૂર તો પડે જ છે. ક્યારેય અતડા કે એકલપેટા ન થવું.

ભારતીય પ્રણાલિકા એવી છે કે જેમાં સ્ત્રી અને પુરુષ વ્યવહારિક સંબંધથી બંધાય છે ત્યારે કાયમ માટે એકબીજાના સાથી બની રહીશું એવી પ્રતિજ્ઞા લે છે. જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે સંજોગો આવે, કોઈ મદદમાં આવે કે ન આવે પરંતુ તેઓ સદાને માટે સુખ-દુઃખના ભાગીદાર બની રહે છે.

જોકે આપણી કારણ સત્સંગની સમજણ પ્રમાણે આપણા સમગ્ર જીવનના કર્તા, આપણો એકમાત્ર આધાર તો શ્રીજીમહારાજ જ છે. પરંતુ હજુ જ્યાં સુધી આપણે અવરભાવમાં છીએ ત્યાં સુધી તો રોજિંદા જીવનમાં પરિવારના સભ્યોમાંથી કોઈકના પ્રેમની, કોઈની હૂંફની, કોઈના સાથ-સહકારની તો જરૂર પડશે જ. આપણા પરિવારના સભ્યોએ એકબીજાની સાથે ખભેખભા મિલાવીને એકબીજાને સહકાર તો આપવો જ રહ્યો. એટલે જ એક કવિએ કહ્યું છે કે,

“સ્નેહના તારે હૈયા ગૂંથાય, જુદાઈ મટીને એકતાર થાય;
એનું નામ જ સુખ-દુઃખના ભાગીદાર કહેવાય.”

પરંતુ જ્યારે આપણું ધાર્યું ન થાય, આપણું ગમતું ન થાય, આપણા પોતાનો સ્વાર્થ ન સધાય ત્યારે એક ધાબા નીચે રહેવા છતાં આપણાં મન જુદાં પડી જતાં હોય છે. આપણી અંદર રહેલી લાગણી મરી પરવારતી હોય છે. ત્યાં પછી એકલા રહેવાના, એકલું જીવન જીવવાના વિચારો આવતા હોય છે. પછી આપણને આપણા સ્વજન કરતાં પરજન સારા લાગતા હોય છે. પરંતુ ખરા સમયે જેનાથી છૂટા પડવાના વિચારો કરતા હોઈએ છીએ એ જ આપણો આધાર બની જાય છે. એ સમયે કીડીની જેમ શરમાવું પડે છે.

એક કીડીએ ખોરાકની શોધમાં ફરતાં-ફરતાં ખાંડનો ઢગલો જોયો તેથી ખુશ ખુશ થઈ ગઈ. બીજી કીડીઓને બોલાવવા દોડી, ત્યાં તો કાગડાભાઈએ ટકોર કરી કે આ બધી ખાંડ તારા માટે રાખી મૂક તો જલસા થઈ જશે. શું કામ બીજા માટે મજૂરી કરે છે ? કીડીબાઈને થયું કે સાચી વાત છે. કીડીબાઈ તો એકલાં એકલાં રહેવા માંડ્યાં ને મજા કરવા લાગ્યાં. થોડા દિવસમાં તો મુશળધાર વરસાદ આવ્યો, ચારે બાજુ પાણી-પાણી થઈ ગયું. ખાંડ બધી ઓગળી ગઈ ને કીડીબાઈ તણાવા લાગ્યાં, હાલ બેહાલ થઈ ગયા. વરસાદ બંધ થયા પછી અન્ય જીવજંતુ મકોડાભાઈ વગેરે ફરવા નીકળ્યા. કાગડાભાઈએ પણ જોયું છતાં કોઈ મદદમાં ન આવ્યું.

થોડી વારે એક કીડી ખોરાકની શોધમાં ત્યાં આવી ચડી. તેણે આ જોયું અને નજીક ગઈ, “અરે આ તો મારી બહેન જ છે !” તરત દર પાસે જઈ બધી કીડીઓને બોલાવી લાવી. આ કીડીને દરમાં લઈ ગયા ને તેને ખૂબ જમાડ્યું, સંભાળ લીધી. કીડીબહેન તો ગદ્‌ગદિત થઈ ગયાં. પોતાના સ્વજનની માફી માંગવા લાગ્યાં કે, “ખરેખર હું મારા સ્વાર્થે કરીને તમને બધાંયને છોડીને જતી રહી. છતાંય તમે મને ન ભૂલ્યાં. મારાં સુખ-દુઃખમાં કોઈ ભાગીદાર ન થયું પરંતુ તમે જ થયાં, માટે મને માફ કરી દો. હવે હું તમને છોડીને ક્યાંય નહિ જઉં, ને હવે, કાગડાભાઈ જેવા કોઈની વાતમાં લેવાઈશ નહીં.”

આપણે પણ આપણા જીવનમાં સ્વાર્થે કરીને ક્યારેય આવું તો કરતા નથી ને…? એ પ્રશ્ન વ્યક્તિગત રીતે વિચારવો જરૂરી છે.

આપણે હંમેશાં એવી અપેક્ષા રાખતા હોઈએ છીએ કે બીજા મને મદદરૂપ થાય, મારાં સુખ-દુઃખમાં ભાગીદાર થાય, પણ.....

જો કેરી જમવી હોય તો પહેલાં આંબો વાવવો પડે, એટલે કે, પહેલાં આપણે

મદદરૂપ થવું જોઈએ.

"બીજાની સાથે એવો વ્યવહાર કરવો કે જેવો તમે અન્યનો તમારી સાથેનો ઈચ્છતા હોય." અન્યની પાસે જ્યારે આપણે અપેક્ષા રાખતા હોઈએ છીએ ત્યારે એ અપેક્ષા રાખતાં પહેલાં એમની અપેક્ષાઓ આપણે પૂરી કરી છે ? તેનો વિચાર અચૂક કરવો. આપણા પરિવારના કોઈ સભ્ય બિમાર પડ્યા હોય ને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે, દવાખાનાના રોજના ધક્કા ચાલુ થાય ત્યારે એમ બોલીએ કે અત્યારે ખરેખર ભાઈ-ભાભીની ફરજ બને છે કે આપણાં સુખ-દુઃખમાં ભાગીદાર બનવું. તેઓ એમની ફરજ ચૂકી રહ્યાં છે. પરંતુ આપણા જીવનનો વિચાર નથી કરતા કે ભાઈના જીવનમાં જ્યારે તકલીફ હતી ત્યારે શું મેં મદદ કરી હતી ? ફરજ એવી વસ્તુ છે કે જેની હંમેશાં આપણે બીજા પાસેથી જ આશા રાખીએ છીએ. પરંતુ પોતે સમય આવે ક્યાંક ચૂકી જતા હોઈએ છીએ.

આપણને આવી અપેક્ષા રાખવાનો અધિકાર ત્યારે જ છે જો અન્યને આપણે મદદરૂપ થતા હોઈશું તો.

પ.પૂ. સ્વામીશ્રી ઘણી વખત યુવકોને પ્રશ્ન પૂછતા હોય છે કે, તમને તમારો દીકરો પાણીનો ગ્લાસ ભરીને આપે એવું તમે ઈચ્છો છો ? તમારો દીકરો ઘડપણમાં તમારી લાકડી બને એવું તમે ઈચ્છો છો ? તમારો દીકરો તમારાં સુખ-દુઃખમાં ભાગીદાર થાય એવું તમે ઈચ્છો છો ? જો તમારો જવાબ "હા" છે તો હવે તમારી જાતને પ્રશ્ન પૂછો કે...

શું તમે તમારાં માતાપિતાને પાણીનો ગ્લાસ ભરીને આપો છો ?

શું તમે તમારાં માતાપિતાની ઘડપણની લાકડી બન્યા છો ?

શું તમે તમારાં માતાપિતાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થયા છો ?

કોઈને મદદ કર્યા વિના મદદની કે પ્રેમની ઈચ્છા એ ફૂલ વિના મધ બનાવનાર મધમાખી જેવું છે.

આપણે આપણા રોજિંદા જીવનમાં મદદ તો સૌને કરતા હોઈએ છીએ પરંતુ જ્યારે કોઈ એવી મુશ્કેલી કે આપત્તિ આવી પડે ત્યારે આપણે મોટે ભાગે પોતાના સ્વાર્થનો જ વિચાર કરતા હોઈએ છીએ.

ભણવામાં એક વાર્તા આવતી કે, એક જંગલમાં બે મિત્રો ફરવા માટે નીકળ્યા. રસ્તામાં બંને મિત્રોએ એક જંગલી રીંછને સામેથી આવતું જોયું. બંને મિત્રો

ગભરાઈ ગયા. હવે શું કરવું ? નજર સામે પોતાનું મૃત્યુ દેખાતું હતું. બે મિત્રોમાં એક મિત્ર શરીરે પાતળો અને બીજો જાડો હતો. બંને મિત્રો દોડીને બચવા માટે ઝાડ પર ચઢવા ગયા. પાતળો મિત્ર ચઢી ગયો. અને જાડો મિત્ર ચઢી ના શક્યો. તેણે યુક્તિ કરી અને ઝાડ નીચે શ્વાસ બંધ કરી સૂઈ ગયો. થોડી વારમાં રીંછ નજીક આવ્યું, સૂંઘવા લાગ્યું અને મૃતદેહ પડ્યો છે એમ જાણી આગળ નીકળી ગયું. રીંછના ગયા પછી પેલો મિત્ર ઝાડ ઉપરથી નીચે ઊતરીને બીજા મિત્રને પૂછવા લાગ્યો કે, ''રીંછે તને શું કહ્યું ?'' ત્યારે નીચે સૂતેલો મિત્રએ કહ્યું, ''રીંછે કહ્યું કે, સ્વાર્થી મિત્રની સોબત ક્યારેય ન કરવી.'' અને તેથી કહ્યું છે ને,

''મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;
સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.''

આમ, આપણે પણ આપણા જીવનમાં આવા કોઈક સંજોગોમાં પોતાના સ્વાર્થે કરીને સાથીને છોડી દેતા હોઈએ છીએ.

મોટે ભાગે આપણને સુખમાં ભાગીદાર થવું તો ગમતું હોય છે, પરંતુ દુ:ખમાં ભાગીદાર થવું ઓછું ગમતું હોય છે. સુખ અને દુ:ખ બંને પરિસ્થિતિની અંદર આપણા ભાગીદાર થાય એવા લગભગ ૧૦૦એ ૧૦% જ સ્વજન હોય છે. સુખ અને દુ:ખ આ બંને પરિસ્થિતિમાં ભાગીદાર થાય તે જ સાચા આત્મીયજન છે.

એક ઘેઘૂર જંગલમાં એક વડલો હતો. વડલા પર જાત-જાતનાં પક્ષીઓ રહે. પક્ષીઓ અને વડલાદાદા વચ્ચે એક જ પરિવારના સભ્યો જેવી આત્મીયતા હતી.

એક દિવસ જંગલમાં અચાનક દાવાનળ ફાટી નીકળ્યો. ચારે બાજુ આગના ભડકા બળવા લાગ્યા. પક્ષીઓ ખૂબ ભયભીત થઈ ગયાં. વડલાદાદા પક્ષીઓને કહેવા લાગ્યા કે, ''હે પક્ષીઓ, તમારે તો સરસ મજાની પાંખો છે માટે તમે બધાં ઊડી જાવ. નહિ તો બળી મરશો.''

''દાહ જલે ડુંગર જલે, જલે સબ વનરાઈ,
હમ જલે તુમ કાં જલો, હમારે પાંખો નાહી.''

ત્યારે બધાં પક્ષીઓ વડલાદાદાને ચોંટી પડ્યાં કે, ''હે વડલાદાદા, સુખમાં પણ આપણે સાથે રહેતાં હતાં. ને આજે દુ:ખ આવ્યું તો અમે તમને મૂકીને ક્યાંય નહિ જઈએ. બળી જઈએ, મરી જઈએ પણ તમને છોડીને તો ક્યાંય નહિ

જઈએ.''

જંગલમાં રહેતાં પક્ષીઓ પણ આપણને કેટલું બધું શિખવાડી જાય છે ? પક્ષીઓ તો વિજાતિ હતાં છતાંય સાથ ન છોડ્યો, જ્યારે આપણે તો સજાતિ હોવા છતાં સાથે જીવન જીવી દુઃખના સમયે પક્ષીઓની જેમ જોડે રહી શકતાં નથી.

સંસારમાં સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે. એમાં સુખ અને દુઃખનાં ચક્રો તો ચાલ્યાં જ કરવાનાં છે. એ ચક્રને આપણે કોઈ રોકી નહિ શકીએ. એમાંય સુખ પણ મહારાજની પ્રસાદી છે અને દુઃખ પણ મહારાજની પ્રસાદી જ છે. પ્રસાદી દૂધપાકની પણ હોય અને કારેલાની પણ હોય, મીઠી પણ હોય ને કડવી પણ હોય, પરંતુ મૂળ તો પ્રસાદી જ છે. એનો અનાદર ન કરાય. આરોગવી જ પડે. એમ સુખ-દુઃખ બંને મહારાજની પ્રસાદી જ છે.

પરંતુ જ્યારે વ્યક્તિના જીવનમાં દુઃખ આવે છે ત્યારે વ્યક્તિની શારીરિક અને માનસિક પરિસ્થિતિ ડામાડોળ બની જતી હોય છે. ઊગરવાનો આરો શોધતો ફરે છે ને છેવટે તે ન મળતાં આત્મહત્યાના વિચાર સુધી પહોંચી જાય છે. પણ, પ્રસાદી સમજીને સ્વીકારી નથી શકતા.

આના અનુસંધાનમાં સર વોલ્ટર કહે છે કે, ''મનુષ્ય રડતો જન્મે છે, ફરિયાદો કરતો જીવે છે અને નિરાશ થઈને મરે છે.''

પરંતુ, આવા સંજોગોમાં રણમાં મીઠી વીરડી સમાન કોઈ સહારો, કોઈ ભાગીદાર મળી જાય તો નિરાશા આશામાં, દુઃખ સુખમાં પરિણમી જાય છે. આપણા પરિવારના સભ્યોમાં ક્યારેક આવી પરિસ્થિતિનું સર્જન થાય ત્યારે પડ્યા પર પાટું નહિ મારતાં હાથ ઝાલીને સહારો આપવો જોઈએ. કોઈની ભૂલ જોતાં તરત જ આપણે તેને વધુ પડતું ટોકટોક કરીએ છીએ. પરંતુ એવું કરવાથી ભૂલ સુધરશે નહિ, ઉપરથી બેવડી થશે. એના કરતાં પ્રેમથી સમજાવી હૂંફ આપીશું તો વ્યક્તિના જીવનમાં ફરી એ ભૂલ ક્યારેય નહિ થાય, એને નવી દિશા મળી જશે.

એક વખત કોઈ વ્યક્તિના આવા અંધકારભર્યા જીવનમાં જ્યોત જગાવી આપીશું તો એ વ્યક્તિ આપણો ઉપકાર ક્યારેય નહિ ભૂલે; પછી એ કોઈ પણ હોય... ચાહે આપણા પરિવારના સભ્ય હોય કે પછી સત્સંગ સમાજના કોઈ મુક્ત હોય, પણ સૌના ટેકારૂપ બનવું એ જ ભક્ત તરીકે આપણી શોભા ગણાય.

બાપાશ્રીએ વાતોમાં કહ્યું છે કે, ''આપણા ઉપર કોઈ દ્વેષ રાખતો હોય પણ

તેને જો આપણા જોગું કામ પડે તો તેના કૃત્ય સામું જોવું નહીં. આપણાથી બને તેટલું તેનું સાચા દિલથી સારું કરવું. એવી ભગવાનના ભક્તની રીત છે.''

બાપાશ્રીએ ભગવાનના ભક્ત માટેની એવી રુચિ બતાવી છે કે કદાચ કોઈ કારણસર આપણી સાથે કોઈએ દ્વેષબુદ્ધિ રાખી હોય પરંતુ જો તેના દુઃખમાં ભાગીદાર થવાનો કોઈ સંજોગ ઊભો થાય તો તે વખતે બધું જ ભૂલીને તેને ખરા દિલથી મદદ કરવી.

તો સ્વાભાવિક છે કે આપણા પરિવારના સભ્ય હોય કે આપણા સત્સંગ સમાજના કોઈ મુક્ત હોય તેમને ખરા સમયે મદદ કરવી, તેમના સાચા સ્નેહી બની રહેવું એ તો આપણી પવિત્ર ફરજ બને જ. સમયે સાચા સ્વજન બનવાની દિવ્ય રીત આપણા જીવનમાં ચરિતાર્થ કરવા માટે, ભક્તરાજ રામ ભંડેરીનો એક અદ્‌ભુત પ્રસંગ છે.

ઉપલેટાના રામ ભંડેરી. તેઓ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હતા. વર્ષોવર્ષ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જતા. એક વાર સમાગમ કરીને પાછા આવતાં સ્વામીના ચરણમાં રડી પડ્યા અને કહ્યું કે, ''સ્વામી, કામ-ક્રોધાદિક શત્રુ બહુ પીડે છે, માટે દયા કરો.'' સ્વામીએ ગઢડા છેલ્લાનું ૭મું વચનામૃત વાંચવાની આજ્ઞા કરીને કહ્યું, ''જાવ, મહારાજ દયા કરશે.'' ત્યારથી રામ ભંડેરી રોજ ગઢડા છેલ્લાનું ૭મું વચનામૃત વાંચતા.

એક વાર ભેંસજાળ ગામના રામજી ભગત જૂનાગઢ સદ્. ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામી આગળ પોતાના દુઃખની વાત કરતાં રડી પડ્યા. સ્વામીએ પૂછ્યું, ''શું વાત છે ?'' ત્યારે રામજી ભગત કહે, ''સ્વામી, આ વર્ષે દીકરીનાં લગ્ન છે. પૈસાની સગવડ નથી, માટે પ્રાર્થના કરવા આવ્યો છું કે કંઈક દયા કરો.'' તરત જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ આજ્ઞા કરી કે, ''ભગત, તમે ઉપલેટા રામ ભંડેરીને ત્યાં જાવ અને તમારી વાતની રજૂઆત કરીને કહેજો કે, મને જૂનાગઢથી સ્વામીએ મોકલ્યો છે. તેઓ તમને મદદ કરશે.'' કેવો વિશ્વાસ હશે એ દિવ્યપુરુષને પોતાના રાજીપાના પાત્ર રામ ભંડેરી ઉપર !!!

રામજી ભગત તો પહોંચ્યા ઉપલેટા રામ ભંડેરીને ત્યાં. રામ ભંડેરી પાસે જઈને બધી રજૂઆત કરી. રામજી ભગતની વાત સાંભળતાં જ રામ ભંડેરી તો રાજીના રેડ થઈ ગયા કે, ''વાહ દયાળુ, તમે મને ગઢડા છેલ્લાના ૭મા વચનામૃત પ્રમાણે વર્તવાની તક આપી.'' તરત જ ઊભા થઈ ગયા અને ૨૦૦ રૂપિયા જે

પોતે કુંભારના ધંધામાં ભેગા કર્યા હતા તે આપી દીધા. રામજી ભગત આટલા બધા પૈસા લેવાની આનાકાની કરતા હતા ત્યારે તેમણે કહ્યું, "ભગત, આ તમારી જ દીકરી નથી, મારી પણ દીકરી છે તો શું મારે આપવા ન પડે ?" આમ કહી ખૂબ આગ્રહથી, પ્રેમથી રવાના કર્યા.

રામજી ભગત અને તેમનાં ધર્મપત્ની ગાડામાં રોકડા રૂપિયાની કોથળીઓ લઈને ઘેર જવા નીકળ્યાં. ચોમેર રાત્રિનો અંધકાર છવાયેલો હતો. રસ્તામાં રૂપિયાની કોથળીઓ ગોદડી નીચેથી ધીરે ધીરે સરકીને નીચે પડી ગઈ. અંધારામાં તેનો ખ્યાલ ન રહ્યો. ભેંસજાળ રાત્રે બે વાગ્યે પહોંચ્યાં. જઈને જોયું તો ગાડામાં રૂપિયાની કોથળીઓ જ નહોતી. ભેંસજાળથી રસ્તામાં રૂપિયાની કોથળીઓ શોધતાં શોધતાં સવારમાં ઉપલેટા પહોંચ્યાં. રામ ભંડેરી કે જે સવારમાં જંગલ જવા નીકળેલા તે આ જોઈ ગયા. નજીક આવીને બધી હકીકત પૂછી. રામજી ભગતે અતિશે ચિંતાતુર અને દુઃખદ હૃદયે કહ્યું, "અમે કેવાં કમભાગી છીએ કે તમારી આટલી મદદને પણ સાચવી શક્યાં નહીં ?"

રામ ભંડેરી ફરી પોતાના ઘેર પાછા લઈ ગયા ને આજીવિકાના સાધન માટે રાખેલ પોતાનાં ગધેડાં વેચીને બીજા ૨૦૦ રૂપિયા આપ્યા ને કહ્યું, "હજુ બીજા જોઈએ તો જરૂરથી કહેજો." રામજી ભગતની આંખમાં આંસુ આવી ગયાં. રામ ભંડેરીએ કહ્યું, "રામજી ભગત, આ પ્રસંગ તમારો જ નહિ, મારો પણ છે. એમાં શું ? મારા રૂપિયા નહિ વાપરું તો કોના વાપરીશ ? ચાલો, ખાલી રૂપિયાની જ નહિ, બીજી કોઈ પણ જરૂર હોય તો હું જ આપની સાથે આવું છું. આપણે સાથે મળીને આપણી દીકરીનો પ્રસંગ પૂરો કરીશું. હવે તમે મને ના ન પાડશો. તમે પારકા નથી, મારા પોતાના છો. આપણે એક જ બાપના દીકરા છીએ."

કેવી એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવાની ઉચ્ચ ભાવના !

ક્યારેક એવું પણ બનતું હોય છે કે આપણે બોલીએ છીએ કંઈક જુદું અને કરીએ છીએ કંઈક જુદું.

ઘણી વાર આપણે વાતોના તડાકા અને ભાવનાના ભડાકા કરતા હોઈએ કે, "ભાઈ, કોઈ પણ કામની જરૂર હોય તો અડધી રાતે આપણને ફોન કરી દેજો. તમારા માટે તૈયાર જ છું." પણ જો ખબર પડી જાય કે આ વ્યક્તિનો ફોન આવે છે અને એ હમણાં મુશ્કેલીમાં છે અને આપણી મદદ માંગશે તો ફોનની

સ્વિચ ઑફ કરી નાંખીએ અથવા તો બીજા પાસે ઉપડાવીએ અને કહીએ કે, "કહી દો કે બહાર ગયા છે, સાંજે આવશે." વળી, ઘણી વખત એવું પણ કહેતા હોઈએ કે, "ગમે ત્યારે પૈસાની જરૂર પડે તો આપણા દરવાજા તમારા માટે ખુલ્લા જ છે, પહોંચી જજો. જરાય સંકોચ ના રાખતા." પણ જ્યારે આપણી પાસે કોઈ મદદ માટે આવે ત્યારે આપણે ગલ્લાં-તલ્લાં કરતા હોઈએ, કોઈ બહાનાં બતાવવા માંડીએ... "ખરેખર માફ કરજો, રાજી રહેજો, તમે જો ફક્ત ૧૫ મિનિટ જ વહેલા આવ્યા હોત તો સારું હતું. હમણાં જ બીજા ભાઈને આપી દીધા. ભલા માણસ, ફોન કરી દીધો હોત તોય એમને ન આપત. તમને ના પાડવી પડે છે એટલે મને પણ અંતરમાં ઘણું દુ:ખ થાય છે, પણ શું કરું ? જો તમે કહેતા હો તો ક્યાંકથી સગવડ કરી આપું."

આમ, જ્યારે આપણું આપેલું વચન પૂરું કરવાનો સમય આવે છે ત્યારે જાણે આપણું આપેલું વચન આકાશનો ભાગ બની રહે છે.

શું આ યોગ્ય છે ? ના...ના...ના.

આપણે કોઈની તારીફમાં 'એક લાખ તાલીયા' એમ બોલવું એના કરતાં એક તાળી પાડવી વધારે સારું છે. એમ એવી ખોટી-ખોટી બડાઈની વાતો કરવી એના કરતાં સમયે સૌને મદદરૂપ થવું એ શ્રેષ્ઠ છે.

❑ અન્યનાં સુખ-દુ:ખમાં ભાગીદાર થવાથી થતા ફાયદા :

(૧) દુ:ખમાં પણ હળવા ફૂલ રહેવાય :

ગમે તેવું આભ ફાટી પડે એવું દુ:ખ આવી પડ્યું હોય પરંતુ જો એકબીજા સુખ-દુ:ખમાં ભાગીદાર થાય તો દુ:ખ ક્યાંય દૂર થઈ જાય તેની ખબર પણ ના પડે. ગમે તેટલું દુ:ખ હોય પણ જો એકબીજા ભેગા મળી જઈએ અને દુ:ખને ટાળવા પ્રયત્ન કરીએ તો જરૂર ટળે જ. ક્યાંક આપણા પરિવારમાં વિકટ પરિસ્થિતિ આવે ત્યારે અકળાયા વિના, મૂંઝાયા વિના સૌ ભેગા મળીને નિવેડો લાવી શકીએ.

(૨) પરિવારમાં આત્મીયતા, પ્રેમ, લાગણી વગેરેનું વાતાવરણ સર્જાય :

પરિવારના સભ્યોની વચ્ચે, એકબીજાની વચ્ચે એક દિવ્ય આત્મીયતાનું સર્જન થાય, એકબીજાની અંતરની લાગણીને સમજી શકાય, સમયે પૂરતો પ્રેમ અને હૂંફ આપી શકાય.

(૩) સામેની વ્યક્તિને આપણા માટે ગુણ આવે :

બાપાશ્રીએ વાતોમાં કહ્યું છે કે, "ભલા ભલાઈ ન મેલે ને ભૂંડા ભૂંડાઈ ન મેલે એવા જીવના સ્વભાવ છે." એમ જો કોઈ વ્યક્તિ સમયે આપણાં સુખ-દુઃખમાં ભાગીદાર ન થયા હોય છતાંય આપણે આપણો મદદનો સ્વભાવ ન મૂકવો. જો આપણે એને સમયે મદદ કરીએ તો સામેની વ્યક્તિને આપણા માટે ગુણ આવે અને એ પ્રસંગને એ વ્યક્તિ જીવનકાળ દરમ્યાન ક્યારેય ભૂલી નથી શકતી અને શત્રુ પણ મિત્ર બની જાય છે.

(૪) સમયે સૌ મદદે દોડી આવે :

જો અન્ય કોઈનાં સુખ-દુઃખમાં આપણે ભાગીદાર થયા હોઈશું તો સમય આવ્યે આપણી મદદ માટે કોઈને બોલાવવા નહિ પડે, સામે ચાલીને સૌ મદદે દોડી આવશે. નહિ તો અંતે "જેવું કરીએ એવું પામીએ."

(૫) જીવન જીવવાનો અનેરો આનંદ આવે :

પરિવારના સભ્યોમાં સૌમાં એકબીજાની વચ્ચે સુખ-દુઃખમાં ભાગીદાર થવાની ભાવનાને કારણે કોઈ પણ નવું કાર્ય કરવું હોય તો ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ સર્જાય છે અને જીવન એક બોજો નહિ પણ આનંદ લાગે છે.

ઉપર જણાવ્યા મુજબના ફાયદા એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવાથી થાય છે. આવું આપણે જાણવા છતાંય અન્યનાં સુખ-દુઃખના ભાગીદાર નથી થઈ શકતા તેનાં કારણો તપાસીએ.

❑ સુખ-દુઃખના ભાગીદાર ન થઈ શકવાનાં કારણો :

(૧) એકબીજા માટે બંધાયેલ પૂર્વાગ્રહ :

એકબીજા વચ્ચે બંધાયેલ પૂર્વાગ્રહને કારણે કોઈને જ્યારે આપણી મદદની જરૂર હોય ત્યારે તેના માટેની પૂર્વાગ્રહની છાપ આપણા માનસપટ પર તરવરતી હોય છે. એણે મને મારા પ્રસંગમાં ક્યાં મદદ કરી હતી ? એણે મને બધાની વચ્ચે આવું કહ્યું હતું. કોઈના વિષે થયેલા અભાવ-અવગુણના સંકલ્પના કારણે પણ એકબીજાનાં સુખ-દુઃખના ભાગીદાર નથી થઈ શકાતું.

(૨) સ્વસુખ તરફ જ દૃષ્ટિ :

એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર નથી થઈ શકાતું તેનું સૌથી મોટું કારણ

જો હોય તો તે છે આપણી સ્વસુખ તરફની દૃષ્ટિ, સ્વાર્થી જીવન. દરેક વ્યક્તિ જીવનમાં સૌથી પહેલાં એવું વિચારે છે કે મારું શું ? મને તકલીફ કે મુશ્કેલી નહિ પડે ને ! પરિણામ સ્વરૂપે બીજાનું શું ? એ જોવાની દૃષ્ટિ પામી શકતા નથી. ક્યાંક જો કોઈને મદદ કરતા હોઈએ તોપણ એની પાછળ આપણી બહુ મોટી સ્વાર્થવૃત્તિ રહેલી હોય છે.

(૩) દેહદૃષ્ટિ :

એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર નથી થવાતું તેનું કારણ આપણી દેહદૃષ્ટિ. આપણે પોતાને દેહ માનીએ છીએ અને સામે પણ દેહના ભાવોને જોઈએ છીએ. એટલે જ પ.પૂ. સ્વામીશ્રી કાયમ કહે છે કે, “જ્યાં સુધી દેહદૃષ્ટિ છે ત્યાં સુધી પારકી ક્રિયા, પારકા દોષ, પારકી આકૃતિ અને પારકા સ્વભાવ દેખાશે જ.” પરિણામે એકબીજા પ્રત્યે આત્મીયતા નથી થતી. સૌ મહારાજના મુક્તો છે અને હું પણ મુક્ત છું. બધાય એક બાપના (સ્વામિનારાયણ ભગવાનના) જ દીકરા છીએ, બધા અનાદિમુક્તો જ છે. આવી પરભાવની દૃષ્ટિ કેળવાય તો સૌનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવાય જ.

(૪) વાદવિવાદ :

જ્યારે કોઈ વ્યક્તિના જીવનમાં વિકટ પરિસ્થિતિ આવે ત્યારે મદદ કરવાને બદલે તરત જ વાદ કરીએ. એણે મને મદદ કરી હતી ? અથવા તો કોઈ સાવ સામાન્ય કારણોસર એકબીજા વચ્ચે સામસામે કોઈ બાબત માટે વાદવિવાદ જેવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે, જેનાથી આપણાં મન એકબીજાથી નોખાં થઈ જતાં હોય છે. છેવટે આપણી અંદર રહેલી લાગણી મરી પરવારે છે ને કોઈનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવાની ઈચ્છા જ થતી નથી.

(૫) માન :

આપણને અન્યની વાણી અને વર્તન ઘણી વાર વધુ અસર કરી જતાં હોય છે. આવા સંજોગોમાં કેટલીક વાર માનને યોગે કરીને વટ ઉપર વાત જતી રહેતી હોય છે, જેના કારણે એકબીજાની નિકટ આવવાની કે એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવાની ભાવના જન્મતી જ નથી. પોતાના માનના લીધે સામેવાળાને દુઃખ આવે એમાં ક્યાંક આનંદ થતો હોય છે.

❑ સુખ-દુઃખમાં ભાગીદાર થવાના ઉપાયો :

(૧) લાગણીશીલ સ્વભાવ કેળવો :

ઘણી વાર આપણે પથ્થર હૃદયના બની જતા હોઈએ છીએ. જાણે આપણામાં દયા, પ્રેમ, લાગણી નામે કોઈ વસ્તુ જ જોવા ન મળે. આપણે બીજાના સુખ માટેનો કે દુઃખ માટેનો વિચાર જ કરતા નથી. એના બદલે થોડા લાગણીશીલ બની તમે તમારા પરિવારજન માટે એવી લાગણી રાખો કે જેઓ તમને પોતાના એક અંગ જેવા લાગે. જેમ આપણી આંગળી પર નાનકડો ચપ્પાનો ઘા વાગ્યો હોય અથવા પગે ઠેસ વાગી હોય ત્યાં જો ભૂલથી કંઈક અથડાય તો કેવો હાયકારો લાગે છે ? કારણ પોતાનો દેહ છે... એમ આપણા પરિવારના સભ્યો પણ આપણા અંગ જેવા છે જેના સુખમાં આપણું સુખ અને દુઃખમાં આપણું દુઃખ માનીએ. તેમના પ્રત્યે આપણા હૈયામાં ઘૃણા ઉત્પન્ન કરવાને બદલે માખણ જેવું કોમળ હૈયું રાખી પ્રેમ અને હૂંફ આપીએ.

(૨) આપણે આપણો ધર્મ બજાવવો :

આપણે બધાએ સમૂહજીવનમાં રહેવાનું છે. એટલે એક વાત તો સૌ કોઈએ સ્વીકારવી જ પડશે કે, "તુંડે તુંડે મતિર્ભિન્ના." વ્યક્તિ વ્યક્તિએ સ્વભાવ-પ્રકૃતિ, કાર્ય કરવાની પદ્ધતિ આ બધું જુદું રહેવાનું જ. એમાં ક્યાંક એવું પણ બને, કોઈ વ્યક્તિ સ્વભાવ-પ્રકૃતિને આધીન થઈને આપણને મુશ્કેલીમાં મૂકવા, ચિંતામાં મૂકવા પ્રયત્ન કરે; આપણને ઓશિયાળા કરવાના પ્રયત્ન કરે. એ ભલે કદાચ એવી રીતે વર્તે; એ એનો ધર્મ બજાવે તો આપણે આપણો ધર્મ બજાવવો. આપણો ધર્મ દયાનો છે. આપણે જેવા સાથે તેવા કે ધોબીએ ધોબી ન થવું.

(૩) માફ કરી દો, ભૂલી જાવ :

બીજાની ભૂલને માફ કરી દેવી અને એના કરતાંય એને ભૂલી જવી એ મહાનતા છે. માણસમાત્ર ભૂલને પાત્ર છે. કોઈની કરેલી ભૂલને ક્યારેય યાદ ન કર્યા કરો, કોઈની આગળ ગાશો નહિ; એને ભૂલી જવી એમાં જ સુખ છે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, "કોઈ પોતાની ભૂલની માફી માંગી લે છતાંય તેને પાપી જાણીએ તો કૃતઘ્ની કહેવાઈએ." કોઈની ભૂલ દેખાય તો એને પ્રકાશમાં ન લાવવી. ભૂલી જઈશું તો જ એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થઈ શકાય.

(૪) અન્યના સુખનો વિચાર :

જ્યાં સુધી આપણે પોતાના સ્વસુખ માટે પ્રયત્ન કરીશું ત્યાં સુધી બીજાના સુખનો વિચાર ક્યારેય નહિ આવે. જ્યાં પોતાના સુખનો જ પ્રયત્ન થતો હોય ત્યાં અન્યનાં સુખ-દુઃખનો વિચાર ન આવે. માટે પ.પૂ. સ્વામીશ્રી ઘણી વાર વાત કરે છે કે, "કોઈ પણ કાર્ય કરતાં પહેલાં વિચાર કરવો કે મારા કાર્યથી કોઈને તકલીફ તો નહિ પડે ને ? મારા બોલવાથી કોઈનું અંતર તો નહિ દુભાય ને ? મારા કારણે કોઈની પ્રગતિ તો રૂંધાઈ નહિ જાય ને ? સતત આવા વિચાર સાથે કાર્ય કરવું. મળે એટલું માણી લઉં, ભોગવી લઉં. એના કરતાં બીજાને આપીને આનંદ માણવાથી અન્યનાં સુખ-દુઃખમાં ભાગીદાર થઈ શકાય."

❑ કેવા કેવા પ્રસંગોમાં આપણે એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થવું જોઈએ ?

૧. કોઈ વ્યક્તિ માનસિક તણાવગ્રસ્ત હોય ત્યારે.
૨. જ્યારે કોઈને દેહનું દુઃખ આવી પડે ત્યારે.
૩. જ્યારે કોઈ આર્થિક મુશ્કેલીઓની ભીડમાં આવી ગયા હોય ત્યારે.
૪. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાં અનેક નિષ્ફળતાઓથી ઘેરાઈ જાય ત્યારે.
૫. કામનો વધુ પડતો બોજો હોય ત્યારે.
૬. પોતાના પરિવારની કોઈ નજીકની વ્યક્તિને ગુમાવે ત્યારે.
૭. કોઈ ત્રાહિત પક્ષ જ્યારે આપણા કુટુંબીજનોને હેરાન કરે ત્યારે.

આવા આપણા દૈનિક જીવનના ઘણા બધા સંજોગો છે જેમાં આપણે એકબીજાને સુખ-દુઃખમાં ભાગીદાર થઈ ખરા આત્મીય સભ્ય બનીએ.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. હળવા ફૂલ જેવા થવાનો ઉપાય
૨. આત્મીયતા કેળવીએ

અન્ય પ્રકાશન : આત્મીયતા ટેલીફિલ્મ

ખરા કર્તા મહારાજને સમજો

“રાકેશ, ઓ રાકેશ, ક્યાં છે તું ?” મોટા ભાઈ જયેશભાઈ ધંધાના કામે બહારગામ જવાનું હોવાથી નાના ભાઈ રાકેશભાઈને બોલાવી ભલામણ કરી રહ્યા છે, “રાકેશ, કાલે સવારે આપણા ધંધાના કામે હું હૈદરાબાદ જઈ રહ્યો છું. આવતી કાલે સુરતથી પાર્ટી આવે તો તેમને માલ બતાવજે પણ તેનો ભાવતાલ ને સોદો હું આવું પછી કરીશું.”

બીજા દિવસે સુરતથી પાલચંદ્રજી માલ જોવા માટે આવ્યા. તેમને માલ પસંદ પડતાં માલ ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરી. રાકેશભાઈએ તેમને કહ્યું કે, “અત્યારે આપ સુરત જાવ. પાછળથી અમે માલનું પાર્સલ કરી દઈશું.” પરંતુ તેમને માલની ખૂબ જરૂર છે તેમ તેઓએ કહ્યું.

રાકેશભાઈએ મોટા ભાઈ જયેશભાઈને ફોન પર વાત કરવા પ્રયત્ન કર્યો છતાં કોઈ મેળ ન પડ્યો. મુનીમજી પણ હજુ આવ્યા નહોતા. વળી રાકેશભાઈને વિચાર આવ્યો કે લાવ હું પણ મોટા ભાઈની ગેરહાજરીમાં ધંધો કરતાં શીખું. આથી તેમણે પાર્ટીને ૨૦૦ નંગ માલ વેચ્યો.

મુનીમજી આવ્યા અને તેમણે બિલ ચેક કરતાં ખબર પડી કે રાકેશભાઈથી બહુ મોટી ભૂલ થઈ હતી. બિલમાં ૨૦૦૦ નંગ લખ્યા હતા, જ્યારે પૈસા તો માત્ર ૨૦૦ નંગના જ લીધા હતા. વળી પડતર કિંમત કરતાં ભાવ પણ ૧૦૦ રૂપિયા ઓછો નક્કી થયો હતો. તેથી પેઢીને ૧,૮૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું.

રાકેશભાઈ તો આ બધું જોતાં ઢીલા ઘેંસ જેવા થઈ ગયા. કારણ કે તેઓ

મોટા ભાઈના જ્વાળામુખી જેવા ઉગ્ર ગુસ્સાને જાણતા હતા. વળી, તેમની ના ઉપર સોદો કર્યો હતો. તેથી તેની પણ બીક લાગી. મોટા ભાઈ આવીને ગુસ્સે થશે અને ધંધામાંથી પોતાનો ભાગ કાઢી નાખશે એ બીકે તેઓ એ જ રાત્રે મુંબઈ પોતાના મામાના ઘરે જવા નીકળી ગયા. રાકેશભાઈ મુંબઈ જતી ટ્રેનમાં જ્યાં ઉપર ચઢવા જાય છે ત્યાં એ જ ડબ્બામાંથી જયેશભાઈ નીચે ઊતરે છે. રાકેશભાઈને જોતાં તેમણે તરત જ પ્રશ્ન પૂછી લીધો કે, “અરે, રાકેશ ! અત્યારે અહીં ? અને આ થેલો ભરીને રાત્રે દસ વાગ્યે ક્યાં જાય છે ?”

રાકેશભાઈ તો થર થર ધ્રૂજવા લાગ્યા. મોટા ભાઈએ વધુ પૂછપરછ કરી ત્યારે કહ્યું કે, “ભાઈ, તમે મને સોદો કરવાની ના પાડી હતી. છતાંય મેં તમારી ગેરહાજરીમાં સોદો કર્યો અને આપણને ૧,૮૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. એટલે આપ મારી ઉપર ગુસ્સે થાવ અને ધંધામાંથી મારો ભાગ કાઢી નાખો એ બીકે હું મુંબઈ મામાના ઘરે જઈ રહ્યો હતો.”

જયેશભાઈએ હસતાં હસતાં રાકેશભાઈના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું કે, “ભલા માણસ, એમાં શું થઈ ગયું ? જો, આપણા સૌના ખરા કર્તા તો એકમાત્ર શ્રીજીમહારાજ જ છે. તારા દ્વારા સોદો કરનાર પણ મહારાજ જ છે. હશે, એમાં પણ મહારાજનો કોઈ શુભ સંકલ્પ હશે. ભૂલ તો બધાની થાય. મારી પણ થાય. આટલી વાતમાં કંઈ આપણી આત્મીયતામાં તિરાડ ઊભી કરવાની ? ના...ના...” બંને ભાઈઓ સાથે ઘરે ગયા.

ખરા કર્તા એક મહારાજને સમજ્યા તો બંને ભાઈઓની વચ્ચેની આત્મીયતા અકબંધ રહી, લિસોટો પણ ન પડ્યો. શું આપણો પરિવાર પણ આવા આત્મીયતાના તાંતણે જોડાયેલો રહે એવું ઇચ્છીએ છીએ ? તો ચાલો, દૃઢ કરીએ કારણ સત્સંગની અનોખી સમજણ.

❑ કારણ સત્સંગની અનોખી સમજણ :

શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૬૩ વચનામૃતમાં કહ્યું કે, “જીવમાત્રનો તો એવો સ્વભાવ છે જે જ્યારે કાંઈક પોતામાં વાંક આવે ત્યારે એમ બોલે જે મુને બીજો કોઈએ ભુલાવ્યો ત્યારે મારામાં ભૂલ પડી પણ મારામાં કાંઈ વાંક નથી, પણ એમ કહેનારો મહામૂર્ખો છે કેમ જે બીજો તો કોઈક કહેશે જે તું કૂવામાં પડ, ત્યારે એને કહેવે કરીને શું કૂવામાં પડવું ? માટે વાંક તો અવળું કરે તેનો જ છે.”

અહીં મહારાજ આપણા રોજિંદા જીવનની પરિસ્થિતિનું તાદૃશ્ય વર્ણન કરે છે. ઘણી વાર આપણા ધારેલા કાર્યમાં સફળતા ન મળે અથવા નુકસાન થાય ત્યારે આપણે દોષનો ટોપલો બીજા ઉપર ઢોળતા હોઈએ છીએ. જો ઘરમાં કોઈ બાળકનો જન્મ થાય ને નુકસાન થાય તો કહીએ જન્મતાં જ નુકસાન વોર્યું. ને જો બાળકના જન્મની સાથે ઘરમાં કોઈ ફાયદો થાય તો બાળકને સારો ગણીએ છીએ. એવી જ રીતે ઘરમાં જો પુત્રવધૂનું આગમન થાય ને નુકસાન થાય તો કહીએ કે તારા પહેલા પગલે જ આવું થયું તો પાછળથી શું થશે ? ને નફો થાય અથવા સફળતા મળે તો પુત્રવધૂને હાથમાં રાખીએ છીએ. પરંતુ શું ખરેખર આ માનીનતા સાચી છે ? ના. ઘણી વખત આપણી આવી અણસમજણને પરિણામે આપણા પરિવારની આત્મીયતામાં અને સંપીને રહેવાની ભાવનામાં તિરાડ પડતી હોય છે.

પ.પૂ. સ્વામીશ્રીએ ‘હરિને ગમે એવા થવું જ છે’ પુસ્તિકાના ૭૫મા કૃપાવાક્યમાં કહ્યું છે કે, “પ્રભુનિયંત્રિત સમાજમાં બનતો એક એક પ્રસંગ કે એક એક વ્યક્તિનું નિર્માણ પ્રભુએ મારા ઘડતર માટે જ કર્યું છે.”

એટલે કે જે કંઈ થયું છે, થાય છે અને થશે તેના સંપૂર્ણ કર્તા મહારાજ જ છે. સૌ મહારાજના અનાદિમુક્તો છે. અનાદિમુક્તના સીધા કર્તા સ્વયં શ્રીજીમહારાજ જ છે. કોઈનુંય કર્તાપણું નથી. તો પછી શું મહારાજનો દોષ દેખાય ? મનાય ? ના.

સત્પુરુષના કર્તા પણ મહારાજ જ છે. સંતો-ભક્તોના, અરે આપણા પરિવારના સભ્યોના કર્તા પણ મહારાજ જ છે. એટલું જ નહિ, સ્વયં આપણા કર્તા પણ મહારાજ જ છે. આ છે આપણા કારણ સત્સંગની સમજણ. આ સમજણ આપણા જીવનમાં દૃઢ થઈ જાય તો ‘સંપીને રહેવું’ એ સંકલ્પ તો આ સમજણનો જ એક ભાગ બની જાય ને રાજીપાના શ્રેષ્ઠ પાત્ર બની જવાય. ભૂતકાળમાં પણ જેણે જેણે આ સમજણ દૃઢ કરી તેઓ મહારાજના રાજીપાના પાત્ર બની ગયા.

એક વખત શ્રીજીમહારાજે દાદાખાચરની માંડવધારની જમીન જે મંદિરમાં સેવામાં આપી હતી તેને છોડાવવાનું સુકાન ભગુજીને સોંપ્યું. આ માંડવધારની જમીન કાઠીઓએ પડાવી લીધી હતી. કાઠીઓની સાથે ઝઘડો થાય તેમ નહોતું, સમજાવીને સમાધાન કરવું પડે તેમ હતું. હવે કાઠીઓને સમજાવવા એટલે આસમાનના તારા નીચે લાવવા જેવું અઘરું કામ હતું.

મહારાજની આજ્ઞા થતાં ભગુજીએ જમીન છોડાવવાના પ્રયત્નો ચાલુ કર્યા. એક વર્ષ - બે વર્ષ એમ કરતાં કરતાં નવ નવ વર્ષ વીતી ગયાં. છેવટે મહારાજની ઈચ્છાથી ભગુજીએ ખૂબ મહેનતથી સમાધાન કરી જમીન છોડાવી, મંદિરના નામે કરાવી. આ સમાચાર મળતાં જ મહારાજ તો રાજી-રાજી થઈ ગયા.

બીજા દિવસે મહારાજે કહ્યું, "હાર લાવો, અમારો સંકલ્પ હતો કે માંડવધારની જમીન છોડાવવી અને એ સંકલ્પને રતનજીએ પૂરો કર્યો છે. માટે આજે અમારે એમનું પૂજન કરવું છે." મહારાજે તો સભા વચ્ચે રતનજીનાં ખૂબ વખાણ કર્યાં, પાંચ-છ વખત રાજીપો દર્શાવ્યો તેમજ બાથમાં ઘાલી ભેટી પડ્યા અને હાર પહેરાવ્યો.

સભામાં ભગુજી પણ બેઠેલા, પણ તેમના મુખારવિંદની રેખામાં કોઈ ફેરફાર નહિ, કોઈ ભાવફેર નહીં. મહારાજની દિવ્ય લીલાને બેઠા-બેઠા માણી રહ્યા. સભામાં બેઠેલા સંતો-હરિભક્તોમાં ચહલપહલ મચી ગઈ, પણ ભગુજીના તો પેટનું પાણીય ન હલ્યું.

સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું, "તમે રતનજીનું પૂજન કરવા આવ્યા ? જાવ ભગુજી, રતનજીને બોલાવી લાવો." ભગુજી દોડતા રતનજીને બોલાવી લાવ્યા. આમ, મહારાજે માત્ર એક દિવસ પૂજન કરીને પતાવ્યું નહીં. સળંગ ૧૫ દિવસ મહારાજે આ લીલા ચાલુ રાખી. છેવટે મુક્તાનંદ સ્વામીથી રહેવાયું નહીં. સ્વામીએ કહ્યું, "મહારાજ, આ શું લીલા આદરી છે ? રતનજીને પૂછો તો ખરા કે એમણે માંડવધારની જમીન જોઈ છે ખરી ? નવ નવ વર્ષથી મહેનત તો આ ભગુજીએ કરી છે. પગ તો એમણે ઘસી નાંખ્યા છે ને પૂજન તમે રતનજીનું કરો છો ! આમાં કંઈ સમજાતું નથી !"

મહારાજે કહ્યું, "એ તો અમે ભગુજીની પરીક્ષા કરતા હતા." મહારાજે ભગુજીને પૂછ્યું કે, "ભગુજી, તમને કાંઈ સંકલ્પ ના થયો ? તમે કેમ કંઈ બોલ્યા નહીં ?"

ત્યારે ભગુજીએ કહ્યું, "મહારાજ, મારી પાસે તો કાંઈ આવડત, બુદ્ધિ નથી કે હું માંડવધારની જમીન છોડાવી શકું. એ તો આપે જ કર્તા બનીને કાર્ય કર્યું છે; હું તો નિમિત્તમાત્ર છું. તો પૂજન આપનું જ થાય ને ! રતનજીમાં આપ જ

બિરાજો છો માટે એમનામાં રહીને પણ પૂજન આપનું જ થાય છે. ને મારામાં પણ પૂજન આપનું જ થવાનું હતું તો પછી એમાં સંકલ્પ કેવો ?''

મહારાજને કર્તા સમજવાની ભગુજીની આવી દિવ્ય સમજણને આપણા સ્વજીવનમાં દૃઢ કરીએ. સત્સંગમાં કે કુટુંબમાં આપણે કરેલા કોઈ કાર્યનો કે સેવાનો યશ બીજાને અપાય ત્યારે મહારાજનું જ કર્તાપણું છે એવું સમજીએ.

માનવસહજ સ્વભાવ છે કે જો કોઈ સારું કાર્ય કર્યું હોય તો કોઈ પૂછે નહિ તોપણ ''મેં કર્યું છે'' એવું કહીએ અથવા તો ''મહારાજે મને નિમિત્ત કર્યો.'' એવું કહીએ, પણ જો બગડે તો ''મહારાજની મરજી હશે એમ થયું'' એવું કહેતાં હોઈએ છીએ. આમ, સદાય મહારાજનું જ કર્તાપણું આપણા જીવનમાં પ્રસ્થાપિત કરી પોતાના અસ્તિત્વનો પ્રલય કરીએ. કારણ શ્રીજીમહારાજ સિવાય કોઈનું કર્તાપણું નથી.

રમકડું એમ ઇચ્છે કે મારે સામે ચાલતાં ચાલતાં જવું છે તો શું શક્ય છે ? પરંતુ જો અંદર સેલ લગાડીએ તો રમકડું દોડવા માંડે. ઢીંગલીમાં લગાવીએ તો ઢીંગલી દોડે, એમાંથી સેલ કાઢી રમકડાની બસમાં નાંખીએ તો બસ દોડવા માંડે. તો શું એ ઢીંગલી કે બસ દોડે છે ? ના... એના કર્તા સેલ છે. એ સેલ વગર એક ડગલું પણ ભરી શકે નહીં.

એમ, આપણા પરિવારના સભ્યો પણ મહારાજનાં રમકડાં છે. એ ન તો ચાલી શકે, ન તો દોડી શકે; ખરા કર્તા એકમાત્ર મહારાજ જ છે. મહારાજ જે રમકડાને નિમિત્ત કરે, જેના કર્તા બને એ જ ચાલે. ત્યાં મહારાજના કર્તાપણાનો સ્વીકાર થાય તો પરિવારમાં એક દિવ્ય આત્મીયતાનું સર્જન થાય, નહિ તો પરિવાર વેરવિખેર થઈ જાય.

એક વાર શ્રીજીમહારાજે સુરાખાચરના ઘરનાં શાંતાબાઈને સભામાં રોજ મોડાં આવવાનું કારણ પૂછ્યું. ત્યારે શાંતાબાઈએ કહ્યું, ''મહારાજ, આપના ભગત ભારે સ્વાદિયા છે. એમને જમવામાં રોજ બે મીઠાઈ અને ફરસાણ જોઈએ ને જો એમાં કંઈ સ્વાદમાં ફેર પડે તો કજિયો કરે, માટે રસોઈ બનાવતાં થોડું મોડું થઈ જાય છે.''

આ બાજુ શ્રીજીમહારાજ પોતાના ભક્તનો સ્વભાવ ટળાવવા કર્તા બન્યા શાંતાબાઈ દ્વારા. મહારાજે કહ્યું, ''શાંતાબાઈ, હવે કાલથી તમારે ભગતને રોજ

છાશ ને રોટલો આપવાનાં. બીજું કાંઈ નહિ બનાવવાનું.'' અને શાંતાબાઈના ગયા પછી મહારાજે સુરાખાચરને બોલાવ્યા. મહારાજે કહ્યું, ''સુરાખાચર, આજે અમારે તમને એક નિયમ આપવો છે, લેશો ?'' સુરાખાચરે કહ્યું, ''મહારાજ, કેમ નહીં ? આપની આજ્ઞા કેમ ન પળે ?'' મહારાજે કહ્યું, ''સુરાખાચર, આજથી તમે જમવા બેસો ત્યારે જે મળે તે જમી લેવાનું. કંઈ માંગવાનું પણ નહિ અને કંઈ બોલવાનું પણ નહીં.'' સુરાખાચર બોલ્યા, ''ભલે દયાળુ.''

સુરાખાચર ઘેર ગયા ને જમવા બેઠા. ભાણામાં જોયું તો છાશ ને રોટલો ! સુરાખાચર મનોમન વિચારવા લાગ્યા કે, ''આ શાંતાબાઈની કોઈ તાકાત નથી કે મને છાશ ને રોટલો જમવા આપે, પણ મારા ધણી અહીં આવી પહોંચ્યા લાગે છે. મારા સ્વાદના સ્વભાવને ટળાવવા શાંતાબાઈમાં રહીને કર્તા બન્યા છે.'' સુરાખાચરે તો ચુપચાપ કશું જ બોલ્યા વિના જમી લીધું. આમ, સળંગ છ મહિના સુધી રોજ છાશ ને રોટલો જમાડ્યો.

સુરાખાચરને મહારાજે જમતાં જમતાં બોલવાનું નહિ એવી આજ્ઞા કરી હતી પરંતુ ઊભા થયા પછી નહિ બોલવાનું એવું નહોતું કહ્યું. પણ શાંતાબાઈમાં રહીને મહારાજ મારો સ્વાદનો સ્વભાવ ટળાવી રહ્યા છે એમ, મહારાજના કર્તાપણાનો સ્વીકાર કર્યો તો પોતાના સ્વાદનો સ્વભાવ ટળ્યો. છતાંય આત્મીયતામાં તિરાડ પણ ન પડી ને મહારાજના અઢળક રાજીપાના પાત્ર બની ગયા. જો મહારાજના કર્તાપણાનો સ્વીકાર ન થયો હોત તો કેવી પરિસ્થિતિ સર્જાત શાંતાબાઈની અને ઘરની ?

આ ફેરે મહારાજનો સંકલ્પ છે કે અમારા આશ્રિતમાં એક તલમાત્ર પણ કસર રહેવા દેવી નથી. તો શું આપણાં સ્વભાવ-પ્રકૃતિ, આપણા પડી ગયેલા ખોટા હેવા, અનાદિકાળથી ઘર કરીને રહેલા દોષોનું સામ્રાજ્ય મહારાજ ચલાવી લેશે ? હરગિજ નહીં. માટે આપણા પરિવારમાંથી અથવા તો સત્સંગમાંથી કોઈને પણ નિમિત્ત કરે; એ તો માત્ર મહારાજનાં રમકડાં છે. પણ આપણને પૂર્ણ પાત્ર કરવાનું મહારાજનું આયોજન છે. કર્તા સ્વયં મહારાજ છે. એમનામાં રહીને મહારાજ આપણી કસર ઓળખાવે ને ટળાવે પણ ખરા. પરંતુ જો ખરા કર્તા એક મહારાજને સમજાય તો નહિ ખખડે આપણા ઘરનાં વાસણ, નહિ ટકરાય આપણા અહમ્‌નાં વાદળો, નહિ સર્જાય શબ્દોના અકસ્માત, નહિ આડી આવે અડચણો, નહિ આવે મહારાજ અને મોટાની નારાજગી, નહિ તૂટે આપણી પરિવારની

આત્મીયતા, નહિ બંધાય કોઈને વિષે પૂર્વાગ્રહ કે આંટી - પાણીના રેલાની જેમ આપણું જીવન સરળતાથી ચાલશે.

❑ કેવા સંજોગોમાં મહારાજના કર્તાપણાનો સ્વીકાર નથી થતો ?

(૧) અણધારી આપત્તિ આવી પડે ત્યારે :

આપણા પરિવારમાં કે જીવનમાં કલ્પી જ ન હોય તેવી પરિસ્થિતિ સર્જાય, કોઈ નુકસાન થાય ત્યારે આપણે આકુળ-વ્યાકુળ બની જતા હોઈએ છીએ. આવી પડેલી આપત્તિને જીરવી ન શકતાં એના દોષિત બીજાને ઠેરવી દઈએ છીએ. બીજા ઉપર ગુસ્સો ઠાલવીએ છીએ. હતાશામાં ને નિરાશામાં ધકેલાઈ જતા હોઈએ છીએ. કોઈના વિષે શંકાશીલ બની જતા હોઈએ છીએ. પણ જે કાંઈ થયું છે ને થાય છે તેના કર્તા એક મારા મહારાજ છે. આવું સમયે સમજી શકતા નથી. જો કર્તા મહારાજ સમજાય તો આવી પડેલી આપત્તિને હળવાશ સાથે દૂર કરી શકાય છે.

(૨) ઘરમાં કોઈ માંદા રહે અથવા ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે :

આપણા પરિવારમાં ક્યારેક કોઈ સ્વજન લાંબા સમય સુધી માંદા રહે ત્યારે આપણે ઢીલા પડી જતા હોઈએ છીએ. ઘણી વાર જો પરિવારમાં કોઈ સભ્ય બળિયા હોય ને બીજા ઢીલા હોય તો સામસામે ચડસાચડસી થાય. ‘‘આટલી ભક્તિ કરીએ છીએ તોય આવું ?’’ જ્યારે કોઈ ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે મોટાપુરુષ અને સંતો આગળ દાવો કરતા હોઈએ કે ‘‘અમારા ઘરમાં આવું કેમ ?’’ ત્યાં આપણને આપણી ભૂલ નથી દેખાતી અને એકબીજા ઉપર આરોપ મૂકતા હોઈએ છીએ. પરંતુ શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૩૪મા વચનામૃતમાં કહ્યું છે કે,

‘‘ભગવાનના ભક્તને તો જેટલું દુઃખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.’’ માટે મહારાજ કર્તા છે અને આપણી આજ્ઞાના લોપનું ફળ આપ્યું છે એવું સમજવું.

(૩) આપણા સહસાથીને જ્યારે ઊંચી સેવાના નિમિત્ત કરે ત્યારે :

ઘણી વખત આપણને જૂનાપણાનું માન રહી જતું હોય છે. હું આટલાં વર્ષોથી સત્સંગમાં છું, હું સિનિયર છું, મને વધારે ખબર પડે છે, આ સેવા માટે

તો હું જ યોગ્ય છું - આવી ક્ષુલ્લક વિચારસરણીમાં રાચતા હોઈએ છીએ. અને એમાંય જો મહારાજ અને મોટાપુરુષ કે વ્યવહારમાં પણ આપણી સમકક્ષ વ્યક્તિને આપણા કરતાં કોઈ ઊંચી સેવા કે સારી પદવી પ્રાપ્ત થાય ત્યારે આપણે હચમચી જતા હોઈએ છીએ. સામેની વ્યક્તિ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થતો હોય છે અને આત્મીયતામાં તિરાડમાત્ર નહિ, મોટા મોટા ધારોડા પડી જતા હોય છે. ૧૦૦ જણની સેવા કરવાનો ઉત્સાહ ક્યાંય ઓસરી જતો હોય છે. ત્યાં આપણે મહારાજને કર્તા નથી સમજી શકતા.

(૪) કોઈમાં વિશેષ આવડતનાં દર્શન કરીએ ત્યારે :

લોકવ્યવહારમાં કે સત્સંગમાં આપણે કોઈ બાબતમાં નિપુણ છીએ એવું માનતા હોઈએ અને આપણા કરતાં કોઈ વિશેષ આવડત ધરાવતી વ્યક્તિને જોતાં જ આપણને અંદરથી ઘૃણા ઉત્પન્ન થાય છે. વ્યક્તિ પ્રત્યે વાણી, વિચાર ને વર્તનમાં અણગમો પ્રદર્શિત થાય છે. એની લીટી ભૂંસવાના પ્રયત્નો ચાલુ થઈ જાય છે. પાત્રમાં કયા અવળા ગુણ છે તે શોધવા માંડીએ છીએ. 'કેવી રીતે એના કરતાં હું વધારે સારો દેખાઉં' એવા પ્રયત્નો ચાલુ થઈ જાય છે. ત્યાં 'એનામાં જે ગુણ છે તે મહારાજની આપેલી પ્રસાદી છે અને કરનાર પણ સ્વયં મહારાજ જ છે' આ ભાવ કેળવી નથી શકતા.

આવા કેટલાય પ્રસંગોમાં આપણે મહારાજને ખરા કર્તા નથી સમજી શકતા તો પછી મહારાજના કર્તાપણાનો સ્વીકાર કરવા શું કરવું ?

❑ મહારાજના કર્તાપણાનો સ્વીકાર કરવાના ઉપાયો :

(૧) સૌમાં મહારાજનાં દર્શન કરવાં :

વ્યતિરેકના સંબંધવાળામાં સ્વયં મહારાજ બિરાજે છે એટલે કે સૌના કર્તા મહારાજ છે. આ સમજણ દૃઢ થાય તો ક્યારેય કોઈ પણ કાર્ય હોય, કોઈ પણ વ્યક્તિએ કર્યું હોય તો તેના પ્રત્યે એક જ ભાવ રહે કે એ કાર્યના કર્તા સ્વયં મહારાજ છે. ક્યારેય કોઈ પણ બાબતમાં કોઈને દોષિત ન ઠેરવવા. અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈની પાસે ચપટીય પાવર નથી. સૌમાં મહારાજ બિરાજે છે. માટે કર્તા મહારાજ જ છે એમ સમજવું.

(૨) સવળો વિચાર કરવો :

ઘણાબધા લોકો અવળા વિચારમાં જીવી રહ્યા હોય છે. આપણાથી અવરભાવમાં કોઈ નાની ઉંમરની વ્યક્તિ આપણને કોઈ ભૂલ બતાવે ત્યારે તરત

જ આપણે તેને તોડી પાડતા હોઈએ છીએ, પણ એના દ્વારા મહારાજ મને કહે છે એ ભાવ દૃઢ કરીએ તો એના વિષે અભાવ-અવગુણના અવળા વિચારમાંથી બચી શકાય.

ઘણી વાર આપણને એવો અહેસાસ થાય કે મારાથી કંઈક ખોટું થઈ રહ્યું છે અને એવા વખતે મહારાજ અને મોટાપુરુષ મળ્યા છતાંય કેમ આમ ? એવું નહિ વિચારતાં એમ વિચારવું કે જો કોઈ બાપ એના દીકરાનું અહિત ન ઇચ્છે તો હું તો સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો દીકરો છું, એ મારા બાપ કોઈનું અહિત ન ઇચ્છે તો મારું તો ક્યાંથી ઇચ્છે ? એ જે કરે છે તે મારા હિત માટે જ કરી રહ્યા છે એવો સવળો વિચાર કરવો.

(૩) પોતાનો કક્કો પડતો મૂકવો :

ઘણી વાર આપણે એવું માનતા હોઈએ છીએ કે પહેલાં હું જ સાચો, પછી બીજા; મારી જ પદ્ધતિ બરાબર છે. આવો પોતાનો જ કક્કો પકડી રાખતા હોઈએ છીએ. પોતાના જ ધાર્યા પ્રમાણે અને ગમતા પ્રમાણે કરાવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ.પરંતુ ત્યાં સામે સ્વયં મહારાજ એ પાત્રમાં રહીને કાર્ય કરે છે એ ભાવ ભૂલી જઈએ છીએ. પરિણામે ક્યાંક મર્યાદા ચૂકી જવાય, અભાવ-અવગુણમાં ચાલ્યા જવાય અને આત્મીયતા ખંડિત થઈ જાય; માટે આવા સ્વભાવનો સદંતર ત્યાગ કરવો.

☐ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. સદાય હસતા રહો
૨. ભક્ત રક્ષક ભગવાન
૩. સમજણ એ જ સુખ
૪. હળવા ફૂલ જેવા થવાનો ઉપાય
૫. નથી રાખવા કોઈને દુઃખી રે...



સુહૃદભાવ

એકબીજા સાથે મન એક કરી
પોતાનાને મળીશું.

'સુહૃદ' એ સંસ્કૃત તત્સમ્ શબ્દ છે. સુ = સારું, સુંદર, નિર્મળ, પ્રેમાળ, લાગણીભર્યું. 'હૃદ' એટલે હૃદય, મન. સુહૃદ એટલે સારું, નિર્મળ હૃદય; પ્રેમાળ-લાગણીશીલ મન. ઉત્કૃષ્ટ લાગણીસભર હૃદયનો ભાવ એટલે જ સુહૃદભાવ.

નિઃસ્વાર્થભાવે, અંતરનો નીતરતો પ્રેમ અને લાગણી એટલે જ સુહૃદભાવ.

પરસ્પર હૃદયની, મનની એકતા એટલે જ સુહૃદભાવ.

દેહે કરીને જોડે રહેવું એને સંપ કહેવાય, પણ મને કરીને એક રહેવું એને સુહૃદભાવ કહેવાય.

સુહૃદભાવ એ જીવનનું અમૃતરૂપી હાર્દ છે. જેમ એક પૈડા વડે રથ ચાલી શકતો નથી, તેમ સુહૃદભાવ વિના જીવન સિદ્ધ થતું નથી. જીવન દુઃખરૂપ, બોજારૂપ બની જાય છે.

❑ જીવન એટલે Vehicle testનો 8 :

મનુષ્યજીવન અનેક ઝંઝાવાતોનું સંગ્રહસ્થાન છે. બાળક સમજણું થાય ત્યારથી અનેક વ્યક્તિઓના સંબંધમાં આવતું હોય છે. બાલ્યાવસ્થામાં મિત્રો સાથેના વ્યવહારથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીમાં સમગ્ર જીવનકાળ દરમ્યાન, ઘણા બધા Vehicle testના 8 રચવા પડતા હોય છે. એટલે કે જેમ કોઈ વ્યક્તિ વાહન માટે લાઈસન્સ લેવા જાય ત્યારે સીધે-સીધું લાઈસન્સ ના મળી જાય. આપેલી મર્યાદાની અંદર અંગ્રેજીમાં 8 બનાવવો પડે. અને જો 8 બનાવવામાં પાસ થાય તો જ એને લાઈસન્સ મળે. પરંતુ 8 બનાવવો ઘણો અઘરો હોય છે.

આજે જ્ઞાન, વિજ્ઞાન અને બુદ્ધિનો બહોળો વિકાસ થઈ રહ્યો છે. ભૌતિક સુવિધાઓથી જીવન સમૃદ્ધ થતાં જાય છે, છતાંય જીવન મલકાતાં નથી. કારણ એક જ છે કે જીવન જીવવારૂપી વાહનપરીક્ષામાંથી પાસ નથી થયા. આજે ઘર-ઘર અને વ્યક્તિ-વ્યક્તિ આ Vehicle testના 8માં ગૂંચવાઈ જાય છે.

સમૂહજીવનમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વિચારો અને મત તો જુદા રહેવાના જ, પરંતુ એની વચ્ચે મન જુદાં થાય તો પતનનો પથ પાંગરવા માંડે છે. સદ્. ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છે કે, "જ્યાં એકબીજાનાં મન નોખાં પડે ત્યાં અધર્મના સર્ગનો પ્રવેશ થાય છે."

જેમ સાવરણીની સળીઓ એક દોરાના તાંતણે બંધાયેલી હોય તો અનેકને ઉપયોગી બને છે અને જો છૂટી પડી જાય તો કચરાપેટીમાં નાખવા લાયક બની

જાય છે. તે કેટલાયના પગ નીચે કચડાઈ જાય છે. આપણે પણ સાવરણીની જેમ પરિવારમાં એક સુહૃદભાવરૂપી તાંતણે બંધાયેલા રહેવું, નહિ તો આ સંસારરૂપી ખાડામાં ક્યાંય કચડાઈ જઈશું.

ઘણી વાર એક ધાબા નીચે સાથે રહેતી વ્યક્તિનાં મન જુદાં હોય છે. છાપરું એક, પણ મન નોખાં હોય છે. આજે મનની જુદાઈ છે, તો કાલે તનની જુદાઈ થતાં વાર નહિ લાગે; કુસંગરૂપી દીવાલ ચણાઈ જતાં વાર નહિ લાગે.

મોટી-મોટી સલ્તનતોનાં પતન મનભેદથી જ થયાં છે. જ્યાં મન નોખાં થયાં ત્યાં ભાગલા પડવાના જ, મારું-તારું થવાનું જ, ઈર્ષ્યા-આંટી બંધાવાની જ, એકબીજા સાથેના વ્યવહારોમાં અસંતુષ્ટતા આવશે જ. છેવટે ઘરના ગોળાનાં પાણી પણ સુકાવાનાં જ, સંયુક્ત ભાવનાની અખંડિતતા ખંડિત થવાની જ.

ભારત દેશમાં મુસ્લિમ સત્તાએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું તેના મૂળમાં પણ સુહૃદભાવનો અભાવ જ કારણભૂત હતો.

સમગ્ર ભારત દેશ નાના-નાના રાજાઓનાં રજવાડાંઓમાં વહેંચાઈ ગયેલો હતો. દેશભરમાં એકતા કે અખંડિતતાના અંશ પણ રહ્યા નહોતા. અંદરોઅંદર એકબીજાની વચ્ચે એકતાના અભાવે ભિન્નતા હતી. રાજાઓમાં પરસ્પર સુહૃદભાવનો શૂન્યાવકાશ વર્તતો હતો. એ સમયની તક ઝડપી મુસ્લિમ શાસકોએ ભારત પર વિજય કેવી રીતે મેળવ્યો ?

સૌપ્રથમ મુસ્લિમ શાસક રાજા ચંગીઝખાન ભારત દેશ પર આક્રમણ કરવા માટે આવ્યો. રાજા ચંગીઝખાન પાસે ખૂબ નાનું રાજ્ય ને નહિવત્ સંખ્યામાં સૈન્ય હતું. ભારતના પૂર્વ ભાગમાં ચંગીઝખાન તથા તેનું સૈન્ય ઊતર્યું હતું. યુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી.

એક દિવસ લગભગ રાતના આઠ વાગ્યે રાજા ચંગીઝખાન અને તેમના સેનાપતિ યુદ્ધ માટેનો પેંતરો રચી રહ્યા હતા. ચંગીઝખાનને પોતાના સૈન્યની ઓછી સંખ્યા માટે ખૂબ ખેદ હતો. તેણે સેનાપતિને કહ્યું, "ભારતના વિશાળ સૈન્યની આગળ આપણો વિજય શક્ય નથી." સેનાપતિએ પણ ખૂબ દિલગીર વદને કહ્યું, "નામદાર, આટલા ઓછા સૈન્યથી લડવું એના કરતાં પાછા જતા રહેવું સારું." આમ, યુદ્ધ માટે ચર્ચા ચાલી રહી હતી.

અચાનક રાજા ઊભા થઈ દૂર દૂર ભારત દેશની સરહદ પર યુદ્ધ-છાવણી

તરફ એક નજરે જોઈ રહ્યા. તેમણે આશ્ચર્ય અનુભવતાં પોતાના ગુપ્તચર અને સેનાપતિને પૂછ્યું કે, “અત્યારે આ બધા જુદા જુદા દીવા ટમટમે છે તે શું હશે ? આટલા બધા અલગ અલગ દીવા કેમ બળે છે ?”

ત્યારે ગુપ્તચરે કહ્યું, “નામદાર, એ બધા કાંઈ દીવા નથી ટમટમતા.” ચંગીઝખાને કહ્યું, “તો શું છે ?” ગુપ્તચરે કહ્યું, “નામદાર, એ તો દીવા નહિ, અલગ અલગ ચૂલા બળે છે. સૈનિકોનાં રસોડાં જુદાં જુદાં છે. બધા પોતપોતાના રોટલા જાતે બનાવીને જમે છે.”

આટલું સાંભળતાં જ રાજા ચંગીઝખાન એકદમ નાચવા ને કૂદવા માંડ્યા. તાળીઓ પાડીને “આપણે જીતી ગયા... જીતી ગયા” એમ ઘોષણા કરવા લાગ્યા : “હવે ભારત દેશ આપણો થઈ ગયો, હવે આપણી જીત ચોક્કસ થઈ જશે.”

સેનાપતિએ કહ્યું, “નામદાર, એમ કેમ વગર યુદ્ધ કર્યે આમ બોલવા માંડ્યા ?” ત્યારે રાજા ચંગીઝખાને કહ્યું કે, “જેનાં રસોડાં જુદાં જુદાં છે તેનાં મન પણ જુદાં જ હોય, નોખાં જ હોય. ત્યાં એકતા શક્ય જ નથી. જેની વચ્ચે એકમન નથી તેની વચ્ચે એકબીજા પ્રત્યે લાગણી કે પ્રેમ શક્ય જ નથી, માટે એમને જીતવા ખૂબ સહેલા છે.” આમ, ભારત દેશમાં રહેલી સુહૃદભાવની ખંડિતતાને પરિણામે ભારત દેશ મુસ્લિમ શાસકોનો ભોગ બન્યો.

જેમ ભારત દેશના રાજાઓની વચ્ચે એકમન નહોતાં તો સ્વતંત્ર ભારત દેશ પરતંત્ર બની ગયો; તેમ આપણા પરિવારમાં પણ જો પરિવારના સભ્યો એકમના થઈને નહિ રહીએ તો જરૂર કુસંપરૂપી સામ્રાજ્ય આપણી વચ્ચે સ્થપાઈ જશે.

‘સુહૃદભાવ’ વિશે શ્રીજીમહારાજ કહે છે કે, “સંપ નથી ત્યાં કળિ કુટુંબ સહિત વસે છે. પરસ્પર વિરોધ થાય તે કળિયુગનું લક્ષણ છે. સંપ, સુહૃદભાવ અને એકતા હોય ત્યાં જ ભગવાન વસે છે. જ્યાં આ નથી ત્યાં ધર્માદિક પણ કથનમાત્ર છે. આકાશમાં ગતિ કરે તોપણ સંપ-સુહૃદભાવ વગર મોટાઈ આવતી નથી.”

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૯, તરંગ-૫૮

માટે, આપણે આપણા જીવનમાં સૌની સાથે એકમના થઈ સંઘનિષ્ઠાથી જોડાઈશું, તો આપણા જીવનરૂપી Vehicle testનો 8 બનાવવો અઘરો નહિ પડે.

❑ સુહૃદભાવ એટલે લાગણીનો પુંજ, સ્નેહનો સાગર :

પ્રેમ અને લાગણીના પાયા પર રચાયેલ મહાસ્રોત એટલે જ સુહૃદભાવ. પારસ્પરિક પ્રેમ અને લાગણીભર્યા સંબંધોથી જ આપણું જીવન અને પરિવાર સુશીલ બને છે.

“જબ એક મિલે દો મિલે, એક મન સે રહે ગુલતાન,
રાજીપા કે રાજમાર્ગ મેં, એક સુહૃદભાવ હૈ મહાન;
અપને આપ કો મિટા દેંગે હમ, દૂસરોં કે લિયે હમારી જાન,
ઐસે સુહૃદભાવ સે બઢે, અંતર પ્રેમ ઔર અપનાપન.”

હૃદય હંમેશાં લાગણીથી ભીનું રહેતું હોય છે. જો એ લાગણી કોઈને માટે વપરાય નહિ તો હૃદય પણ સુકાઈને પથ્થર બની જાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક ભગવાન સ્વામિનારાયણ સુહૃદભાવના અજોડ પ્રેરણામૂર્તિ હતા. તેઓના લાગણીભર્યા સ્વભાવથી, અનહદ પ્રેમની વર્ષાથી સંબંધમાં આવનાર સૌ કોઈ ભીંજાઈ જતા. એમાંય પોતાના પરિવાર સમા સંતો પ્રત્યે મહાપ્રભુનો કેવો વાત્સલ્યભર્યો પ્રેમ...! અહાહા...!!

એક વખત સત્સંગની મા સમાન સદ્. મુક્તાનંદ સ્વામી, સંતમંડળ સાથે ગુજરાતમાં વિચરણ અર્થે પધાર્યા હતા. મુમુક્ષુજીવોને મોક્ષમાર્ગની રીત બતાવી અનંતને સત્સંગનો હિતોપદેશ આપીને, સદ્. મુક્તાનંદ સ્વામી સંતમંડળ સાથે, સૌરાષ્ટ્રની એ મહાપ્રભુની દિવ્ય રમણભૂમિ ગઢપુર ખાતે પધારી રહ્યા હતા. રસ્તામાં ચાલતા ચાલતા સારંગપુર પધાર્યા. ગામની નદીએ સ્નાનાદિક ક્રિયા કરી, પૂજાપાઠ કર્યા. પરવારીને સૌ સંતો અને સદ્. મુક્તાનંદ સ્વામી ઝાડના છાંયે વિશ્રાંતિ લેવા બેઠા.

આ સમયે ગામમાંથી રાઠોડ ધાંધલ લોટો લઈ બહિર્ભૂમિ જવા નદી બાજુ નીકળ્યા હતા. દૂરથી જોયું તો નદીકાંઠે કંઈક ભગવું-ભગવું દેખાતું હતું. દોડતા દોડતા નદીકિનારે પહોંચ્યા. ત્યાં તો સદ્. મુક્તાનંદ સ્વામી સંતમંડળે સહિત ઝાડના છાંયે બેઠેલા હતા. રાઠોડ ધાંધલે નજીક જઈને સંતોને દંડવત કર્યા અને કુશળ સમાચાર પૂછ્યા. મુક્તમુનિએ પણ મહારાજના ખબરઅંતર પૂછ્યા. રાઠોડ ધાંધલે અતિ આનંદ સાથે કહ્યું કે, “સ્વામી, મહારાજ અત્યારે સારંગપુરમાં જ જીવાખાચરના દરબારમાં બિરાજે છે.”

પોતાના પ્રિયતમ એવા ભગવાન સ્વામિનારાયણનાં દર્શનની અદમ્ય ઝંખના જેમના અંતરમાં સતત વહેતી હતી, નેત્રો તલસતાં હતાં, મહાપ્રભુનાં પ્રેમભર્યાં વચનો સુણવા જેમના કર્ણ પ્યાસા હતા અને 'મહારાજ અહીં જ છે,' આવા સમાચાર મળતાં સૌ સંતોનાં નેત્રો હર્ષાશ્રુથી ઊભરાઈ આવ્યાં. અંતર આનંદથી નાચવા માંડ્યાં. ત્યારે મુક્તમુનિ બોલ્યા કે, "તો તો આજે ઘણા સમયે અમારા પ્રિયતમનાં દર્શન થશે."

રાઠોડ ધાંધલે જરા ક્ષોભ અનુભવતાં કહ્યું, "પણ સ્વામી, હમણાં મહારાજ કોઈને દર્શન આપતાં નથી. અગાઉથી આજ્ઞા લીધા વિના દર્શને જવાની બંધી છે. હમણાં તો મહારાજે એવું પ્રકરણ ચલાવ્યું છે તો કેટલાયને મહારાજનાં દર્શન જ નથી થતાં."

આ સાંભળતાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "રાઠોડ ધાંધલ, તમે જાવ અને મહારાજને અમારો સંદેશો પહોંચાડો અને વાત કરો કે મુક્તાનંદ સ્વામી સંતમંડળે સહિત ગુજરાત પ્રાંતમાં વિચરણ કરીને અહીં આવ્યા છે. સૌને આપનાં દર્શનની તીવ્ર ઈચ્છા છે તો આપ આજ્ઞા આપો તો અમે સૌ દર્શને આવીએ."

સંદેશો લઈ રાઠોડ ધાંધલ મહારાજ પાસે ગયા અને સ્વામીએ દર્શન માટે કરાવેલી પ્રાર્થનાની વાત કરી. થોડી વાર મહારાજ સાંભળી રહ્યા અને પછી કહ્યું કે, "જાવ, સ્વામીને જઈને કહો કે જે બાજુ વિચરણ અર્થે જવાનું હોય ત્યાં ચાલ્યા જાય ને દર્શનનો કોઈ આગ્રહ ન રાખે. હમણાં દર્શનની બંધી છે." મક્કમતાપૂર્વકનો અને વજ્રઘાત જેવો મહારાજનો આવો સંદેશો સાંભળી રાઠોડ ધાંધલ તો અવાક્ બની ગયા અને ઉદાસ વદને પહોંચ્યા સ્વામી જોડે.

આ બાજુ મુક્તમુનિ સંતો સાથે, કાગને ડોળે રાઠોડ ધાંધલ મહારાજનાં દર્શનના સમાચાર લઈને આવે એની રાહ જોઈને, બેઠા હતા. પરંતુ સ્વામી તો રાઠોડ ધાંધલના ઢીલા પગ ઉપરથી પારખી ગયા કે આજે મહારાજે કંઈક નવી જ લીલા કરી લાગે છે; છતાંય છાની જિજ્ઞાસા સંતોષવા રાઠોડ ભક્તને પૂછ્યું કે, "શું અમારા પ્રાણાધારે દર્શનની રજા આપી ?"

રાઠોડ ભક્ત ખૂબ દિલગીર બની ગયા અને ઊંડા ઊતરી માથું ધુણાવી ના પાડી દીધી અને મહારાજે કહેવડાવેલ સંદેશો આપ્યો. જળ વગર જેમ માછલી તરફડે એમ સંતો મહારાજનાં દર્શન વગર તરફડતા હતા, પણ મહાપ્રભુનો

આવો પ્રત્યુત્તર સાંભળતાં સૌ સંતોનાં નેત્ર આંસુથી ભરાઈ ગયાં. ચોમેર ઉદાસીનતા વ્યાપી ગઈ. મુક્તમુનિ પણ થોડા ઉદાસ થઈ ગયા. તેમ છતાં થોડા સ્વસ્થ બની પોતાની દિલગીરી દબાવી, ધીરજ પ્રેરતા સંતોને આશ્વાસન આપવા માંડ્યું કે, "પૂર્વે મુમુક્ષુઓએ ભગવાનને અર્થે કેટલું સહન કર્યું ? કેટલાં તપ કર્યાં ? એવું આપણે તો નથી કરવું પડતું, છતાંય આપણને તો પ્રગટ પુરુષોત્તમનો મેળાપ થયો છે. આજે નહિ તો બે-ત્રણ દિવસે દર્શન થશે માટે ઉદાસ ના થાવું. પ્રભુની મરજીમાં ને આજ્ઞામાં રહીએ તો ભલે ને છેટે હોઈએ તોય પાસે જ છીએ. એમની આજ્ઞા પાળવામાં જ આપણું શ્રેય છે."

આમ, મુક્તમુનિએ સંતોને ધીરજ પ્રેરી. પછી સંતોએ કારિયાણી તરફ આગળ ચાલવા માંડ્યું. રાઠોડ ભક્ત તો આ બધું સાંભળી જ રહ્યા. પછી દોડતા દોડતા મહારાજ પાસે આવીને બધી વાત જણાવીને કહ્યું કે, "મહારાજ, બધા સંતો દર્શનની આજ્ઞા ન મળતાં ઉદાસ થઈ ગયા હતા. પણ મુક્તાનંદ સ્વામીએ બધાને ધીરજ પ્રેરી અને હવે સૌ કારિયાણી તરફ આગળ નીકળ્યા છે."

વજ્રથીયે કઠોર હોય એવું દેખાડનાર મહાપ્રભુ કુસુમથીયે કોમળ બની ગયા ને નેત્રમાંથી અશ્રુ સરવા લાગ્યાં. એકદમ સફાળા ઊભા થઈ ગયા અને કહ્યું, "ઝટ માણકી લાવો, હવે અમારાથી સંતોને મળ્યા વગર નહિ રહેવાય. એમની પાછળ જવું છે." અને માણકી આવતાં જ મહાપ્રભુએ માણકી ઉપર સવાર થઈ, પૂરપાટ સંતોની પાછળ દોટ મૂકી. સંતો ચાલતા ચાલતા હોળીધાર પાસે પહોંચી ગયા હતા. મહારાજે દૂરથી સંતોને જોતાં બમણા વેગે માણકી દોડાવી અને સંતોને આંબી ગયા. સંતોના મંડળ ફરતે મહારાજ ઘોડી ફેરવીને પ્રદક્ષિણા કરવાં માંડ્યા. સંતો પણ પ્રિયતમનાં દર્શન થતાં માંડ્યા દંડવત કરવા.

ભક્તવત્સલ પ્રભુ અત્યંત કરુણાર્દ્ર બન્યા અને ઘોડીએથી નીચે ઊતરીને સંતોને સામા દંડવત કરવા માંડ્યા. મુક્તમુનિએ દોડતાં દોડતાં મહારાજ પાસે જઈને મહાપ્રભુને પકડી લીધા, "અહો પ્રભુ, આપ આ શું કરો છો ?" બોલતાં બોલતાં દર્શનથી પ્યાસાં નેત્ર અશ્રુથી ભરાઈ આવ્યાં અને મુક્તમુનિ તથા મુનિવરનું અદ્ભુત મિલન થયું. મહાપ્રભુ ભેટી પડ્યા. સૌ સંતોને પણ વાત્સલ્યમૂર્તિ પ્રભુ ગળે લગાડી ખૂબ ભેટ્યા. પ્રીતમ અને પ્રિયતમનાં નેત્રો અશ્રુથી ઊભરાતાં હતાં. આમ, ભક્ત અને ભગવાનના મિલનનું એક અપૂર્વ ભાવુક દશ્ય સર્જાઈ ગયું. ચોમેર દિવ્યતા છવાઈ ગઈ.

સંતોએ હર્ષભેર ઝાડ નીચે પોતાની ચાદરો પાથરીને મહારાજને બિરાજમાન કર્યા. મહાપ્રભુ થોડી વાર તો વાત્સલ્યના વ્હાલે અને અંતરની લાગણી વહાવતા સૌ સંતો સામું જોઈ રહ્યા. સંતોએ પણ નેણ ભરી પ્રભુનાં દર્શન કર્યાં. પછી મહારાજે મુક્તમુનિને સત્સંગના સમાચાર પૂછ્યા ને પછી મહાપ્રભુ પોતે ગળગળા થઈ કહેવા લાગ્યા કે, “હે સંતો, તમો અમારી આજ્ઞાથી દેશ-વિદેશ વિચરણ કરો છો, અનેક અપમાનો-તિરસ્કારો સહન કરો છો, દેહ સામું પણ જોતા નથી ને અમારા ગુણગાન ગાવ છો. તમારા વડે જ હું ઊજળો છું. ખરેખર હું તમારો ઋણી છું. હે સંતો, તમે ખૂબ દાખડો કરો છો. માટે...” આટલું બોલતાં બોલતાં તો શ્રીહરિનાં બંને નેત્રો વધુ અશ્રુભીનાં થઈ ગયાં ને પોતાના ખેસના છેડાથી લૂછવા માંડ્યાં.

મુક્તમુનિ પણ બે હાથ જોડી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા, “હે મહારાજ, અમે તો આપના દાસ છીએ; અમે તો આપના વેચાણ છીએ, ગુલામ છીએ. કરુણા કરી અમારાં દર્શનની ઈચ્છા આપે પૂરી કરી. અમોને ઘણો આનંદ થયો. માટે આપ ગામમાં પધારો. અમે આગળ વધીએ.”

“ના...ના...ના... હવે તો તમે બધા પાછા વળો.” એમ કહેતાં સૌને કીર્તન ગવડાવતાં ગવડાવતાં પોતાની સાથે જીવાખાચરના દરબારમાં લઈ ગયા. મહારાજે પોતાના વ્હાલા સંતોને બેસાડીને, ખૂબ ભાવથી પીરસીને, ઘણું ઘણું જમાડ્યું ને આગ્રહ કરીને થોડા દિવસ પોતાની સાથે જ રાખ્યા.

અહો...! મહાપ્રભુની કેવી કરુણા...! કેવી દિવ્યતા...! કેવી કોમળતા...! અહીં મહાપ્રભુ આપણને સુહૃદભાવ કેળવવાની દિવ્ય રીત શિખવાડે છે. ઘણી વાર આપણે કૌટુંબિક પ્રશ્નો, જવાબદારીઓ, ધંધા, વ્યવહારમાં ક્યાંક આપણા પરિવારના સભ્યોની લાગણીને દુભવી દેતા હોઈએ છીએ. વડીલોને ઠેસ પહોંચાડતા હોઈએ છીએ. ક્યાંક બાળકો પ્રત્યેની લાગણીમાં આપણે ઊણા ઊતરતા હોઈએ છીએ. પરિણામે, પરિવારના સભ્યોનાં મન જુદાં પડતા જાય છે. સાથે રહેવા છતાં પણ અંદરથી જુદાઈ લાગે, ઘરમાં સૌને એકબીજાનો ભાર ને ડર લાગે, અંદરોઅંદર એકબીજા વચ્ચેનાં અંતર વધતાં જાય. કારણ... સુહૃદભાવનો અભાવ.

❑ સુહૃદભાવ ન રહેવાનાં કારણો :

(૧) વાતનું વતેસર કરવાની ટેવ :

ઘણી વાર આપણને નાની વાતને ચોળીને ચીકણી કરવાની ટેવ પડી ગઈ હોય છે. વાતમાં કશું તથ્ય ના હોય પણ મોટું સ્વરૂપ કરી મૂકીએ. બનેલી નાની વાતને મોટી કરી અન્યની આગળ રજૂ કરીએ ને ક્યારેક તો વાત બની હોય કંઈક અને રજૂઆત-ચર્ચા સાવ જુદી જ થતી હોય છે. નાની-નાની વાતમાં અકળાઈ જતા હોઈએ છીએ, ગુસ્સે થઈ જતા હોઈએ છીએ. વાતમાં કાંઈ દમ ન હોય પણ અણસમજણથી ક્યારેક રજનું ગજ કરી દેતા હોઈએ છીએ. પરિણામે એકબીજા પ્રત્યે જુદાપણું કે નફરત ઉત્પન્ન થતાં હોય છે. જેના કારણે આપણા પરિવારની વચ્ચે સુહૃદભાવ કેળવી શકતા નથી.

(૨) મનના ઠરાવ :

ઉદ્‌વેગ અને અશાંતિનાં બીજ મનના ઠરાવોમાંથી ફૂટી નીકળતાં હોય છે. આવા ઠરાવો વ્યક્તિને પોતાના બીબામાંથી બહાર નીકળવા જ નથી દેતા. મનના ઠરાવો પૂરા કરવા માટે માણસ એની પાછળ પાગલ બની જાય છે. જેના કારણે રાગ-દ્વેષ, અકળામણ, અથડામણ ઊભાં થઈ જતાં હોય છે. મનના ઠરાવો જ સરળતાનો માર્ગ ભુલવાડી ધાર્યું કરવાનો ને કરાવવાનો મહારોગ લાગુ પાડે છે. પરિણામે પરિવારમાં સુહૃદભાવ કેળવી શકતા નથી.

(૩) કોકના કાને સાંભળવાની અને કોકની આંખે જોવાની ટેવ :

આપણા જ ઘરના પરિવારની વાત જ્યારે કોઈ ત્રાહિત પક્ષ દ્વારા સાંભળીએ ત્યારે વર્ષોથી જોડે રહેનાર પરિવારના સભ્યોમાં શંકાનાં વમળો ઊભાં કરીને બીજાની વાતને સાચી માની લેતા હોઈએ છીએ. પોતે જાતે જોયું ના હોય. પણ બીજાએ કહ્યું, ‘‘મેં જોયું.’’ તો એની આંખે જાણે આપણે જાતે જ જોયું હોય એમ વાતને સાચી માની લેતા હોઈએ છીએ. ઘરમાં અવિશ્વાસના વાતાવરણનું સર્જન કરી દેતા હોઈએ છીએ. પરિવારના સભ્યોમાં એકબીજા વચ્ચે શંકા, અવિશ્વાસ અને નફરતનાં વાદળો બંધાય છે. આવી પરિસ્થિતિમાં એકબીજા વચ્ચે સુહૃદભાવ કેળવી શકાતો નથી.

(૪) એકબીજાના મતનો અસ્વીકાર :

આપણને આપણી વાત કે આપણો મત જ પ્રસ્થાપિત કરવાની એક અદમ્ય

ઈચ્છા રહેલી હોય છે. આપણે જાણે સર્વગુણસંપન્ન છીએ એવી માનીનતા ધરાવતા હોઈએ છીએ. પરિણામે સામે ક્યારેક કોઈના દ્વારા કોઈ વાતની રજૂઆત થાય ત્યારે એના પ્રત્યે નકારાત્મક વલણ દાખવીએ છીએ. તેમના મતનો અસ્વીકાર કરી દઈએ છીએ. છેવટે મતભેદ મનભેદ સુધી પહોંચી જાય છે અને એકબીજાથી મન ઊઠી જાય છે, જેથી આપણે એકબીજા માટે લાગણીશૂન્ય બની જઈએ છીએ. આવા એકબીજાના મતના અસ્વીકારને કારણે પરિવારમાં સુહૃદભાવનું સ્થાન ભૂંસાઈ જાય છે.

❑ સુહૃદભાવ કેળવવાના ઉપાય :

(૧) મમતાભર્યું વલણ :

પરિવારના સભ્યોની વચ્ચે સ્નેહ અને મિત્રાચારી જેવું વલણ કેળવવું. ક્યારેય કોઈને ઊંચા અવાજે વઢીને કે બોલીને તરછોડી ન નાંખવા. કહેવું ઘટે તો કહેવું, પરંતુ એકલા બોલાવી પ્રેમથી કહેવું, બધાની વચ્ચે ઉતારી ન પાડવા.

એક દિવસ તત્ત્વચિંતક સોક્રેટીસના ઘરમાં માતા અને દીકરા વચ્ચે ગરમાગરમ બોલાચાલી થઈ ગઈ. સોક્રેટીસે કશું ના કહ્યું. બંને જ્યારે બોલતાં શાંત થઈ ગયાં ત્યારે સોક્રેટીસે દીકરાને પ્રશ્ન પૂછ્યો કે, ‘બેટા, કૃતઘ્ની કોને કહેવાય ?’ દીકરાએ કહ્યું, ‘પિતાજી, કરેલા ઉપકારને ભૂલી જાય તે.’ ત્યારે સોક્રેટીસે કહ્યું, ‘બેટા, માતાએ તારી ઉપર ઓછા ઉપકાર કર્યા છે ? તને કેટલો વ્હાલ ને પ્રેમ આપી મોટો કર્યો છે ? હવે તો તું મોટો થયો. તારે માતા સાથે પ્રેમથી રહેવું જોઈએ. બેટા, શું મા સાથે તકરાર કરાય ? સામું બોલાય ?’ આવા સોક્રેટીસના મમતાભર્યા શબ્દો સાંભળી દીકરો નીચું જોઈ ગયો. ત્યારપછી એણે જીવનમાં ક્યારેય માતા સાથે તકરાર નથી કરી.

આમ, પારિવારિક સંબંધોમાં મમતાની મીઠાશ ઉમેરીશું તો સુહૃદભાવભર્યા પરિવારનું વાતાવરણ સર્જાશે.

(૨) વેર-ઝેરની સામે પ્યાર આપો :

પરસ્પર વ્યવહારને કારણે ઘણી વાર વિસંવાદિતા સર્જાતી હોય છે, પરંતુ તેમાં સમજણથી સુસંવાદિતા કરવી. ક્યારેય અબોલારૂપી આડખીલી ન ખોડવી. વેર-ઝેરરૂપી અગ્ન્યસ્ત્રની સામે પ્યાર અને સમજણરૂપી મેઘાસ્ત્ર રાખવું. ક્યારેય

કોઈના પ્રત્યે પરિવારમાં કોઈ કાર્ય કે વર્તન જોઈ ઘૃણા કે તિરસ્કાર ન કરો. એનાથી વેર-ઝેર ને દ્વેષવૃત્તિ વધશે, જ્યારે પ્રેમથી કામ લઈશું તો એકબીજાનાં નોખાં પડેલાં મન ભેગાં થઈ જશે ને પરિવારમાં સુહૃદભાવનો સુમેળ સ્થપાશે.

(૩) સૌની પરિસ્થિતિને સમજવી અને અનુકૂળ થવું :

કોઈ વાર આપણા મતે કોઈ કામ કે વ્યવહાર વધારે મહત્ત્વનાં લાગતાં હોય પરંતુ એ વખતે સામેની વ્યક્તિ પાસે એના માટે સુયોગ્ય પરિસ્થિતિ ન હોય તો વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ રાખવો, સૌને સમજવા. જીવનમાં પ્રૅક્ટિકલ અને ફ્લેક્સિબલ બનવું. જડ ન બનવું. મોટું મન કેળવી સામાન્ય ત્રુટિઓ ચલાવી લેતાં શીખવું. સૌને અનુકૂળ થતાં શીખવું, તો સૌને વ્હાલા લાગી શકાય.

પ.પૂ. સ્વામીશ્રીએ 'હરિને ગમે એવા થવું જ છે' પુસ્તિકામાં ૮૮મા કૃપાવાક્યમાં કહ્યું છે, "છૂંદામાં કેટલું ઍડજસ્ટમેન્ટ છે ? કેરીનો સ્વભાવ ખટાશનો છે. મરચાનો સ્વભાવ તીખાશનો છે. મીઠાનો સ્વભાવ ખારાશનો છે. ખાંડનો સ્વભાવ ગળપણનો છે. પણ છૂંદાએ કેવું ઍડજસ્ટમેન્ટ કરી લીધું છે કે સૌને વ્હાલો લાગે ! તેમ અન્યના સ્વભાવને બદલવા કરતાં આપણા સ્વભાવને એવો કરવો કે જેથી સૌની સાથે સેટ થઈ જવાય. તો સૌને વ્હાલા લાગીએ. (પંચવર્તમાન તથા સિદ્ધાંતના ખંડન સિવાયની બાબતમાં.)"

છૂંદાની જેમ સૌને અનુકૂળ થઈએ તો જ સુહૃદભાવ કેળવાય.

(૪) એકબીજાના ગુણોની કદર :

બેઠા બેઠા જે નજરે ચડે, ઝપટે ચડે એની ખોટ જ શોધવી એ એક માનવસહજ સ્વભાવ છે. પરંતુ એના બદલે જો પરિવારના સભ્યોમાં એકબીજાના ગુણોની કદર કરવામાં આવે, કાર્યને બિરદાવવામાં આવે તો એકબીજાનાં મન એક થાય અને મીઠો સંબંધ બંધાય છે. એકબીજાની સાથે હૂંફ અને લાગણીભર્યા સંબંધો કેળવી શકાય છે. બીજાના કાર્યને બિરદાવવાથી જીવનમાં આગળ વધવા માટેનો ઉત્સાહ બેવડાય છે. માટે બાળકોથી માંડીને વડીલો, સૌ કોઈના નાના-મોટા કાર્યની કદર કરવાથી પરિવારમાં સ્નેહભર્યું વાતાવરણ સર્જાય છે અને સુહૃદભાવ સહજ થઈ જાય છે.

સુહૃદભાવ કેળવવા માટે 'એકમના થઈ રહેવું' આ સૂત્રને આપણા જીવનનું

લક્ષ્ય બનાવીએ. અને એ બાબતોને આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ તો જરૂર પ્રેરણાદાયી પરિવારની રચના થશે.

આ સૂત્રના એક એક અક્ષર જુદા જુદા વિષયોની દિશા સૂચવે છે. તે વિષયોનું ક્રમશઃ વાંચન-મનન કરી લક્ષ્યાર્થ કરવાથી જરૂર સુહૃદભાવની દૃઢતા થશે :

એ - એકબીજાને મદદરૂપ થાવ

ક - કંઈક છોડો - પૂર્વાગ્રહ અને અભિપ્રાય

મ - મહિમાના જ વિચાર કરવા, અમહિમાના નહિ

ના - નાના-મોટાની મર્યાદા રાખો

થ - થયું છે ને થશે, મારા મહારાજની મરજીથી

ઈ - ઈર્ષ્યાવૃત્તિને ઓળખવી અને છોડવી

ર - રસપૂર્વક જવાબદારી નિભાવવી

હે - હેવા-સ્વભાવ ઓળખવા અને ટાળવા

વું - વૃત્તિ હંમેશાં રાજીપા તરફ રાખવી

એકમના થઈ રહેવું

એકબીજાને મદદરૂપ થાવ

અકસ્માતમાં ઈજા પામી તરફડિયાં મારતી વ્યક્તિને કોઈ ચાલુ વાહન ઊભું રાખી નજીક જઈ દવાખાના સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી દે તો !

દીકરીનાં લગ્ન કરવા માટેની આર્થિક ભીંસમાં આવેલ વ્યક્તિને રેલવેના પાટા પર આત્મહત્યા કરતી રોકી દીકરીનાં લગ્ન કરવામાં ખભેખભો મિલાવી ઊભો રહે તો !

પાણીની ભમરીમાં ખૂંપતી વ્યક્તિને છલાંગ લગાવી કોઈ તરવૈયો બહાર ખેંચી લે તો !

ઘરથી અને પરિવારના સભ્યોથી હડધૂત અને તિરસ્કાર પામી ઘર બહાર કાઢી મૂકવામાં આવેલ નિર્દોષ બાળકને કોઈ પ્રેમ આપી નોધારાનો આધાર બની સહારો આપે તો !

પરીક્ષામાં મને કશું જ નથી આવડતું ને હું નપાસ થઈશ તો મારું શું થશે ? એવા ડિપ્રેશનમાં આવી ગયેલા યુવકને પરીક્ષાના ખરા સમયે પોતાનું વાંચવાનું ગૌણ કરી એને શિખવાડે એવો સાચો મિત્ર મળી જાય તો !

આ બધી બાબતો આપણને જરૂર ગમી હશે. આ બાબતો ગમવાનું કારણ એક જ છે : ખરા સમયે મદદ કરવાની ભાવના. વ્યક્તિમાત્રના જીવનમાં ઉપર જણાવ્યા મુજબની અનેકવિધ સ્થિતિ-પરિસ્થિતિ ઊભી થતી હોય છે. આ દરેક સ્થિતિ-પરિસ્થિતિમાં આપણને અંતરથી એવી ઇચ્છા રહેતી જ હોય છે કે કોઈક મને મદદરૂપ થાય. અને ખરેખર આવી સ્થિતિ-પરિસ્થિતિના સમયમાં જે આપણને મદદરૂપ થાય એને જ આપણે આપણા અંગત સ્નેહી માનતા હોઈએ છીએ. આવા સમયે જ આપણે એ પરીક્ષણ કરતા હોઈએ છીએ કે કોણ મારી

મદદે આવે છે ? આ સમયે જ ખબર પડે કે કોણ આપણા છે ?

જેમ આપણે આપણા જીવનમાં ઊભી થતી સ્થિતિ-પરિસ્થિતિઓમાં મહારાજ ઉપર નિષ્ઠા ને વિશ્વાસ હોવા છતાં એવી અપેક્ષા રાખીએ છીએ કે કોઈ મને મદદરૂપ થાય. તેમ અન્યને પણ આપણા માટે એવી અપેક્ષા રહેતી હોય છે કે એ અમને મદદરૂપ થશે. એકબીજાને મદદરૂપ થવાની ભાવનાથી જ અરસપરસના સંબંધો વધુ ગાઢ બને છે. બે-ત્રણ સભ્યોનો નાનો પરિવાર હોય, દસ-બાર સભ્યોનો સંયુક્ત પરિવાર હોય, કોઈ મોટી સંસ્થા કે પેઢી હોય, સમાજ કે દેશ હોય પરંતુ એનું ઉજ્જવળ ભવિષ્ય અરસપરસ એકબીજાને મદદરૂપ થવામાં જ સમાયેલું છે.

પારિવારિક એકતા માટે પણ એકબીજાને મદદરૂપ થવાની ભાવના ખૂબ જ મોટું પરિવર્તન આણે છે. પરિવારના સભ્યોમાં એકબીજાથી નિકટ જવા માટે તથા સ્નેહભાવના વધારવા અને લાગણીઓનું દર્શન કરવા માટે એકબીજાને મદદરૂપ થવું એક જડીબુટ્ટી સમાન ઉપાય છે. પરિવારના સભ્યોમાં એકબીજાને મદદરૂપ થવાની ભાવના કેવી હોવી જોઈએ તેનું વર્ણન એક રોજિંદા જીવનના દૃષ્ટાંત દ્વારા ભગવાન સ્વામિનારાયણે ગઢડા છેલ્લાના ૬ઠ્ઠા વચનામૃતમાં કર્યું છે :

“જ્યારે દૂધને ને પાણીને ભેળાં કરીને અગ્નિ ઉપર મૂકે ત્યારે પાણી હોય તે દૂધને તળે બેસે ને પોતે બળે પણ દૂધને બળવા ન દે, ત્યારે દૂધ પણ પાણીને ઉગારવાને સારુ પોતે ઊભરાઈને અગ્નિને ઓલાવી નાખે છે.”

દૂધ અને પાણી બંને વિજાતિ છે. પરંતુ એ બંનેને ભેગાં કરવામાં આવે ત્યારપછી તેમની વચ્ચેની એકતા એટલી બધી ઘનિષ્ઠ બની જાય છે કે એ બેમાંથી એકેયને જુદાં પાડી શકાતાં નથી. પોતે બળી જાય છે પણ જુદાં પડતાં નથી. એટલું જ નહિ, એ બંનેની અરસપરસ એકબીજાને મદદરૂપ થવાની ભાવના પણ એવી જ અદ્‌ભુત દેખાતી હોય છે. આવી ભાવના જો આપણા પરિવારજનોમાં દૃઢ થઈ જાય તો પરિવારમાં કેવું દિવ્ય વાતાવરણ સર્જાય ! આવી દૂધ અને પાણી જેવી એકતા કરવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે : એકબીજાને મદદરૂપ થાવ. આ ઉપાયને અનુસરી કેટલાય એવા દિવ્ય પરિવારોનું સર્જન થયું છે જેમાં ક્યારેય કુસંપ સર્જાયો નથી.

એક સુશીલ અને સુસંસ્કારી પરિવારની આ વાત છે. આ પરિવારમાં હતા

પિતાશ્રી અને તેમના બે દીકરાઓ - મોટા તેજાભાઈ અને નાના ધીરુભાઈ. તેઓ સંયુક્ત કુટુંબમાં રહે. સમયને વીતતાં વાર ન લાગે એમ પિતાશ્રી અવસ્થાને કારણે માંદગીના બિછાને પડ્યા. દિવસે-દિવસે તબિયત કથળતી જતી હતી. પિતાશ્રીએ વિચાર કર્યો કે મારી બધી મિલકત આ બેઉ ભાઈઓને વહેંચી આપું, જેથી મારી હાજરીમાં જ રાજીખુશીથી બંને ભાઈઓ પોતપોતાનો ભાગ જુદો કરી સંભાળી લે. પણ પ્રશ્ન થયો કે મકાન એક હતું, તે કોના ભાગમાં આપવું ? પિતાએ બંને દીકરાઓને પાસે બોલાવ્યા અને કહ્યું કે, ‘‘દીકરાઓ, હવે હું આ દુનિયામાં વધારે દિવસો કાઢું એમ લાગતું નથી તેથી મિલકતની વહેંચણી કરવી છે; પણ પ્રશ્ન એ થાય છે કે મકાન કોના ભાગે આપું ?’’

થોડી વાર ચર્ચા થઈ પછી બીજા દિવસે મળવાનું નક્કી થયું. તેજાભાઈ ઘરની બહાર ગયા એટલે નાના ધીરુભાઈ પિતાશ્રી જોડે પહોંચી ગયા અને કહેવા લાગ્યા કે, ‘‘જો બાપુજી, તેજાભાઈનો વ્યવહાર ઘણો મોટો છે. વળી દીકરા-દીકરી મળીને પાંચ જણાંનો એમનો પરિવાર થાય. એમનો ખર્ચો પણ મોટો થાય. માટે હું તો એમ માનું છું કે તમે આ મકાન મોટા ભાઈના ભાગમાં આપી દો. અમે તો બે જણાં થોડાં વર્ષો ભાડાના મકાનમાં રહીશું. મારે તો નોકરી પણ છે ને મોટા ભાઈ તો ખેતી કરે છે; માટે મકાન તો એમને જ આપો. નાના ભાઈ તરીકે મોટા ભાઈને આટલી મદદ તો કરવી જ જોઈએ ને !’’

તેજાભાઈ રાત્રે પાછા ઘેર આવ્યા અને પિતાશ્રીને મળવા ગયા. પિતાજી જોડે બેસીને વાત કરી કે, ‘‘બાપુજી, મારે તમને એક વિનંતી કરવી છે કે ધીરુના હજુ હમણાં જ લગ્ન થયાં છે. નોકરી મળ્યે પણ એક જ વર્ષ થયું છે, પગાર પણ ઓછો છે માટે આ મકાન ધીરુના ભાગમાં આપો. એ બિચારો ક્યાં ભાડાના ઘરમાં ફરશે ? મોટા ભાઈ તરીકે નાનાને ખરા સમયે મદદ કરવી, એની સંભાળ રાખવી એ તો મારી પહેલી ફરજ છે.’’

બંને ભાઈઓના ગયા બાદ પિતાજી વિચારમાં પડી ગયા કે હવે મારે મકાન કોને આપવું ? બીજા દિવસે સવારે બંને ભાઈઓને બોલાવ્યા ને બધી વાત કરીને કહ્યું કે, ‘‘તમે બેય જણાએ મને તો મૂંઝવણમાં મૂકી દીધો. મારે કોને મકાન આપવું ?’’ બંને ભાઈઓની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. એકબીજાને ભેટી પડ્યા અને કહ્યું, ‘‘બાપુજી, અમારે મિલકતના ભાગ જ નથી પાડવા,

અમારે જુદા થવું જ નથી. અમે બંને ભાઈઓ એકસાથે, એકમના થઈને રહીશું. આપ અમારી કોઈ ચિંતા ન કરશો.''

દીકરાઓનો આવો જવાબ સાંભળી પિતાશ્રીની આંખમાં પણ આંસુ આવી ગયાં ને બંને દીકરાઓને ભેટી પડ્યા ને બોલ્યા કે, ''દીકરાઓ, હવે મને તમારી કોઈ જ ચિંતા નથી. હવે મારું હૈયું ઠર્યું.'' થોડા સમયમાં પિતાશ્રી ધામમાં સિધાવ્યા. બંને ભાઈઓ જીવન પર્યંત એકમના થઈને સાથે જ રહ્યા.

આજની સંસ્કૃતિમાં સમયાંતરે ઝડપથી પરિવર્તન પામતો યુગ આવી ગયો છે ત્યારે વ્યક્તિમાત્રનાં જીવન પણ ઝડપથી બદલાતા જાય છે. કુટુંબ, પરિવાર અને સમાજ સાથેના સંબંધો પણ દિવસે-દિવસે કૃત્રિમ બનતા જાય છે. આજે વ્યક્તિ પોતાના જીવનમાં 'નિજ' અને 'પર'નો ભેદ જુદો કરી નાંખે છે. 'નિજ'નો રસ, 'નિજ'નો ફાયદો એ એકમાત્ર એનો જીવનમંત્ર હોય છે. પરિણામે માણસ સ્વ-કેન્દ્રિત બનતો જાય છે. એને કંઈક પામી લેવાની, કંઈક મેળવી લેવાની એટલી બધી પ્રબળ આકાંક્ષાઓ હોય છે કે તે આત્મીયતાનો ચિરાગ બુઝાવીને, ગમતાનો ગુલાલ કરી લેવા બેકાબૂ બનતો જાય છે. એની મહેચ્છા પોતાની જાતને સુખી કરવાની, સુખી જોવાની હોય છે. પરંતુ જીવનમાં જ્યારે અન્યને સુખી કરવાની કે મદદ કરવાની કે અન્ય માટે પોતાનું થોડુંક જતું કરવાની વાત આવે, ત્યારે જાણે-અજાણે એનામાં કાં તો ઈર્ષ્યાભાવ અથવા ઉદાસીનતા ડેરો જમાવે છે.

માણસની સામાન્ય પ્રકૃતિ છે કે મદદ કરવામાં તે કંજૂસ હોય છે, પણ લેવામાં ઉદાર બની જતો હોય છે. મદદના સમયે આગેકૂચને બદલે પીછેહઠ થતી જોવા મળે છે.

આવી જગતના જીવની મનોવૃત્તિને આપણે અંતરથી ધિક્કારતા હોઈએ છીએ. એને એક સજ્જન વ્યક્તિ પણ ન કહેવાય. જ્યારે આપણે તો આ લોકના જગતના જીવ નથી, મુક્ત છીએ. શ્રીજીમહારાજે આપણને અનાદિમુક્ત કર્યા છે. માટે જગતના જીવના જેવી ક્ષુલ્લક વિચારસરણીને અનુસરીએ તો મહારાજ અને મોટાપુરુષ કેટલા નારાજ થાય ? કારણ સત્સંગના યોગમાં આવેલા સૌ આપણા બાપના જ દીકરા છે તો તેમને આપણાથી શક્ય તેટલી મદદ અવશ્ય કરવી.

❑ એકબીજાને મદદ કરવાની ભાવના કેળવવા દૃઢ કરવા જેવી બાબતો :

(૧) કોઈ આપણને મદદ કરે કે ન કરે, સમયે આપણે મદદરૂપ થવું :

કોઈને મદદ કરવી એ સોદાનો કે બદલાનો વિષય નથી. મદદની સામે મદદ મળવી જ જોઈએ, એવા આશયથી કોઈને મદદ કરવામાં આવે તો એ સાચી મદદ નથી. સમયે સૌને મદદ કરવી એ આપણી પવિત્ર ફરજ છે. મદદ કરતી વખતે સામેનાના અવગુણને ન જોવા, એનામાં રહેલી ત્રુટિને ન શોધવી. સૌના પ્રત્યે અંતરમાં લાગણીશીલ બનવું. ઝાડને કોઈ પથ્થર મારે તો સામે પથ્થર નહિ, ફળ આપે છે. તો આપણે પણ કોઈએ મદદ ન કરી હોય તોપણ સમયે તેમને મદદ કરવી જ.

સમયે કેવી મદદ કરવી એની દિવ્ય રીતની પ્રેરણા, શ્રીજીમહારાજે આપણને શિખવાડી છે.

સંવત ૧૯૭૮ની સાલ હતી. ગુજરાતભરમાં અગણોતરો કાળ પડ્યો હતો. ખાવાના દાણા કે પીવાના પાણીનું ક્યાંય નામોનિશાન નહોતું રહ્યું. અતિ દયાળુ મહારાજે તમામ સંતોને અને જેને જેને અન્ન-જળ મળતું ન હોય એવા હરિભક્તોને દાદાના દરબારમાં ગઢપુર બોલાવી લીધા.

કારિયાણીના વસ્તાખાચર વ્યવહારે સુખી અને દાદાખાચર જેવા દયાવાન હતા. તેમણે ગઢપુર આવી મહારાજને અધવારુ કરવા કહ્યું. વસ્તાખાચરે મહારાજને પ્રાર્થના કરી અને અડધા સંતો-હરિભક્તો અને મહારાજને કારિયાણી લઈ ગયા. મહારાજે સંતો-હરિભક્તોને કારિયાણીનું તળાવ ખોદવાની આજ્ઞા કરી. એ વખતે અલ્પાહારમાં (નાસ્તામાં) ૧૫ મણ બાજરો વપરાતો એટલા સંતો-હરિભક્તો હતા. વસ્તાખાચરને હરખનો પાર નહીં. પણ વસ્તાખાચરના દીકરા જોઈતાખાચર બળી મરે. જોઈતાખાચરને આ બધું ગમે નહીં. ૧૦-૧૫ દિવસ તો માંડ-માંડ કાઢ્યા. પછી એક દિવસ બધા તળાવ ખોદવા ગયા ને પાછળથી જોઈતાખાચરે વસ્તાખાચરને ઘરમાં બોલાવી ઊંચા સાદે બોલવા માંડ્યું કે, “આ બાવાઓને બધું ખવડાવી દેશો, બધું ખલાસ કરી નાંખશો તો મારા માટે શું વધશે ? શું તમારે મને ભિખારી કરી નાખવો છે ? શું આપણા એક ઉપર જ છાપ મારી છે ? મહારાજેય સમજવું જોઈએ ને !” આમ, ઉકળાટ કાઢવા માંડ્યો.

વસ્તાખાચરે કહ્યું, “જોઈતા, કૂવાનું પાણી ન વપરાય તો બગડે. એમ આ

તો મહારાજનો પૈસો છે. મહારાજ માટે વપરાશે તો કૂવાના અલંચ પાણીની જેમ નવો આવશે. માટે તું મહારાજ માટે ક્યારેય મુઠ્ઠી ના વાળીશ.'' એમ ખૂબ સમજાવ્યો પણ જોઈતાખાચર માને શાના ? રોજ ઘરમાં ઉદ્વેગ-અથડામણ ચાલે.

એક દિવસ શ્રીજીમહારાજે વસ્તાખાચરને બોલાવ્યા ને કહ્યું કે, ''વસ્તાખાચર, અમારા લીધે તમારા ઘરમાં ઉદ્વેગ થાય છે. માટે હવે અમે જઈએ.'' પરંતુ વસ્તાખાચરે ખૂબ પ્રાર્થના કરીને મહાપ્રભુને રાખ્યા. એમ કરતાં દુષ્કાળ પાર પડી ગયો. પછી શ્રીજીમહારાજ અને સંતો ત્યાંથી પધારી ગયા, પણ વસ્તાખાચરનું મન ખૂબ ઉદાસ થઈ ગયું. પરિણામે થોડા જ સમયમાં વસ્તાખાચર ધામમાં પધાર્યા.

વસ્તાખાચર ધામમાં ગયા પછી આ બાજુ જોઈતાખાચરનો દહાડો બદલાયો. ૨ વર્ષમાં ૫૦૦ વીઘા જમીન સાફ થઈ ગઈ. પોતે ગામધણી હતા, પણ હવે પોતાને રહેવા માટે ગામમાં ઘર ન રહ્યું. કુસંગ અને વ્યસનમાં બધું સાફ થઈ ગયું. એટલું જ નહિ, પોતાનું કારિયાણી ગામ પણ છોડવું પડ્યું. જેના ઘેર ૫૦-૫૦ નોકર કામ કરતા હતા એ બીજાના ખેતરમાં નોકરી કરે. એમ કરતા-કરતા સંવત ૧૯૮૪ સુધીમાં જોઈતાખાચરે ગુજરાન કાઢવા ત્રણ ગામ બદલ્યાં. છેવટે ઉગામેડીમાં એક ખેતમજૂર તરીકે મજૂરી કરવા માંડી. ગામ બહાર એક નાનકડું ઝૂંપડું બાંધીને રહે. રોજ રાત પડે ને ઘરમાં છોકરાંઓ ખાવા માટે ટળવળે. પણ શું આપવું ? કોઈની આગળ હાથ લંબાવવા જેવું તો રહ્યું નહોતું. છેવટે જીવનથી કંટાળેલા જોઈતાખાચર ગામ બહાર આવેલા અવાવરા કૂવામાં કૂવો-હવાડો કરવા એટલે કે આત્મહત્યા કરવા નીકળ્યા. કૂવાકાંઠે ઊભા રહી કેડે પથરો બાંધ્યો, રખે ને જીવતા ઉપર ન અવાય !

આ બાજુ ગઢપુરમાં રાત્રે ૧૨ વાગ્યાથી મહારાજને કાંઈ ચેન નથી પડતું. આમથી તેમ પડખાં ફરે. રાત્રે સાડાબાર વાગ્યે મહારાજ સફાળા બેઠા થઈ ગયા અને ભગુજીને કહ્યું, ''લાવો અમારી માણકી, જલદી લાવો. અમારો ભક્ત અત્યારે આપત્તિમાં છે. અમારે એની મદદે પહોંચવાનું છે.'' એટલે જ સદ્. પ્રેમાનંદ સ્વામીએ કહ્યું છે કે,

''અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.

કોઈને દુ:ખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.''

મહારાજે માણકીને ઉગામેડી ભણી મારી મૂકી. રાત્રિના ૧ વાગ્યે શ્રીજીમહારાજ કૂવા ઉપર આવી પહોંચ્યા. જ્યાં જોઈતાખાચર કૂવામાં પડતું મૂકવા જાય છે ત્યાં તો એ જ વખતે મહારાજે જોઈતાનું બાવડું ઝાલ્યું ને બોલ્યા, ''જોઈતા, આ શું કરે છે ?'' જોઈતાખાચરે કહ્યું, ''તમે કોણ છો ? કેમ આવ્યા છો ? મને મરવા દો.''

મહારાજે કહ્યું, ''જોઈતા, અમે તારા બાપના ભગવાન છીએ અને તને બચાવવા આવ્યા છીએ.'' જોઈતાખાચર બોલ્યા, ''મહારાજ, મને મરવા દો.'' મહારાજે કહ્યું, ''જોઈતા, તારા જેવા હજારોને તારવા અમે આવ્યા છીએ ને તને મરવા દઈએ ? અમે તારા બાપે કરેલી મદદને, સેવાને ભૂલ્યા નથી હોં ! ચાલ અમારી સાથે, અમે તને મદદ કરીશું. તારી બધી જ જવાબદારી અમારી.'' મહારાજે ગામમાંથી લાલજી પટેલનું ગાડું મંગાવ્યું અને જોઈતાખાચર, બધો સામાન, ઘરના સભ્યો બધાં ગાડામાં બેઠાં. મહારાજ પણ એમની સાથે ગાડામાં બેઠા ને ગઢપુર જવા નીકળ્યા. પરંતુ જોઈતાખાચરે કરેલા કૃત્યનો મહારાજે સહેજ પણ અણસાર ન આવવા દીધો, ઓશિયાળા ન થવા દીધા. ગઢપુર લઈ જઈ દાદાખાચરની લક્ષ્મીવાડીની સારામાં સારી ૨૦ વીઘા જમીન કાગળમાં લખાવીને આપી દીધી. ત્યારે હરજી ઠક્કરે કહ્યું, ''મહારાજ, આ જોઈતોખાચર તો તમારો વિરોધ કરતો હતો, તમને દાણા આપવાની પણ ના પાડતો હતો અને એને જમીન ?''

મહારાજે કહ્યું, ''અમે કોઈની ભૂલ સામું કદી પણ જોતા નથી. અમે અમારા દયાળુ સ્વભાવે કરીને કોઈને દુ:ખી જોઈ શકતા નથી. સમયે અમે અમારા ભક્તોને મદદ ન કરીએ તો અમે ભગવાન શાના ?''

જો શ્રીજીમહારાજે કહ્યું, ''ખરા સમયે અમે મદદ ન કરીએ તો ભગવાન શાના ?'' તો આપણે પણ એ જ બાપના દીકરા છીએ; તો જો આપણે ખરા સમયે પરિવારમાં, કુટુંબમાં કે સત્સંગમાં સૌને મદદરૂપ ન થઈ શકતા હોઈએ તો આપણે એમના દીકરા શાના ? ભલે જોઈતાખાચરે મદદ નહોતી કરી, પણ મહારાજ ખરા સમયે કરુણા વરસાવવાની ફરજ ન ચૂક્યા. એમ, આપણે પણ ખરા સમયે ફરજ ન ચૂકવી.

(૨) પોતાપણાના ભાવો છોડાય તો જ બીજાને મદદ થાય :

ઘણી વાર સમાજમાં લોકો એકબીજાને મદદ કરે કે મિત્રાચારી કરે એની પાછળ ગર્ભિત, સ્વાર્થવૃત્તિ રહેલી હોય છે. આવી સ્વાર્થવૃત્તિથી કરેલી મદદ ઊધઈ જેવી હોય છે. પોતાના સ્વાર્થ માટે સામેનાને કોતરી નાખતા હોય છે. પણ જો કોઈને મદદ કરવી હોય તો ઊધઈ જેવા નહિ, સાગર જેવા થવું પડે.

એટલે જ એક પંક્તિમાં કહ્યું છે કે,

"રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની;
સિંધુના ઉરથી તો ઊઠશે અમી વાદળી."

દરિયાનાં પાણીની વરાળથી જ વાદળાં બંધાય છે. વાદળાં વરસે ત્યારે નાનાં-નાનાં ઝરણાં ભેગાં થઈ એક નદી બને છે. આ નદી પણ સાગરના ઉપકારનું પરિણામ છે. છતાંય નદી એ ભૂલી જઈને, પૃથ્વી ઉપરથી બધી ખારાશ પાણીમાં લઈ જઈને, દરિયામાં ઠલવી દે છે અને દરિયાને ખારો બનાવી દે છે. છતાંય દરિયો એ ભૂલી જાય છે અને પોતાના સ્વાર્થને ન ગણતાં ફરી વાદળી રૂપે પાણી વરસાવીને નદીને નવું જીવતદાન આપે છે. આ છે દરિયાની નિઃસ્વાર્થ મદદ કરવાની ભાવના. સ્વાર્થ જ મદદના માર્ગે સ્થગિતતા સ્થાપી દે છે. જ્યારે નિઃસ્વાર્થ ભાવ જ નિર્મળ રીતે મદદે દોડી જવા માટે પ્રેરે છે.

જ્યાં સુધી પોતાપણાના ભાવ રહે ત્યાં સુધી બીજાને મદદ કરવા જઈએ ત્યારે પોતાનો અહમ્ વચ્ચે દખલગીરી કરતો હોય છે. એ શું ? તો હું સમાજનો વડો અને મારે નાની વ્યક્તિને મદદ કરવાની ? ત્યાં પોતાનો અહમ્ વચ્ચે આવતાં મદદ નથી કરી શકતા. એવી જ રીતે મંદિરમાં કોઈ નાની-મોટી સેવા હોય ત્યારે જો આપણને પોતાની મોટપનો ભાવ વચ્ચે આવે, તો કોઈને સેવામાં મદદ ન કરી શકાય. કોઈ હરિભક્તની આર્થિક સ્થિતિ નબળી હોય અને કદાચ આપણે સુખી હોઈએ અને જો તે હરિભક્તને તન, મન કે ધનથી મદદની જરૂર પડે તો તેવા સમયે પોતાપણાના ખ્યાલને કારણે તેને મદદ કરવામાં ક્ષોભ અનુભવતા હોઈએ છીએ.

પોતાના સ્વાર્થને અને પોતાપણાના ભાવને મૂકીને સાચી મદદ કરનારા, સાચી સેવા કરનારા વિરલા તો ઝીણાભાઈ જેવા કોક જ હોય !!

માંગરોળના કરમશી વાંઝાની પરિસ્થિતિ ખૂબ ગરીબ અને એમાંય તેઓ

અસાધ્ય રોગના ભોગી બન્યા. ઘેર દવા-દારૂ માટે રૂપિયા નહિ કે નહિ ઘરમાં કોઈ તેમની ચાકરી કરનાર. શ્રીજીમહારાજે પંચાળાપતિ ઝીણાભાઈને પત્ર દ્વારા સમાચાર મોકલ્યા કે, "કરમશી ભગત અત્યારે બીમાર છે, તકલીફમાં છે અને એમની સેવા કરનાર કોઈ નથી. તો તમે અમારા ભાવથી તેમની સેવા કરજો." ખબર મળતાં જ ઝીણાભાઈ પહોંચી ગયા માંગરોળ. ગામમાંથી કરમશીભાઈનો ખાટલો ઊંચકવા માટે નોકરો શોધ્યા. પરંતુ ત્રણ જ નોકર મળ્યા. ચોથો ન મળ્યો. ઝીણાભાઈએ પોતે પોતાના ખભા ઉપર ખાટલાનો એક પાયો ઉપાડ્યો અને સેવા કરવા માટે પોતાના ઘેર લઈ ગયા.

પોતે ગામધણી હોવા છતાં ગામ વચ્ચેથી ખાટલો ઊંચકીને જવામાં કોઈ જ પ્રકારની નાનપ ન અનુભવી. નહિ પોતાના મોભાનો ખ્યાલ. ગામમાં લોકો મને શું કહેશે તેની કોઈ પરવા જ ન કરી. ઝીણાભાઈ કરમશીભાઈની ખૂબ ભાવથી સેવા કરે. એક દિવસ કરમશીભાઈને માથું દુઃખતું હતું. ઝીણાભાઈએ બહેન અદીબા જોડે માથે લગાવવાં તીખાં માંગ્યાં. બહેન ગલ્લાં-તલ્લાં કરવા લાગ્યાં. ઝીણાભાઈને ખ્યાલ આવી ગયો કે બહેનને કરમશી ભગતની સેવા કરવી ગમતી નથી. તેથી બીજે દિવસે ઝીણાભાઈએ પોતાનું માથું દુઃખે છે તેમ કહી તીખાં માંગ્યાં તો બહેન તરત લઈ આવ્યાં. ઝીણાભાઈને ખૂબ દુઃખ થયું. કાલે કરમશી ભગત માટે તીખાં નહોતાં મળ્યાં અને મારા માટે મળ્યાં ?! એ પછી ઝીણાભાઈએ જીવનભર બહેનનું મોં જોયું નહીં. ઝીણાભાઈએ જીવન પર્યંત કરમશીભાઈની નિઃસ્વાર્થભાવે સેવા કરી.

આમ, પોતાના સ્વાર્થનો અને પોતાના અહમ્‌નો, પોતાપણાના ભાવનો ત્યાગ કરીએ ત્યારે જ બીજાને સાચા મદદરૂપ બની શકાય છે.

ઘણી વાર એકબીજાની મદદ કરવાનો સમય આવે ત્યારે આપણી સ્વાર્થવૃત્તિને કારણે મારું-તારું કરતા હોઈએ છીએ. આ મારું અને આ પારકું એવી ગણતરી કરવી એ સંકુચિત મનની નિશાની છે. જેના અંતરમાં એકબીજાને મદદરૂપ થવાની ભાવના રહેલી છે, એના માટે તો આખી પૃથ્વી એક પરિવાર સમાન બની જાય છે. તો કારણ સત્સંગના મુક્તો માટે આ ભાવના રહે તેમાં તો નવાઈ જ શી ?

પરિવારના સભ્યો વચ્ચે જ્યારે એકમના થઈ એકબીજાને મદદરૂપ થવાની

ઉચ્ચ ભાવના પ્રગટ થાય છે, ત્યારે પરિવારનું વાતાવરણ એક મંદિર જેવું દિવ્ય થઈ જાય છે.

(૩) બીજાને મદદ કરવામાં શરમ કે સંકોચ નહિ :

દરેક વ્યક્તિને પોતે કરેલા કાર્યની પરવા કરતાં હું આવી મદદ કરીશ તો લોકો મને શું કહેશે ? હું કેવો લાગીશ ? લોકો મારી શું ગણતરી કરશે ? ક્યાંક મારો મોભો નીચો તો નહિ થઈ જાય ને ? - તેની પરવા વધારે હોય છે. આબરૂનો આટોટોપ રાખવામાં એકબીજાને મદદ કરવામાં શરમ અને સંકોચ અનુભવતા હોય છે. મદદ કરવાથી માન-મોભો મિટતો નથી પણ વધે છે. એકબીજાને મદદ કરવાનો સમય આવે ત્યારે પોતાના અસ્તિત્વને, આબરૂને, મોભાને મિટાવે ત્યારે જ નિખાલસભાવે નિર્દંભ અને સાચી સેવા થઈ શકે છે.

એક વખત એક નવયુવાન ટ્રેનમાંથી નીચે ઊતર્યા. સૂટ-બૂટ અને ટાઈ વડે સજ્જ પહેરવેશમાં તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ ઊપસતું દેખાતું હતું. તેમના સામાનમાં એક નાની બૅગ હતી. બીજો કોઈ સામાન સાથે નહોતો. પોતાની નાની બૅગ જાતે ઊંચકવામાં પણ તેઓ શરમ અનુભવતા હતા. તેથી તરત જ તેઓએ કુલીને બૂમ પાડી, ‘‘કુલી... ઓ કુલી...’’ થોડી વાર સુધી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો. એટલામાં એક સજ્જન વ્યક્તિ ત્યાંથી પસાર થયા. આ યુવાનની બૂમ તેમણે પણ સાંભળી હતી. તેઓ નજીક ગયા અને કહ્યું, ‘‘લાવો, તમારી બૅગ હું ઊંચકી લઉં.’’ એમ કહી બૅગ પોતે ઊંચકીને સાથે સાથે ચાલવા માંડ્યું. છૂટા પડતાં પહેલાં આ યુવાને મજૂરીના પૈસા ચૂકવવા માંડ્યા, ત્યારે સજ્જન વ્યક્તિએ કહ્યું કે, ‘‘ભાઈ, હું કુલી નથી, આ તો મેં તમને મદદ કરી.’’ નવયુવાન ચોંકી ઊઠ્યા અને આશ્ચર્ય સાથે પૂછ્યું, ‘‘તો આપ કોણ છો ? આપનું નામ તો મને કહેતા જાઓ.’’ ત્યારે તે સજ્જને જવાબ આપતાં કહ્યું કે, ‘‘મારું નામ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર છે.’’ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એટલે એ વખતના સમાજની નામાંકિત અને પ્રતિષ્ઠિત મહાન વ્યક્તિ હતા. જવાબ સાંભળતાં જ યુવાન તેમના પગમાં પડી ગયો અને માફી માંગવા લાગ્યો. ત્યારે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કહ્યું કે, ‘‘આપણા બાંધવોને મદદ કરવી એ તો આપણી ફરજ છે. નાના-મોટા કામમાં મદદ કરવામાં શરમ શાની ? આપણું કામ તો આપણે જાતે કરીએ જ, પરંતુ બીજાના કામમાં પણ મદદરૂપ થવું એ જ જીવનની સાચી મજા છે.’’

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એક પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા છતાંય તેઓએ એક કુલી તરીકેની મદદ કરવામાં પણ નાનપ ન અનુભવી. જ્યારે આપણે ઘરમાં કે મંદિરમાં કોઈ નાની-મોટી સેવામાં મદદ કરવાની થાય તો તરત જ ક્ષોભ અનુભવતા હોઈએ છીએ. આપણો છૂપો અહમ્ આપણી મદદ કરવાની ભાવનાને દબાવી દેતો હોય છે. માટે પરિવારમાં કે સત્સંગ સમાજમાં આત્મીયતા કેળવવા માટે ગમતાનો, ઠરાવોનો અને માનીનતાઓનો ત્યાગ કરી સૌને મદદરૂપ થઈએ.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. હળવા ફૂલ જેવા થવાનો ઉપાય

કંઈક છોડો – પૂર્વાગ્રહ અને અભિપ્રાય

બહુમાળી ઈમારતના પાયામાં જો જરાક પોલાણ રહી જાય તો નાના એવા ભૂકંપના આંચકામાં ઈમારત જમીનદોસ્ત થઈ જાય છે; પછી ઈમારતની સુંદરતા સ્વપ્નું બની જાય છે. એવું જ આપણા જીવનમાં થતું હોય છે. એકમનથી લાગણીના અને પ્રેમના તાંતણે જોડાયેલા પરિવારના પાયામાં જો ક્યાંક ખૂણેખાંચરે પણ કોઈના વિષે પૂર્વાગ્રહરૂપી પોલાણ રહી જાય તો, આપણા પરિવારરૂપી ઈમારતની આત્મીયતા જમીનદોસ્ત થઈ જાય છે, એકમનના ભુક્કા થઈ જતા હોય છે અને પારિવારિક આત્મીયતા સ્વપ્નારૂપ બની જતી હોય છે.

પૂર્વાગ્રહ એટલે અતાર્કિક કે ખોટો ખ્યાલ.

જે ખરેખર વાસ્તવિક નથી, પરંતુ આપણા આંતરિક જગતમાં અનુભવાયેલાં વાણી-વિચાર અને વર્તનનાં સ્પંદનોને કારણે ઊભો થતો અભિપ્રાય છે. એ અભિપ્રાય વધુ દૃઢ થતાં પૂર્વાગ્રહ બની જાય છે.

પૂર્વાગ્રહ એટલે પૂર્વ + આગ્રહ; પહેલાંનું દૃઢ થઈ ગયેલું, પાકું થઈ ગયેલું. દરેક વ્યક્તિના જીવનમાં બાલ્યાવસ્થાથી જ અનેક અભિપ્રાયો દૃઢ થતા હોય છે. "કારેલાં કડવાં લાગે... કડવાં લાગે" એવું બાળકોએ બાલ્યાવસ્થામાં ફક્ત સાંભળ્યું જ હોય છે. ખરેખર કારેલાંનો સ્વાદ તો ચાખ્યો જ નથી હોતો, છતાં "કારેલાં મને તો ન જ ભાવે, કડવાં જ લાગે." એવો અભિપ્રાય બંધાઈ જતો હોય છે. કેટલાય બાળકોએ, કિશોર અવસ્થાએ પહોંચ્યા છતાંય, કારેલાંના શાકનો સ્વાદ ચાખ્યો જ નથી હોતો, કારણ, કારેલાંના શાક પ્રત્યે બંધાઈ ગયેલો અભિપ્રાય જે દૃઢ થતાં પૂર્વાગ્રહમાં ફેરવાઈ ગયો હોય છે.

❑ પૂર્વાગ્રહ - સ્વભાવ ઉપરની ચીકાશ :

એકબીજા માટે પડી ગયેલી છાપ, જૂના ડાઘ એટલે જ પૂર્વાગ્રહ. 'આ તો એવો જ છે' એવી બાંધી દીધેલી પૂર્વાગ્રહની ગાંઠો જ સ્વભાવ ઉપર લાગી ગયેલી

ચીકાશને વધુ ચીકણી બનાવે છે. જેમ કોઈ જગ્યાએ તેલ ઢોળાયા પછી તેને સાફ ન કરીએ અને વારંવાર એ જ જગ્યા ઉપર તેલ ઢોળાય તો તે જગ્યા ચોખ્ખી થવાને બદલે વધુ ને વધુ ચીકણી થતી જાય છે.

આવા કારણ સત્સંગનો જોગ થયા પછી મહારાજ અને મોટાપુરુષ આપણા દોષની ઓળખાણ તો કરાવે જ છે કે, આ વ્યક્તિને વિષે આપણને પૂર્વાગ્રહ છે. મોટાપુરુષના સમાગમરૂપી હથોડા પડે એટલે સહેજે પાછી વૃત્તિ થાય, ટાળવાના પ્રયત્ન પણ કરીએ છીએ. પરંતુ સમાગમે કરીને ચોખ્ખું કરવાને બદલે, એકલા હોઈએ ત્યારે વિચારોએ કરીને, પૂર્વાગ્રહના ડાઘને વધુ ને વધુ ચીકણો બનાવીએ છીએ.

તેલ અને સાબુ બંને ભેગાં રાખી હાથ ધોઈએ છીએ. સમાગમ કરીએ અને એના કરતાં વધારે નકારાત્મક વિચારો કરીએ છીએ એટલે ચીકાશ દૂર થતી નથી. જો સ્વજીવનમાં જાગ્રત ન રહીએ તો જે તે વ્યક્તિના નકારાત્મક વિચારોના મનને કરીને, તેને વિષે પૂર્વાગ્રહના ડાઘ વધુ મજબૂત બનતા જાય છે, વધુ ને વધુ ચીકણા બનતા જાય છે. આના કારણે કુટુંબ-પરિવારમાં, સત્સંગમાં, સમાજમાં દુઃખી થતા હોવા છતાં આપણું માનસ પૂર્વાગ્રહની આવી ગંદી કુટેવથી ટેવાયેલું છે. તેથી દિન-પ્રતિદિન પૂર્વાગ્રહના ડાઘ ભૂંસાવાને બદલે વધુ ને વધુ વ્યક્તિઓ માટે આવા ડાઘ વધારતું જ જાય છે. વ્યવહારિક અને આધ્યાત્મિક માર્ગમાં એ જ આપણી અધોગતિ કરાવે છે.

જે તે વ્યક્તિને વિષે સારા-નરસા ગમે તે પ્રકારના પૂર્વાગ્રહ બાંધ્યા કરવા એ એક કુટેવ છે. સારા-નરસા કોઈ પણ પ્રકારના પૂર્વાગ્રહ અંતે તો દુઃખને જ વહોરે છે. અને પછી આવી આદતવાળું માનસ થઈ જાય એટલે પૂર્વાગ્રહ બંધાયા જ કરે અને ડાઘ વધતા જ જાય, વધતા જ જાય. પછી પૂર્વાગ્રહથી પર થવું અતિ મુશ્કેલ થઈ જાય છે અને પૂર્વાગ્રહ ટાળવાના ગમે તેટલા પ્રયત્ન કરવા છતાંય એને ટાળી શકાતા હોતા નથી.

સર આઈનસ્ટાઈને એટલે જ કહ્યું છે કે, "It is easy to break an atom, but it is difficult to break prejudice." એટલે કે, ''અણુને તોડવા કરતાંય પૂર્વાગ્રહને તોડવો વધારે અઘરો છે.'' પરંતુ જો પૂર્વાગ્રહનું જ પૂર્ણવિરામ મુકાઈ જાય તો ?

❑ પૂર્વાગ્રહનું પૂર્ણવિરામ :

પીળાં પર્ણો ફરી નથી થતાં, કોઈ કાળે જ લીલાં;
ભાંગ્યાં હૈયાં પૂર્વાગ્રહથી, નથી થતાં કોઈ કાળે રસીલાં.

પરંતુ,

પૂર્ણવિરામ મુકાઈ જાય પૂર્વાગ્રહમાં જો,
એકમન થઈ જાય તત્‌ક્ષણ તો.

પૂર્વાગ્રહને કારણે છિન્નભિન્ન થઈ ગયેલાં હૈયાં, વેરવિખેર થઈ ગયેલાં મન, પૂર્વાગ્રહના પૂર્ણવિરામથી એક સુનહરી આત્મીયતાનું સર્જન કરે છે. લાગણી અને સ્નેહના સૂર પુરાય છે. વિખૂટા પડી ગયેલા સ્વજનો સ્નેહથી નવપલ્લવિત થાય છે. અશ્રુભીની આંખો હર્ષાશ્રુથી ઊભરાઈ આવે છે.

આરબ દેશની એક વાત છે. અંતરિયાળ ગામમાં એક બાપ-દીકરો રહેતા હતા. ઘરમાં બાપ-દીકરો જ એકબીજાનાં સુખ-દુઃખના ભાગીદાર હતા. બંને એકબીજાની લાગણી, પ્રેમ અને હૂંફના આધારે પોતાનું જીવન વિતાવી રહ્યા હતા. એમાં એક દિવસ એક આરબે ધસમસતા પૂરની જેમ આવી, આ પિતાના એકના એક દીકરાનું ખૂન કરી નાખ્યું. થોડી વારમાં જ બાપની નજર સામે તરફડિયાં મારતા દીકરાનું પ્રાણપંખેરું ઊડી ગયું. દીકરાનો ખૂની દોડતો ત્યાંથી ભાગી રહ્યો હતો ત્યારે એના બાપે ખૂનીના ચહેરાને જોઈ લીધો.

ખૂની ગયા બાદ પિતાના મનમાં એક જ વાત રમવા માંડી કે મારે ગમે તેમ કરી એ ખૂનીને મારવો જ છે. એને કેમ મારવો ? હું શું કરું ? આ વાતને વિચારતાં વિચારતાં વર્ષો વીતી ગયાં, છતાંય તેના હૈયામાંથી બદલો લેવાની ભાવના વીસરાતી ન હતી. પોતાના પુત્રના વિયોગનું દુઃખ નિરંતર સતાવતું હતું.

એક દિવસ રાત્રે આ વૃદ્ધ બાપ પોતાની ઝૂંપડીમાં એકલા સૂતા હતા. અચાનક ઝૂંપડીમાં કોઈ અજાણી વ્યક્તિને હાંફળી-ફાંફળી દોડતી અંદર આવતી જોઈ. આંખો ચોળતાં ચોળતાં આછા અજવાળામાં જોયું તો પોતાના દીકરાનો જ ખૂની આરબ દોડતો દોડતો પરસેવે રેબઝેબ થતો ત્યાં આવી પહોંચ્યો હતો અને પેલા વૃદ્ધ બાપને કહેવા લાગ્યો, "અરે ભાઈ, મને ગમે તેમ કરી બચાવો, મારી પાછળ ખલીફાના માણસો પડ્યા છે. મને જો પકડશે તો મારું માથું જરૂર કાપી નાંખશે, માટે મને બચાવી લો."

વૃદ્ધ બાપને પોતાના દીકરાના હત્યારાને જોતાં જ વર્ષોથી બદલો લેવાની ભાવનાના વિચારો પ્રબળ બન્યા. "આ જ મારા દીકરાનો ખૂની છે. એણે જ મારી આંખનું રતન છીનવી લીધું છે. આજે મારા દીકરાનું વેર લેવાનો ખરો સમય આવી ગયો છે." આવા વિચારોમાં વૃદ્ધ ઊંડા ઊતરી ગયા. અચાનક જ આ વૃદ્ધ બાપના માનસપટ પર નવા વિચારો સ્ફુરવા માંડ્યા. વર્ષોના પડી ગયેલા પૂર્વાગ્રહના ડાઘ, જે ઘૂંટાઈને પાકા થઈ ગયા હતા, તેની ઉપર પૂર્ણવિરામ મૂકવાના એક અદ્ભુત વિચારથી, આ વૃદ્ધ બાપને પોતાના દીકરાના ખૂનનો બદલો ખૂનથી નહિ પરંતુ પ્રેમથી લેવાનો વિચાર આવ્યો અને એ સાથે જ પેલા આરબને પોતાની ઝૂંપડીમાં સંતાડી દીધો. ખલીફાના માણસો દોડતાં દોડતાં આવ્યા. ચારેબાજુ પેલા આરબને શોધવા ફરી વળ્યા, પરંતુ કોઈ ન મળતાં ત્યાંથી ચાલ્યા ગયા અને પેલો આરબ આબાદ રીતે બચી ગયો.

આરબને બચાવ્યા પછી આ વૃદ્ધ બાપે પોતાના દીકરાની કબર પાસે જઈને કહ્યું, "હે દીકરા, મેં આજે તારા ખૂનનો બદલો લીધો છે; પણ ખૂનથી નહિ, પ્રેમથી." વૃદ્ધ બાપના આવાં કલ્પાંત અને કરુણાભર્યાં વચનો સાંભળી ખૂનીની આંખમાંથી ચોધાર આંસુ વહેવા માંડ્યાં. વૃદ્ધ બાપના પગ પકડી આરબ ખૂબ રડ્યો. પશ્ચાત્તાપનાં આંસુથી પગ પખાળ્યા, માફી માંગી. વૃદ્ધ બાપને ફરી પોતાના ગુમાવેલા દીકરાનો અહેસાસ આ આરબમાં થયો. વૃદ્ધ બાપને પૂર્વાગ્રહના પૂર્ણવિરામે વિખૂટા પડી ગયેલા સ્વજનને સાંપડ્યાનો આનંદ થયો.

પૂર્વાગ્રહના પૂર્ણવિરામથી એક દુશ્મન એટલે કે ખૂની પ્રત્યેનો પૂર્વાગ્રહ પણ દીકરાના વ્હાલમાં અને બાપના વાત્સલ્યમાં ફેરવાઈ ગયો. ત્યારે જો આપણા એક પરિવારના સભ્યોમાં, કારણ સત્સંગના દિવ્ય સમાજમાં, કે જે એક જ બાપના દીકરા છીએ, તેમની વચ્ચેનો પૂર્વાગ્રહ છોડી દઈએ તો આત્મીયતા સહજ થઈ જાય અને મહારાજ અને મોટાપુરુષના રાજીપાના પાત્ર બની શકાય. પૂર્વાગ્રહ છોડવા માટે પોતાનું ગમતું, પોતાની ઈચ્છાઓ, પોતાના અરમાનો, પોતાનો સ્વાર્થ જો હોમવો પડે તો હોમી દઈએ. પૂર્વાગ્રહ સોતું, ઉદ્વેગ, અથડામણ અને અશાંતિભર્યું જીવન જીવવું એના કરતાં પૂર્વાગ્રહના પૂર્ણવિરામની સાથે જ લાગણીભર્યું, પ્રેમાળ, એકમના થઈ જીવન જીવવું એ સાચું દિવ્યજીવન છે.

કોઈ ગમે તેવા સ્વભાવવાળા હોય, આપણી સાથે સેટ થતા ન હોય, પરંતુ જો ત્યાં પૂર્વાગ્રહની ગાંઠ વાળ્યા વગર નિખાલસભાવે એમની સાથે વર્તાવ કરીએ

અને સાથે સાથે મહારાજ અને મોટાપુરુષના સંકલ્પમાં ભેગા ભળવા સાચા ભાવથી પ્રાર્થના કરીએ, તો આપણાં વિખૂટાં મન એક થઈને સુહૃદભાવ પ્રગટશે.

પૂર્વે જે જે મહારાજના સંકલ્પમાં ભેગા ભળી ગયા હતા, પૂર્વાગ્રહ મૂકી દીધો હતો, એ જ રાજીપાનાં પાત્ર થયાં છે. મહારાજની આજ્ઞા થતાં જ એ મખિયાવનાં ફઈબાનાં વહુએ ફઈબા પ્રત્યેનો પૂર્વાગ્રહ છોડી દીધો, તો મહારાજના રાજીપાનાં પાત્ર બન્યાં; પરંતુ ફઈબા પૂર્વાગ્રહ છોડી ન શક્યાં તો મહારાજ નારાજ થઈ ગયા અને મખિયાવનું અન્નજળ હરામ કરી દીધું. જેમ ફઈબા પૂર્વાગ્રહ ન છોડી શક્યા તો મહારાજ નારાજ થઈ ગયા તેમ આપણે કોઈના વિષે પૂર્વાગ્રહ બાંધ્યા હશે તેને શું મહારાજ ચલાવશે ? ના...ના... સત્સંગમાં રહેવા છતાંય આપણને સુખ નહિ લેવા દે. જો અખંડ સુખિયા રહેવું હોય તો પૂર્વાગ્રહના ડાઘથી રહિત થઈ, એકદમ કોરી સ્લેટ કરી નાખવી.

❑ પૂર્વાગ્રહથી રહિત થવાના ઉપાયો :

(૧) જૂની છાપ ભૂંસી નાખો અને નવી છાપ પડવા ન દેવી :

બ્લૅકબોર્ડ ઉપર એક વખત જો લખાણ કર્યું હોય તો એને ભૂંસીએ ત્યારે જ નવું લખાણ લખી શકાય એમ કોઈને વિષે આપણા માનસપટ પર જો કોઈ લખાણ લખાઈ ગયું હોય તો તેને ભૂંસવું ફરજિયાત છે; તો જ ગુણ આવે. ‘‘એણે મને આમ કહ્યું હતું. એણે મારી જોડે આવો વ્યવહાર કર્યો હતો’’ – આ વાતને યાદ રાખીને કોતરવાની નહિ, પણ પાણીના લીટાની જેમ ભૂંસી નાખતાં શીખવું જોઈએ; તો જ પૂર્વાગ્રહથી રહિત થવાય. જૂની છાપને ભૂંસ્યા પછી પણ સતત ખટકો રાખવો પડે કે કોઈના વિષે નવી છાપ ઊભી ન થાય. બે શબ્દો કહ્યા તો ભલે કહ્યા. આપણને ક્યાં ખાડો પડી જવાનો છે ? પણ જો પૂર્વાગ્રહ બંધાઈ જાય તો આત્મીયતામાં ખાડો પડી જશે. માટે કોઈના પ્રત્યે નવી છાપ ન પડવા દો.

(૨) ગુણનો વિચાર કરીએ :

બંધ ઘડિયાળ પણ ૨૪ કલાકમાં બે વખત સાચો સમય બતાવે છે. બાપાશ્રીએ પણ વાતોમાં કહ્યું છે કે, કોઈમાં સો અવગુણ હોય તોય એક ગુણ તો હોય જ, તે આપણે જોવો, તો એના વિષેનો ખોટો પૂર્વાગ્રહ ટળી જાય છે. કારેલાંના શાક પ્રત્યેનો પૂર્વાગ્રહ હોય અને જો ડાયાબિટીસ થાય તો કારેલાંના ગુણના વિચારે કરીને તેના વિષેનો પૂર્વાગ્રહ ટળી જાય અને રોજ કારેલાંનું શાક જમતા થઈ જાય

છે. આપણી આસપાસ રહેનાર મુક્તોમાંથી હંમેશાં ગુણ શોધવા અને એના ગુણનો જ વિચાર કર્યા કરવો... તો બંધાઈ ગયેલા પૂર્વાગ્રહ ટળી જાય છે અને નવો અભિપ્રાય બંધાતો નથી.

(૩) દૃષ્ટિકોણ બદલીએ :

જેવું આપણે વિચારીએ છીએ એવું જ આપણું જીવન બને છે. નકારાત્મક વિચારો કરીશું તો એનું પરિણામ નકારાત્મક જ મળે છે અને જેટલા હકારાત્મક વિચારો કરીશું એટલું એનું ફળ યશસ્વી મળે છે. પૂર્વાગ્રહથી રહિત થવા માટે આપણા જૂના, ખખડી ગયેલા, ઘસાઈ ચૂકેલા વિચારોને તિલાંજલી આપી દઈએ અને એકબીજા સાથે પ્રેમ-આશા અને લાગણીથી ભરેલા નવા, તાજા અને રચનાત્મક વિચારોની આયાત કરીએ, દૃષ્ટિને બદલીએ. જેટલો સવળો દૃષ્ટિકોણ કેળવીશું એટલા જ જીવનમાં સફળતાના, સુખના માર્ગે આગળ વધી શકાશે.

માનવસહજ સ્વભાવ નકારાત્મક વલણ ધરાવતો હોય છે. કોઈ બે વ્યક્તિ સાથે ઊભા રહી વાત કરતા હોય અથવા તો હસતા હોય તો ત્રીજી વ્યક્તિ એમને હસતા જોઈ હસવાને બદલે બળવા માંડે છે અને કંઈક બન્યું હોય તો તરત જ નકારાત્મક વિચારોની હારમાળા સર્જાઈ જાય કે, 'એ બંને મારી જ વાત કરતા હશે.' કદાચ વાત ન કરતા હોય તોપણ પૂર્વાગ્રહ બંધાઈ જાય છે. પરંતુ એમને હસતાં જોઈને પોતે પણ હસ્યા હોત તો ? અરે, કદાચ આપણી જ વાત કરી હોય તોય આપણને ક્યાં ચોંટી ગઈ છે ? શું કરવા આપણા માથે લઈ લઈએ છીએ ? એ આપણાં હિતની જ વાત કરે છે એવું વિચારી દૃષ્ટિકોણ બદલી નાંખીએ, તો આપણને એમના વિષે પૂર્વાગ્રહને બદલે ભાવ જન્મે છે.

(૪) ભ્રાતૃભાવના નાતે ભૂલતાં શીખવું :

કેટલીક વખત અન્યના જીવનની કેટલીક મર્યાદાઓ જોઈ આપણે કાયમ માટે એમને એ જ નકારાત્મક દૃષ્ટિથી જોઈએ છીએ. પરંતુ શું આપણામાં કોઈ જ ખામી નથી ? શું આપણે સંપૂર્ણ છીએ ? આપણામાં જેમ કેટલીક મર્યાદાઓ રહેલી છે એમ સામેના પાત્રમાં પણ કેટલીક મર્યાદાઓ હોય; એને ઉપસાવવાની ના હોય, એને ભૂલી જવાની હોય. ગમે તેમ તોય એ આપણા પરિવારના જ સભ્ય છે. એમની સાથે જ આપણે રહેવાનું છે, એ જ આપણાં સુખ-દુઃખના સાચા ભાગીદાર છે. જેટલું યાદ રાખીશું એટલો જ પૂર્વાગ્રહ પાકો થશે અને જેટલું ભૂલીશું એટલો જ પૂર્વાગ્રહ ટળશે.

(૫) ટકોર કરવી, પણ હળવી અને મીઠી :

કેટલીક વાર આપણા ટોકટોક કરવાના સ્વભાવને કારણે સામેની વ્યક્તિને આપણા પ્રત્યે પૂર્વાગ્રહ બંધાય છે અને આપણને પણ એ વ્યક્તિ તરફનો ખોટો અભિપ્રાય દૃઢ થાય છે. વ્યવહારમાં રહીએ એટલે ક્યાંક કહેવું તો પડે જ, પણ ક્યારેય એકની એક વાત માટે વારંવાર ટોકવા નહીં. થોડી રાહ જોવી. એનામાં સુધારો ન થયો તો તેની પાછળ શું રહસ્ય છે તે તપાસવું. પ્રેમ અને હૂંફથી યોગ્ય દિશા આપવી. પરંતુ ક્યારેય કોઈને કટાક્ષમાં કહેવું નહિ, કટાક્ષમાં કહેવાથી પૂર્વાગ્રહ વધુ પ્રમાણમાં ઘનિષ્ઠ બની જાય છે. એકની એક જ વાતને મીઠાશભર્યા શબ્દોથી કહેવામાં આવે તો પરિવર્તન થાય અને પૂર્વાગ્રહ પણ બંધાય નહીં.

(૬) સાચી વાતની નિખાલસભાવે સ્પષ્ટતા :

કેટલીક વખત કોઈ વાત કે સંજોગ બને ત્યારે આપણે એ વાતની સ્પષ્ટતા કરવાને બદલે ચોળીને ચીકણી કરતા હોઈએ છીએ. જેટલી વાતને ચીકણી કરીએ એટલો પૂર્વાગ્રહ પણ ચીકણો બને છે. પરંતુ જો એ જ વાતની પરિવારના સભ્યો કે સત્સંગ સમાજના કોઈ પણ સભ્ય સાથે નિખાલસભાવે સ્પષ્ટતા થઈ જાય, સાચી વાતની રજૂઆત થઈ જાય તો પ્રશ્નનું ત્વરિત સમાધાન થઈ જાય છે. એકબીજા પ્રત્યેની અંદર રહેલી ગેરસમજ દૂર થઈ જાય છે અને પૂર્વાગ્રહથી દૂર રહી શકાય છે.

આવા પૂર્વાગ્રહથી રહિત થવાના ઉપાયોને આપણા સ્વજીવનમાં અનુસરીએ તો પૂર્વાગ્રહરૂપી પીડાદાયક રોગથી મુક્ત થઈ શકાય છે. મળેલા દિવ્ય કારણ સત્સંગમાં સૌનો મહિમા સમજીએ, સૌની સાથે હળીમળી એકમના થઈને રહીએ. પૂર્વાગ્રહનાં પોટલાં બાંધીને ભારરૂપ થઈ ફરવું એના કરતાં પૂર્વાગ્રહ અને અભિપ્રાયોને છોડીશું તો હળવા ફૂલ જેવા થઈ જઈએ.

- **વિશેષ દૃઢતા માટે :**

  આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

  ૧. દુઃખકર સંસારનો સુખકર ઉકેલ

મહિમાના જ વિચાર કરવા, અમહિમાના નહિ

"મહિમાથી ગુણો આવે, દોષો સર્વે ભાગી જાય;
મહિમાથી ભર્યા થવાય, લુખ્ખાપણું તો જાય.
મહિમાથી સુખિયા થવાય, ઉદ્વેગ અશાંતિ જાય;
હતાશા ને નિરાશા, લાખો ગાઉ દૂર જાય."

થોડા સમય પહેલાં સ્વામિનારાયણ ધામ પર એક હરિભક્ત પ.પૂ. સ્વામીશ્રીને મળવા માટે આવ્યા હતા. તેઓ પ.પૂ. સ્વામીશ્રીને મળ્યા અને પોતાની મનોવ્યથા વ્યક્ત કરતાં રડી પડ્યા કે, "દયાળુ, મારા ઉપર કંઈક દયા કરો. છેલ્લા કેટલાક સમયથી મારું આંતરતંત્ર ડામાડોળ થઈ ગયું છે. મને દિવસે પણ ક્યાંય સુખ થતું નથી અને રાત્રે પણ ઊંઘ આવતી નથી. કામ-ક્રોધાદિક અંતઃશત્રુઓ મને પીડ્યા કરે છે. અંતરમાં અખંડ ખાલીપો વર્તે છે. ઘરમાં અને સત્સંગમાં સર્વત્ર ઉદ્વેગ, અથડામણ અને અકળામણ જ થયા કરે છે. કોઈ કાર્ય કરવામાં મને સફળતા મળતી જ નથી. હવે મારું જીવન હતાશા અને નિરાશાનાં વાદળોમાં ડૂબી ગયું છે. કોઈ ડૉક્ટરની દવા કામ કરતી નથી. માટે કંઈક દયા કરો. હવે, મને બચાવી લ્યો."

પ.પૂ. સ્વામીશ્રી એ વખતે બહારગામ સત્સંગ વિચરણ અર્થે પધારી રહ્યા હતા. પ.પૂ. સ્વામીશ્રીએ આ ભાઈને સાંત્વના આપી અને પ્રાર્થના મંદિરમાં મહારાજનાં દર્શન કરવા સાથે લઈ ગયા. મહારાજનાં દર્શન કર્યા બાદ પ.પૂ. સ્વામીશ્રીએ આ ભાઈને કહ્યું કે, "આજથી પંદર દિવસ સુધી અહીં પ્રાર્થના

મંદિરમાં તમે બેસજો અને જે કોઈ સંતો-હરિભક્તો કે ગુરુકુળના બાળમુક્તો મંદિરમાં દર્શન કરવા આવે તે સૌનો મહિમા સમજી એ સૌમાંથી ગુણ લેજો. વળી, ૧૫ દિવસ દરમ્યાન કોઈ વ્યક્તિ ગમે તેવું વર્તન કરે તોપણ એમના વિષે અભાવ-અવગુણનો સંકલ્પ જ ઊઠવા દેવાનો નહીં. સૌનો મહિમા સમજજો ને સૌમાંથી ગુણ જ લીધા કરજો.''

ત્યારબાદ પ.પૂ. સ્વામીશ્રી બહારગામ વિચરણ અર્થે પધાર્યા અને આ ભાઈએ તો પ.પૂ. સ્વામીશ્રીએ બતાવેલ રુચિ મુજબ સ્વજીવનમાં પ્રયોગ શરૂ કરી દીધો. બસ, જે કોઈ નજરમાં આવે એ સૌનો મહિમા સમજે, ગુણ જ લે અને આ પ્રયોગથી એક અજબનો ચમત્કાર સર્જાયો. નિરાશાનાં વાદળમાંથી એક ઉજ્જવળ આશાનો, સુખનો સૂરજ ઉદય થયો. ઉદ્વેગ, અશાંતિ, નિરાશા, હતાશા, અકળામણ, અથડામણનાં વાદળો અદૃશ્ય થઈ ગયાં. હૈયું આનંદથી પુલકિત થઈ ગયું.

પ.પૂ. સ્વામીશ્રી ૧૫ દિવસ બાદ બહારગામથી સ્વામિનારાયણ ધામ પર પરત પધાર્યા ત્યારે પ્રાર્થના મંદિરમાં દર્શન કરવા માટે પધાર્યા. ચીમળાઈ ગયેલા ફૂલ જેવું આ હરિભક્તનું મુખારવિંદ આજે તાજા ખીલેલા ફૂલ જેવું પ્રફુલ્લિત હતું. મુખારવિંદ ઉપર હાસ્યની રેખાઓ તરવરતી હતી. પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેઓ દોડતા પ.પૂ. સ્વામીશ્રીના ચરણમાં આવી બેસી ગયા અને કહેવા લાગ્યા કે, ''દયાળુ, તમે મને ન્યાલ કર્યો. મને મરતાને તમે બચાવી લીધો અને મહિમાસભર કરી દીધો. નિરંતર મહિમાના વિચારે મને મહિમાથી ભરી દીધો. મારો ખાલીપો અને લુખ્ખાપણું લાખો ગાઉ છેટું જતું રહ્યું. મુજ રાંક પર બહુ દયા કરી.''

જેમ ઘઉં વાવવાથી ઘઉં ઊગે, બાજરી વાવવાથી બાજરી ઊગે એમ ગુણ વાવવાથી આપણામાં ગુણ ઊગે અને સૌનો મહિમા સમજીએ તોઆપણાથીપણ મહિમાસભર થવાય જ, એમાં શંકાને કોઈ સ્થાન નથી. ખરેખર આ ભાઈની જેમ આપણે પણ મહિમાના જ વિચાર કરવા, અમહિમાના નહીં. આ પ્રયોગ આપણા સ્વજીવનમાં અપનાવવા જેવો છે. આ પ્રયોગ આપણને સારો તો લાગે છે. પરંતુ બીજાના ગુણને જોવા અને પોતાને ન્યૂન સમજીને બીજાનો મહિમા ગાવો કે સમજવો એ તો અઘરામાં અઘરા કોયડાના ઉકેલ જેવું લાગે છે.

બે નાના બાળકો સ્કૂલમાં લડતા ઝઘડતા હોય અને જ્યારે તેઓ લડતાં ઝઘડતાં શિક્ષક પાસે પહોંચે ત્યારે બંને બાળકો શિક્ષકને એક જ ફરિયાદ કરે છે કે, “સાહેબ, પહેલાં એણે મને માર્યું હતું.” મોટે ભાગે બંને પક્ષે પોતપોતાનો બચાવ જ થતો હોય છે. પોતાનો બચાવ કરવો એ તો જીવનો જન્મસિદ્ધ સ્વભાવ છે. નાના બાળકથી માંડીને વયોવૃદ્ધ વ્યક્તિ સુધી આ સ્વભાવની છાંટ વત્તા-ઓછા પ્રમાણમાં રહેલી જ હોય છે. પરિણામે કોઈ પણ પ્રસંગમાં કે પરિસ્થિતિમાં હંમેશાં પોતાને નિર્દોષ સાબિત કરવાના જ પ્રયત્ન થતા હોય છે.

જેટલો પોતાનો મહિમા વિશેષ સમજાય એટલો સામેનાનો અભાવ આવે જ. જેમ જેમ પોતાનો મહિમા ઘટતો જાય એમ એમ સામેનો મહિમા વધતો જાય છે. એટલે જ પ.પૂ. સ્વામીશ્રી ઘણી વાર કહે છે કે, “સત્સંગમાં કે ઘરમાં મન નોખું થવાનું કારણ જ મહિમા-અમહિમા છે. જ્યાં પોતાનો મહિમા અને સામેનાનો અમહિમા હોય ત્યાં મન નોખું પડે, પડે ને પડે જ. મારી વાત સાચી એવું મનાય અને સાથે સાથે એમની વાત પણ યોગ્ય જ છે એવું મનાય તો મન નોખું ન પડે. હું બરાબર નથી અને એ બરાબર જ છે એવું સમજવું એ તો પરાકાષ્ઠાની વાત છે. એવું સમજાય તો મન નોખું પડવાનો પ્રશ્ન જ આવતો નથી. જેમ જેમ પોતાના મહિમાનો કાંટો ઉપર ચડે તેમ તેમ અન્યના મહિમાનો કાંટો નીચે ઊતરે. આપણે બંને વસ્તુ સાથે કરવા જઈએ છીએ. મહારાજનો, સંતો-ભક્તોનો મહિમા સમજીએ છીએ પણ આપણો મહિમા રાખીને. પરિણામે ઘર્ષણ થાય છે. માટે પોતાનો મહિમા શૂન્ય તરફ લઈ જઈએ તો જ આત્મીયતા થાય.

સત્સંગમાં આવ્યા પછી કથાવાર્તા સાંભળે પણ મહિમા ન સમજે એને મહારાજે ગબરગંડની ઉપમા આપતાં કહ્યું છે કે, “ગબરગંડ જન સત્સંગમાં આવે અને કથાવાર્તા સાંભળે તોપણ તૂટેલા સરોવર જેવો છે. તૂટેલા સરોવરમાં નીર ટકતું નથી તેમ ગબરગંડના હૃદયમાં સદ્‌ગુણો ટકતા નથી. ચાહે તેટલો તે સમાગમ કરે પણ મહિમા વગર તો દિનગુજારો કર્યા બરાબર છે.”

– શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૮, તરંગ-૪૧

કથાવાર્તા સાંભળ્યા પછી પણ જો મહિમા ન સમજાય તો દિનગુજારો કર્યા બરાબર છે એટલે કે, વ્યર્થ, નકામા દિવસો પસાર કર્યા બરાબર છે. માટે મહિમા સોતો સત્સંગ કરવો. જ્યાં મહિમાની ગેરહાજરી થાય છે ત્યાં જ અમહિમાનો

ઉપદ્રવ થાય છે, અને અમહિમાનો થયેલો ઉપદ્રવ જ આપણી આસપાસના નજીકના કૂંડાળામાં રહેતા સભ્યો વચ્ચેની આત્મીયતાને મૂળમાંથી બાળી નાંખે છે. આપણી આસપાસના વાતાવરણને ઝેરી અને પ્રદૂષિત કરી નાંખે છે. માટે, અમહિમારૂપી ઝેરથી સાવધાન રહેવું, નહિ તો મળેલા દિવ્ય કારણ સત્સંગના યોગનો વિયોગ કરાવી દે.

અમહિમા જેવી નાની લાગતી બાબત કારણ સત્સંગના વિયોગનું કારણ બની જાય છે તેનું કારણ એ છે કે, કારણ સત્સંગની પીઠિકા જ મહાત્મ્ય ઉપર રચાયેલી છે. કારણ સત્સંગમાં મળેલા યોગનો મહિમા એ પ્રથમ પગથિયું છે, એ જ આપણને પ્રગતિના પંથે આગળ લઈ જાય છે. મહિમા એટલે જ સત્સંગનું હૃદય. મહાત્મ્ય વગરનો સત્સંગ એટલે હૃદય વગરનું શરીર એટલે કે મડદું કહેવાય. સત્સંગમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું જ હોય પરંતુ જો મહિમા જ ન હોય તો એ સત્સંગ હાડપિંજર જેવો બની જાય છે. મહિમા એ કારણ સત્સંગનું અવિભાજ્ય અંગ છે.

એક વખત સદ્. મુનિસ્વામીને કોઈએ પ્રશ્ન પૂછ્યો કે, “સ્વામી, સાધનકાળમાં રહેલા સાધનિકને ઘાટ-સંકલ્પ કેમ ટળે ? અને સાધનકાળમાં રહેલા સાધનિકને શું મૂર્તિનું સુખ આવે ?” ત્યારે સદ્. મુનિસ્વામીએ સહજતાથી ઉત્તર કરતાં કહ્યું કે, “મહિમા આકારે વૃત્તિ થાય તો ઘાટ-સંકલ્પ ટળી જાય. અને સાધનિક જો મળેલા મહારાજ અને મોટાપુરુષ તથા સંતો-ભક્તોના મહિમામાં અખંડ ડૂબેલો રહેતો હોય તો તેને છતે દેહે મૂર્તિનું સુખ આવે.” અર્થાત્ જો મૂર્તિસુખના ભોગી થવું હોય તો મળેલા મહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તો અને પોતાનું સ્વરૂપ એમ એ ચારેય સ્વરૂપનું મહાત્મ્ય સમજવું ફરજિયાત છે.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતમાં કહ્યું છે કે, “પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહીં.” એ ન્યાયે છતે દેહે મૂર્તિસુખના અધિકારી થવા માટે, જીવનમાં આટલો દૃઢાવ કરી દેવો : મહારાજની મૂર્તિમાં, મોટાપુરુષમાં, સંતો-ભક્તોમાં અને પોતાનામાં મહારાજનાં દર્શન કરવાં.

આ જીવનનો ધ્યેય છે. સત્સંગનું ફળ છે. પરભાવમાં જે સંતો-ભક્તો સાથે રહેવાનું છે, તેમની સાથે અવરભાવમાં રાજી થકા રહેવા, સૌની સાથે સાચી

આત્મીયતા કરવા માટે પણ આ ફરજિયાત છે.

માટે મળેલા દિવ્ય કારણ સત્સંગનો યથાર્થ મહિમા સમજીએ. કારણ કે મહિમા સમજાય તો જ મૂર્તિસુખના માર્ગ તરફની આપણી યાત્રા આગળ વધે, નહિ તો સ્થગિત થઈ જાય.

“જેને જેટલું મહાત્મ્ય, તેને તેટલું જતન થાય;
મહિમા સમજ્યા વિના, એક ડગલું ન ભરાય.”

❑ પ્રિ-પ્લાનિંગનો સમાજ :

SMVS એટલે શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ. શ્રીજીમહારાજના પ્રિ-પ્લાનિંગનો સમાજ. શ્રીજીમહારાજ આપણને સૌને આ દિવ્ય કારણ સત્સંગમાં એમના સંકલ્પથી જ લાવ્યા છે. આપણા પરિવારના, સત્સંગ સમાજના સંતો-હરિભક્તો પણ કારણ સત્સંગના પરિવારના જ સભ્યો છે. શ્રીજીમહારાજના પ્રિ-પ્લાનિંગનાં પાત્રો છે. આપણા પરિવારમાં નવું જન્મતું બાળક કે આવનાર પુત્રવધૂ આ બધું મહારાજનું પ્રિ-પ્લાનિંગ જ છે. એકમાત્ર મહારાજના સંકલ્પમાં દોડવા માટે મહારાજે આ સંયોગ કરાવ્યો છે. આપણા પરિવારના સભ્યો કર્માધીનપણે ભેગા થયા નથી. એમણે સંકલ્પથી ભેગા કર્યા છે. ત્યારે એમના સંકલ્પમાં યાહોમ કરીને કૂદી પડવું એ જ સાચો મહિમા છે.

સૌનો મહિમા સમજવો, પણ અવગુણ ન લેવો. કોઈનો દોષ ન પરઠવો. આવી સત્સંગની ઉચ્ચ સમજણ કરાવતાં શ્રીજીમહારાજ ગઢડા પ્રથમના ૨૪મા વચનામૃતમાં કહે છે કે,

“જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે ને એ જો જેવોતેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે, એમ સમજીને તેનો પણ અતિશે ગુણ લેવો.”

કેટલીક વાર ઘરમાં આવનાર નવી પુત્રવધૂ કે વડીલોના સ્વભાવ જો પોતાના ઢાળેલા બીબા પ્રમાણે ન હોય અથવા ઘરમાં દીકરા-દીકરીઓ કે ઘરના સભ્યો પોતાના ધાર્યા પ્રમાણે ન કરે ત્યારે પરિવારની આત્મીયતામાં બૉબ-બ્લાસ્ટ થતા હોય છે. એકબીજાથી મન નોખાં પડી જતાં હોય છે. પરંતુ આવા સંજોગો ઊભા

થાય ત્યારે તરત જ વિચાર કરવો કે આ સૌ મહારાજના પ્રિ-પ્લાનિંગના મુક્તો છે. મહારાજના વ્યતિરેકના સંબંધવાળા અનાદિમુક્તો છે. સૌ મહારાજનાં કૃપાનાં જ પાત્રો છે. એમના કર્તા સ્વયં મહારાજ જ છે. કદાચ મારામાં રહેલી સૂક્ષ્મ કસરોને ટળાવવા મહારાજ એમના દ્વારા કાર્ય કરી રહ્યા છે. જો મને એમને વિષે અભાવ-અવગુણ કે અમહિમાનો સંકલ્પ થશે કે મારાથી મન-કર્મ-વચને કરીને કોઈ દુભાઈ જશે તો સ્વયં મહારાજ દુભાશે. એમનામાં દેખાતા દોષ-સ્વભાવ એ દેખવામાત્ર છે. વસ્તુતાએ આ સૌ મહારાજના મુક્તો છે. તો ક્યારેય આપણા પરિવારની આત્મીયતારૂપી ઇમારતમાં તિરાડ નહિ પડે. સૌની સાથે બનશે, બધાયની જોડે ફાવશે, ગમશે. ક્યારેય કોઈનાથી મન જુદું નહિ પડે. સૌને વિષે દિવ્યભાવની દૃષ્ટિ રહેશે. સૌમાં મહારાજનાં દર્શન કરી શકાશે. માટે મહિમારૂપી જાદુઈ ચિરાગને આપણા જીવનમાં અપનાવીએ.

મહિમાના જ વિચારમાં અખંડ ડૂબેલા રહેવું એ આધ્યાત્મિક માર્ગમાં સંપૂર્ણ સલામતીનો માર્ગ છે. કદાચ મોટા વિદ્વાન નહિ હોય, પંડિત નહિ હોય, વિશેષ આવડત, બુદ્ધિ કે ચાતુર્યતા નહિ હોય તો ચાલશે; પણ જો અખંડ મહિમાના જ વિચારમાં ડૂબેલો રહે તેને દુનિયાની ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે સંગ ડુબાડી ન શકે. એ આધ્યાત્મિક માર્ગમાં વિઘ્નોથી પર થઈ શકશે. મહિમાના મહાત્મ્યનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ ગઢડા પ્રથમના ૭૨મા વચનામૃતમાં કહે છે કે,

“જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય મહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું મહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તોપણ તે ભક્તને એવી ભક્તિનું અતિશે બળ છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતા નથી.”

જે ભક્ત મહાત્મ્યથી સભર હોય તેને ગમે તેવાં કાળ, કર્મ કે માયા કોઈ પ્રકારે વિઘ્ન કરી શકતાં નથી. એટલું જ નહિ, સત્સંગમાં પણ મહારાજ ગમે તેવી કસોટીની એરણે ચડાવે તોય મહારાજ અને મોટાપુરુષથી કે સંતો-ભક્તોથી એનું મન રંચમાત્ર નોખું પડતું નથી. ક્યારેય દિવ્યભાવની દુનિયામાં ઓટ આવતી નથી. સદૈવ સૌના દાસ થઈને રહી શકે છે. ભૂતકાળમાં અને વર્તમાનકાળે જે જે પાત્રો મહિમાસભર રહ્યાં છે, તે જ મહારાજના રાજીપાના રાજમાર્ગ પર દોડી શક્યાં છે અને અનેકના પ્રેરણામૂર્તિ બની ગયાં છે.

એક વખત શ્રીજીમહારાજે મહિમામાં અને સમજણમાં શૂરા એવા ભક્તરાજ આણંદજી સંઘાડિયાને કસોટીની એરણે ચડાવ્યા. શ્રીજીમહારાજે આણંદજી ભગતને આજ્ઞા કરી કે, “આજે ને આજે તમારાં ઘરવાળાંનો ત્યાગ કરી દો.” ત્યારે આણંદજી ભગતે કહ્યું, “મહારાજ, એમનો કોઈ વાંક ? એ તો મારા કરતાંય પાકાં સત્સંગી છે. મારા કરતાંય આપનો મહિમા વિશેષ સમજે છે તો વગર વાંકે એમ કેમ કાઢી મુકાય ?” ત્યારે વીટો પાવર વાપરતાં મહારાજે કહ્યું કે, “જો એમનો ત્યાગ ન કરી શકતા હો તો આજથી અમારો ત્યાગ કરી દો.” ત્યારે આણંદજી ભગત આજીજી કરતાં મહારાજને પ્રાર્થી રહ્યા કે, “મહારાજ, જો ઘરવાળાંને કાઢી મૂકું તો મને રોટલા કોણ કરી આપે ? અને જો તમને મૂકી દઉં તો મારું કલ્યાણ કોણ કરે ?” ઘણી આજીજી, વિનંતીના અંતે પણ મહાપ્રભુ ટસના મસ ન જ થયા અને મહારાજે સભામાં જાહેર કરી દીધું કે, “હવે આ આણંદજી અમારું પણ માનતા નથી માટે આજથી આણંદજી સંઘાડિયા વિમુખ. આજથી હવે એમને કોઈ મંદિરમાં પેસવા દેશો નહીં. અને જો મંદિરમાં આવે તો લાત મારી ‘હૈડ કૂતરી’ ‘હૈડ કૂતરી’ એમ કહી ખૂબ તિરસ્કાર કરજો. આજથી ગામના કોઈ હરિભક્તએ એમની સાથે વ્યવહાર રાખવો નહીં.” આટલું કહી મહારાજ બીજે ગામ પધાર્યા.

આણંદજી ભગતનું મહિમાથી ભરપૂર હૈયું મંદિરે દર્શન વગર રહી કેમ શકે ? તેથી બીજા દિવસે તેઓ મંદિરે દર્શન કરવા માટે ગયા. ત્યારે સૌ હરિભક્તોએ મહારાજની આજ્ઞા મુજબ તેમને મંદિરમાં પેસવા દીધા નહીં. આણંદજી ભગતે મંદિરની બહાર ઓટલા ઉપર બેસી દર્શન કર્યાં. પછી તો રોજનો નિત્યક્રમ બની ગયો કે આણંદજી ભગત બહાર ઓટલા ઉપર બેસી દર્શન કરે અને ગામના હરિભક્તો દર્શન કરવા આવે ત્યારે પગેથી ઠેબું મારી “હૈડ કૂતરી” એમ બોલે. છતાંય આ આણંદજી ભગતના મહિમામાં કોઈ ફેર ન પડે કે અંતરમાં કોઈ ગ્લાનિ ન ઊઠે. ‘આ સર્વે મારા મહારાજના જ ભક્તો છે. તેથી મારા માથાના મુગટ સમાન કહેવાય.’ અપમાન કરનારનો માથાના મુગટ માની મહિમા સમજે અને હરિભક્તોના બહાર પડેલા જોડા પોતાનાં કપડાં વડે સાફ કરે. છતાંય મુખારવિંદ ઉપર મહિમાનો એવો ને એવો જ આનંદ. અખંડ મહિમાના વિચારમાં જ રાચતા રહ્યા.

આવું તો એક-બે દિવસ નહિ, એમ કરતાં કરતાં છ-છ મહિનાનાં વહાણાં વીતી ગયાં. શ્રીજીમહારાજ ફરી માંગરોળ પધાર્યા. મહારાજ મંદિરમાં સભા કરીને બિરાજ્યા હતા અને બહાર ઓટલા ઉપર આણંદજી ભગત આનંદના અતિરેકમાં મહારાજનાં નીરખી નીરખીને દર્શન કરી રહ્યા હતા. ગામના હરિભક્તો આવતાં-જતાં પાટુ મારી ‘‘હૈડ કૂતરી’’ બોલતા હતા. મહારાજે અજાણ્યા થઈને પૂછ્યું કે, ‘‘અરે આ શું છે ? આણંદજી ભગતને બધા કેમ આવું કરો છો ?’’ ત્યારે હરિભક્તોએ કહ્યું, ‘‘મહારાજ, અમે તો આપની આજ્ઞાથી કરીએ છીએ. આજથી છ મહિના પહેલાં આપ પધાર્યા હતા ત્યારે આણંદજી ભગતને તમે વિમુખ કરીને આમ કરવાની આજ્ઞા કરી હતી ત્યારથી સૌ હરિભક્તો આવું જ કરે છે.’’ આણંદજી ભગતની આવી મહિમાની, નિર્માનીપણાની અને સમજણની પરાકાષ્ઠા જોઈ મહાપ્રભુનાં નેત્રો હર્ષાશ્રુથી ઊભરાઈ ગયાં. આણંદજી સંઘાડિયાને બોલાવીને બાથમાં ઘાલીને ભેટી પડ્યા, રાજીપાનો અનરાધાર ધોધ વરસાવી દીધો.

હરિભક્તોનો માથાના મુગટ સમાન મહિમા મનાયો હતો તો કોઈને વિષે અમહિમાનો સંકલ્પ પણ ન ઊઠ્યો. એટલું જ નહિ, એમની સાથે અવિનયી વર્તાવ કરનારા કોઈ હરિભક્તોથી સ્હેજ પણ મન નોખું થવા ન દીધું. એવા ને એવા જ મહિમાસભર રહ્યા અને આધ્યાત્મિક માર્ગમાં સલામત રહી શક્યા.

જેમ ઠંડીનું મારણ ગરમી ને અગ્નિનું મારણ પાણી છે એમ અમહિમાનું મારણ મહિમા છે. અમહિમા ટાળવાનો એક અને માત્ર એક ઈલાજ છે મહિમા.

જો આપણને વર્ષોથી માથાનો દુઃખાવો રહેતો હોય કે અન્ય કોઈ બિમારી રહેતી હોય, રોગથી કંટાળી ગયા હોઈએ અને ચારેબાજુ એના ઉપાય શોધતા હોઈએ, એવામાં કોઈ વ્યક્તિ સામેથી આવીને આપણને સચોટ દવાનું નામ આપે અથવા નિષ્ણાત ડૉક્ટરનું ઠેકાણું બતાવે તો કેટલા દિવસ પછી દવા લાવીએ ? કેટલા દિવસ પછી ડૉક્ટરને બતાવવા જઈએ ? ચાર-પાંચ દિવસ તો ખરા... ! ના...ના... સાંભળતાંની સાથે જ દવા મેળવવા માટે તૈયાર થઈ જઈએ. પળનો પણ વિલંબ કર્યા વગર સીધા દવાખાને પહોંચી જઈએ. વહેલામાં વહેલી તકે દવા લઈ લઈએ. આ થઈ દેહના રોગની વાત.

અમહિમાને કારણે ઉદ્વેગ, અથડામણ, અકળામણ, અશાંતિ, અજંપો,

ઈર્ષ્યા, અભાવ, અવગુણ જેવા અનેકવિધ રોગોથી આત્મા વત્તા-ઓછા પ્રમાણમાં પીડાતો હોય છે પરંતુ આત્માના રોગ માટે દેહના રોગ જેટલો પ્રયત્ન થાય છે ? દેહના રોગની દવા લેવા માટે તો દવાની દુકાને કે દવાખાને પણ જવું પડે જ્યારે અમહિમાના રોગની દવા – મહિમા – તો આપણા હાથમાં જ છે. છતાંય એને ટાળવા માટે આપણે બીજા વ્યર્થ પ્રયત્નો કરીએ છીએ. પરંતુ મહિમા વગર અમહિમા કદી ટળે જ નહીં. અને અમહિમા હોય ત્યાં આત્મીયતા કોઈ કાળે શક્ય જ નથી, ત્યાં એકમન ક્યારેય થાય જ નહીં. દેહે કરીને ભેળા રહેવા છતાંય અંદરથી જુદાપણું રહે, છેટાપણું રહે. તો આપણા આત્માના અમહિમારૂપી રોગની દવા આપણા હાથમાં જ છે, માટે આજથી જ મંડી પડીએ. સૌના મહિમાનો જ વિચાર કર્યા કરીએ. અમહિમાનો વિચાર અંદર પેસવા જ ન દઈએ અને આત્માના રોગથી મુક્તિ મેળવીએ.

❑ એકસાથે ડબલ રોલ ભજવવો :

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એવા સ્વયં શ્રીજીમહારાજે આપણને સૌને એકસાથે ડબલ રોલ કેવી રીતે ભજવવો તેની રીત શિખવાડી છે. મહારાજ જ્યારે અવરભાવમાં મનુષ્યોને મનુષ્ય જેવા દેખાતા ત્યારે મહારાજની સાથે ૩૦૦૦ સંતો હતા. મહાપ્રભુ સંત સમાજના શ્રેષ્ઠ ઘડવૈયા હતા. મહારાજે અતિ આકરામાં આકરાં એવાં ૧૧૪ પ્રકરણ ફેરવી સંતોને ખૂબ તાવ્યા છે. મીંઢીઆવળ અને લવિંગિયા મરચાના લાડુ જમાડ્યા છે, લોટના ગોળા જમાડ્યા છે, અતિ આકરામાં આકરા નિયમો પળાવ્યા છે, નિધડકપણે રોક્યા છે, ટોક્યા છે, ક્યારેક દર્શન પણ બંધ કરી દીધાં છે. જ્યારે એ જ મહાપ્રભુએ સંતોને નીતરતા પ્રેમરસમાં ભીંજવી પણ દીધા છે. ખટરસના નિયમને તોડાવી દૂધપાક, જલેબી ને લાડુ પણ જમાડ્યાં છે. વચનામૃતમાં ઠેર ઠેર સંતોનો ખૂબ મહિમા ગાયો છે. અરે, એટલું જ નહિ, સંતોના પત્તરમાંથી પ્રસાદી લઈ પોતે જમ્યા છે. કેવો અપાર અદ્‌ભુત મહિમા !

સંતો એટલે મહારાજના પહેલા ખોળાના દીકરા કહેવાય. મહારાજે સંતોનું ઘડતર કર્યું. પણ મહિમા રાખીને પોતે પણ સંતોનો મહિમા ગાયો અને અનંતને સમજાવ્યો. અવરભાવમાં મહારાજે આપણા શિરે સત્સંગની કે કુટુંબ-પરિવારની જવાબદારી સોંપી હોય ત્યારે આપણે પણ આવી રીતે ડબલ રોલમાં કામ કરતાં

શીખવું જ પડે; નહિ તો અમહિમાની ઊંડી ખાઈમાં ધકેલાઈ જવાય. સત્સંગ સમાજમાં પણ સમજણની, પાત્રતાની વધુ-ઓછી તારતમ્યતા હોય. કદાચ આપણને મહારાજ અને મોટાપુરુષે સેવા સોંપી હોય તો ક્યાંક કોઈને રોકવા-ટોકવા, પણ અંદરથી મહિમા સમજવો કે આ સૌ મહારાજના જ મુક્તો છે. રખે ને મારાથી કોઈ દુભાઈ ન જાય. સૌને સેવાએ કરીને, વચને કરીને હંમેશાં રાજી રાખવા.

એવી જ રીતે ઘરમાં પણ જો જવાબદારી આપણા શિરે હોય તો પરિવારના સૌ નાના-મોટા સભ્યોનો મહિમા સમજવો. ક્યારેક કંઈ કહેવાનું થાય, રોકવા-ટોકવાનું થાય તો આંખ લાલ કરવાની, પણ મહારાજના અનાદિમુક્તો છે એ વાત ક્યારેય ભૂલી નહિ જવાની. બંને સાથે જ રાખવાનું, તો આપણું ગાડું બરાબર ચાલે. દાદાખાચરને જે મહારાજ મળ્યા હતા એ જ મહારાજ આપણને પ્રતિમા સ્વરૂપે સાક્ષાત્ મળ્યા છે - તો જેવા દાદાખાચર અખંડ મહિમાના વિચારમાં જ રાચતા, એવા આપણે પણ મહિમાના વિચારમાં રાચતા થઈને સૌનો મહિમા સમજી એકમના થઈને રહેવા કૃતનિશ્ચયી બનીએ.

આજથી મહારાજ અને મોટાપુરુષના સંકલ્પમાં ભેગા ભળી એકમના થઈને રહેવા માટે સ્વજીવનમાં દૃઢ સંકલ્પ કરીશું કે,

સૌના મહિમાનું મલ્ટિપ્લિકેશન (ગુણાકાર) અને દોષદૃષ્ટિને ડિવાઇડ (ભાગાકાર) કરીશું તથા પરિવારમાં પ્રેમ અને લાગણીને પ્લસ (સરવાળો) તથા મનભેદને માઇનસ (બાદબાકી) કરીશું તેમજ પરિવારમાં સ્નેહનો સરવાળો, બદલાની બાદબાકી, ગુણનો ગુણાકાર અને ભૂલનો ભાગાકાર કરીશું તો આત્મીયતા સહજ થઈ જશે.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. મહાત્મ્યનો વિચાર ભાગ-૧,૨,૩

નાના-મોટાની મર્યાદા રાખો

"તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો."

આ કાવ્યપંક્તિ આપણને પરભાવ તરફની ગતિ સૂચવે છે કે, નાના અને મોટા આ બંને શબ્દો અવરભાવના છે જે ખોટા જ છે. જ્યારે પરભાવમાં કારણ સત્સંગનાં સૌ પાત્રોને મહારાજે કૃપા કરી, પોતાથી બીજા નંબરમાં અનાદિમુક્તની મોટામાં મોટી પદવી આપી છે. પરંતુ અવરભાવમાં રહીએ છીએ ત્યાં સુધી અવરભાવની મર્યાદામાં જ રહેવું શોભનીય છે.

❑ **અવરભાવમાં મોટપ બે પ્રકારની છે :**

(૧) વયે કરીને, (૨) સત્તાએ કરીને.

(૧) વયે કરીને મોટપ :

આપણા કરતાં અવરભાવમાં ઉંમરે કરીને જે મોટા છે એમની મર્યાદા રાખવી, એ જ આપણી શોભા છે. ક્યારેક આપણે એમના જીવનના અનુભવથી અજાણ હોઈશું પરંતુ એમની પાસે આપણા કરતાં વધારે અનુભવનાં તારણો છે. આપણા કરતાં વધારે તડકા-છાંયા એમણે જોયા છે. ઘણાં માટલાંનાં પાણી પીધાં છે અને

ઘણી ઘંટીના લોટ જમાડ્યા છે. તો એમનો મોભ્ભો પણ સચવાવો જોઈએ. અરે, કદાચ, અવરભાવમાં આપણા કરતાં સમજણ ઓછી હોય; કાર્યક્ષમતા, વિચારશક્તિ ઓછી ધરાવતા હોય છતાં પણ, વયે કરીને મોટાની મર્યાદા તો અવશ્ય રાખવી જ.

(૨) સત્તાએ કરીને મોટપ :

સત્સંગમાં કે વ્યવહારમાં જેમને મહારાજ અને મોટાએ સત્તાએ કરીને મોટા કર્યા છે, એમની મોટપના સ્વીકારમાં જ આપણા સ્વજીવનનું પરમહિત સમાયેલું છે. તેઓ કદાચ ભલે અવરભાવમાં આપણા કરતાં ઉંમરમાં નાના હોય કે આપણા સમકક્ષ હોય છતાંય એમની મર્યાદા ક્યારેય ચુકાવી ન જોઈએ; તો પછી મોટાની મર્યાદા તો રાખવાની જ હોય. સત્તાએ કરીને મોટાની મર્યાદા રાખવાની રીત શીખવતાં શ્રીજીમહારાજે કહ્યું છે કે,

"गुरुभूपालवर्षिष्ठत्यागिविध्धतपस्विनाम् ।
अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥"

"અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું ઇત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું."

"अपमानो न कर्तव्यो गुरुणां च वरीयसाम् ।
लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥"

"ગુરુનું અપમાન ન કરવું; તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું." કહેતાં એમની મર્યાદા જાળવવી. એમની આજ્ઞામાં રહેવું. મોટેરાની મર્યાદા ન સચવાય અને અપમાન થાય તો એમાંથી ક્યારેક મોટા વિવાદ કે કંકાસનું સર્જન થતું હોય છે. આત્મીયતા નષ્ટ થઈ જતી હોય છે. ક્યારેક તો જીવનમાં અણધારી વિકટ પરિસ્થિતિનું સર્જન પણ થઈ જતું હોય છે.

❑ મર્યાદા એટલે શું ?

મર્યાદા એટલે સુયોગ્ય જીવનનો વર્તાવ. જીવનમાં વિનય, વિવેક અને સંયમનું સંમિશ્રણ એટલે મર્યાદા.

❑ મર્યાદા ક્યાં ક્યાં જરૂરી છે ?

(૧) સત્સંગમાં :

સત્સંગના યોગમાં આવેલા નાના-મોટા સૌ મુક્તોની મર્યાદા જ એમના પ્રત્યેના મહાત્મ્યનું દર્શન કરાવે છે. સત્સંગમાં આવ્યા પછી હરિભક્ત સમાજ અને સંત સમાજ બંનેમાં અરસપરસની મર્યાદાથી જ સત્સંગનું સાતત્ય રહે છે. ત્યાગાશ્રમ એ ગૃહસ્થાશ્રમ કરતાં અધિક છે. છતાં ત્યાગી વર્ગે પણ ગૃહસ્થ સમાજની યોગ્ય મર્યાદા જાળવવી જ પડે, નહિ તો ક્યારેક મર્યાદા ન સચવાય તો સત્સંગમાં પૂર્વાગ્રહ બંધાય છે, આંટી પડે છે અને આત્મીયતામાં ભંગાણ થતું હોય છે. એવી જ રીતે ત્યાગાશ્રમ તો ગૃહસ્થાશ્રમ કરતાં શ્રેષ્ઠ જ છે, તો હરિભક્ત સમાજે તો ત્યાગાશ્રમની મર્યાદા સાચવવી જ જોઈએ. આ વાત સ્વયં શ્રીજીમહારાજે પ્રતિપાદિત કરી છે.

લુણાવાડાના કાશીરામભાઈ જેઓ પરભાવમાં સ્થિતિવાળા પુરુષ હતા, મહારાજ સાથે વાતો કરતા. તેઓ એ સમયમાં ગુજરાત કૉલેજમાં પ્રોફેસર હતા. રોજ કૉલેજથી છૂટીને મોટા મંદિરે દર્શન કરવા આવવાનો તેમનો નિત્યક્રમ હતો. એક દિવસ નિત્યક્રમ મુજબ તેઓ દર્શન કરવા મંદિરે આવ્યા એ વખતે, મંદિરના પ્રાંગણમાં ઉંમરમાં નાના ને નવા સંતોને સહેજ બાળકિયા સ્વભાવમાં મજાક-મસ્તી કરતા જોયા. કાશીરામભાઈનું જીવન ખૂબ સિદ્ધાંતવાદી હતું. તેમણે એક સંતને સહેજ મોટા અવાજે ટકોર કરી, તેથી એ સંત તો ત્યાંથી ઉતાવળા પોતાના આસને ચાલ્યા ગયા.

કાશીરામભાઈ રોજ રાત્રે મહારાજ સાથે વાતો કરતા એવી એમની ઊંચી સ્થિતિ હતી. રોજ રાત્રે મહારાજની મર્માળી હસતી મૂર્તિનાં દર્શન થતાં, પરંતુ આજે રાત્રે કાશીરામભાઈને નારાજગી ભાવના, ઘનશ્યામ મહાપ્રભુનાં કરડી નજરનાં દર્શન થયાં. તેમણે મહારાજને પ્રાર્થના કરી કે, "દયાળુ, આપ નારાજ લાગો છો. મારો કાંઈ વાક ?" મહારાજે તરત કહ્યું કે, "કાશીરામભાઈ, તમે

વ્યવહારે કરીને મોટા છો, પણ સંતો તો અમારા દીકરા કહેવાય. એમનો આશ્રમ તમારાથી ઊંચો કહેવાય. તમે આજે સંતને વઢ્યા એટલે અમે નારાજ છીએ. આવતી કાલે એમની માફી માંગી રાજી કરી લેજો.'' બીજા દિવસે કાશીરામભાઈએ મંદિરે આવી એ સંતની માફી માંગી ત્યારે મહારાજ રાજી થયા.

માટે, સત્સંગમાં અરસપરસ ત્યાગી, ગૃહી અને નાના-મોટા સૌની મર્યાદા રાખીએ તો જ મહારાજ રાજી થાય.

(૨) નોકરી-ધંધામાં :

નોકરીમાં-ધંધામાં તથા અભ્યાસના કે કોઈ પણ ક્ષેત્રમાં જેટલી આપણે અન્યની મર્યાદા રાખીશું, એટલી જ આપણી મર્યાદા સચવાશે. નોકર શેઠની મર્યાદા રાખવાનું જો ક્યારેય ન ચૂકે, તો શેઠ પણ નોકરની ફક્ત મર્યાદા જ નહિ, એના પ્રત્યેની ફરજને પણ ચૂકતા નથી.

એક શેઠને ત્યાં ૪૦ વર્ષના એક અભણ નોકર હતા. તેઓ લગભગ છેલ્લાં ૨૦ વર્ષથી નોકરી કરતા હતા. શેઠ પ્રત્યેના તેમજ અન્ય વ્યક્તિઓ સાથેના મર્યાદી અંગને કારણે નોકર સૌના માનીતા બની ગયા હતા. શેઠને પોતાની કંપનીના મૅનેજર કરતાં પણ, છેલ્લી પોસ્ટ પર નોકરી કરતા એક નોકર પ્રત્યે, વિશેષ આદરભાવ હતો.

એક દિવસ શેઠે નોકરના વિનયી, વિવેકી અને સંયમી જીવનથી પ્રભાવિત થઈ એક મોટી મિજબાનીનું આયોજન કર્યું. કંપનીની તમામ વ્યક્તિઓની વચ્ચે એમનું બહુમાન કરી એક ''આદર્શ વ્યક્તિ'' તરીકે બિરદાવ્યા. અને બધાની વચ્ચે આ નોકરનો હાથ પકડીને કહ્યું કે, ''કદાચ જો તમે થોડું પણ ભણેલા હોત તો હું તમને મૅનેજરની પોસ્ટ સુધી લઈ જાત. પરંતુ આજે હું તમારા જીવનથી પ્રભાવિત થઈ, તમારા સંપૂર્ણ જીવનની અને તમારા પરિવારના સભ્યોના જીવનની જવાબદારી લઈ લઉં છું.'' આ પ્રભાવ છે મર્યાદી જીવનનો.

(૩) ઘરમાં - વ્યવહારમાં :

પરિવારના સભ્યો વચ્ચે સુહૃદભાવનો સેતુ બાંધવા માટે નાના-મોટાની મર્યાદા અનિવાર્ય છે. નાના-મોટા પરિવારના સભ્યો વચ્ચે મર્યાદા હોય તો જ ઘરમાં અરસપરસ પ્રેમ, લાગણી, ભ્રાતૃભાવ રહે છે. આપણા પહેરવેશમાં, રહેણીકરણીમાં, જરૂરિયાતોમાં, હરવા-ફરવામાં, જોવામાં, બેસવામાં, ઊઠવામાં,

સૂવામાં દરેક ક્રિયામાં ઘરના વડીલની મર્યાદા સચવાવી જોઈએ. ઘરના વડીલે પણ અન્ય સભ્યોની મર્યાદા રાખવી જોઈએ. આવી મર્યાદા ન સચવાય તો સાથે રહેવા છતાં, ક્યાંક અંદરથી એકબીજા પ્રત્યે આદરની ભાવના શૂન્ય થઈ જાય છે. પછી કોઈના બે શબ્દ સહન કરી શકાય નહીં. કોઈના માટે સહેજ પણ નમી, ખમી દેવાની ભાવના જ ન રહે અને મન નોખાં પડી જાય છે.

(૪) બોલવામાં (વાણીમાં) મર્યાદા :

વ્યક્તિનું વર્તન એની વાણી ઉપરથી પરખાઈ જાય છે. સત્સંગમાં, નોકરી-ધંધામાં કે પછી ઘરમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો પરસ્પર વ્યવહાર, મોટે ભાગે વાણી દ્વારા જ થતો હોય છે. જેટલી વાણી મધુર અને મર્યાદી એટલા જ આપણે રાજી રહી શકાય અને અન્યને પણ રાજી કરી શકાય. હંમેશાં કટુ વાણી ત્યજીને મધુર વાણી જ બોલતાં શીખીએ, કારણ કે કટુ વાણી એ ક્લેશ અને કંકાસનું મૂળ છે. મન નોખાં કરવાનો ખતરાભર્યો અખતરો છે. સૌને માનથી બોલાવવાં. તેમના વિષે ક્યારેય તોછડાઈ ન વાપરવી.

એક વખત શ્રીજીમહારાજ ભૂજ પધારતા હતા ત્યારે કેટલાક હરિભક્તો મહારાજની સાથે આવવા તૈયાર થયા. મહારાજે તેમને રસ્તામાં વાત કરી કે, "હરિભક્તોએ નાતજાતના, નાના-મોટાના ભેદ ભૂલી પરસ્પર એકબીજાના સેવક બનવું. એકબીજાને 'તું'કારે બોલાવવા નહિ, કોઈને પારકા માનવા નહીં. આ પ્રમાણે અમારું વચન માનીને વર્તે તે જ બુદ્ધિવાળો છે. બુદ્ધિવાળાને સાચી વાત તરત સમજાય છે."

માનકૂવા પહોંચ્યા પછી શ્રીહરિ ફરી ઉપદેશ આપતાં કહે છે કે, "એકબીજાની મર્યાદા રાખવી, કટુ વચન બોલવું નહિ, કટુ વચન બોલે તે કુસંગી કહેવાય."

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૫, તરંગ-૩૯

એક વખત પ.પૂ. સ્વામીશ્રી પ્રાતઃસભામાં લાભ આપી રહ્યા હતા. તે વખતે કોઈ મુક્તરાજે સભાનું પુનરાવર્તન કરાવતાં કહ્યું કે, "એક રાજા હતો." ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ તરત જ શિખવાડ્યું કે, "આપણી વાણીમાં ક્યાંય તોછડાઈ કે 'તું'કાર ન આવવો જોઈએ. રાજા હતો એમ નહિ, રાજા હતા એમ બોલવું." આમ, મહારાજ અને મોટાપુરુષે આપણા જીવનમાં વાણીની મર્યાદા શીખવી છે.

આપણા સમાજમાં એટલે જ અરસપરસ નાના-મોટાનો માયિકભાવ છોડી 'દયાળુ' અને 'મહારાજ' તરીકે જોવા, સમજવા ને સંબોધવાની રીત મોટાપુરુષે આપણને શીખવી છે. તેને ખાસ અનુસરવું... તો મહારાજ ખૂબ રાજી થાય.

❑ ક્યારેક નાના તો ક્યારેક મોટા :

"બીજાને નાના સમજવા સહેલું છે પરંતુ પોતાને નાના સમજવું મુશ્કેલ છે." પીટર બોરોના આ મત મુજબ દરેક વ્યક્તિને હંમેશાં મોટા થવું જ ગમે છે. સામેની વ્યક્તિને આપણાથી નાના સમજવું ગમે છે. પરંતુ પોતાને બીજાથી નાના સમજવાનું થાય ત્યારે પોતાનો અહમ્, પોતાનું સ્ટેટસ, પોતાનું અસ્તિત્વ ઝાંખાં પડી જાય છે, એટલે એ કોઈને ગમતું નથી. પરંતુ એ નક્કર વાસ્તવિકતા છે કે દરેક વ્યક્તિ કોઈકની આગળ મોટી તો કોઈકની આગળ નાની જરૂર હોય છે. ભારત દેશના વડાપ્રધાન દેશના તમામ નાગરિકો કરતાં મોટા પરંતુ તેમનાં માતાપિતા આગળ તો તેઓ નાના જ છે. એટલે કે દરેક વ્યક્તિએ જીવનમાં એકસાથે બે પાત્ર ભજવવાનાં હોય છે. ક્યાંક આપણા ઘરમાં જ, આપણે પરિવારના સભ્યોમાં ધર્મપત્ની, દીકરા-દીકરી કે નાનાં ભાઈ-બહેન કરતાં મોટા છીએ, પરંતુ માતાપિતા આગળ તો ગમે તેટલું ભણ્યા હોય તોપણ નાના જ છીએ.

વ્યક્તિમાત્રના જીવનમાં એકસાથે નાના અને મોટા બંને તરીકેની ફરજ બજાવવા માટે, આદરરૂપી આભૂષણ પહેરવું ફરજિયાત છે. એક વડીલ તરીકે સૌની સાથે એકમના થઈને રહેવા પરિવારના સભ્યોમાં રસ દાખવવો, એમના માટે સમય ફાળવી એમની વાતોને સાંભળવી, એમનાં દર્દોના હમદર્દી બનવું, એમને પ્રોત્સાહનના બે શબ્દો કહેવા, એમની ભૂલોના નિંદક કે વ્યંગકાર બનવાને બદલે તેમને માફ કરી ભૂલને સુધારવાની તક આપવી - આવા આદરભર્યા વર્તનથી પરિવારની આત્મીયતા ઘનિષ્ઠ બને છે. એકમત અને એકમન સાથે પરિવારમાં સુમેળની સરવાણી વહે છે.

એટલું જ નહિ, આપણા ઘેર સમાચારપત્ર કે મૅગેઝિન આપવા આવનાર ફેરિયો કે ટપાલી, દૂધ આપનાર ભરવાડ કે શાકભાજી આપનાર કે સોસાયટીના ઝાડુવાળા કે પછી ઘરના કામવાળા નોકર હોય પણ સૌની સાથે આદરથી આત્મીયતાભર્યા શબ્દો બોલાય તો તેમનો આપણા પ્રત્યેનો વર્તાવ બદલાઈ જાય

છે. કારણ કે દરેક વ્યક્તિને કોઈના લાગણીભર્યા બે શબ્દોની ભૂખ હોય છે.

ઘરના વડીલ પ્રત્યે પણ આદરભર્યા વર્તાવથી તેમના હૃદયને હાશકારો અપાવી શકાય છે. કદાચ આપણે ઘરમાં કે સત્સંગમાં નાના હોઈએ અને કોઈ વડીલ વ્યક્તિ આપણને આપણી ભૂલ ઓળખાવે કે બે શબ્દો કહે ત્યારે અવળે પાટે ગાડી ન ચડાવતાં તરત જ વિચારવું કે હશે, ગમે તેમ તોય તે મારા કરતાં મોટા છે. એ નહિ કહે તો મને કોણ કહેવા આવશે ? કોણ મને સાચા રસ્તે વાળશે ? મને રોકટોક કરી મારી ભૂલ સુધારી મારું હિત કરવાની એમની ફરજ બજાવી રહ્યા છે; માટે, ક્યારેય એમની આમન્યા ચૂકવી નહીં.

❑ આદર્શ વ્યક્તિત્વનું પ્રતીક :

આદર્શ વ્યક્તિના જીવનમાં માન-મર્યાદા, આદરભાવ, આજ્ઞા ઝીલ્યાના ગુણો સહેજે ઝરતા હોય છે. વડીલો પ્રત્યેની મર્યાદા અને આદરભાવ કેવાં રાખવાં એ એક આદર્શ વ્યક્તિત્વ દ્વારા નિહાળીએ. ભારતની ભૂમિ ઉપર અંગ્રેજ સલ્તનતનો સૂરજ તખ્ત પર તપતો હતો ત્યારની આ વાત છે. એક પ્રામાણિક, મહાબુદ્ધિશાળી અને તર્કશક્તિ ધરાવનાર ન્યાયાધીશ કલકત્તાની હાઈકોર્ટમાં હતા. તેમની બુદ્ધિપ્રતિભાના કારણે, તેમના કેટલાક મિત્રો તેમને વિલાયત જવા વારંવાર પ્રેરણા કરતા. તેમને પોતાને પણ વિલાયત જવાની અદમ્ય ઇચ્છા હતી. તેથી એક વખત તેમણે તેમનાં માતુશ્રી આગળ વિલાયત જવા માટેની ઇચ્છા રજૂ કરી. તેમની વિલાયત જવાની ઇચ્છા સાથે તેમનાં માતુશ્રી સહમત ન થયાં અને ના પાડી દીધી. પોતાની માતાની ઇચ્છા ન હોવાથી તેમણે વિલાયત જવાનો વિચાર માંડી વાળ્યો.

આ સમયે ભારતના ગવર્નર લૉર્ડ કર્ઝન કોઈ કારણોસર કલકત્તા આવ્યા હતા. રાજ્યના કોઈ કાર્ય માટે તેમને આ કલકત્તાના ન્યાયાધીશ સાથે મુલાકાત થઈ. મુલાકાત દરમ્યાન તેમની ઉચ્ચ બુદ્ધિપ્રતિભા અને તર્કશક્તિથી તેઓ પ્રભાવિત થઈ ગયા અને તેમને વિલાયત જવા માટે પ્રેરણા કરી. ત્યારે ન્યાયાધીશ સાહેબે વિનમ્રભાવે કહ્યું કે, ‘‘સાહેબ, મારાં માતાની ઇચ્છા નથી એટલે હું વિલાયત જવાની ના પાડું છું.’’

ન્યાયાધીશનો આવો જવાબ સાંભળતાં લૉર્ડ કર્ઝને કડક શબ્દમાં ફરમાન કરતાં કહ્યું કે, ‘‘જાવ, તમારી માતાને કહી દેજો કે ગવર્નર જનરલે તમને વિલાયત

જવા માટે હુકમ કર્યો છે, આજ્ઞા કરી છે.'' ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સ્પષ્ટપણે છતાં આદરપૂર્વક જવાબ આપતાં ન્યાયાધીશ સાહેબે કહ્યું કે, ''સાહેબ... માફ કરજો. પણ હું મારા વડીલની મર્યાદાને ક્યારેય લોપતો નથી. આ દુનિયામાં મારા માટે સૌથી પહેલી અને સૌથી વધારે અગત્યની આજ્ઞા જો હોય તો તે છે મારાં માતાની, મારા વડીલની. ગવર્નર જનરલ કે પછી કોઈ પણ ઉચ્ચ અધિકારી હોય પરંતુ મારાં માતાની આજ્ઞા કરતાં બીજાની આજ્ઞા નીચી છે, માટે મારાથી આ શક્ય નહિ બને.''

ગવર્નર લૉર્ડ કર્ઝન તો ન્યાયાધીશની વડીલ પ્રત્યેની મર્યાદા અને આદરભાવ જોઈ અચંબામાં પડી ગયા. આ ન્યાયાધીશ હતા બંગાલ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાન્સેલર શ્રી આશુતોષ મુકરજી.

આપણે ભલે અવરભાવમાં આશુતોષ મુકરજીને મળ્યા નથી, પરંતુ એમના જીવનમાં એમના પરિવારના સભ્યો વચ્ચે મર્યાદાના અભાવે ક્યારેય મન જુદાં પડ્યાં હશે કે આત્મીયતાનું ભંગાણ થયું હોય એવો કોઈ પ્રસંગ બન્યો હશે ? ના.. કારણ કે જયાં વડીલોની પડ્યા બોલ ઝીલવાની આટઆટલી મર્યાદા સચવાતી હોય ત્યાં આત્મીયતા તો હોય જ.

❑ મર્યાદાનું મૂલ્ય :

મર્યાદાનું મૂલ્ય અમૂલ્ય છે. મોટાની મર્યાદાનું મૂલ્ય સમજાવતાં શ્રીજીમહારાજે સારંગપુરના ૨જા વચનામૃતમાં કહ્યું છે કે,

''પરમેશ્વર સાથે અથવા મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતા હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થાતો હોય ને તેમાં પોતે જીતીએ એમ જણાય તોપણ જે મોટાથી નાનો હોય તેને મોટાને સમીપે નમી દેવું અને આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભૂંઠા પડે એમ કરવું નહિ; મોટા સંત આગે ને પરમેશ્વર આગે તો જરૂર હારી જાવું અને પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ વચન યોગ્ય કહે અથવા અયોગ્ય કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું. તેમાં યોગ્ય વચન હોય તેમાં તો આશંકા થાય નહિ પણ કોઈ અયોગ્ય વચન કહ્યું હોય ને તેમાં આશંકા થાય એવું હોય તોપણ તે સમાને વિષે ના પાડવી નહીં.''

મોટાની મર્યાદા રાખવાની અનોખી રીત મહારાજે ફક્ત પોતાના આશ્રિતગણને સમજાવી જ નથી, પરંતુ પોતાના જીવનમાં અનેક વાર તેનાં દર્શન પણ કરાવ્યાં છે. નીલકંઠવર્ણી વેષે મહારાજે લોજપુરમાં વનવિચરણનો અંત આણ્યો. પોતે અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણ હોવા છતાં, સદ્. રામાનંદ સ્વામી કરતાં નાના પરંતુ આશ્રમમાં મોટેરા એવા સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં વર્ત્યા. ક્યારેય સ્વામીની મર્યાદા ચૂક્યા નહિ, જે આજ્ઞા કરે તેને સહર્ષ સ્વીકારી લેતા.

એટલું જ નહિ, સ્વામિનારાયણ સંપ્રદાયની પોતે સ્થાપના કર્યા પછી, ત્રણ હજાર સંતોના અને વીસ લાખ હરિભક્તોના ભગવાન હોવા છતાં, સદ્. મુક્તાનંદ સ્વામીની મર્યાદા પોતે રાખી છે અને પોતાના સમગ્ર શિષ્યવૃંદ પાસે રખાવી છે. મહારાજ પોતે સ્વયં રોજ સવારે સદ્. મુક્તાનંદ સ્વામીના આસને દર્શન માટે જતા અને સૌ સંતો-હરિભક્તોને પણ આજ્ઞા કરી હતી કે, “સદ્. મુક્તાનંદ સ્વામીના આસને દર્શન કરીને પછી અમારાં દર્શન કરવા આવવું.”

ક્યારેક અતિ મહત્ત્વના મોટા નિર્ણય લેવાના હોય ત્યારે પોતે સ્વયં ધણી હોવા છતાં શ્રીજીમહારાજ સદ્. મુક્તાનંદ સ્વામીને અચૂક પૂછતા, અભિપ્રાય માંગતા. મહારાજની આ રીતને આપણા સ્વજીવનમાં દૃઢ કરીએ.

મોટાના આદરનો ખ્યાલ, મર્યાદાનો ખ્યાલ એ જ આપણા સંસ્કારનો ખ્યાલ છે અને નાનાની મર્યાદા એ આપણા વિશાળ હૃદયનો ખ્યાલ છે. આપણાથી નાનાની મર્યાદા રાખવાની અદ્ભુત રીતનો દિવ્ય સંદેશ પ.પૂ. સ્વામીશ્રીના જીવંત પ્રસંગ દ્વારા મળે છે.

એક વખત પ.પૂ. સ્વામીશ્રી સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃસભામાં લાભ આપી રહ્યા હતા. સભા પૂર્ણાહુતિના આરે હતી. અન્ય સેન્ટરમાંથી પધારેલા પૂ. સંતો ઉતાવળ હોવાથી, દૂરથી જ પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન કરી સભા પૂર્ણ થતાંની સાથે નીકળી રહ્યા હતા. અનંતને માટે દિવ્યજીવનના પ્રેરણામૂર્તિ એવા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ પૂ. સંતોને કહ્યું, “સંતો, બે મિનિટ ઊભા રહેજો. મારે તમારાં દર્શન કરવાનાં બાકી છે.” એમ કહી આસન પરથી ઊભા થઈ સંતો પાસે પહોંચી ગયા. એસ.એમ.વી.એસ. સંસ્થાના સંચાલનની સંપૂર્ણ જવાબદારી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીના શિરે સોંપી છે, છતાં એક નાનામાં

નાના સંતની પણ કેટલી મર્યાદા !

પૂ. સંતો વિચરણમાંથી પધારે ત્યારે કે પ.પૂ. સ્વામીશ્રી અન્ય સેન્ટરમાં વિચરણ માટે પધારે ત્યારે પણ નાનામાં નાના સંતને, નીચે બેસી જય સ્વામિનારાયણ કરે. કેવી અદ્‌ભુત રીત ! નાનામાં નાનાની પણ મર્યાદા સાચવવાની !

આપણા ઘરમાં હજુ આપણે આપણા વડીલને પણ, ચરણસ્પર્શ કરીને જય સ્વામિનારાયણ કહેવામાં શરમ કે સંકોચ અનુભવીએ છીએ. તો પછી આપણાથી નાનાને તો કેવી રીતે નમીને જય સ્વામિનારાયણ કહેવાય ?

માટે હવે જ્યારે મહારાજ અને મોટાપુરુષનો એમના સંકલ્પ સમા પાત્ર કરવાનો સંકલ્પ અતિ પ્રબળ બન્યો છે ત્યારે, પોતાના અસ્તિત્વને મિટાવી સરળ થઈ, એમના સંકલ્પમાં ભેગા ભળી જઈએ એ જ આપણી શિષ્ય તરીકેની ફરજ છે. એકમના થઈને રહેવા માટે સૌમાં મહારાજનાં દર્શન કરી, એકબીજાની મર્યાદા આપણા જીવનમાં સુદૃઢ કરીએ અને નિર્માની ગીતની આ પંક્તિ જીવનમાં ચરિતાર્થ કરીએ :

“મોટાની આગળ ઠરાવો છોડી, સરળ થઈને રાજી કરો;
નાનાની આગળ પાવર છોડી, પ્રેમે કરીને રાજી કરો.
દર્શન શ્રીજીનાં સૌમાં કરો, મુક્તભાવે સૌમાં પ્રીતિ કરો.”

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. ભલે દયાળુ ભાગ-૧,૨
૨. નિર્માની થઈએ

થયું છે ને થશે, મારા મહારાજની મરજીથી

શ્રીજીમહારાજ એક વાર વિચરણ કરતા કરતા સંતો-હરિભક્તો સાથે સરધાર પધાર્યા હતા. મહારાજ તળાવમાં સ્નાન કરી બહાર પધાર્યા ત્યારે તળાવનાં પાણી પર દૃષ્ટિ કરી. તળાવમાં જોયું તો માછલાં-કાચબા, અન્ય જળચર-જંતુઓ પાણીની સપાટી ઉપર જડની જેમ તરતાં હતાં.

આ જોઈ એક હરિભક્તે શ્રીજીમહારાજને પૂછ્યું, “દયાળુ, આ બધાં માછલાં ને કાચબા પાણીની ઉપર મડદાની જેમ તરે છે. તો શું મરી ગયાં કે શું ?”

શ્રીજીમહારાજે કહ્યું, “ભગત, એ બધાંને તો સમાધિ થઈ ગઈ છે.”

સદ્. મુક્તાનંદ સ્વામીએ ચિંતાતુર થઈ કહ્યું, “મહારાજ, આ માછલાં પાણી ઉપર તરે છે. પણ સમડા હેઠા ઊતરશે તો તેમને મારી નાખશે. માટે તેમની સમાધિ પૂરી કરો.”

સ્વામીની વાત સાંભળી મહારાજ હસ્યા અને કહ્યું કે, “સ્વામી, અમારી મરજી વિના સૂકું પાંદડું પણ હલી ન શકે. તો માછલાંને કોણ મારનાર છે ?”

એટલે જ શ્રીજીમહારાજે સ્વમુખે ઓરડાના પદમાં કહ્યું છે કે,

"અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય;
એમ મુને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી."

અનંતકોટિ બ્રહ્માંડમાં આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની મરજી વિના કાંઈ થતું નથી. આપણા જીવનમાં પણ જે કાંઈ પ્રસંગો બને છે એ પણ મહારાજની મરજીથી જ થાય છે. તેમાં નિમિત્ત મહારાજ કોઈને પણ કરે, પણ કર્તા-હર્તા તો મહારાજ જ છે.

મળેલા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના પ્રતાપે આપણને સૌને ઉપાસનાની બાબતમાં તો આ વાતની દૃઢતા થઈ છે જેથી આપણને કોઈ દેવ-અવતારમાં પ્રીતિ કે ઉપાસના, આસ્થા થતી નથી. પરંતુ આપણા રોજબરોજના જીવનમાં આકસ્મિક સંજોગોમાં ઊભા થતા પ્રસંગોમાં ક્યાંક આપણને એવા વિચારો આવી જતા હોય છે કે, મહારાજે આમ કેમ કર્યું ?

વળી, એ જ રીતે સમૂહજીવનમાં આપણે એકબીજાની સાથે રહેવાનું થાય છે ને એમાં બનતા પ્રસંગોમાં આપણને આ સમજણ દૃઢ રહેતી નથી કે જે કાંઈ થયું છે ને થાય છે તે મહારાજની જ મરજીથી ને ઈચ્છાથી થાય છે. આ સમજણ સમય આવ્યે આપણે ભૂલી જઈએ છીએ. પરિણામે પરિવારમાં બનતા નાના-મોટા પ્રસંગોમાં એકબીજા સાથે વાદવિવાદ, હુંસાતુંસી, ઝઘડા-કંકાસ થઈ જતાં હોય છે. આવા સંજોગોમાં જો આ એક સમજણ દૃઢ રહે તો કોઈને આપણે દોષિત નહિ ઠેરવીએ. જે કાંઈ ભૂલ થઈ કે બન્યું છે તે કોઈ વ્યક્તિએ નથી કર્યું. એ બધું જ મહારાજની ઈચ્છાથી અને મહારાજની જ પ્રેરણાથી થયું છે. આ વિચાર જો દૃઢ રહે તો પરિવારના સભ્યો વચ્ચે આત્મીયતાભર્યું દિવ્ય વાતાવરણ ખીલી ઊઠે.

❑ દેહના છેલ્લા શ્વાસ સુધી મહારાજનું કર્તાપણું દૃઢ કરવા માટે અમલ કરવા યોગ્ય કેટલીક સમજણો :

(૧) અરજી મારી, પણ પ્રભુ, મરજી તમારી :

જીવનમાં આવતી હર એક પળ એ એક સિક્કાની બે બાજુ છે. ક્યારેક સુખ અને ક્યારેક દુઃખ, ક્યારેક હર્ષ તો ક્યારેક શોક હોય છે. પરિસ્થિતિને પાર

ઊતરવા અને સમયે સમજણ દૃઢ કરવા, આપણા સૌનો એકમાત્ર આધાર છે : આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન. અવરભાવમાં જરૂર પડે તો આપણે પ્રાર્થના કે વિનંતી મહારાજને જ કરવાની, પરંતુ એમાં આપણી કોઈ ઈચ્છા કે ઠરાવ ન જોઈએ. નિર્દોષભાવે મહારાજને પ્રાર્થના કરવી કે,

"હે મહારાજ, અરજી મારી પણ મરજી તમારી. આપ જેમ રાજી હોય એમ જ કરજો." જો ક્યાંક મહારાજની મરજી આપણી ઈચ્છા અને અપેક્ષાથી વિપરીત આવી અને આપણને સ્વીકાર ન થયો તો એ દોષનો ટોપલો આપણે બીજા ઉપર ઢોળીએ છીએ. બીજાને દોષિત ઠેરવવાનો પ્રયાસ કરીએ છીએ અને કહીએ છીએ કે મહારાજની મરજી તો આમ જ હતી, પણ તમારી અણઆવડતને કારણે કે તમારી ભૂલને કારણે બધાયને પરિણામ ભોગવવું પડશે. પછી આગળ જતાં ઉગ્ર બોલાચાલી કે વિવાદ સર્જાય છે, મન નોખાં પડી જાય છે. ક્યારેક મહેનત કરી હોય, આવડત હોય છતાંય મહારાજની મરજીથી ધાર્યું પરિણામ ન મળે તો ખાલી મન જ નોખાં નથી પડતાં, પરિવાર પણ છિન્નભિન્ન થઈ જતા હોય છે.

કોઈ પણ સારો કે નરસો પ્રસંગ બને ત્યારે 'મારા મહારાજની મરજીથી જ થયું છે', આ વાત કદી ભૂલવી નહીં. એટલે જ નિર્માની ગીતની પંક્તિમાં આ જ ઉત્કૃષ્ટ સમજણ દૃઢ કરાવતાં કહ્યું છે કે,

"હું કંઈક છું એવું માન મૂકી, શ્રીજીને સંપૂર્ણ કર્તા કરો;
હરિ મરજી વિના કાંઈ થતું નથી, એવો દાસભાવ દિલમાં ધરો;
દાસભાવે સહુને રાજી કરો, માન-મોટપ પ્રભુને ધર્યા કરો."

(૨) ભૂતકાળને ભૂલો અને ભવિષ્યની ચિંતા છોડો :

કેટલીક વાર આપણે ભૂતકાળમાં બની ગયેલ વાતોને વાગોળતાં, વર્તમાનમાં જીવવાનું ભૂલી જઈ, ભવિષ્યની ચિંતામાં ડૂબી જતા હોઈએ છીએ. ભૂતકાળમાં કોઈનાથી થઈ ગયેલી ભૂલો અને આપણાથી થઈ ગયેલી ભૂલોને આપણે ભૂલી શકતા નથી. આપણને બીજાની ભૂલો પ્રત્યેની ઉપેક્ષા અને આપણી ભૂલનો પશ્ચાત્તાપ મોટે ભાગે સતાવતો હોય છે. પરિણામ સ્વરૂપે વર્તમાનમાં મારે શું કરવાનું છે, એ વિસરાઈ જાય છે. ભૂતકાળમાં જે કંઈ બન્યું છે તેને જો ભૂલીશું નહિ તો બંધાઈ ગયેલી પૂર્વાગ્રહની ગાંઠો વધુ ને વધુ મજબૂત બનતી જશે, મન નોખું થતું જશે, સ્વજીવનમાં પણ લઘુતાગ્રંથિમાં કે દોષાધ્યાનમાં ચાલ્યા જવાશે.

માટે, જે કંઈ થઈ ગયું છે તે મહારાજની ઇચ્છાથી થયું છે એમ માની હવે એને ભૂલી જવું.

વર્તમાનકાળે પણ જે કંઈ થઈ રહ્યું છે તે મહારાજની ઇચ્છાથી જ થઈ રહ્યું છે. વર્તમાનકાળે જે જે પ્રસંગો બને છે, તેમાં મહારાજ મારું શ્રેષ્ઠ ઘડતર કરી રહ્યા છે એમ સમજવું. 'હરિને ગમે એવા થવું જ છે' પુસ્તિકામાં ૭૫મા કૃપાવાક્યમાં પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું છે કે, "પ્રભુનિયંત્રિત સમાજમાં બનતો એક એક પ્રસંગ કે એક એક વ્યક્તિનું નિર્માણ પ્રભુએ મારા ઘડતર માટે જ કર્યું છે." આ સમજણ દૃઢ થાય તો ક્યારેય કોઈના સ્વભાવ-પ્રકૃતિ જોઈને કે કોઈના વર્તનથી આપણને અભાવ-અવગુણ નહિ આવે. સૌમાં મારા મહારાજ ખેલ ખેલી રહ્યા છે આવો પરભાવનો વિચાર જ સદા સુખી કરે છે. વર્તમાનકાળે કોઈના અભાવ-અવગુણમાં વહેવાને બદલે મહારાજ અને મોટાપુરુષના સંકલ્પમાં વહેવા તત્પર બનીએ.

આજે બે-પાંચ મિનિટ પછી કે આવતી કાલે શું થવાનું છે એની આપણને ખબર નથી. ભવિષ્યમાં જે કંઈ થવાનું છે એ મહારાજની મરજીથી જ થવાનું છે તો નાહકની ચિંતા છોડીએ. ચિતા અને ચિંતામાં ફક્ત અનુસ્વારનો જ ફેર છે. ચિતા મરેલા માણસને બાળે છે જ્યારે ચિંતા જીવતા માણસને બાળી નાંખે છે, જે આંતર જગતની તથા પરિવારની શાંતિને હણી લે છે. ભવિષ્યની કેટલીક ખોટી ધારણાઓ, ખોટી અપેક્ષાઓ, ખોટી કલ્પનાઓ અને શેખચલ્લીના વિચારોએ કરીને, ચિંતાતુર વ્યક્તિ નાહકનો પોતે તો દુઃખી થાય છે પરંતુ અન્યને પણ દુઃખી કરે છે. કારણ કે ભવિષ્યને સંતોષવાની (ઉત્કંઠામાં) તન્માત્રામાં, વર્તમાનનો તેઓનો સૌની સાથેનો વ્યવહાર અસંતોષી બની જતો હોય છે. માટે ભવિષ્યની ચિંતા મહારાજ પર છોડી, સૌની સાથે હળીમળી આનંદથી રહીએ.

(૩) સવળો વિચાર :

જીવનમાં સુખનો કે દુઃખનો આધાર વ્યક્તિના વિચારો ઉપર રહેલો છે. દરેક વાતને એ કેવી રીતે મૂલવે છે તે મહત્ત્વનું છે. સવળો વિચાર એ જીવનની ઉન્નતિનો પાયો છે જ્યારે અવળો વિચાર એ જીવનની અધોગતિ (અવનતિ)નો પાયો છે. જે સંજોગો કે પરિસ્થિતિ સાંપડે તેને સવળી રીતે વિચારવી.

એક વખત રસ્તા ઉપરથી એક અપંગ વ્યક્તિ, હસતાં હસતાં પ્રફુલ્લિત વદને જઈ રહી હતી. બીજી બાજુ એક ભાઈ, પોતાને બે પગ હોવા છતાં મોં

લટકાવી, ઉદાસ વદને ઊભા હતા. અપંગ વ્યક્તિના મોં પર હાસ્ય જોતાં એમણે તરત જ નજીક જઈ કહ્યું કે, "ભાઈ, એક વાત પૂછું ? તમારી પાસે ચાલવા માટે બે પગ નથી છતાંય તમે કેમ હસી શકો છો ?" ત્યારે અપંગ વ્યક્તિએ કહ્યું કે, "મહેરબાન, પહેલા તમે મને એ જણાવશો કે તમારી પાસે પગ હોવા છતાં આપ દુઃખી કેમ છો ?" ત્યારે એમણે કહ્યું કે, "ભાઈ, મારી પાસે બે પગ તો છે પણ પહેરવા ચંપલ નથી; એના દુઃખથી હું ગમગીન છું." ત્યારે અપંગ ભાઈએ હસતાં હસતાં કહ્યું, "ભાઈ, પ્રભુએ મને પગ નથી આપ્યા એ હું નથી જોતો. પણ મને જોવા માટે બે આંખો તો આપી છે ને આ વિચારે હું આનંદમાં રહું છું. જે નથી એનું મને દુઃખ નથી થતું."

વસ્તુતઃ આમ જ છે. ભગવાને જે કર્યુ તે બરાબર જ છે એવા સવળા વિચારે કરીને આવી પડેલું દુઃખ પણ સુખમાં ફેરવાઈ જાય છે અને પછી હર્ષ કે શોક રહેતા નથી. અપંગ વ્યક્તિને તો બે આંખો મળી છે એના વિચારે પગ નથી એનું દુઃખ વિસરાઈ ગયું હતું; જ્યારે આપણને તો આવા સર્વોપરી મહારાજ મળ્યા, આવો દિવ્ય કારણ સત્સંગનો યોગ થયો, ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષો મળ્યા છે તો હવે શાનું દુઃખ ? હવે કોઈ દુઃખ નથી. છતાંય આપણને જે કંઈ દુઃખ લાગે છે એ આપણા નકારાત્મક વિચારની ફલશ્રુતિ છે.

અન્ય જીવો ઉપર તો કાળ, કર્મ, માયાનું બંધન રહેલું છે. એમના જીવનમાં જે કંઈ સુખ-દુઃખ આવે છે તે કાળ-કર્મનું પ્રેર્યું આવે છે; જ્યારે આપણને તો વર્તમાન ધરાવ્યા ત્યારથી નિર્ભય કરી દીધા છે. આપણા અનંત જન્મનાં ખોટનાં ખાતાં વાળી દીધાં છે. હવે આપણી ઉપર સુખ-દુઃખ જે કંઈ આવે છે એ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આવે છે; કારણ કે આપણા ઉપર એકમાત્ર મહારાજનું જ કર્તાપણું છે.

ભગવાનના ભક્તને દુઃખ આવવાનું કારણ નિયમ-ધર્મ કે આજ્ઞાનો લોપ અથવા કોઈનો અભાવ-અવગુણ હોય છે અથવા તો કોઈ મોટું દુઃખ આવવાનું હોય તેના બદલે નાનું દુઃખ આવ્યું હોય તે છે. પણ ત્યાં તરત સવળો વિચાર કરવો.

એક વખત લીંબલીના મૂળજી શેઠે ગામમાં કોઈને રૂપિયા ધીરેલા. રૂપિયા

ન આપવાની ખોટી દાનતને કારણે દેવાદારોએ ભેગા મળી શેઠનું નિકંદન કાઢી નાંખવાનો વિચાર કર્યો.

મૂળજી શેઠને દર પૂનમે મૂળી દર્શન કરવા જવાનો નિયમ હતો. એટલે તેઓ કાયમ પૂનમની આગલી રાત્રે ઘેરથી એકલા ચાલતાં ચાલતાં જતા. નજીકના દિવસમાં જ પૂનમ આવતી હોવાથી, વિરોધીઓએ ઠીક લાગ શોધી લીધો. અને શેઠને પૂનમની આગલી રાત્રે નીકળે ત્યારે રસ્તામાં મારી નાંખવાનું કાવતરું ઘડ્યું. પરંતુ ધાર્યું તો બધું ધણીનું જ થાય છે એ ન્યાયે મૂળજી શેઠ આગલી રાત્રે ઘરેથી નીકળ્યા અને હજુ ગામ બહાર પહોંચે એ પહેલાં એક બાવળની મોટી શૂળ તેમના પગમાં પેસી ગઈ.

પગમાંથી ત્યાં ને ત્યાં જ લોહી વહેવા માંડ્યું. શેઠ એક ડગલું પણ આગળ ચાલી ન શક્યા અને ત્યાંથી જ કોઈના ગાડામાં બેસીને ઘેર પાછા આવ્યા. મૂળજી શેઠને તરત વિચાર આવ્યો કે, "હું તો મહારાજનાં દર્શન કરવા જતો હતો ક્યાં કોઈ વ્યવહારિક કાર્ય કરવા જતો હતો તોય મહારાજે આમ કેમ કર્યું ?"

થોડી વાર તેઓ ઉદાસ થઈ ગયા પછી વિચાર્યું મહારાજની મરજી હશે તેમ થયું એવું સમજણનું બળ રાખ્યું. સવાર સુધી મૂળજી શેઠ ન આવતાં, તેમનું ભૂંડું કરવાના ઈરાદાવાળા દેવાદારો ગભરાયા કે નક્કી સ્વામિનારાયણ ભગવાને એમના ભક્તને કહી દીધું હશે તો ગામમાં આપણી ફજેતી થશે, એવા વિચારે સવારમાં વહેલા આવી મૂળજી શેઠની માફી માંગી ને બધી હકીકત જણાવી. છતાંય મૂળજી શેઠે મહારાજની મરજી જાણી હતી તો એમને કોઈના વિષે આંટી ન બંધાઈ.

એટલે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ એક વાતમાં કહ્યું છે કે,

"દાસના દુશ્મન હરિ કદી હોય નહિ, જેમ કરશે તેમ સુખ જ થાશે."

મૂળજી શેઠને મહારાજનાં દર્શન કરવા જતાં પગમાં શૂળ વાગી છતાંય સવળો વિચાર જ કર્યો અને કર્તાપણું એકમાત્ર મહારાજનું જ રાખ્યું કે, "મહારાજ મારું સારું જ કરતા હશે." મૂળજી શેઠની જેમ સત્સંગમાં કે વ્યવહારમાં મહારાજના કર્તાપણાનો સવળો વિચાર કરવો કે જે કંઈ થયું છે ને થશે એ મારા મહારાજની મરજીથી જ થયું છે, એમાં મારું હિત જ સમાયેલું છે. વ્યતિરેકના સંબંધવાળા સૌ સંતો-હરિભક્તો દ્વારા મારા મહારાજ જ કાર્ય કરે છે. આ સમજાય તો કોઈને

વિષે પૂર્વાગ્રહની આંટી બંધાય નહીં.

(૪) સમજણની દૃઢતા કરવી :

આ સમજણની દૃઢતા એટલે આધ્યાત્મિક માર્ગની ચરમસીમા : "થયું છે ને થશે, મારા મહારાજની મરજીથી." આ સમજણની દૃઢતા એ આધ્યાત્મિક માર્ગની સિદ્ધિ છે. આ સમજણની દૃઢતા એટલે મહારાજના કર્તાપણાનો સંપૂર્ણ સ્વીકાર. "મહારાજ રાખે તેમ રહેવાની અને દેખાડે તે જોવાની" તૈયારી. પ્રભુની પ્રસાદીને પ્રેમથી આરોગવાનો ઉત્સાહ. ત્યાં નહિ કોઈ પોતાની મરજી કે નહિ કોઈ ઠરાવ. એકમાત્ર મહારાજની જ મરજી. આવા ભક્તને શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૨૮મા વચનામૃતમાં નિષ્કામ ભક્તથી બિરદાવતાં કહ્યું છે કે,

"ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક શૂળીએ ચડાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે આ ભગવાન મુને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે."

નિષ્કામ ભક્તની ચરમસીમાનું શ્રેષ્ઠ પાત્ર એટલે સીરવાણિયા ગામના ગીંગા ધાંધલ. ગીંગા ધાંધલના પરિવારમાં પોતે, એમનાં ધર્મપત્ની અને દીકરો-દીકરી એમ ચાર સભ્યો હતાં. આખો પરિવાર પ્રભુના રાજીપામાં જીવન વિતાવી રહ્યો હતો. એમાં એક વખત મહારાજે પોતાના આ ભક્તરાજની કસોટી કરી.

દીકરો-દીકરી હજુ નાની ઉંમરનાં હતાં અને મહારાજ ગીંગા ધાંધલનાં ધર્મપત્નીને ધામમાં લઈ ગયા. દીકરા-દીકરીને મોટાં કરવાની જવાબદારી ગીંગા ધાંધલના શિરે આવી ગઈ, છતાં રંચમાત્ર દુઃખ નહીં. મારા મહારાજની જેમ મરજી હશે એમ જ થતું હશે. થોડો સમય વીત્યો અને માત્ર ૪૦ વર્ષની ઉંમરે ગીંગા ધાંધલની આંખોનું તેજ હણાઈ ગયું, છતાં નહિ કોઈ સંકલ્પ કે નહિ કોઈ વ્યથા. ઉપરથી દીકરા-દીકરીને એક જ વાત દૃઢ કરાવે કે, "જોજો સંકલ્પ ન કરતા. આ મહારાજનું ગમતું છે, મહારાજની મરજી છે એમ માની સ્વીકારી લેજો. મહારાજની મરજી એ જ આપણી મરજી કરી દેવાની."

ગીંગા ધાંધલનો એકનો એક દીકરો હજુ માંડ ૧૮-૧૯ વર્ષનો થયો હશે ત્યાં મહારાજે ફરી કસોટી કરી. એક રાત્રે મહારાજે દીકરા હંસરાજને દર્શન આપ્યાં

અને કહ્યું કે, ‘‘આજથી ચોથે દિવસે અમે તને ધામમાં તેડી જવાના છીએ. માટે તું તૈયાર છે ?’’ ત્યારે તરત જ દીકરા હંસરાજે કહ્યું, ‘‘મહારાજ, હું તો ધામમાં આવવા માટે તૈયાર જ છું.’’ ત્યારે મહારાજે કહ્યું, ‘‘તારા પિતા ગીંગા ધાંધલ રાજી થઈને રજા આપે તો હું તને ધામમાં લઈ જઉં.’’ બીજા દિવસે દીકરા હંસરાજે રાત્રે મહારાજે કહેલી સર્વ વાત માંડીને પિતાશ્રીને કરી કે, ‘‘પિતાજી, શ્રીજીમહારાજે રાત્રે મને દર્શન આપીને કહ્યું છે કે જો તારા પિતા તૈયાર હોય તો આજથી ચોથે દિવસે તને ધામમાં તેડી જઈશ.’’ ત્યારે અખંડ મહારાજની મરજીમાં વર્તવા તત્પર એવા ગીંગા ધાંધલે નિર્વિકલ્પપણે કહ્યું કે, ‘‘બેટા, એમાં પૂછવાનું શું હોય ? તું મારી ચિંતા ના કરતો. હું તારા આધારે નથી જીવતો, હું તો એકમાત્ર મહારાજના આધારે જીવું છું. મહારાજને કહેજે કે રાજી થઈ ધામમાં તેડી જાય.’’ ચોથા દિવસે મહારાજ દીકરા હંસરાજને ધામમાં તેડી ગયા.

દીકરો હંસરાજ ધામમાં ગયાને હજુ માત્ર બે જ વર્ષ પૂરાં થયાં હતાં ને મહારાજે ગીંગા ધાંધલને આખરી કસોટીની એરણે ચડાવ્યા. હંસરાજની જેમ મહારાજે તેમની દીકરીને દર્શન આપ્યાં ને કહ્યું કે, ‘‘જો તારા પિતા રજા આપતા હોય તો તને અમારા ધામમાં લઈ જવી છે.’’ દીકરીએ આ વાત બીજા દિવસે પિતાજીની આગળ રજૂ કરી. ત્યારે પોતે સૂરદાસ હોવા છતાં ભવિષ્યની પોતાની કોઈ ચિંતા કર્યા વગર એવો જ ખુમારીભર્યો જવાબ આપતાં કહ્યું કે, ‘‘બેટા, તું મારી કોઈ ચિંતા ના કરીશ, મારી ચિંતા રાખનારો તો હાલ ગઢપુરમાં બિરાજે છે, એ મને સાચવશે.’’ અને થોડા સમયમાં ગીંગા ધાંધલની દીકરીને પણ મહારાજ દર્શન આપી ધામમાં તેડી ગયા, છતાં સત્સંગમાં એવી ને એવી એકધારી સ્થિતિએ ગીંગા ધાંધલ રહ્યા.

કસોટીની પરાકાષ્ઠાએ પણ સંપૂર્ણ પાસ થયા એવા નિષ્કામ ભક્તરાજ ગીંગા ધાંધલ પર, મહારાજ અતિશે રાજી થઈ ગયા. અતિ કરુણાસ્વરૂપ એવા મહારાજ પોતાના ભક્તનું આવું દુઃખ કેમ જોઈ શકે ? બોટાદના શિવલાલભાઈને મહારાજે આજ્ઞા કરી, ‘‘શિવલાલભાઈ, આ ગીંગા ધાંધલ અમારા ખરેખરા ભક્ત છે. તેમની અમારા ભાવથી સેવા કરજો.’’ મહારાજના વચને એ જ દિવસે શિવલાલભાઈ ગીંગા ધાંધલને પોતાના ઘરે લઈ આવ્યા અને તેમની ખૂબ જ મહારાજના ભાવે સેવા કરી.

પોતાની મરજીમાં વર્તનારા ભક્ત ઉપર શ્રીજીમહારાજ અતિશે રાજીપો દર્શાવતા. આથી ગીંગા ધાંધલ જેવી મરજીમાં વર્તવાની આધ્યાત્મિક માર્ગની સમજણની દૃઢતા તરફ આપણે પણ પગરવ માંડીએ.

❑ આ સમજણની દૃઢતાથી થતા ફાયદા :

(૧) મહારાજ સિવાય અન્યનો ભાર ન આવે :

“થયું છે ને થશે, મારા મહારાજની મરજીથી” - આ સમજણથી એકમાત્ર શ્રીજીમહારાજ જ આપણું પ્રારબ્ધ છે, ભવિષ્ય છે તથા આપણા સર્વ કર્તા-હર્તા છે આ વાત ફલિત થાય છે. ગમે તેવી આર્થિક, વ્યવહારિક કે શારીરિક મુશ્કેલી આવે તોપણ શ્રીજીમહારાજની નિષ્ઠામાં ફેર ન પડે કે અન્ય કોઈનો ભાર કે પ્રતીતિ ન આવે. એકમાત્ર મહારાજના આધારે જીવન જીવી શકાય. આ સમજણની દૃઢતા હોય તો સત્સંગમાંથી, નિષ્ઠામાંથી ક્યારેય મોળા પડાય નહીં. ક્યારેય કોઈ દેવ-અદેવની આસ્થા રાખવાનો, બાધા-માનતા રાખવાનો સંકલ્પ જ ન થાય.

(૨) ભૂલને માફ કરી શકાય :

ભૂતકાળમાં બની ગયેલી કોઈ વાત કે ભવિષ્યમાં આવનાર સમય, સંજોગ કે પ્રસંગ માટે કેટલીક વખત કોઈ દોષનો ટોપલો આપણે અન્યને માથે ઠાલવતા હોઈએ છીએ. પરંતુ આ સમજણ દૃઢ થાય તો તરત જ વિચાર આવે કે મારાથી કે એમના કોઈથીયે સૂકો પાપડ ભાંગવાની તાકાત નથી. સૌના કર્તા-હર્તા ને નિયંત્રક એકમાત્ર શ્રીજીમહારાજ જ છે. જે કંઈ થયું છે ને થશે એ એમની મરજીથી જ થાય છે ને થશે – તો એમાં મહારાજે કોઈને નિમિત્ત કર્યા તો ત્યાં ગાંઠ નહિ બંધાય, ત્યાં એમની ભૂલને ભૂલી શકીશું. એમના પ્રત્યે રાગ-દ્વેષ નહિ બંધાય કે કોઈની ઉપર દોષારોપણ નહિ થાય.

(૩) અભાવ-અવગુણ-અમહિમાથી રહિત થવાય :

જ્યાં સુધી આપણને અવરભાવમાં કોઈની આકૃતિ દેખાય છે ત્યાં સુધી એને વિષે અભાવ-અવગુણ-અમહિમાના સંકલ્પ ઊઠે છે, પણ મહારાજ મારા ઘડતર માટે, સામેના પાત્રને નિમિત્ત કરીને સ્વયં પોતે જ કરે છે. મને સત્સંગમાં પાકો કરી રહ્યા છે. મારા સ્વભાવ-પ્રકૃતિને ટળાવી રહ્યા છે. - આ વિચાર અભાવ-

અવગુણ અને અમહિમાથી રહિત કરે છે.

(૪) હિંમત, વિશ્વાસ અને શ્રદ્ધા વધે :

"થયું છે ને થશે, મારા મહારાજની મરજીથી" - આ વિચારે કરીને કોઈ પણ કાર્ય કરવા માટે હિંમત, વિશ્વાસ અને શ્રદ્ધા વધે છે. પરિવારના સભ્યોમાં એકમના થઈ કાર્ય કરવા માટેનો ઉત્સાહ પણ વધે છે. લઘુતાગ્રંથિમાંથી બહાર નીકળી "મહારાજ જ કરશે" એવા વિચારે આગળ વધી શકાય છે, કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે. ભવિષ્યમાં કરવાના કાર્યનો કે આવનારા પ્રસંગો તથા કાર્ય કરવા માટેનો ઉત્સાહ જાગે છે.

મહારાજના કર્તાપણાની આ સમજણ કેળવવાથી જ આપણો અવરભાવ ટળે છે અને સામેથી પણ અવરભાવ ટળે છે. પ્રાકૃતભાવ ટળે છે. અને તો જ પરિવારમાં એક દિવ્ય આત્મીયતાનું સર્જન કરી શકીશું.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. સદાય હસતા રહો
૨. ભક્ત રક્ષક ભગવાન
૩. ભક્તને દુઃખ શાથી ?
૪. સમજણ એ જ સુખ
૫. હળવા ફૂલ જેવા થવાનો ઉપાય
૬. નથી રાખવા કોઈને દુઃખી રે...
૭. દૃઢ આશરો

ઈર્ષ્યાવૃત્તિને ઓળખવી અને છોડવી

ઈર્ષ્યા એ મૂળ સંસ્કૃત **ईष्** ધાતુ પરથી આવેલો શબ્દ છે. ઈર્ષ્યાનો સામાન્ય અર્થ થાય છે આંતરિક જલન, બળતરા, આંતરિક રોષ સાથેની નફરત. ઈર્ષ્યાવૃત્તિનું દૂષણ જીવ-પ્રાણીમાત્રમાં વત્તા-ઓછા પ્રમાણમાં રહેલું જ હોય છે. પશુપક્ષીમાં પણ ઈર્ષ્યાવૃત્તિ જોવા મળતી હોય છે.

કાગડો મહેનત કરીને માળો બનાવે છે. પરંતુ ઈર્ષ્યાળુ અને આળસુ કોયલ, કાગડાની નજર ચૂકવી ચાલાકીથી તેનાં ઈંડાં નીચે ફેંકી દે છે અને પોતાનાં ઈંડાં તે માળામાં મૂકી દે છે. તો વળી કબૂતરે અવાવરા મકાન કે માળિયામાં મૂકેલાં ઈંડાંને કાગડો ચાંચ વડે નીચે પાડી દે છે અથવા તો ચાંચથી ફોડી નાંખે છે. આ એકબીજા પ્રત્યેની આંતરિક ઈર્ષ્યાવૃત્તિ નહિ તો બીજું શું ?

ઈર્ષ્યાને બાહ્યિક રીતે જોઈએ તો તે છૂપી, મૂંગી અને ચાલાક હોય છે. પછી ઉંદરની જેમ કે પછી ચીટર, જાસૂસો કે ખિસ્સાકાતરુઓની જેમ પેંતરો રચી તે પોતાની આગવી રીતથી કસબ અજમાવી, ચાલાકીથી પોતાનો રોલ ભજવે છે. મનુષ્ય પશુપક્ષી કરતાં બુદ્ધિશાળી હોવા છતાંય તેમના કરતાં ઈર્ષ્યાવૃત્તિની અદશ્ય આગમાં જવલ્લે જ હોમાયા વગરનો રહે છે.

ઈર્ષ્યાવૃત્તિ એ પોતાના સંકુચિત અને છીછરા મનમાં ઘૂમરાયેલા વિચારોનો સડો છે, મનનો મેલ છે. ઝરણામાં વહેતા પાણીમાં ક્યારેય વાસ ન મારે પરંતુ એ જ પાણી સ્થિર થઈ જાય અને અંદર કચરો ભળે છે; પછી એ કચરો સડતાં; પાણીમાં કીચડ અને કચરાની દુર્ગંધ આવે છે. કીચડની દુર્ગંધ ચારે બાજુના વાતાવરણને દુર્ગંધે યુક્ત અને પ્રદૂષિત બનાવે છે. રોગચાળાનો ઉદ્‌ભવ થાય છે. એવી રીતે આપણા મનમાં દોહરાતા શુદ્ધ વિચારો જ્યારે કોઈ વાત કે વ્યક્તિ

ઉપર કેન્દ્રિત બને કે સ્થિર બને અને પછી જો એમાં કોઈ અવળા વિચારો, અદેખાઈ, અસૂયા અને મત્સરરૂપી કચરો ભળે છે ત્યારે વિચારોમાંથી ઈર્ષ્યાવૃત્તિના કીચડની દુર્ગંધ આવે છે અને ચારેબાજુના વાતાવરણને ક્લેશમય બનાવે છે. પરિવારની આત્મીયતાને હણી નાંખે છે અને ઈર્ષ્યાની અગનજ્વાળા ભભૂકી ઊઠે છે.

ઈર્ષ્યાળુ વ્યક્તિ પોતાના કરતાં બીજાની વધુ ઉન્નતિ કે ચડતી જુએ ત્યારે, પોતાના કરતાં અન્યનાં વિશેષ વખાણ સાંભળે કે રાજીપો મેળવતા જુએ ત્યારે અંતરમાં બળતરા ચાલુ થઈ જાય છે. પોતાની ઈર્ષ્યાવૃત્તિને સંતોષવા માટે અઘટિત કે વિકૃત વિચારોનો મનમાં ઘેરો ચાલે છે અને ન કરવાના કાર્ય કરવા તરફ વ્યક્તિ પ્રેરાય છે. છેવટે અપરાધ અને દ્રોહ કરવા તરફ પ્રેરાય છે.

એક વખત શ્રીજીમહારાજ પોતાના પ્રેમીભક્તોના મનોરથને પૂર્ણ કરવા વિચરણ કરતાં કરતાં તેમના ગામ પધાર્યા. ગામમાં માત્ર બે ભાઈઓ જ સત્સંગી હતા. મહારાજ ઘેર પધારી રહ્યા છે, એવા સમાચાર સાંભળતાં દેરાણી-જેઠાણી બંનેના આનંદનો પાર ન રહ્યો. મહારાજ માટે દોડાદોડી કરી તૈયારી કરવા માંડ્યાં. મહારાજ માટે ઢોલિયો તૈયાર કર્યો, ચોક વાળ્યો, રંગોળીઓ પૂરી, ગામની શેરીઓ વાળી નાંખી.

મહારાજનું વાજતે-ગાજતે સામૈયું કર્યું. મહારાજ ઘેર પધાર્યા. બંને દેરાણી-જેઠાણી મહારાજની ખૂબ ભાવથી સેવા કરે. જેઠાણી પોતે જાણતાં હતાં કે મારા કરતાં દેરાણી સારી રસોઈ બનાવે છે. જો મહારાજ એના હાથની રસોઈ જમશે તો એનાં જ વખાણ કરશે, એને જ રાજીપો મળશે ને મારો વારો તો આવશે જ નહીં. તેથી રોજ જેઠાણી જ મહારાજ માટે થાળ બનાવતાં.

એક દિવસ મહારાજે જેઠાણીને કહ્યું કે, “રોજ તમે થાળની સેવાનો લાભ લો છો તો આજે તમારાં દેરાણીને લાભ આપો.” ત્યારે દેરાણી પ્રત્યેની ઈર્ષ્યાવૃત્તિને કારણે જેઠાણીએ મહારાજને કહ્યું કે, “દયાળુ, એને તો રસોઈ બનાવતાં આવડતી જ નથી.” મહારાજે કહ્યું, “ભલે, એ જેવી રસોઈ બનાવશે તેવી ચાલશે, પણ આજે એમને લાભ આપો.” મહારાજે આજ્ઞા કરી એટલે દેરાણીએ રસોઈ બનાવી. દેરાણીની નજર ચુકાવીને જેઠાણીએ દાળની અંદર મુઠ્ઠી ભરીને મીઠું નાંખી દીધું. મહારાજ થાળ જમવા પધાર્યા. મહારાજે થાળ જમતાં કહ્યું કે, “આજે તો ખૂબ સરસ રસોઈ બનાવી છે. આજ સુધી આવી રસોઈ અમે ક્યારેય જમ્યા નથી.

નક્કી આમાં મોટાં વહુનો હાથ છે, નહિ તો આવી રસોઈ થાય જ નહીં.'' મહારાજે રસોઈનાં ખૂબ વખાણ કર્યાં અને દેરાણી ઉપર ખૂબ રાજીપો વરસાવ્યો. મહારાજના મુખે દેરાણીનાં વખાણ સાંભળતાં જેઠાણીની અંદર ઈર્ષ્યાવૃત્તિની આગ ભભૂકી ઊઠી.

એકમાત્ર ઈર્ષ્યાવૃત્તિની ચિનગારી અંદર પ્રવેશ કરે છે ત્યારે ઈર્ષ્યાવૃત્તિની જે જ્વાળા ફેલાય છે તે અગ્નિ કરતાં પણ વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. હવે શું કરું તો મહારાજ એની ઉપર નારાજ થાય એવા પ્રયત્નો જેઠાણીએ ચાલુ કર્યા. ઈર્ષ્યાવૃત્તિ શું કરે, કેવું કરાવે તેનું સચોટ વર્ણન કરતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે,

''દોટ્ય દિયે છે ખોટ્ય ટાળવા, પણ ખોટ રજ ખસતી નથી;
ઈર્ષ્યા રહી તેને આવરી, તે અળગી ન થાયે ઉરથી.
ઈર્ષ્યા દેખે દોષ પરના, ભાળે નહિ પોતાની ભૂલ;
અમાપને જાય માપવા, વળી કરે અમૂલનું મૂલ.
ત્રાજું લઈ બેસે તોળવા, સહુનો કાઢવા સમાર;
બીજા થકી વળી બમણો, ભાળે પોતામાં ભાર.
એવી અભાગણી ઈર્ષ્યા, જેને ગુરુ સંતની ગણતી નહિ;
વિનાશ એવો નહિ વિમુખ સંગથી, જેવા ઈર્ષ્યા કરે છે રહી.
હરિજનને હાણ હમેશે, ઈર્ષ્યા કરે છે ઉરતણી;
નિષ્કુલાનંદ કહે નિત્ય પ્રત્યે, ખાટ્ય નથી છે ખોટ્ય ઘણી.''

- નિષ્કુળાનંદ કાવ્ય - વચનવિધિ : કડવું-૨૪

ઈર્ષ્યાવૃત્તિનું ભૂત જ્યારે કોઈ વ્યક્તિના મન ઉપર સવાર થાય છે ત્યારે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેનું કેમ હીણું દેખાય, કેવી રીતે પોતાથી ઊતરતો દેખાય તેવા પ્રયત્નો ચાલુ થઈ જાય છે.

અહીં જેઠાણીના મનમાં પણ આવું ઈર્ષ્યાવૃત્તિનું ભૂત સવાર થયું. બીજા દિવસે દેરાણીએ ફરી રસોઈ બનાવી ત્યારે દાળમાં મૂઠી ભરીને મીઠું અને શીરામાં મૂઠી ભરીને રજોટી નાંખી દીધી. ઈર્ષ્યાવૃત્તિને કારણે બનાવેલા થાળ અક્ષરધામના અધિપતિ સ્વયં શ્રીજીમહારાજ જમવાના છે એ પણ ભૂલી ગયા. ત્રણ ત્રણ દિવસ સુધી મહારાજે આવા થાળ જમાડ્યા પછી મહારાજ નીકળવા તૈયાર થયા ત્યારે જેઠાણીએ મહારાજને પ્રાર્થના કરી કે, ''દયાળુ, થોડા દિવસ રોકાવ.'' ત્યારે

મહારાજે કહ્યું, "તમારી નર્યા મીઠાવાળી અને રજોટીવાળી રસોઈ જમી જમીને તો મારું પેટ પથરા જેવું થઈ ગયું છે."

આમ, ઈર્ષ્યાવૃત્તિને કારણે મહારાજ પ્રત્યેનો બધો પ્રેમભાવ ઈર્ષ્યાની જ્વાળામાં સ્વાહા થઈ ગયો અને નફો કમાવવા જતાં ખોટનો ઢગલો થઈ ગયો. રાજી કરવા જતાં કુરાજીપો વહોરી લીધો. એકમાત્ર ઈર્ષ્યાવૃત્તિના કારણે.

પરસ્પરના મીઠા સંબંધો પળવારમાં તૂટી ગયા. આનંદ ઉદ્વેગ અને વ્યથામાં ફેરવાઈ ગયો, ઈર્ષ્યાવૃત્તિને કારણે. કેટલીક વાર ઈર્ષ્યાને કારણે જ કુટુંબમાં ક્લેશ થવા માંડે છે, સમાજમાં જુદા જુદા પક્ષો પડે છે અને રાષ્ટ્ર અને દેશના ભાગલા પડી જતા હોય છે. માટે આપણામાં આ ઈર્ષ્યાવૃત્તિના કીચડની દુર્ગંધ પેસવા ન દેવી અને તેથી દૂર રહેવું.

❑ ઈર્ષ્યાવૃત્તિની ઊપજ : ફાટફૂટ અને દુશ્મનાવટ :

માનવસહજ સ્વભાવ છે કે કોઈનું સારું થાય કે સુખ થાય, ઉન્નતિ થાય કે પ્રગતિ થાય તે ખમી શકાતી નથી. મોટે ભાગે પોતાનાથી ન્યૂન હોય, અણઆવડતવાળા હોય કે આર્થિક, સામાજિક કે શારીરિક રીતે પાછળ હોય, એમની આપણને ઈર્ષ્યા થતી નથી, પરંતુ પોતાથી જ્યાં કંઈક અધિક દેખાય અને પોતે તે મેળવી ન શકે અથવા ત્યાં સુધી પહોંચી ન શકે એટલે ઈર્ષ્યાવૃત્તિ ઘેરો ઘાલે છે. સામેનાની પ્રગતિ અને પોતાના પરાભવથી હતાશ બનેલ ઈર્ષ્યાખોર વ્યક્તિ પછી પોતાની શાન, ભાન ભૂલી જાય છે અને રચનાત્મક વિચારસરણીમાંથી ખંડનાત્મક વિચારધારાને અમલમાં મૂકી દે છે. ઈર્ષ્યાવૃત્તિને પરિણામે એક દોરે જોડાયેલા પરિવાર વેર-વિખેર થઈ જાય છે, મન જુદાં પડે છે. પરસ્પરના સંબંધો ફાટફૂટથી લઈ દુશ્મનાવટ સુધી પહોંચી જાય છે.

થોડાં વર્ષો પહેલાંની એક ખાનદાન અને સુશિક્ષિત પરિવારની બનેલી ઘટના છે. બે ભાઈઓમાં મોટા ભાઈ ભણીગણીને પ્લાસ્ટિક એન્જિનિયર બન્યા અને પોતાનો ધંધો શરૂ કર્યો. થોડા સમય બાદ નાના ભાઈ પણ એન્જિનિયરનું ભણી રહ્યા. તેમણે મોટા ભાઈની મદદથી ધંધો શરૂ કર્યો. બંને ભાઈઓના ધંધા અને પરિવાર જુદા હતા છતાં એકબીજા વચ્ચે અપાર સ્નેહ અને પ્રેમની લાગણીના તાંતણે બંધાયેલો એક ખાનદાન પરિવાર હતો. બંને ભાઈઓના ધંધા ખૂબ સારા ચાલ્યા. ૩-૪ વર્ષ વીતી ગયાં પછી, નાના ભાઈ પ્લાસ્ટિક બજારમાં પોતાની

હોશિયારીથી આગળ નીકળ્યા. અન્યની ઉન્નતિથી થતી બળતરા તથા પોતાની નબળાઈ કે અંતરના અસંતોષમાંથી જ ઈર્ષ્યાની ચિનગારી નીકળે છે.

મોટા ભાઈ અને ભાભી, પોતાનો જ નાનો ભાઈ ધંધામાં આગળ નીકળ્યો એ જોઈ ન શક્યાં. અંદર જલન ઉત્પન્ન થઈ. પોતાની હજારો રૂપિયાની આવકથી ખુશ રહેવાને બદલે દુઃખી થઈ ગયાં. નાના ભાઈની પોતાના કરતાં વધી રહેલી આવકે મનમાં અશાંતિ વ્યાપી ગઈ. હવે કેમ કરી નાના ભાઈને હેઠો પાડવો એ તરફ મોટા ભાઈના વિચારો વળ્યા. નાના ભાઈની ધંધાની મૉનોપોલીને અન્ય વેપારીઓ આગળ ફોડી નાંખી. આ પ્રસંગથી બંને પરિવારોના ગાઢ સંબંધોમાં ફાટફૂટ સર્જાઈ ગઈ. એકબીજા પ્રત્યેનો પ્રેમ અને લાગણી શૂન્ય બની ગયાં.

મોટા ભાઈએ નાના ભાઈને પાડવાની પળોજણ કરવા માંડી. નાના ભાઈને આ વાતની ખબર પડતાં બંને ભાઈઓ વચ્ચે સામસામે ઉગ્ર બોલાચાલી થઈ. સંબંધોમાં કાતર મુકાઈ ગઈ. મોટા ભાઈએ, નાના ભાઈના વેપારીઓને પણ પોતાની ઈર્ષ્યાવૃત્તિની છાંટ ઉડાડી અને બધેથી પાછા પાડવાના પ્રયત્નો કર્યા. દિવસે દિવસે બંને ભાઈઓના એક લોહીના સંબંધો ભૂંસાવા માંડ્યા અને ભ્રાતૃભાવ દુશ્મનાવટમાં ફેરવાઈ ગયો. એકબીજાને મારવા માટે કાવતરાં કરવા માંડ્યાં અને એકમાત્ર ઈર્ષ્યાવૃત્તિને પરિણામે આખું કુટુંબ ક્લેશની જ્વાળામાં સપડાઈ ગયું. વેરવિખેર થઈ ગયું. પરંતુ ત્યાં જો ‘‘મારો જ ભાઈ છે, આગળ વધ્યો હોય તો શું વાંધો હતો’’ એવો વિચાર કર્યો હોત તો આવું પરિણામ ન આવત.

ગુજરાતીમાં કહેવત છે કે ‘ઘી ઢોળાયું પણ ખીચડીમાં’ એટલે કે ઘી જો જમીન ઉપર કે અન્ય કોઈ જગ્યાએ ઢોળાઈ જાય તો ઘીનો વ્યય થાય છે પરંતુ ઘી જો ખીચડીમાં ઢોળાયું હોય તો ખીચડી જમાડી જવાશે એટલે કે નુકસાન નહિ થાય. મોટે ભાગે પોતાનાં નિકટનાં સગાંસંબંધી, સમોવડિયાં, પિતરાઈ કે પછી નજીકના વર્તુળમાં જ કોઈની ઉન્નતિ, પ્રગતિ કે પ્રસિદ્ધિ આપણે ખમી શકતા નથી. જોઈ જોઈને બળી મરાય અને ઈર્ષ્યાવૃત્તિ વધુ સબળ બનતી જાય છે. પણ એટલો જ વિચાર કરીએ કે ક્યારેક કોઈ મુશ્કેલી આવશે, તકલીફ પડશે કે કોઈના સહારાની, હૂંફ કે મદદની જરૂર પડશે ત્યારે આપણી નજીકના કૂંડાળામાં રહેલા આપણા સ્વજનો, સત્સંગીબંધુઓ કે મિત્રો જ મદદે દોડી આવવાના છે. જેની

જોડે નાહવા-નિચોવવાનો સંબંધ નથી એ તો આપણી સામું પણ જોવાના નથી. જે આપણા પોતાના છે એના પ્રત્યે જ ઈર્ષ્યાવૃત્તિ રાખીને શા માટે એકલવાયા થઈ જવું.

આપણી આસપાસના નજીકના વર્તુળમાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિ હું જ હોવો જોઈએ એવું આપણે ઇચ્છતા હોઈએ છીએ. પરિણામે આપણાથી કોઈ આગળ વધી ન જાય એની પળોજણમાં ઈર્ષ્યાનો ઉદ્‌ભવ થાય છે. પરંતુ હંમેશાં બીજાની લીટી ભૂંસીને આપણી લીટીને મોટી કરવી નહીં. અન્યને નીચા કે હલકા પાડી આપણે આગળ વધવું અને પરાણે મહાનતાની ગાડીમાં ચડવું એ તો આગળ વધવાનો અધમ ઉપાય છે.

ઈંગ્લૅન્ડના ચાર્લ્સ કોલ્ટન નામના પાદરી એક વખત ચર્ચમાં જઈ રહ્યા હતા. એ વખતે તેમનો એક જૂનો મિત્ર મળ્યો. તેમના ચહેરા ઉપર ગમગીની અને નિરાશાનાં વાદળો છવાયેલાં હોય એવું લાગતું હતું. કોલ્ટને પોતાના મિત્રને પૂછ્યું કે, ‘‘ભાઈ, તું આજકાલ આટલો બધો ઉદાસ કેમ જણાય છે ?’’

તેઓ થોડી વાર તો મૌન રહ્યા; પછી પોતાની મૂંઝવણ વ્યક્ત કરતાં કહ્યું કે, ‘‘કોલ્ટન, હું શું કહું ? હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં હું મિત્રના વેશમાં દુશ્મનોને જ દેખું છું. ઉપરથી મિત્ર દેખાતો હોય પરંતુ પાછળ મારા માટેની ઈર્ષ્યા અને વેરવૃત્તિ જ વેરાતી હોય છે. મારો કોઈ સાચો મિત્ર જ નથી.’’

કોલ્ટને કહ્યું કે, ‘‘અરે મિત્ર ! તું તો પાર્લામેન્ટની ચૂંટણીમાં કેટલાયને હરાવીને વિજયી બન્યો છે. મ્યુનિસિપાલિટીમાં પણ તું દર વર્ષે ચૂંટાઈ આવે છે. અરે કોઈ ખાતમુહૂર્ત હોય કે ઉદ્‌ઘાટન હોય, પણ તારું નામ તો હંમેશાં મોખરે જ હોય છે. સૌ તને જ આગળ કરે છે, છતાંય તું કહે છે કે મારો કોઈ સાચો મિત્ર નથી ? જો મિત્ર જ ન હોય તો આ બધાં યશ-કીર્તિ કેવી રીતે હોય ?’’ ત્યારે મિત્રે કહ્યું, ‘‘ભાઈ કોલ્ટન, સાચું કહું તો દરેક જગ્યાએ મારા અનેક હરીફો હોય છે પરંતુ હું તો હંમેશાં સામ, દામ, દંડ, ભેદથી જ વિજયી બનું છું. જેમ જેમ મારા વિજયો વધતા જાય છે તેમ તેમ મિત્રના વેશમાં દુશ્મનો પણ વધતા જાય છે. હવે મારે શું કરવું ? કાંઈ સમજાતું નથી.’’

કોલ્ટને સાંત્વના આપી અને સમજાવ્યું કે, ‘‘જો મિત્ર, તારા વિજયોમાં એક પાયાની બહુ મોટી ભૂલ છે કે, તું કોઈ પણ ક્ષેત્રમાં પોતે જ આગળ રહેવા ઇચ્છે

છે. અન્ય કોઈને આગળ આવવા દેવા ઇચ્છતો નથી. કોઈના પ્રયત્નમાં તું સહકાર આપતો નથી એટલે તારી આગળ હારનારા કે તારા હરીફો એ તારા દુશ્મન ન બને તો શું મિત્ર બને ?''

''જો મિત્ર, મારી તને એક સલાહ છે કે, જો તું લોકોને તારા કટ્ટર દુશ્મન બનાવવા માંગતો હોય તો હંમેશાં બીજાથી આગળ રહેવાની જ ઇચ્છા, અપેક્ષા રાખજે, એવા જ પ્રયત્નો કરજે. પણ ખરેખર તું એમને તારા સાચા મિત્ર બનાવવા ઇચ્છતો હોય તો બીજાને આગળ વધારવા કે આગળ વધવા દેવામાં તું મદદ કરીશ, સહકાર આપીશ તો દુશ્મનો પણ તારા મિત્રો બની જશે. થોડા સમયમાં જ મિત્રોની લાંબી કતાર ખડી થઈ જશે. અનેક તારા પોતાના હોય એવા થઈ જશે. તારાં યશ-કીર્તિ સાચા અર્થમાં યશસ્વી બનશે.''

મિ. કોલ્ટને તેમના મિત્રને આપેલી સલાહ આપણા જીવનમાં અપનાવીએ તો આપણો પણ કોઈ દ્વેષી ન રહે, આપણને કોઈની ઈર્ષ્યા કરવાનો વિચાર ન આવે. ઈર્ષ્યારહિત હૃદયમાંથી જ સુહૃદભાવ અને સહિષ્ણુતાભર્યું શ્રેષ્ઠ વ્યક્તિત્વ ઊપસે છે. કદાચ કોઈક આપણી ઈર્ષ્યા કરતું હોય એવું આપણને લાગે તોપણ આપણે સામે તેમની ઈર્ષ્યા, અવગણના કે અવહેલનામાં ન પડવું. બધું મહારાજને સોંપી દેવું અને આપણે સૌનું સારું જ ઇચ્છવું, સારું જ કરવું તો ક્યારેય આપણી આત્મીયતામાં તિરાડ નહિ પડે. આપણા સ્વભાવમાં આ વાત વણી લેવી કે સૌના સુખમાં આપણું સુખ માનવું. કોઈના દુઃખમાં રાજી ન થવું અને સમયે સાચા દિલથી અન્યને મદદ કરવી તો ક્યારેય ઈર્ષ્યાનો કોંટો ફૂટે જ નહીં.

❑ ઈર્ષ્યા કોની કરવી ? કેવી કરવી ?

ઈર્ષ્યા કેવી કરવી, કોની કરવી અને કોની ન કરવી... તેની રીત શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૪થા વચનામૃતમાં શીખવતાં કહ્યું છે કે,

''ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા ને પોતાના અવગુણને ત્યાગ કરવા; ને તેવું ન થવાય ને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો.''

અહીં શ્રીજીમહારાજે અધોગતિના માર્ગે લઈ જતી ઈર્ષ્યાનું ઊર્ધ્વીકરણ કરવાની રીત શિખવાડી છે કે પોતાનાથી વ્યવહારિક ગુણે કરીને કે સત્સંગમાં

મહારાજ અને મોટાપુરુષના રાજીપાએ કરીને વધુ ઉત્કૃષ્ટ હોય તેમની સવળી ઈર્ષ્યા કરવી. એટલે કે જો એ મહારાજ અને મોટાપુરુષને આ ગુણે કરીને રાજી કરે છે તો હું કેમ ન કરી શકું ? મારે પણ રાજી કરવા જ છે. એના માટે પોતાના સ્વજીવનની ભૂલો, અવગુણોને ટાળીને એવા ગુણોને શીખવા પ્રયત્ન કરવો. જેનામાં એવા ગુણ હોય તેની આગળ દાસ થઈ જવું, નિર્માની થઈ જવું અને તેમની પાસેથી જ એવા ગુણો શીખવાના પ્રયત્નો કરવા. પણ જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય કે ભૂંડું થાય એવી ઈર્ષ્યાનો સર્વે પ્રકારે ત્યાગ કરવો એટલે કે મન-કર્મ-વચને કરીને પણ લેશમાત્ર એવી ઈર્ષ્યા ન કરવી.

કારણ કે ઈર્ષ્યા એ ઝેરી સર્પિણી જેવી છે. એક વખત છંછેડાય પછી ડંખ માર્યા વિના રહે જ નહીં. ઈર્ષ્યાની મુખકોથળીમાં પ્રાણઘાતક હળાહળ વિષ ભરેલું છે. જેને અડે તેના પ્રાણ લે એટલે કે જે ઈર્ષ્યાની બદીમાં પડે છે તે પોતાની જાતે જ પોતાનો સર્વનાશ નોંતરે છે. રોજિંદા જીવનમાં આપણે આપણી કેટલી શક્તિનો, આવડત-બુદ્ધિનો વ્યય ઈર્ષ્યાવૃત્તિમાં ખર્ચી નાખતા હોઈએ છીએ ! માટે આ ઈર્ષ્યાવૃત્તિને ઓળખીએ અને યત્નપૂર્વક છોડવા પ્રયત્ન કરીએ.

❑ ઈર્ષ્યાવૃત્તિની ઓળખ :

(૧) કોઈની મોટાઈ ન દેખાય :

શ્રીજીમહારાજે સારંગપુરના ૮મા વચનામૃતમાં ઈર્ષ્યાનું રૂપ બતાવ્યું છે કે, "પોતાથી જે મોટા હોય પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવો જે આના હૈયામાં ઈર્ષ્યા છે અને યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે જ નહીં."

પોતાનાથી નાના હોય કે મોટા હોય, ઓળખતા હોય કે ન ઓળખતા હોય, સંબંધી હોય કે વિરોધી હોય, સત્સંગી હોય કે કુસંગી હોય પરંતુ જો કોઈની મોટાઈને ખમી ન શકે તેને મહારાજે યથાર્થ ઈર્ષ્યાવાળો કહ્યો છે. આવો ઈર્ષ્યાળુ પોતે જ પોતાને બાળતો હોય છે.

(૨) કોઈનું દુ:ખ આપણને સુખી કરે :

ઈર્ષ્યાળુ કોઈનું દુ:ખ જોઈ પોતે સુખી થાય છે અને બીજાનું સુખ જોઈ પોતે દુ:ખી થાય છે. ભરઉનાળામાં પણ માટલાના પાણીની ઠંડકથી ખુશ હોય પરંતુ જો બાજુવાળાના ઘેર ફ્રીઝ આવે તો માટલાના પાણીની ઠંડક ઊડી જાય અને એને

માંહી બળતરા ચાલુ થઈ જાય. ભાઈના ઘેર એ.સી. આવતાં આપણા ઘેર હીટર ચાલુ થઈ જાય તો એ ઈર્ષ્યાવૃત્તિ કહેવાય. પાડોશીના ઘરમાં ચોરી થઈ, પિતરાઈના ધંધામાં ખોટ ગઈ કે નજીકના કૂંડાળામાં કોઈના ઘેર અઘટિત બનાવ બન્યો ને જો આપણે ખુશ થઈએ, રાજી થઈએ તો તે ઈર્ષ્યા કહેવાય.

(૩) કોઈને જોતાં અંદરથી બળતરા થાય, ઘૃણા થાય :

કેટલીક વાર આપણી નજીકના સંબંધીની સુખ, સંપત્તિ કે કીર્તિ જોતાં અંદરથી બળતરા થાય; સાથે રહેવાનું થાય ત્યારે કોઈને જોતાં જ અંદરથી ઘૃણા, નફરત ઉદ્ભવે એ પણ ઈર્ષ્યાનું જ પ્રતીક છે.

બે સગાં ભાઈઓમાં નાનો ભાઈ મોટા ભાઈ કરતાં ધંધામાં આગળ નીકળી ગયો. નાના ભાઈની પ્રગતિ મોટા ભાઈથી ન ખમાઈ. ગમે તે રીતે હવે તેને પાછો પાડી દઉં એવી ઈર્ષ્યાની અગનજ્વાળા સળગી.

એક દિવસ મોટા ભાઈએ વિચાર કર્યો કે, તપ કરીને ભગવાનને પ્રસન્ન કરું અને તેના કરતાં આગળ નીકળી જઉં. આ વિચારથી તેઓ જંગલમાં ગયા અને આકરી તપશ્ચર્યા શરૂ કરી. તેમના તપને જોઈ ભગવાન પ્રસન્ન થયા અને કહ્યું, “માંગો માંગો, અમે તમારી ઉપર પ્રસન્ન થયા છીએ. જે માંગશો તે આપીશું, પરંતુ એક શરત એ કે તમે જે માંગશો તેના કરતાં તમારા નાના ભાઈને ડબલ મળશે.”

ભગવાન પ્રસન્ન થયાનો મોટા ભાઈનો આનંદ આટલા શબ્દોમાં ઓસરી ગયો. મોઢું ઊતરી ગયું. પરંતુ અંદર રહેલી ઈર્ષ્યા સળવળી ઊઠી અને બોલ્યા કે, “હે ભગવાન ! જો તમે એમ જ કરવાના હોય તો મારી એક આંખ ફૂટી જાય, મારા ભાઈની બે ફૂટી જશે ને ! મારું એક ઘર સળગી જાય તો મારા ભાઈનાં બેઉ ઘર સળગી જશે ને ! મારો એક દીકરો મરી જાય, મારા ભાઈના બે દીકરા મરી જશે ને !”

આ છે ઈર્ષ્યાનું વાસ્તવિક સ્વરૂપ જે પોતાના દુઃખ કરતાં પણ બીજાને વધુ દુઃખ મળે તેનાથી રાજી થાય છે. વળી, જે કોઈની મોટપ કે પ્રગતિને ખમવા દેતી નથી.

સત્સંગમાં પણ કેટલીક વાર આવું જોવા મળતું હોય છે કે મોટાપુરુષ કોઈ પાત્ર ઉપર રાજીપો દર્શાવે અથવા બધાની વચ્ચે એ પાત્રનાં વખાણ કરે, સન્માન

કરે, આગળ બેસાડે, કોઈ સેવા સોંપે, આગળ કરે એ વખતે એ પાત્રને જોતાં અંદરથી બળતરા થાય તો સમજવું કે આપણને એ પાત્રને વિષે ઈર્ષ્યાવૃત્તિ છે. ક્યારેક મોટાપુરુષ કોઈના ઘડતર માટે કોઈ પાત્રને ઠપકો આપે, બે શબ્દો કહે, બધાની વચ્ચે નિધડકપણે રોકટોક કરે, કોઈ સોંપેલી સેવા લઈ લે, સેવામાં નારાજગી દર્શાવે, અસંતોષ દર્શાવે ત્યારે આપણે રાજી થતા હોઈએ તો એ પાત્રને વિષે આપણી અંદર ઈર્ષ્યાવૃત્તિ રહેલી છે એવું સમજવું.

(૪) નાની ભૂલને મોટી કરીને ગવાય :

જ્યારે કોઈ પાત્રોને વિષે આપણી વાંકદેખી વૃત્તિ થઈ જાય, કોઈના ગુણમાં પણ દોષની સંભાવના કરીને હલકો કે નીચો પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન થાય એ પણ આપણી ઈર્ષ્યાવૃત્તિ છે. કોઈની રજ જેવી ભૂલને ગજ જેવી કરવાનો પ્રયાસ થતો હોય અથવા તો બે જણ આપણી વાતને સાંભળનારા મળે અને તરત જ વાતને અવળી-સવળી કરી કાનભંભેરણી કરવી ને પોતાની વાતને, પોતાની બાજુ સવળી પાડવાના પ્રયત્નો કરવા એ પણ ઈર્ષ્યાવૃત્તિ જ છે. કેટલીક વાર આપણે ઘરના વડીલો આગળ કે મોટાપુરુષ આગળ કોઈની નાની ભૂલની મીઠી ભાષામાં રજૂઆત કરીને તેને હલકો પાડવાનો પ્રયત્ન કે તેના પ્રત્યેના આદરભાવનું, તેની સદ્‌ગુણોની છાપને ભૂંસવાનું મહાપાપ કરતા હોઈએ છીએ... આ પણ ઈર્ષ્યાવૃત્તિનો એક ભાગ જ છે.

સૌની સાથે એકમના થઈ રહેવા આપણામાં રહેલી આવી છૂપી ઈર્ષ્યાવૃત્તિને ઓળખીએ અને છોડવા માટેના પ્રયત્ન કરીએ.

❑ ઈર્ષ્યાવૃત્તિને છોડવા માટેના ઉપાય :

(૧) મોટા થવાના અભરખા છોડવા :

મોટા થવાના અભરખાના પરિણામે આપણા રસ્તામાં વચ્ચે આવનારાં પાત્રો વિઘ્નરૂપ લાગે છે. આપણી ઈચ્છાઓ, અભરખાઓ ન સંતોષાય ત્યારે આપણા સહસાથીને વિષે ઈર્ષ્યાવૃત્તિ પેદા થાય છે. માટે મહારાજ જ્યાં રાખે ત્યાં, જેમ રાખે તેમ રાજી રહેતાં શીખવું. ઝાઝું મેળવી લેવાના, મોટા થવાના, આગળ થવાના, સત્તા મેળવવાના અભરખાઓને છોડવા જોઈએ.

(૨) સૌમાં મહારાજનાં દર્શન કરવાં :

મહારાજ તો પોતે સ્વયં સત્તાધીશ છે. મહારાજ પોતાના ગુણની પ્રસાદી

કોઈને પણ આપે. ગમે તેને પોતાના સંકલ્પના નિમિત્ત કરે એમાં વળી આપણે બળતરા શાની કરવાની ? સૌના કાર્યના કરનારા સ્વયં મહારાજ જ છે, તો મહારાજને વિષે ઈર્ષ્યા હોય ? એટલે જ ‘હરિને ગમે એવા થવું જ છે’ પુસ્તિકામાં ૫૦મા કૃપાવાક્યમાં પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું છે કે, “ઈર્ષ્યા એટલે મહારાજના કર્તાપણાનો અસ્વીકાર છે.” માટે સૌમાં મહારાજનાં દર્શન કરી એકમાત્ર મહારાજનું કર્તાપણું દૃઢ કરવું.

(૩) આત્માને દેહથી પૃથક્ સમજવો :

ગઢડા છેલ્લાના ૩૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજે અનાદિકાળના જીવાત્માને વળગેલા દોષથી છૂટવાનો ઉપાય બતાવતાં કહ્યું છે કે,

“કોઈક જાતનો અહમ્-મમત્વ થાય તથા માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા એ આદિક અવગુણની પ્રવૃત્તિ થાય ત્યારે જો આત્મા પોતાને ન જાણતા હોઈએ તો સાધુનો અવગુણ આવે, તેમાંથી એનું બહુ ભૂંડું થાય. માટે પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો.”

અહીં મહારાજે ઈર્ષ્યા આવવાનું કારણ બતાવ્યું કે પોતાને દેહરૂપ મનાય છે ત્યાં સુધી અન્યની ઈર્ષ્યા આવે જ છે. પરંતુ પોતાને દેહથી જુદો આત્મા અને એ આત્માને મહારાજે કૃપા કરીને મૂર્તિમાં રાખ્યો છે આ લટક દૃઢ થાય તો દેહભાવ જ ન રહે તો પછી દેહનો દોષ ઈર્ષ્યા રહે જ ક્યાંથી ? માટે “દેહ નહિ હું મુક્ત અનાદિ...” આ જ્ઞાનના જાણપણામાં રહેવું.

મહારાજના સંકલ્પમાં ભેળા ભળવા માટે આપણા સ્વજીવનમાંથી આવી અનાદિકાળની બદીઓને દૂર કરીને રાજીપાના માર્ગે આગળ વધીએ...

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. દુઃખનું મૂળ
૨. આપણી કુટેવો
૩. હરિ ગમતામાં જ રહેવું છે. ભાગ-૧,૨,૩,૪,૫

રસપૂર્વક જવાબદારી નિભાવવી

વ્યવહારિક કે આધ્યાત્મિક ક્ષેત્રે આપણા જીવનની પ્રગતિનો આધાર આપણા જવાબદારીના અંગ ઉપર રહેલો છે. જેના જીવનમાં જવાબદારીનું અંગ ન હોય તેની પ્રગતિ શક્ય જ નથી. જેટલું જીવનમાં જવાબદારીનું અંગ વિશેષ હોય, એટલો જ મંજિલ સુધી પહોંચવાનો રસ્તો સરળ બનતો જાય છે. ધ્યેયબિંદુ તરફનું પ્રયાણ વેગવંતું બને છે.

❑ જવાબદારી એટલે શું ?

કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, કાયદો, સમાજ કે કાર્ય પ્રત્યેની આપણી ફરજને જવાબદારી કહેવાય. આપણી ફરજને અદા કરવી, નિભાવવી એટલે જવાબદારી નિભાવી કહેવાય.

❑ રસપૂર્વક જવાબદારી નિભાવવી એટલે શું ?

કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, કાયદો, સમાજ કે કાર્ય પ્રત્યેની ફરજને સંપૂર્ણ રસ સાથે, ચોકસાઈપૂર્વક, ખચિતતાથી, ઉત્સાહ સાથે આપણને અને સામેનાને સંતોષ મળે એ રીતે, આપણી સુયોગ્ય ફરજને સમયસર અદા કરવી એને રસપૂર્વક જવાબદારી નિભાવી કહેવાય.

માનવસમાજમાં ત્રણ પ્રકારના વર્ગની વ્યક્તિઓ જોવા મળતી હોય છે. કેટલીક વ્યક્તિઓને અને જવાબદારીને કોઈ સંબંધ જ જોવા મળતો હોતો નથી.

જ્યારે બીજા વર્ગની વ્યક્તિઓ બાપુની ચાલે ધીરી ગતિએ પોતાની જવાબદારીઓ નિભાવતી હોય છે. જ્યારે ત્રીજા વર્ગની વ્યક્તિઓ પોતાની જવાબદારી રસપૂર્વક સંપૂર્ણતઃ નિભાવતી હોય છે. આવું આદર્શ વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિઓ સમાજમાં ગણતરીમાં ઓછી જોવા મળતી હોય છે. આપણે કયા પ્રકારની વ્યક્તિમાં છીએ ? વિચારવું આવશ્યક છે.

જવાબદારી નિભાવવી અને રસપૂર્વક જવાબદારી નિભાવવી એ બંને વચ્ચે બહુ મોટી ભેદરેખા છે. જવાબદારી નિભાવવી એ સામાન્ય વ્યક્તિત્વનું પ્રતીક છે, જ્યારે રસપૂર્વક જવાબદારી નિભાવવી એ આદર્શ વ્યક્તિત્વનું પ્રતીક છે.

બાળકને જન્મ આપ્યા પછી તેને મોટો કરવો, ભણાવવો, ગણાવવો એ માતાપિતાની જવાબદારી છે. બાળકને મોટો કરી ભણાવી-ગણાવી ઠેકાણે પાડવો, આટલું જ કાર્ય માતાપિતા કરે તો તે જવાબદારી નિભાવી કહેવાય. પરંતુ બાળકને મોટો કરી ભણાવવા-ગણાવવાની સાથે સાથે બાળકમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવું, બાળકમાં રહેલી આંતરિક શક્તિઓનો વિકાસ કરવો, બાળકો માટે યોગ્ય સમય ફાળવી તેમનું વિશિષ્ટ જતન કરવું, યોગ્ય પ્રેમ અને હૂંફ આપવાં, સત્સંગના યોગમાં રાખવાં વગેરે નાનામાં નાની બાબતો ઉપર સંપૂર્ણ રસ દાખવી બાળકોને મોટા કરે, તો માતાપિતાએ બાળકના ઉછેરની જવાબદારી રસપૂર્વક નિભાવી કહેવાય.

શેઠે સૂચવ્યા મુજબ માલ તૈયાર કરાવવો અને ડિલિવરી કરવી એ જવાબદારી નિભાવી કહેવાય; જ્યારે શેઠે સૂચવ્યા મુજબ ચોકસાઈપૂર્વક માલ તૈયાર કરાવવો, માલની યોગ્ય ગુણવત્તા જાળવવી, માલસામાનનો બગાડ ન થાય તેનું ધ્યાન રાખવું, કર્મચારીઓ સાથે સુયોગ્ય વર્તાવ કેળવવો, કર્મચારી અને ગ્રાહકોને સંતોષ અપાવવો વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને માલ તૈયાર કરી ડિલિવરી કરે તો પોતાની જવાબદારી રસપૂર્વક નિભાવી કહેવાય.

સત્સંગમાં પૂ. સંતો કે અન્ય કોઈ જવાબદાર મુક્તો આપણને કોઈ સેવાની સોંપણી કરે ત્યારે તે સેવાને પૂરી કરીએ તો આપણે જવાબદારી નિભાવી કહેવાય; પણ જ્યારે સોંપેલી સેવાને યોગ્ય સમયે, યોગ્ય રીતે, નિશ્ચિંતપણું અપાવીને ઉત્સાહપૂર્વક કરીએ, તો રસપૂર્વક જવાબદારી નિભાવી કહેવાય.

સમાજના કે ટ્રસ્ટના પ્રમુખ તરીકે સમાજના વિકાસ માટેનાં કાર્યો કરવાં કે

સમાજની અપેક્ષાઓ સંતોષાય તો જવાબદારી નિભાવી ગણાય; જ્યારે સમાજની દરેક વ્યક્તિના વ્યક્તિગત વિકાસ પાછળ, આર્થિક, સામાજિક, શૈક્ષણિક કે જીવનનાં મહત્ત્વનાં તમામ ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક રસ લઈ તેમની પ્રગતિ માટેનાં કાર્યો કરવાં, સમાજની દરેક વ્યક્તિને આત્મસંતોષની લાગણી અનુભવાય તેવા પ્રયત્નો કરવા એ રસપૂર્વક જવાબદારી નિભાવી કહેવાય.

આપણા સ્વજીવનમાં કે અન્ય દરેક વ્યક્તિના જીવનમાં જવાબદારીનું મૂલ્ય એક તસુ પણ ઓછું આંકી શકાય નહીં. દેશમાં, સમાજમાં, સત્સંગમાં કે પછી આપણા પરિવારમાં આત્મીયતા રાખવા માટે, એકમના થઈને રહેવા માટે જવાબદારીનું અંગ રાખવું બહુ જરૂરી છે. જ્યાં જવાબદારી ચુકાય છે ત્યાં આત્મીયતામાં ભંગાણ છે. જવાબદારી યોગ્ય રીતે ન નિભાવવાથી ઉદ્‌ભવતા પ્રશ્નો કે પરિસ્થિતિનું કારણ આપણે એકબીજાને ઠેરવીએ છીએ, ક્યારેક અન્યની ઉપર આક્ષેપો મુકાય છે, દોષારોપણ થાય છે, અંદરોઅંદર ઉદ્વેગ, અથડામણ અને અકળામણભર્યું વાતાવરણ સર્જાય છે, એકબીજાથી મન જુદાં થઈ જાય છે અને અરસપરસના સંબંધોમાં તિરાડ પડે છે. પૈસાનું નુકસાન થાય તો તેને કદાચ ભરપાઈ કરી શકાય; પરંતુ આત્મીયતામાં તિરાડ પડે કે આત્મીયતાનું નુકસાન ક્યારેય ભરપાઈ કરી ન શકાય. માટે રસપૂર્વક જવાબદારી નિભાવવી એ આત્મીયતા કેળવવા માટેનું બહુ મહત્ત્વનું અંગ છે.

❑ રસપૂર્વક જવાબદારી નિભાવવા જીવનમાં દૃઢ કરવા જેવાં ફરજિયાત અંગ :

રસપૂર્વક જવાબદારી નિભાવવા માટે આપણા જીવનમાં કેટલાંક અંગ દૃઢ કરવાં ફરજિયાત છે. આ અંગ હશે તો રસપૂર્વક જવાબદારી આપણે નિભાવી શકીએ અને સામેની કે ત્રાહિત વ્યક્તિઓ પણ રસપૂર્વક જવાબદારી નિભાવી શકે : (૧) પ્લાનિંગ (આયોજન), (૨) ઘરધણીપણું, (૩) આપસૂઝ, (૪) સમય સામે દૃષ્ટિ. આ ચારેય અંગ આપણા સ્વજીવનમાં દૃઢ કરીએ.

(૧) પ્લાનિંગ (આયોજન) :

કોઈ પણ સેવાકાર્ય કે વ્યવહાર માટે અગાઉથી પ્લાનિંગ કરવું. કર્તાપણું સ્વયં મહારાજનું જ છે. છતાં કાલે શું થવાનું છે તેની ચિંતા આજે નહિ કરીએ તો કોઈ પણ ક્ષેત્રમાં નાપાસ થવાશે. હંમેશાં પાણી આવતા પહેલાં પાળ અને આગ લાગે તે પહેલાં કૂવો ખોદવો જોઈએ એટલે કે અગાઉથી પ્લાનિંગ કરવું જોઈએ.

એ વખતે પછી ગમે તેટલો પ્રયત્ન કરીએ તોપણ વ્યર્થ જ છે. દરેક કાર્ય કે સેવામાં નાનામાં નાની બાબતથી મોટી બાબતનું ઝીણવટપૂર્વક આયોજન જ આપણું અડધું કાર્ય પૂર્ણ કરી દે છે. સફળતાપૂર્વકના આયોજન સાથે કોઈ પણ કાર્ય કરવાથી, તે કાર્ય કરવાનો ઉત્સાહ બેવડાય છે, કાર્યનો ભાર કે ઓવરલોડ (વધુ પડતો બોજો) લાગતો નથી. અરસપરસ એકબીજાની વચ્ચે Co-ordination (સંકલન) રાખી શકાય છે. માટે આયોજનનું અંગ આપણા સ્વજીવનમાં કેળવીએ.

(૨) ઘરધણીપણું :

ઘરમાં રહેવા છતાં ઘરના કાર્ય પ્રત્યે આપણે ઘરધણીપણાનું અંગ ક્યારેક કેળવી શકતા નથી. ઘરની દરેક બાબતની ચિંતા મારી જ છે, દરેક બાબતમાં રસ દાખવીને તેના પ્રત્યે સભાન રહેવું એ ઘરધણીપણું છે. કેટલીક વખત સંયુક્ત કુટુંબમાં વસ્તુનું નુકસાન થતું હોય એવું જોવા છતાં “મારી ક્યાં જવાબદારી છે ?” એવું વિચારીને આંખ આડા કાન કરતા હોઈએ છીએ; પરિણામે અંદરોઅંદર બોલાચાલી કે અથડામણ થતી હોય છે.

“આ સત્સંગ મારું ઘર છે” એ પંક્તિ બોલવા છતાં આપણને મંદિર પ્રત્યે, સોંપેલી સેવામાં ઘરધણીપણું રહેતું નથી. આ મારી સેવા નથી, મારે શી ચિંતા ? આવી ક્ષુલ્લક વિચારધારામાં રાચતા હોઈએ છીએ; પરંતુ મંદિર મારું છે, આ સત્સંગ મારો છે તો એની દરેક સેવાની ચિંતા મારી છે; આવું ઘરધણીપણાનું અંગ ઘરમાં અને સત્સંગમાં કેળવવું.

(૩) આપસૂઝ :

રસપૂર્વક જવાબદારી નિભાવવા માટે દરેક સેવા કે કાર્યમાં આપણી આપસૂઝ કેળવવી પડે. કોઈ કહે એટલું કરીએ એ આપસૂઝ ન કહેવાય. આ મારે કરવાનું જ છે, એવા દૃઢ સંકલ્પ સાથે કાર્ય શરૂ કર્યા પછી, હજુ વધારે સારી રીતે કેવી રીતે કરી શકીશ ? શું કરું તો કાર્ય કે સેવા સુયોગ્ય રીતે કરી શકીશ ? એમ વિચારીને જો પૂર્ણ રસ સાથે આવા પ્રયત્નો કરીએ તો મહારાજ આપમેળે આપણને આપસૂઝ આપે જ, ખબર પાડે જ. કેટલીક વાર આપણને ખબર પડી હોય તોપણ એના પ્રત્યે દુર્લક્ષ સેવતા હોઈએ છીએ; પરિણામે આત્મીયતા અખંડિત રહેતી નથી. દરેક સેવા કે કાર્યમાં ઊંડાણપૂર્વક વિચારવાનું અને સૂઝ કેળવવાનું અંગ કેળવીએ.

(૪) સમય સામે દૃષ્ટિ :

રસપૂર્વક જવાબદારી નિભાવવા માટે સમય સામે દૃષ્ટિ અખંડ રહેવી જોઈએ. દર્દી ધામમાં જાય પછી દવા આવે તો તેને શું કરવાની ? એમ યોગ્ય સમયે જો આપણે આપણી જવાબદારી ન નિભાવીએ તો પાછળ શું ? છેવટે ક્યારેક પરિણામ શૂન્ય આવતું હોય છે કે નુકસાન ભોગવવું પડતું હોય છે. સમય સામે દૃષ્ટિ હશે તો આપણે નક્કી કરેલા ધ્યેય સુધી પહોંચી શકીશું. સમય સાથે આપણે આપણી જવાબદારી નિભાવીએ તો આપણને જવાબદારી નિભાવ્યાનો સંતોષ થાય છે અને સામે અન્યને પણ સંતોષ આપી શકાય છે. સમય સામે દૃષ્ટિ ન હોય તો ક્યારેક એકનું એક જ કાર્ય કે સેવા માટે કોઈ આપણને વારંવાર કહે અથવા એમને ટોકવું પડતું હોય તો ત્યાં એ વ્યક્તિ પ્રત્યેથી આપણું મન ઊઠી જાય છે. સમય સામે દૃષ્ટિ રાખીને જીવન જીવવાનું અંગ આપણા જીવનમાં કેળવીએ.

આ ઉપરાંત આપણી જવાબદારીની ગંભીરતા સમજીએ. ઘરમાં કે સત્સંગમાં આપણી નીચે અન્ય કોઈ કાર્ય કે સેવા કરતા હોય તો વિચારપૂર્વકના નિર્ણયો લેવા તથા સૌની સાથે સહાનુભૂતિભર્યું વર્તન કેળવવું મહત્ત્વનું છે.

આપણે કેટલીક વાર આપણી જવાબદારીમાંથી છટકવા માટે કે છૂટી જવા માટે “ભૂલી ગયો”, “રહી ગયું”, “મને ખબર નહોતી”, “કંઈ વાંધો નહિ”, “ચાલશે”, “એ તો કહે હવે”, “કોને ખબર પડે છે” વગેરે જેવાં કેટલાંય સૂત્રોનો ઉપયોગ કરતા હોઈએ છીએ. આ બધા વાક્યપ્રયોગો એ આપણી જવાબદારીમાંથી છટકી જવાનો યુક્તિપૂર્વકનો પ્રયોગ છે. દોષિત હોવા છતાં નિર્દોષ સાબિત થવા માટેનો ઉપાય છે, જવાબદારીમાંથી છટકવાની બારી છે. આવા બચાવ-સૂત્રોનો ઉપયોગ કરીને, ક્યારેક આપણે આપણી જવાબદારીમાંથી જરૂર છટકી જઈએ છીએ; પરંતુ બેજવાબદારીપણાના કારણે ભોગવવાં પડતાં, માઠાં પરિણામો આપણે જ સહેવાં પડતાં હોય છે; એમાંથી છટકી શકતા નથી. સમયે મોં સંતાડવાનું કે નીચું જોવાનો વારો આપણો જ આવતો હોય છે. કેટલીક વાર આપણી બેજવાબદારીને કારણે એવો સમય આવીને ઊભો રહે છે કે “કાપે તો લોહી પણ ન નીકળે” અથવા તો “જમીન જગ્યા આપે તો સમાઈ જઈએ” એવું થાય.

નિકાસભાઈ એક કાપડની કંપનીમાં એન્જિનિયર તરીકેની પોસ્ટ ઉપર કાર્ય કરી રહ્યા છે. તેમની કંપનીના શેઠ કંપનીની મુલાકાતે મુંબઈથી અમદાવાદ

આવ્યા. કંપનીના કામકાજ માટે નિકાસભાઈ સાથે તેમના શેઠની મિટિંગ થઈ. નિકાસભાઈના કાર્યથી અને તેમની કંપની પ્રત્યેની વફાદારીથી શેઠ તેમના પ્રત્યે ખૂબ પ્રભાવિત થઈ ગયા અને તેમને પ્રમોશન આપ્યું. નિકાસભાઈએ તેમના શેઠને ફેમિલી સાથે રજાના દિવસે પોતાના ઘરે બપોરે જમવા માટે આમંત્રણ આપ્યું.

જોકે નિકાસભાઈ આ વાતને સાવ ભૂલી જ ગયા ! રવિવારે રજાનો દિવસ હતો એટલે તેમનાં ધર્મપત્ની મકાનની સાફસૂફીનું કામ કરતાં હતાં. લગભગ ૧૧:૩૦ વાગ્યે ડોરબેલ વાગ્યો એટલે નિકાસભાઈએ દરવાજો ખોલ્યો. દરવાજામાં શેઠને તેમના ફેમિલી મેમ્બર્સ સાથે પોતાના ઘરે આવેલા જોઈ, નિકાસભાઈના હાથ-પગ પાણી પાણી થઈ ગયા. શેઠને "અંદર આવો, બેસો" એવું બોલવાને માટે પણ શક્તિમાન ન રહ્યા. ઘરમાં ચારેબાજુ અસ્તવ્યસ્ત વસ્તુઓ પડી હતી ને હજુ રસોઈ પણ બનાવી નહોતી. એકમાત્ર કહેવાનું ભૂલી ગયા એના પરિણામ સ્વરૂપે, શેઠની આગળ મોં સંતાડવાનો ને ભોંઠા પડવાનો વારો આવ્યો.

શેઠ આવ્યા ત્યારે અને શેઠના ગયા પછી ઘરમાં શું પરિસ્થિતિ સર્જાઈ હશે ? શું અંદરોઅંદર એકબીજા પ્રત્યે આત્મીયતા રહી હશે ? આપણા ઘરમાં જ આવું બને તો શું થાય ? વિચારીએ... આત્મીયતા રહે ?

❑ રાજીપો અને સફળતાનું મૂળ :

રાજીપો અને સફળતાનું મૂળ આપણી જવાબદારીની સભાનતા ઉપર રહેલું છે. કોઈ કાર્ય ગમે તેવું અશક્ય હોય, અસંભવ લાગતું હોય પરંતુ જ્યારે આપણને તે જવાબદારી સોંપવામાં આવે તો રસપૂર્વક તે જવાબદારી નિભાવીએ, તો રાજીપાના પાત્ર બની શકાય. આ કાર્યમાં જરૂરથી સફળતા પ્રાપ્ત કરી શકાય. પરિસ્થિતિ કે સંજોગોની સામે ઝઝૂમીને પણ, ગમે તે રીતે જવાબદારીને પૂર્ણ કરવા ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ; એવી દિવ્ય રીત આપણને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના જીવનમાંથી શીખવા મળે છે.

એક વખત વડતાલના ભક્તરાજ જોબનપગીએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે, "દયાળુ, વડતાલના હરિભક્તોની પ્રાર્થના છે કે અહીંયાં મંદિર થાય તો સારું." શ્રીજીમહારાજે સભામાં જોયું અને બોલ્યા કે, "સદ્. બ્રહ્માનંદ સ્વામી જ વડતાલમાં મંદિર કરાવશે." પરંતુ એ વખતે મૂળી મંદિરનું બાંધકામ ચાલુ હોવાથી,

સદ્. બ્રહ્માનંદ સ્વામી મૂળી હતા. શ્રીજીમહારાજે સદ્. બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા અને 'વડતાલ મંદિર કરવા જવાનું છે' એમ વાત કરી. શ્રીજીમહારાજે સદ્. બ્રહ્માનંદ સ્વામીની સાથે જનાર હરિભક્તોને ૧૨ રૂપિયા અપાવ્યા અને કહ્યું કે, ''મંદિર બનાવજો.'' સદ્. બ્રહ્માનંદ સ્વામી મહારાજની આજ્ઞા થતાં, વડતાલનું મંદિર બનાવવાની જવાબદારી ઉત્સાહપૂર્વક સ્વીકારી, વડતાલ ભણી ચાલ્યા.

સદ્. બ્રહ્માનંદ સ્વામીએ વડતાલ આવી, ચરણ વડે લીટો દોર્યો અને વિશાળ જગ્યામાં પાયા ખોદાવ્યા. ૯ શિખરવાળું ભવ્ય મંદિર કરવાનો સંકલ્પ કર્યો. ૧૨ રૂપિયામાં ૯ શિખરવાળું ભવ્ય મંદિર થાય ખરું ? ના. પણ 'મારા મહારાજે મને મંદિર કરવાની આજ્ઞા કરી છે. મંદિર બનાવવાની જવાબદારી મારી છે એટલે ગમે તેમ કરી મહારાજનું ભવ્ય મંદિર બનાવવું જ છે', એમ દૃઢ સંકલ્પ સાથે સદ્. બ્રહ્માનંદ સ્વામીએ મંદિરનું કામ આગળ વધાર્યું. એક હરિભક્તને થયું કે વેંત વગર બ્રહ્માનંદ સ્વામી આવડા મોટા મંદિરનો આરંભ કરશે તો કેવી રીતે પહોંચાશે ? મહારાજે તો નાનું મંદિર કરવાની આજ્ઞા કરી હતી અને આવડું મોટું મંદિર કરી મહારાજની આજ્ઞા લોપે છે એટલે તેઓ ગઢપુર ગયા અને વિસ્તારીને મહારાજને બધી વાત કરી.

શ્રીજીમહારાજે સદ્. બ્રહ્માનંદ સ્વામી ઉપર ચિઠ્ઠી લખી કે,

''અપની પહોંચ બિચાર કે, કરીએ તેતી દોડ;
તેતા પાઁવ પસારીએ, જેતી લંબી સોડ.''

''પગ એટલા જ લાંબા કરાય કે જેટલી લાંબી પછેડી હોય, નહિ તો મચ્છર કરડે. એમ આપણી આર્થિક પરિસ્થિતિનો વિચાર કરી તે પ્રમાણે કાર્ય કરજો, જેથી પાછળ નુકસાન ન થાય.''

મહારાજની ચિઠ્ઠી લઈ હરિભક્ત વડતાલ પહોંચ્યા અને સદ્. બ્રહ્માનંદ સ્વામીને મહારાજની ચિઠ્ઠી આપી. પોતે મનમાં વિચારતા હતા કે હવે બ્રહ્માનંદ સ્વામીનો ઉત્સાહ ભાંગી પડશે, પાયા પૂરી દેશે અને મોટું મંદિર કરવાનો સંકલ્પ માંડી વાળશે.

સદ્. બ્રહ્માનંદ સ્વામી તો સદા મહારાજની મરજીમાં વર્તનારા હતા. તેઓ મહારાજની મરજી જાણી ગયા અને કહ્યું, ''મહારાજનું કાર્ય છે ને મહારાજ પૂરું

કરશે.'' એમ કહી એક સાખી લખી,

''સાહેબ સરીખા શેઠિયા, વસે નગર કે માંહી;
તાકું ધનકી ક્યા કમી, જ્યાકી હૂંડી ચલે નવ ખંડ માંહી.''

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન સ્વામિનારાયણ છે, એમના ઘેર ધનની કોઈ કમી નથી. સ્વામિનારાયણ ભગવાનના નામનો નવખંડમાં જયજયકાર થઈ ગયો છે, સિક્કો વાગી ગયો છે; ગમે ત્યારે ગમે તેટલી સેવા કરવા હરિભક્તો તૈયાર છે. અનંતકોટિ બ્રહ્માંડના ધણી અમારી સાથે છે એટલે કોઈ ચિંતા નથી.

શ્રીજીમહારાજ બ્રહ્મમુનિનો વળતો જવાબ સાંભળી રાજી થઈ ગયા. સદ્. બ્રહ્માનંદ સ્વામીનો મંદિર કરવાનો આગ્રહ અને ઉત્સાહ જોઈ મહારાજ અતિ પ્રસન્ન થઈ ગયા અને આશીર્વાદ આપ્યા કે, 'બ્રહ્માનંદ સ્વામીનો મંદિરનો સંકલ્પ જરૂર પૂર્ણ થશે.'

મહારાજે મંદિર કરવાની જવાબદારી સોંપ્યા પછી, મંદિર કરવામાં ઘણા પ્રશ્નોની વણઝાર ચાલુ જ રહી હતી, પરંતુ સદ્. બ્રહ્માનંદ સ્વામીએ મંદિર કરવાની જવાબદારી રસપૂર્વક નિભાવી, તો મહાપ્રભુનો રાજીપો કમાઈ ગયા અને મંદિર કરવાના કાર્યમાં સફળ થયા. સમગ્ર ચરોતર દેશમાં સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થઈ ગયો.

સદ્. બ્રહ્માનંદ સ્વામીની જેમ આપણા શિરે પણ કોઈ જવાબદારી સોંપાય તો ઉત્સાહસભર થઈ, ગમે તેવા સંજોગો કે પરિસ્થિતિમાં પણ રસપૂર્વક જવાબદારી નિભાવવાની પ્રેરણા લઈએ.

આપણું અંગ ન હોય, રસ ન હોય છતાં જે સેવા કે જવાબદારી મળે તે રસપૂર્વક નિભાવીએ તે ખરો સેવકભાવ કહેવાય. કેટલીક વાર આપણને કોઈ સેવા કે જવાબદારી સોંપાય ત્યારે જો આપણું અંગ ન હોય, રસ ન હોય તો તે સેવામાં આનાકાની કરતા હોઈએ છીએ કે સેવા કરવાનો ઈન્કાર કરતા હોઈએ છીએ. ક્યારેક ''આ મારો વિષય નથી, આપણું કામ નહિ'' એવું બોલી જવાબદારીને ઠુકરાવતા હોઈએ છીએ. જ્યાં આવી પરિસ્થિતિનું સર્જન થાય ત્યાં આત્મીયતામાં ભંગાણ થતું હોય છે. ભલે, આપણું અંગ ન હોય, રસ ન હોય પરંતુ સોંપાયેલી સેવાને સવળા વિચાર સાથે ઉત્સાહપૂર્વક ઉપાડી લેવી જોઈએ.

જવાબદારી આપનારા કેટલા વિશ્વાસ સાથે જવાબદારી આપતા હોય અને જો આપણે તેને રસપૂર્વક ન નિભાવીએ તો આપણા ઉપરી વર્ગની કે સમકક્ષ વર્ગની આપણી પાસેની અપેક્ષાઓ પડી ભાંગતી હોય છે. જ્યારે સોંપેલી જવાબદારીને રસપૂર્વક નિભાવીએ તો, રાજીપાના રાજમાર્ગ પર દોડી શકાય છે, જવાબદારી સોંપનારનો સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શકાય છે.

રસપૂર્વક જવાબદારી નિભાવવાના આ વિષયને આપણા સ્વજીવનમાં રસપૂર્વક અનુસરીએ. રસપૂર્વક જવાબદારી નિભાવવાનું અંગ કેળવી સૌને રાજી કરતા થઈએ.

- **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. વાલી તરીકેની ફરજો
૨. વ્હાલા બને વાલીઓ

હેવા–સ્વભાવ ઓળખવા અને ટાળવા

કોઈ પણ વ્યક્તિ સારી છે કે ખરાબ છે, સાધારણ છે કે અસાધારણ છે તેની મુલવણી તેમની પાસેની મિલકતથી, રૂપિયાથી, સત્તાથી, રૂપથી, આવડતથી કે બુદ્ધિથી નથી થતી. વ્યક્તિનો સ્વભાવ જ એના સારા-નરસાપણાનો ખ્યાલ આપે છે. સ્વભાવથી જ સારા બનાય છે અને સ્વભાવથી જ ખરાબ બનાય છે. પડી ગયેલા હેવા-સ્વભાવથી સહજમાં વ્યક્તિમાત્રનું વ્યક્તિત્વ અંકાય છે.

❑ **હેવા-સ્વભાવ એટલે શું ?**

સામાન્ય રીતે ન કરવું હોય તોપણ સહેજે સહેજે થઈ જાય એનું નામ સ્વભાવ.

પોતાના મનની આંતરિક સ્થિતિ અને અનાદિકાળથી એ ઢાળે જ વર્તવાની પડી ગયેલી ટેવને સ્વભાવ કહેવાય.

આધ્યાત્મિક માર્ગમાં જેનાથી મહારાજ અને મોટાપુરુષ ઉદાસ થાય, ઓશિયાળા થાય એવું ન કરવું હોય તોપણ થઈ જાય એનું નામ જ સ્વભાવ.

મનુષ્યમાત્ર સ્વભાવગ્રસ્ત અને સ્વભાવથી ત્રસ્ત હોય છે. અંગ્રેજીમાં એક ચિંતકે કહ્યું છે કે, "Man is a temperamental animal" એટલે કે "મનુષ્ય એ સ્વભાવ યુક્ત પ્રાણી છે."

વાર-તહેવારે ભરાતા નાના-મોટા મેળામાં જુદી જુદી નાતજાતના, કાળા-ગોરા-ઘઉંવર્ણા, ઊંચા-નીચા, જાડા-પાતળા એવા અનેકવિધ માનવીઓનો સમૂહ જોવા મળતો હોય છે. તેમ મનુષ્ય પોતે પણ અનેક સ્વભાવોનો મેળો જ છે. તેમાં સ્વભાવો પણ બે પ્રકારના જોવા મળતા હોય છે : બાહ્યિક સ્વભાવ અને આંતરિક સ્વભાવ. સુખમય જીવનમાં અશાંતિ કરે, અજંપો કરે, દુઃખી કરે, ક્લેશ કરાવે, અરસપરસની પ્રીતિ તોડાવે, મનથી જુદા કરે, અરસપરસની આત્મીયતામાં

ફાચર પાડે એવા સ્વભાવોને બાહ્યિક સ્વભાવો કહેવાય.

મોક્ષમાર્ગમાં વિઘ્ન કરે, મૂર્તિના સુખરૂપી મંજિલ સુધી પહોંચવામાં રુકાવટ લાવી દે એવા સ્વભાવોને આંતરિક સ્વભાવો કહેવાય.

આંતરિક કે બાહ્યિક બંને સ્વભાવો મૂળ તો દુઃખરૂપ જ છે. પોતાનું ધાર્યું કરાવવાનો, જિદ્દી અને હઠીલો સ્વભાવ, બોલબોલ કરવાનો સ્વભાવ, વગર માંગે સલાહ આપવાનો સ્વભાવ, વાતવાતમાં ટોકટોક કરવાનો સ્વભાવ, શંકાશીલ સ્વભાવ, ટોન્ટ મારવાનો સ્વભાવ, ખટપટિયો સ્વભાવ, વાતવાતમાં ખોટું લગાડવાનો, રિસાઈ જવાનો સ્વભાવ – આવા દેહ સાથે જડાયેલા બાહ્યિક સ્વભાવો અને કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મત્સર જેવા જીવાત્મા સાથે જડાયેલા આંતરિક સ્વભાવો જ આપણા પરિવારની કે સત્સંગ સમાજની આત્મીયતાના મારણ બનતા હોય છે.

ઉપરોક્ત સ્વભાવને આધીન થાય ત્યારે જ વાસણ ખખડતાં હોય છે એટલે કે આત્મીયતા તૂટતી હોય છે. આવા સ્વભાવો વ્યક્તિમાત્રમાં વત્તા-ઓછા પ્રમાણમાં રહેલા જ હોય છે અને આવા સ્વભાવથી પર વર્તતા હોય તે તો દેહભાવથી પર થઈ ગયા કહેવાય. પણ હજુ જ્યાં સુધી અવરભાવમાં છીએ ત્યાં સુધી આ સ્વભાવોનો મેળો તો રહેવાનો જ. સામે મહારાજ અને મોટાપુરુષ હોય તોપણ આપણા સ્વભાવ દેખો દેતા હોય છે.

એક વખત એક ગામના હરિભક્તો સંઘે સહિત ગઢપુર મહારાજનાં દર્શને ગયા. મહારાજને સંઘના હરિભક્તોએ રસોઈ આપી અને મહાપ્રભુને સારામાં સારા થાળ બનાવવા પ્રાર્થના કરી. એ વખતે ગઢપુર મંદિરનું બાંધકામનું કામ ચાલતું હતું. તેથી મહારાજે કહ્યું, “હે ભક્તજનો, અત્યારે મંદિરનું કામ ચાલુ છે ને પૈસાની તાણ છે તો તમારી રસોઈના પૈસા કડિયા-મજૂરને આપી દઈએ, એમાં તમારી રસોઈ આવી ગઈ માની લેજો.” સંઘના સૌ હરિભક્તોએ મહારાજની મરજી જાણી, આજ્ઞા સહર્ષ સ્વીકારી લીધી.

સંઘના બધા જ હરિભક્તો મહારાજની મરજી મુજબ પૈસા આપવા તૈયાર થઈ ગયા, પણ સંઘમાં આવેલા એક વાળંદ હરિભક્ત મહારાજની મરજી સાથે સહમત ન થયા અને મહારાજને કહ્યું કે, “આ પૈસામાંથી માલપૂઆ અને દૂધપાકની રસોઈ બનાવી સૌને જમાડો તો અમે રાજી થઈએ.” સંતો-હરિભક્તો સૌએ

મહારાજની આજ્ઞામાં વર્તવા માટે ખૂબ સમજાવ્યા પરંતુ વાળંદ હરિભક્ત પોતાનું ધાર્યું મૂકે જ નહીં. પોતાના નિર્ણયમાં અફર રહ્યા અને મહારાજને વિનંતી ચાલુ જ રાખી.

છેવટે, અંતર્યામી પ્રભુએ સૌ હરિભક્તોને કહ્યું કે, "તમે સૌ હરિભક્તોએ જેટલી જેટલી રસોઈની સેવા કરી હોય તેટલી રકમ આમાંથી પાછી લઈ લો." બધા હરિભક્તો વારાફરતી પોતાની સેવાની રકમ લઈ ગયા. છેવટે માત્ર આઠ આના (૫૦ પૈસા) વધ્યા. મંદ-મંદ હસતા શ્રીજીમહારાજે કહ્યું કે, "ભગત, બોલો હવે આઠ આનામાંથી શાની રસોઈ કરવી ? દૂધપાક કે માલપૂઆ ?"

વાળંદ હરિભક્ત તો ભોંઠા પડી ગયા. પોતાનો ધાર્યું કરાવવાનો, હઠીલો અને જિદ્દી સ્વભાવ સ્વયં મહારાજ આગળ પણ દેખો દીધા વિના ન રહ્યો. સત્સંગમાં રહેવા છતાં સત્સંગના રંગે કરીને સ્વભાવ ન ટળ્યો.

એટલે જ કવિ પ્રીતમે ટાંક્યું છે કે,

"પથરો પડ્યો પાણીમાં, કરીને ઊંડો નિવાસ,
પ્રીતમ ટાંકણે તણખા ઝરે, એને ન લાગ્યો પાણીનો પાશ,
સંગત તેને શું કરે ?"

પથરો કાયમ માટે પાણીની વચ્ચે જ પડ્યો રહે છે, પરંતુ તેને પાણીનો ભેજ જરા પણ અડતો નથી. પરિણામે નદીના પાણીમાંથી બહાર કાઢી બે પથ્થરને સામસામે ટકરાવતાં તણખા ઝરે છે. એમ સત્સંગમાં રહ્યા છતાં, સંતોનો સમાગમ કરવા છતાં, આપણા સ્વભાવને સત્સંગનો ભેજ લાગતો નથી. પરિણામે સમયે તણખા ઝર્યા વિના રહેતા નથી. સ્વભાવની તીક્ષ્ણતા જરા પણ ઓછી થતી નથી. કેટલાકનો તો ગાયનું ભેંસ તળે અને ભેંસનું ગાય તળે કરવાનો ખટપટિયો સ્વભાવ જોવા મળતો હોય છે. આવા સ્વભાવવાળા બંને પક્ષે ઢોલકી બજાવવામાં માહેર હોય છે. કોઈનું ભલું તો જાણે એમની ઍલર્જી બની ગઈ હોય એવું લાગતું હોય છે.

એક ભાઈની દીકરીનું સગપણ એક ટેક્સ્ટાઈલ મિલમાલિકના દીકરા સાથે નક્કી થયું. આ વાતની ખબર તેમના પાડોશીને પડતાં તેમણે તરત જ હાથમાં રિસીવર પકડી રિંગ મારી... ક્યાં ? પેલા મિલમાલિકના ઘેર પાડોશીએ ફોનમાં પિન મારવાની ચાલુ કરી દીધી કે, "તમે સગપણ કર્યું છે, પણ જરા આગળ-

પાછળનું જોઈ-વિચારીને નક્કી કરજો, પછી પાછળથી પસ્તાવું ન પડે. આ તો અમે જોડે રહીએ છીએ એટલે બધુંય જાણીએ છીએ. અમે તો તમારા ભલા માટે વાત કરી છે. પછી તમને જેમ ઠીક લાગે તેમ.''

બીજા દિવસે પાડોશીને ત્યાં બેસવા ગયા અને શુભ સમાચાર પૂછ્યા અને પોતાના સ્વભાવગત વાત કરવા માંડી કે, ''તમે દીકરી માટે નર્યો પૈસો ન જોશો, સંસ્કારનું પણ વિચારજો. પૈસા તો આજે છે ને કાલે નથી, સંસ્કાર તો કાયમ રહેશે. એને લઈને જ જીવન ઊજળું રહે છે. તમે પૈસાદારને ત્યાં સગપણ કર્યું તે સારું જ છે પણ આ તો પાડોશીના નાતે બે ભલામણના શબ્દો કીધા. પછી તમને જેમ ઠીક લાગે તેમ.''

બંને પક્ષે શંકાના કીડા સળવળતા કરી મૂક્યા. બીજા દિવસે સગપણ તૂટી ગયું. આ છે મનુષ્યસ્વભાવની વિચિત્રતા. આવા તો અનેકવિધ સ્વભાવો રંગબેરંગી સ્વરૂપમાં રોજ દેખો દેતા જ હોય છે.

'દુર્ગપુર મહાત્મ્ય'ના ૧૧૧મા અધ્યાયમાં સ્વભાવનું યથાર્થ વર્ણન કરતાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, ''હે ભક્તો, આ જીવ ભગવાનનો ભક્ત હોવા છતાં પણ તે પોતાના જન્મગત સ્વભાવને છોડી શકતો નથી, ભલે તે સ્વભાવ તેને ચિંતા, શોક, ભય અને પીડાથી દુઃખી કરતા હોય. પૂર્વે ખરાબ સ્વભાવને લીધે મોટા રાજાઓ, દેવતાઓ, બ્રહ્માદિ ઈશ્વરો અને તપસ્વીઓ આ બધા મોક્ષમાર્ગથી પડી ગયા હતા. મનુષ્યમાં જો ખરાબ સ્વભાવ હોય તો તે તેને સત્સંગથી પાડી દે છે, અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સંતોષ જેવા ગુણોની દઢતામાંથી પણ પાડી દે છે.

કોઢ જેમ સર્વોત્તમ રૂપસૌંદર્યનો નાશ કરે છે તેમ દુઃસ્વભાવ મનુષ્યની ચોતરફ પ્રસરેલી કીર્તિનો નાશ કરે છે અને ગુણવાન પુરુષના પ્રશંસા કર્યા જેવા સદ્ગુણોનો પણ નાશ કરે છે. જેમ લીમડો પોતાની કડવાશને ક્યારેય છોડતો નથી તેમ દુર્જન પોતાનો સ્વભાવ છોડતો નથી. કૂકડો ભલે હંસનું અનુકરણ કરે છતાં હંસના ગુણ તેનામાં ક્યારેય આવતા નથી. દુરાગ્રહ કરાવનારો સ્વભાવ અજેય છે. ક્ષયરોગની જેમ મનુષ્યોને તે ક્લેશ-કંકાસનું કારણ બને છે.''

મનુષ્યજીવનમાં આવતાં સુખ અને દુઃખનો આધાર એકમાત્ર તેના સ્વભાવ ઉપર છે. પરિવારની આત્મીયતા કે ક્લેશ અને કંકાસનો આધાર પણ સ્વભાવ

ઉપર જ રહેલો છે. કેટલાક દેહ સાથે જડાયેલા ઉપલક સ્વભાવો; જે ક્ષુલ્લક દેખાતા હોવા છતાં પરિવારમાં ક્લેશને જન્મ આપતા હોય છે.

કેટલાકને કહે તેનાથી અવળું જ કરવાનો કે કોઈની વાત કાન ઉપર ન ધરવાનો સ્વભાવ પડી ગયો હોય છે. આ સ્વભાવ જ કેટલીક વાર કંકાસનું મૂળ બની જતો હોય છે.

એક વખત એક ભાઈએ તેમના પાડોશીના આંગણામાં થોડું પાણી ઢોળ્યું. તેમના પાડોશીએ પહેલે દિવસે જોયું પણ કશું બોલ્યા નહીં. પછી તો આ ભાઈનો રોજનો ક્રમ બની ગયો કે સવાર પડે ને પાડોશીના આંગણામાં પાણી ઢોળવું. બે-ત્રણ દિવસ પાડોશી ભાઈ કશું ન બોલ્યા. પછી તેમણે કહ્યું કે, "ભાઈ, અમારા આંગણામાં પાણી ઢોળો છો તેથી કીચડ થાય, મચ્છર થાય, અને અમને તકલીફ પડે છે. માટે ઢોળશો નહીં." પરંતુ, આ ભાઈએ એમની વાત કાને ન ધરીને અવળું કરવાના પડી ગયેલા હેવા પ્રમાણે પાણી ઢોળ્યું. એક દિવસ સવારમાં જ તેમના પાડોશીનો પિત્તો ગયો અને મોટા અવાજે બોલવા માંડ્યું. પછી તો સામસામે ઉગ્ર બોલાચાલી થઈ. આગળ વધતાં મારામારી થઈ ને છેક પોલીસ સ્ટેશને કેસ પહોંચી ગયો. કોર્ટ-કચેરીના ધક્કા ચાલુ થઈ ગયા.

આવા નાનાસરખા સ્વભાવોને ન છોડતાં તે જીવન ખુવાર કરી નાંખે છે. કેટલીક વાર પરિવારના સભ્યો પ્રત્યેનો શંકાશીલ સ્વભાવ જ ઘરમાં ક્લેશનું કારણ બનતો હોય છે. કોઈ વ્યક્તિ ઘરમાં આવે કે જાય, આવવાનું વહેલું કે મોડું થાય અથવા તો બે જણા વાત કરતા હોય તો તરત જ કેટલાક એમને વિષે શંકા ઉત્પન્ન કરીને અવળું વિચારે છે. પરિણામે તેમના પ્રત્યેની વાણી, વર્તન અને વિચારસરણી ત્રણેય બદલાઈ જાય છે અને એકબીજા સાથે સ્નેહના તાંતણે જોડાયેલાં મન જુદાં પડે છે, ક્લેશનો દાવાનળ ભભૂકી ઊઠતો હોય છે.

કેટલાકને બોલબોલ કરવાનો અને વાંકદેખો સ્વભાવ જ પડી ગયો હોય છે. કોઈ બોલાવે કે ન બોલાવે, વા સાથે પણ વાતું કર્યા જ કરે અથવા તો બેઠા બેઠા દરેકની ક્રિયાનું નિરીક્ષણ કરી ક્યાં ભૂલ થાય છે તે જોવાનો અને ટોકટોક કરવાનો કે કટાક્ષમાં મહેણાં મારવાનો સ્વભાવ પણ પરિવારમાં ક્લેશનું કારણ બનતો હોય છે. આવા કંકાસનાં મૂળ સમા હેવા અને સ્વભાવને ઓળખવા. આપણા કયા સ્વભાવને કારણે આત્મીયતામાં ભંગાણ થાય છે તે સ્વભાવને પહેલાં

ઓળખતાં શીખવા.

સ્વભાવને ઓળખીને પછી ટાળવા. ગુલાબના ફૂલ ઉપર ભમરો કે મધમાખી બેઠાં હોય તો શું આપણે તેને ચૂંટવા જઈશું ? ના...ના...જ્યારે ભમરો કે મધમાખી ફૂલ ઉપરથી ઊડે પછી જ તેને તોડીએ છીએ. ન ઊડે તો ઉડાડીએ પછી ફૂલ તોડીએ છીએ. પછી જ એ મહારાજના હસ્તમાં શોભારૂપ બનવાની સેવા કરી શકે છે. આપણામાં પણ અવરભાવના ઘણા ગુણ હોય, પણ જ્યાં સુધી મધમાખી કે ભમરા જેવા સ્વભાવ ટળશે નહિ ત્યાં સુધી આપણે મહારાજની સેવાને લાયક નહિ બની શકીએ, આપણું ભક્તપણું કે સાધુપણું શોભે જ નહીં. દાદાખાચર ઉપર મહાપ્રભુના અનહદ રાજીપાનું રહસ્ય પણ આ જ હતું કે, દાદાખાચરે મહારાજને ન ગમે એવો એકેય સ્વભાવ પોતાનામાં રાખ્યો નહોતો. આપણે પણ દાદાખાચર જેવા થવા, સ્વભાવને ઓળખીએ. મહારાજનો આગ્રહ જોઈ તેને ટાળવા સંકલ્પ કરીએ.

આપણા સ્વભાવ ટાળવાનો આપણને આગ્રહ નથી એના કરતાં અનંતગણો આગ્રહ મહારાજ અને મોટાપુરુષને છે. આપણો એક અલ્પ સ્વભાવ પણ એમને આંખના કણાની જેમ ખૂંચે છે. માટે એ સ્વભાવ ટળાવીને જ રહે છે.

એક દિવસ મૂળજી બ્રહ્મચારી મહારાજને જમાડવા માટે બોલાવવા આવ્યા. મહારાજ સભાની પૂર્ણાહુતિ કરી જમાડવા પધાર્યા. રસ્તામાં ઘોડશાળ આવે. મહારાજે ઘોડશાળમાંથી નીકળતાં જોયું કે આગળ, એક પાર્ષદને ઘોડીએ લાત મારી. પણ, તેમને વાગતાં વાગતાં રહી ગયું. મહારાજને ઘોડીનો આ લાત મારવાનો સ્વભાવ ન ગમ્યો અને કહ્યું કે, “અરર... આ ઘોડી અમારી જોડે રહે છે છતાંય તેનો સ્વભાવ ન ટળ્યો ? બસ, આજે તો ઘોડીનો લાત મારવાનો સ્વભાવ ટળે પછી જ જમીશું.”

સ્વયં ધણી એક ઘોડી જેવા પ્રાણીનો સ્વભાવ ટળાવવા તત્પર બન્યા અને ખુરશી મંગાવી, ઘોડશાળમાં બેસી ગયા. ઘોડીના પગથી થોડે છેટે એક લાકડાનું જાડું થડિયું મુકાવ્યું. અને હસ્તમાં એક લાંબો વાંસ લઈ, ઘોડીની પૂંછડીએ અડાડે. વાંસ અડતાં ઘોડી લાત મારે, પગ થડિયા પર પછડાય. મહારાજે એક, બે, ત્રણ વખત ગોદો મારવાનું ચાલુ રાખ્યું. પગ થડિયા જોડે અથડાવાથી ઘોડીનો પગ છોલાઈને લોહીલુહાણ થઈ ગયો. છેવટે જ્યારે ઘોડીએ લાત મારવાની બંધ કરી

ત્યારે મહારાજને હાશ થઈ, પછી જ મહારાજ જમવા માટે પધાર્યા.

નિકટમાં રહેતા એકમાત્ર પશુના સ્વભાવને પણ મહારાજ ચલવી લેવા તૈયાર નથી તો આપણને સૌને તો મહારાજે પોતાના દીકરા કર્યા છે. પોતાથી બીજા નંબરની અનાદિમુક્તની પદવી આપી છે તો શું આપણા સ્વભાવ મહારાજ ચલવશે ? હરગિજ નહિ ચલવે. સમજીને નહિ છોડીએ તો મહારાજ પરાણે છોડાવશે. માટે સત્સંગ સમાજમાં કે વ્યવહારમાં આત્મીયતામાં નડતરરૂપ સ્વભાવોને ઓળખીએ અને એને ટાળવા માટે કટિબદ્ધ થઈએ. સ્વભાવ ટાળવાના એમના આગ્રહને આપણો આગ્રહ બનાવીએ. સ્વભાવ ટાળવા માટેની કેટલીક ઉપાયરૂપ મહત્ત્વની બાબતોને જીવનમાં ચરિતાર્થ કરીએ.

❑ સ્વભાવ ટાળવાના ઉપાયો :

(૧) પોતાના ખરાબ સ્વભાવોનો સ્વીકાર કરવો :

કલન હાઈટાવર નામના એક ચિંતકે કહ્યું છે કે, “આપણે આપણાં કાર્યોની ભૂલ સુધારવા કરતાં તેનો બચાવ કરવામાં વધુ ધ્યાન આપીએ છીએ.” એટલે કે મારી કોઈ ભૂલ જ નથી, હું નિર્દોષ છું એમ પોતાની જાતને માની ઢાંકી લેતા હોઈએ છીએ. પરિણામે આપણી ગમે તેટલી મોટી સ્વભાવની તીખાશને પણ પારખી શકતા નથી અને પોતાની જાતને સવાશેર માનતા હોઈએ છીએ.

સ્વભાવનું વર્ણન કરતાં જીવનપ્રાણ બાપાશ્રીએ કહ્યું છે કે,

“આ જીવમાં લાખ, કરોડ દોષ હોય ને સાજા દોષનું જ ઝાડ હોય ને એક પણ ગુણ ન હોય તોપણ પોતાને સવાશેર માને એવો અવળો છે. સત્સંગમાં નભ્યો જાય છે તેનું કારણ એ છે જે એને કોઈએ ટોક્યો નથી માટે નભે છે; જો ટોકે તો જતો રહે માટે એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને જેમ ભગવાન ને સંત કહે તેમ કરવું તો દોષમાત્ર ટળી જાય ને મહાસુખિયો થઈ જાય.”

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૪૭

પોતાનામાં રહેલા ખરાબ સ્વભાવને ઓળખવા. ન ઓળખાય તો મહારાજ કોઈને નિમિત્ત કરીને કે મોટાપુરુષ દ્વારા આપણો સ્વભાવ ઓળખાવે તો ત્યાં પોતાના ભૂંડા સ્વભાવનો સ્વીકાર કરવો. એ કોઈ પણ સ્વભાવ ટાળવાની પ્રાથમિક બાબત છે. જો સ્વભાવનો સ્વીકાર જ ન થાય તો ટાળવાનો પ્રયત્ન જ ક્યાંથી થાય ?

(૨) સ્વભાવનું નામું લખવું અને એનાથી થતું નુકસાન જોવું :

શ્રીજીમહારાજે સારંગપુરના ૧૮મા વચનામૃતમાં સ્વભાવ ટાળવાની નામામેળ પદ્ધતિ શિખવાડી છે :

"જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે અને તે એમ વિચારે જે, જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે, એવી રીતે જે સત્સંગ કરીને પોતાનો જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે."

સત્સંગમાં આવ્યા પછી આપણામાં રહેલા સ્વભાવોની તપાસ કરવી કે આ સ્વભાવ મારા જીવનમાં ક્યાં ક્યાં નડતરરૂપ છે ? કયા સ્વભાવે કરીને સત્સંગમાં કે ઘરમાં આત્મીયતા તૂટે છે ? તેની તપાસ કરી ટાળવાનો પ્રયત્ન કરવો. આપણા મનમુખી સ્વભાવોને વશ થઈને આપણી આસપાસમાં રહેતા અન્યના અંતરમાં ઠેસ પહોંચાડતા હોઈએ છીએ. આપણા અયોગ્ય સ્વભાવો જ આપણને આપણા ઘરમાં રહેતા ઘરના સભ્યોનાં પ્રેમ, હૂંફ કે પ્રસન્નતા પામવા નથી દેતા. એકબીજાથી મન જુદાં કરી નાંખે છે માટે આવા નુકસાનથી આપણે અને આપણા પરિવારને બચાવવા માટે, પોતાના સ્વભાવની તપાસ કરી બદલતા થઈએ. અવારનવાર સમયાંતરે આપણા સ્વભાવનું નામું લખો કે આટલા સમયમાં મારા આ સ્વભાવમાં કેટલો અને ક્યાં ક્યાં સુધારો થયો ?

(૩) સ્વભાવને વિષે શત્રુપણું કરવું :

આપણા અયોગ્ય સ્વભાવને ઓળખી એનાથી થતા નુકસાનને જોયા પછી તે સ્વભાવ પરત્વે શત્રુપણું કરવું. ગઢડા મધ્યના ૨૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે,

"અને ભગવાનને ન ગમે એવો કોઈક પોતામાં સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો." શત્રુની પેઠે એટલે કે દુશ્મનાવટ કરવી. શત્રુની પેઠે ત્યાગ કરવાની રીત ગામઠી ભાષામાં શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૫૭મા

વચનામૃતમાં સમજાવી છે કે,

"જેમ કોઈક પુરુષ આપણો મિત્ર હોય ને તે જ પુરુષે આપણા ભાઈને મારી નાખ્યો હોય પછી તે સાથે મિત્રપણું ન રહે અને તેનું માથું કાપવાને તૈયાર થાય, કાં જે મિત્ર કરતાં ભાઈનો સંબંધ અધિક છે, તેમ જો એને પોતાનો સ્વભાવ વર્તમાનમાં ભંગ પડાવીને સત્સંગથી વિમુખ કરે એવો છે, તોય પણ એની ઉપર વૈરભાવ આવતો નથી અને તે સ્વભાવ ઉપર રીસ ચઢતી નથી તો એને સત્સંગમાં પૂરું હેત નથી અને જેવું ભાઈમાં હેત મનુષ્યને છે તેવું જો સત્સંગ ઉપર હેત હોય તો ભૂંડા સ્વભાવને તત્કાળ ટાળી નાખે." આપણા અયોગ્ય સ્વભાવ-પ્રકૃતિએ કરીને જ આપણી ઉપરનો મહારાજ અને મોટાપુરુષનો રાજીપો કપાઈ જાય છે. માટે તેમની સાથે શત્રુપણું કરવું.

સ્વભાવને લીધે જ પરિવારમાં કુસંપનું સર્જન થાય છે. એ જ રાજીપાના માર્ગમાં ગતિ-અવરોધક સમાન છે. તો જે મારી ગતિમાં અવરોધ કરે છે એ સ્વભાવ મારે ન જ જોઈએ. એનાથી જ મારા મહારાજ, મારા ગુરુ ને મારી સંસ્થા લજવાય છે; માટે કોઈ પણ ભોગે એનો ત્યાગ કરવો જ છે. આવી રીતે શત્રુપણું કરવાથી સ્વભાવ ટળે છે.

(૪) સ્વભાવ પરત્વે જાગ્રત રહેવું :

પગમાં વાગેલો કાંટો, દાંતમાં ભરાઈ ગયેલું છોતરું, આંખમાં પડેલો કણ, હાથમાં વાગેલી ફાંસ જ્યાં સુધી ન નીકળે ત્યાં સુધી આપણી વૃત્તિ ત્યાં ખેંચાયેલી જ રહે છે, અખંડ જાણપણું રહે છે કે મારે આ કાઢવાનું છે. ન નીકળે ત્યાં સુધી ચેન ન પડે અને નીકળે ત્યારે જ હાશ થાય. એમ આપણામાં અનાદિકાળથી ઘર કરીને રહેલા હેવા-સ્વભાવો જ આપણને ચેન નથી લેવા દેતા; માટે એને ટાળવા અખંડ જાણપણારૂપી દરવાજે રહેવું. રખે ને સ્વભાવ દેખો ન દઈ જાય તેનું અનુસંધાન રાખવું.

જેમ કોઈના ઘેર આપણે ગયા હોઈએ અને દરવાજા ઉપર બોર્ડ માર્યું હોય કે, "કૂતરાથી સાવધાન" - આ બોર્ડ વાંચતાંની સાથે આપણે સાવધાન થઈ જઈએ છીએ. એટલું જ નહિ, અંદર પેસતાં ચારે બાજુ જોયા કરીએ છીએ અને બીક રહે કે આમથી આવશે કે પેલી બાજુથી આવશે ? અખંડ ભય અને જાણપણું બંને વર્તે છે. એવી રીતે સમય આવે ત્યારે જાણપણું રાખવું. મને મહારાજના

રાજીપાના માર્ગમાંથી પાડશે તો નહિ ને ? એવો અખંડ ભય રાખવો તો સ્વભાવ સહેજે સહેજે ટળે. સ્વભાવ ટાળવા માટે ખરા ખપ, ખટકા અને આગ્રહ સાથે મંડી પડીએ તો મહારાજ જરૂર ભેળા ભળે જ.

મોટામાં મોટો સ્વભાવ એટલે 'સ્વ'નો 'ભાવ'. પોતાપણાનો ભાવ એટલે જ સ્વભાવ. અનેક સ્વભાવોનું મૂળ જ દેહભાવ છે. જો દેહભાવ જ ટળી જાય તો બીજા સ્વભાવો તો ડાળાં-પાંખડાં છે, તે ક્યાંય ઊડી જાય. માટે મહારાજે મારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. દેખાતો દેહ એ અવરભાવ છે અને સ્વભાવ-પ્રકૃતિ પણ દેહનાં છે. દેહ અને આત્મા બંને જુદા છે એટલે દેહથી જુદા પડી પોતાપણાના ભાવને ટાળવા, તો સ્વભાવમાત્ર ટળી જાય છે.

❑ **વિશેષ દૃઢતા માટે :**

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. દુઃખનું મૂળ
૨. આપણી કુટેવો
૩. હરિ ગમતામાં જ રહેવું છે. ભાગ-૧,૨,૩,૪,૫
૪. સાવધાન રહેજો

વૃત્તિ હંમેશાં રાજીપા તરફ રાખવી

કકડીને ખૂબ ભૂખ લાગી હોય એ વખતે આપણે અતિ મહત્ત્વનું કામ કરતા હોઈએ તો, કામ કરતાં કરતાં પણ વૃત્તિ તો રસોડા તરફ જ રહે છે. ક્યારે કામ પતે કે સેવા પતે એટલે જમાડવા જઉં ! ગમે તેટલી કામ કે સેવાની અગત્યતા હોય તોપણ જમવાનું ભૂલી જવાતું નથી. એવી રીતે આપણા જીવનમાં પણ આ એક વાત દૃઢ કરી દેવી કે, અવરભાવમાં, વ્યવહારમાં, સત્સંગમાં સગાંવહાલાં, આડોશીપાડોશી કે મિત્રવર્તુળ જોડે રહેવાનું, એમની સેવા કરવાની, બધું જ કરવાનું પરંતુ આપણી વૃત્તિ હંમેશાં રાજીપા તરફ રાખીને કરવાનું. ભૂખનું જેમ અખંડ અનુસંધાન વગર રાખ્યે, વગર કોઈના કહ્યે રહે જ છે. એવી રીતે મહારાજ અને મોટાપુરુષના રાજીપાનું અખંડ અનુસંધાન રાખવું.

મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ આપણા જીવનની બહુ મોટી મૂડી છે. વ્યવહારમાં કે સત્સંગમાં સદાય સુખિયા રહેવા માટે મહારાજ અને મોટાપુરુષનો રાજીપો ફરજિયાત છે. મહારાજ અને મોટાપુરુષના રાજીપાથી જ આ લોક અને પરલોકમાં પ્રગતિ થાય છે. જેમ ભેંસ ખરીદવા જઈએ ત્યારે દૂધ માટે જ ભેંસ ખરીદીએ છીએ, પરંતુ પોદળા માટે કોઈ ભેંસ ખરીદતું નથી. એ તો ભેંસ ખરીદીએ એટલે દૂધની સાથે પોદળો પણ મફતમાં આવે, આવે ને આવે જ. વગર માંગ્યે આવે. ન જોઈતો હોય તોપણ આવે જ. એવી રીતે મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ ભેંસના દૂધના ઠેકાણે છે. તેમજ આ લોકના કહેવાતા સુખ પોદળાના ઠેકાણે છે. એમનો રાજીપો થાય એટલે મૂર્તિનું સુખ સહેજે મળે જ અને આ લોકનાં સુખ ન જોઈતાં હોય તોપણ આવે જ. એના માટે જુદી પ્રાર્થના કરવી પડે નહીં.

❑ મોટપ કે ગુણ પામ્યાનો ઉપાય :

સત્સંગમાં આજ સુધી જે જે મોટપને કે ગુણને પામ્યા છે તે મહારાજ અને મોટાપુરુષના રાજીપાને લઈને જ પામ્યા છે. પોતાની આવડત, બુદ્ધિ, હોશિયારીથી આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવું શક્ય જ નથી. અવરભાવના ગુણોનો આવિર્ભાવ અને કાયમ ટકવાનું કારણ એકમાત્ર મહારાજ અને મોટાપુરુષનો રાજીપો જ છે. પરભાવમાં સ્થિતિ સુધી પહોંચવાનું કારણ પણ મહારાજ અને મોટાપુરુષનો રાજીપો જ છે. સાધન-અવસ્થામાં મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એટલે જ મૂર્તિનું સુખ. જ્યાં મહારાજ અને મોટાપુરુષનો રાજીપો વરસે છે ત્યાં સાધનકાળની સમાપ્તિ થઈ જાય છે. સુખના માર્ગની શરૂઆત થાય છે. મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ જ સત્સંગનું હાર્દ છે. અવરભાવના કે પરભાવના ગુણ કે મોટપ પામ્યાનો ઉપાય જ મહારાજ અને મોટાપુરુષનો રાજીપો છે.

સંવત ૧૯૧૧માં વડતાલમાં ચાતુર્માસની છાવણી પત્યા પછી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીને બોલાવ્યા અને કહ્યું કે, “મહારાજના સર્વોપરી મહિમાની વાતો સત્સંગમાં થઈ છે પરંતુ હજુ ગ્રંથસ્થ થઈ નથી, તો તમે મહારાજના મહિમાની જેમ છે તેમ વાત લખી, એક પુસ્તક તૈયાર કરો એવી મહારાજની ઈચ્છા છે. એમાં અમારો પણ ખૂબ રાજીપો છે.”

સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારી સંસ્કૃતના મહાન વિદ્વાન પંડિત હતા. પોતાના ગુરુ એવા સદ્. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા થતાં, સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ ‘શ્રીહરિલીલાકલ્પતરુ’ નામે ગ્રંથ લખવાની શરૂઆત કરી. ગ્રંથમાં શ્રીજીમહારાજનો જેમ છે તેમ મહિમા લખવા માંડ્યો. બસો-ત્રણસો પાનાં લખાયાં હતાં. ગ્રંથનું કાર્ય હજુ અડધું પૂરું થયું હતું; પરંતુ ઉંમરના ભાવને લીધે સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીની તબિયત નાદુરસ્ત રહેવા લાગી. તેથી તેઓ ગ્રંથ લખવાનું કાર્ય કરી શકતા નહોતા. તબિયત દિવસે દિવસે વધુ ને વધુ નાદુરસ્ત થતી જતી હતી.

એક દિવસ સાંજે શ્રીજીમહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામી અને સદ્. ગુણાતીતાનંદ સ્વામી સાથે દર્શન આપ્યાં અને કહ્યું, “આજથી ચોથે દિવસે અગિયાર વાગે અમે તમને ધામમાં તેડી જઈશું.” ચાર દિવસ પછી મહારાજ તેડવા આવશે એનો બ્રહ્મચારી મહારાજના હૈયામાં આનંદ સમાતો નહોતો. પરંતુ બીજી બાજુ પોતાના ગુરુની આજ્ઞા પ્રમાણે ગ્રંથ તૈયાર નહોતો થયો તેનો રંજ પણ હતો.

સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીના ૩૧ શિષ્યો હતા, એમાં ૩૦-૩૦ શિષ્યો સંસ્કૃતના આચાર્ય હતા. તેમણે સ્વામીને પ્રાર્થના કરી કે, “દયાળુ, આપ કોઈ ક્ષોભ ન અનુભવશો. તમારા અધૂરા ગ્રંથની સેવા અમે પૂરી કરી દઈશું. આપ જેમ કહો તેમ અમે લખીશું.” પરંતુ સ્વામીને સંતોષ નહોતો.

સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીના ૩૧મા શિષ્ય સદ્. વાસુદેવાનંદ બ્રહ્મચારી જેઓ અવરભાવમાં સાવ અભણ હતા, સંસ્કૃતના ‘સ’ની પણ ખબર નહોતી; પરંતુ સદ્. વાસુદેવાનંદ બ્રહ્મચારીની દૃષ્ટિ નિરંતર પોતાના ગુરુના રાજીપા તરફ જ રહેતી હતી. ગુરુનું અલ્પ વચન પણ જીવનમાં કદી લોપતા નહીં. ગુરુની પાસે રહીને એક એમના રાજીપા સામે નિરંતર દૃષ્ટિ રાખીને, નિર્દોષબુદ્ધિએ, દિવ્યભાવે એમના સંકલ્પોનું, રુચિનું ખૂબ જતન કર્યું હતું. સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીના ઈશારે સદ્. વાસુદેવાનંદ બ્રહ્મચારીને ગુરુની રુચિની ખબર પડી જાય, કારણ કે રાજી કરવાની એક દૃષ્ટિ થઈ ગઈ હતી.

સાંજના સમયે સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીની ચારેબાજુ બધા શિષ્યો બેઠા હતા. બ્રહ્મચારી મહારાજ ખાટલામાં બેઠા થઈ ગયા અને કહ્યું,“વાસુદેવાનંદ, અહીં આવ, અહીં આવ.” વાસુદેવાનંદ બ્રહ્મચારી ખાટલાની બાજુમાં જ બેઠેલા હતા. તેઓ ઊભા થઈને ગુરુની પાસે ગયા ને ખોળામાં માથું મૂકી દીધું. બ્રહ્મચારી મહારાજે બે હાથે ધબ્બો માર્યો અને કહ્યું કે, “વાસુદેવાનંદ, ભલે તું અભણ છે, ભલે તને સંસ્કૃત નથી આવડતું પરંતુ કોઈ સંકલ્પ ના કરીશ. લે, આ ગ્રંથને પૂરો કરવાની સેવા તું કરજે, મહારાજ તારા દ્વારા કામ કરશે.”

ત્રીસેય વિદ્વાન સંતો મોંમાં આંગળાં નાખી ગયા. એ વખતે વાસુદેવાનંદ બ્રહ્મચારીના નિર્દોષ નેત્રમાં હર્ષનાં આંસુ ઊભરાઈ આવ્યાં અને પ્રાર્થી રહ્યા કે, “ગુરુજી, આપ કહો છો એટલે મહારાજ કહે છે. મેરુ પર્વત ચલે, લોકાલોક ચલે, હિમાલય ચલે પરંતુ આપના મુખારવિંદમાંથી નીકળેલા શબ્દો કદી ન ચલે. મહારાજના બળે જરૂર સેવા પૂરી કરીશ. ભલે હું અભણ છું પણ આપ દયા કરી ભેળા ભળજો.” સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ રાજીપો વરસાવતાં કૃપાદૃષ્ટિ કરીને ધબ્બો માર્યો.

સદ્. અચિંત્યાનંદ બ્રહ્મચારી અંતર્ધ્યાન થયા એ જ દિવસે સદ્. વાસુદેવાનંદ બ્રહ્મચારીએ ગ્રંથ હાથમાં લીધો અને આગળ લખવાની સેવા શરૂ કરી. મહારાજને પ્રાર્થના કરી ત્યાં તો અંદરથી પ્રેરણાનો ધોધ છૂટવા માંડ્યો ને કલમ ચાલુ થઈ ગઈ. બસો પાનાંનો અધૂરો ગ્રંથ એક હજાર પાનાં સુધી લખ્યો. શ્રીજીમહારાજના

સ્વરૂપને ઓળખાવનારા ઉત્તમ ગ્રંથની રચના થઈ.

શૂન્યમાંથી સર્જન થયું. અશક્ય શક્ય બન્યું, કારણ મહારાજ અને મોટાપુરુષનો રાજીપો. મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ જ આપણા ઊજળા વર્તમાન અને ઊજળા ભવિષ્યની નિશાની છે. મહારાજ અને મોટાપુરુષની કૃપાએ આપણામાં ગમે તેટલી બુદ્ધિચાતુર્યતા હોય, આવડત હોય, હોશિયારી હોય, પરંતુ મહારાજ અને મોટાપુરુષના રાજીપાની ભૂખ આપણા જીવનમાં લગારેય ઓછી થવી જોઈએ નહીં. જીવનના છેલ્લા શ્વાસ સુધી એમને રાજી કરવા મંડ્યા જ રહેવું. એ રાજી થઈ જાય તો આપણી આધ્યાત્મિક માર્ગની બાજી જીતી જવાય. વગર સાધને, વગર દાખડે મૂર્તિસુખના પાત્ર થઈ જવાય.

❑ તિરાડ પુરાઈ જાય :

ચકોર પક્ષીની નજર હંમેશાં પૂર્ણિમાના ચંદ્ર સામું મંડાયેલી હોય છે. સૂર્યમુખીના ફૂલનું મુખ હંમેશાં સૂર્ય સન્મુખ જ મંડાયેલું હોય છે. મોરની દૃષ્ટિ હંમેશાં મેઘની ઘટા તરફ મંડાયેલી હોય છે. જે મહારાજ અને મોટાપુરુષનું ગમતું હોય તે પોતાનું ગમતું થઈ જાય અને જે ગમતું ન હોય તે ઍલર્જી બની જાય તે ભક્તજીવનની ઉત્તમ દશા છે. જે ભક્તની દૃષ્ટિ મહારાજ અને મોટાપુરુષના રાજીપા તરફ જ નિરંતર મંડાયેલી હોય તે જ પોતાના સ્વભાવને ટાળી શકે છે; દોષો અને અંતઃશત્રુ પર વિજય મેળવી શકે છે.

અવરભાવમાં કદાચ પોતાનાથી વિરુદ્ધ સ્વભાવ-પ્રકૃતિના પાત્ર સાથે બનાડવાનું થાય કે તેના દાસ થવાનું થાય તોપણ રાજીપા સામું નિરંતર દૃષ્ટિવાળા, સરાધાર રાજીપાના માર્ગમાં અવિચળ રહી શકે છે. જેની રાજીપા સામે દૃષ્ટિ હોય તે જ પોતાના અસ્તિત્વનો પ્રલય કરી શકે છે.

એક વખત શ્રીજીમહારાજે મહેમદાવાદના બેચર પંચોલી અને લખીરામભાઈને બોલાવ્યા. બંને હરિભક્તોએ આવીને મહારાજને વિનય વચને પૂછ્યું કે, “મહારાજ, અમારું શું કામ પડ્યું ?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, “બેચર પંચોલી, તમારે અને લખીરામભાઈ બંનેને સીથા ગામ તમારા વેવાઈને ત્યાં એક પુસ્તક લેવા માટે જવાનું છે.”

બેચર પંચોલી અને તેમના વેવાઈને કોઈ વ્યવહારિક બાબતે તકરાર થઈ હતી. તેથી બેચર પંચોલી અને તેમના વેવાઈની વચ્ચે અબોલા હતા. કોઈ દિવસ એકબીજાના ઘેર પ્રસંગોપાત્ત પણ જતા નહોતા. પરંતુ બેચર પંચોલીની દૃષ્ટિ

એકમાત્ર મહારાજના રાજીપા સામે હતી. તેથી તેમણે મહારાજ આગળ કોઈ પણ જાતની આનાકાની કર્યા વગર, આજ્ઞાને સહર્ષ સ્વીકારી લીધી. મહારાજની રજા લઈ તેઓ લખીરામભાઈ સાથે ગામ સીથા ભણી ચાલ્યા.

સીથા પહોંચ્યા અને બેચર પંચોલીના વેવાઈને ત્યાં જઈ કહ્યું કે, ‘‘અમને સ્વામિનારાયણ ભગવાને તમારે ત્યાં પુસ્તક લેવા માટે મોકલ્યા છે, માટે આપો.’’ થોડી વાર તેઓ કંઈ જ બોલ્યા નહીં. પછી કહ્યું કે, ‘‘એ પુસ્તક તો હળવદના શિવરામ જાની વાંચવા લઈ ગયા હતા એટલે એમની પાસે હશે.’’ બેચર પંચોલી અને લખીરામભાઈ સીથાથી સીધા જ શિવરામ જાનીને ઘરે જવા નીકળ્યા. હળવદ પહોંચી શિવરામ જાની પાસે પુસ્તકની માંગણી કરી ત્યારે શિવરામ જાનીએ કહ્યું કે, ‘‘મારી પાસે પુસ્તક છે જ નહીં. એ પુસ્તક તો મેં ક્યારનુંય તેમને હાથોહાથ સોંપી દીધું છે.’’ બંને હરિભક્તો ત્યાંથી પાછા સીથા આવ્યા. સીથા આવીને બેચર પંચોલીએ ફરી વખત તેમના વેવાઈને પુસ્તક આપવા વિનંતી કરી. વેવાઈએ વાતને ફેરવી નાંખી અને કહ્યું કે, ‘‘અરે.. હાં, મેં તો એ પુસ્તક લગભગ વાંકાનેરના બ્રાહ્મણને આપ્યું હોય તેવું લાગે છે, માટે એમની પાસેથી લઈ લો.’’

મહારાજના રાજીપાના પ્યાસી એવા બંને હરિભક્તો ફરી પાછા ત્યાંથી સીધા વાંકાનેર ભણી ચાલ્યા. વાંકાનેર જઈ બ્રાહ્મણ હરિભક્તને પુસ્તક અંગે વાત કરી તો તેમણે પણ શિવરામ જાની જેવો જ જવાબ આપ્યો. આવો જવાબ મળવા છતાં બંનેનાં મુખારવિંદ પર હતાશા કે નિરાશાના કોઈ ભાવ ન દેખાયા. ફરી પાછા ચાલતાં ચાલતાં સીથા ગયા અને વેવાઈ પાસે પુસ્તકની માંગણી કરી ત્યારે તેમણે કહ્યું કે, ‘‘હું તો સાવ ભૂલી જ ગયો હતો. એ પુસ્તક તો મેં મોરબીના મકનજીભાઈને લખવા માટે આપ્યું છે. એટલે લગભગ એમની પાસે જ હશે.’’ બંને હરિભક્તો ત્યાંથી મોરબી જવા નીકળ્યા. મોરબી પહોંચી મકનજીભાઈને ત્યાં ગયા. મકનજીભાઈએ પણ ‘પુસ્તક પાછું આપી દીધું છે’ એવો જ જવાબ આપ્યો. ત્રણ-ત્રણ વારના ધક્કા થયા છતાંય રાજીપાના ભૂખ્યા એવા બંને અતિ શ્રદ્ધાવાન હરિભક્તો પાછા સીથા આવ્યા.

બેચર પંચોલીએ અને લખીરામભાઈએ વેવાઈને કહ્યું કે,‘‘પુસ્તક અમારા માટે નહિ, પરંતુ ભગવાન સ્વામિનારાયણ માટે જોઈએ છે. જો આપવાની

ઇચ્છા ન હોય તો ના પાડી દો, વાંધો નહિ; પણ હવે અમને ધક્કા ન ખવરાવો તો સારું.''

ત્યારે વેવાઈએ લખીરામભાઈને એક બાજુ બોલાવ્યા અને વાત કરી કે, ''પુસ્તક તો મારા ઘરમાં જ છે પરંતુ મારા વેવાઈ (બેચર પંચોલી) અને મારે વ્યવહારિક બાબતે તકરાર થઈ હતી ત્યારથી અમારે કોઈ સંબંધ રહ્યો નથી. તેઓ સમાજમાં આગળ પડતા મોટા માણસ છે અને અમે નાના કહેવાઈએ. સમાજમાં કોઈ અમારી ગણતરી કરતા નથી એટલે હું પુસ્તક આપવાનાં બહાનાં બનાવતો હતો. પણ જો બેચર પંચોલી મને પાંચસો દંડવત કરે તો હું તેમને પુસ્તક આપું.''

લખીરામભાઈએ બધી વાત બેચર પંચોલીને કરી. જેમની વૃત્તિ હંમેશાં શ્રીજીમહારાજના રાજીપા તરફ જ મંડાયેલી હતી એવા ભક્તરાજ બેચર પંચોલી તરત જ બે હાથ જોડી બોલ્યા કે, ''મારે તો પુસ્તક લઈ જઈ મહારાજને રાજી કરવા છે. એના માટે તમે કહેશો તેટલા દંડવત કરવા હું તૈયાર છું.'' આટલું બોલતાંની સાથે બેચર પંચોલીએ તેમના વેવાઈના પગમાં દંડવત કરવા માંડ્યા.

થોડા દંડવત થયા ત્યાં તો બેચર પંચોલીનું નિર્માનીપણું અને રાજી કરવાની ગરજ જોઈ, વેવાઈનું હૃદય દ્રવી ઊઠ્યું. બે હાથે બેચર પંચોલીને પકડી લીધા અને બાથમાં ઘાલી ભેટી પડ્યા. વેવાઈના મુખમાંથી અહોભાવ સાથેના ઉદ્ગારો સરી પડ્યા કે, ''તમે તો ખરેખરા સ્વામિનારાયણ ભગવાનના શિષ્ય છો. ધન્ય હો તમારી મહારાજને રાજી કરવાની ભૂખ અને ગરજને ! ધન્ય હો તમારી આજ્ઞાને અધ્ધર ઝીલવાની તૈયારીને ! લ્યો આ પુસ્તક અને આજથી હું આપણા વચ્ચે જે કંઈ બન્યું હતું તે ભૂલી જાઉં છું. તમે આજના અમારા મહેમાન છો માટે ઘરે ઠાકોરજી જમાડીને જાવ.''

આપણે સમાજમાં, કુટુંબમાં કે સત્સંગમાં કેટલીક વાર આવા અબોલા તોડતા હોઈએ છીએ. સામેના પક્ષની માફી માંગતા હોઈએ છીએ પરંતુ પોતાની ગરજે. જ્યારે બેચર પંચોલીની દૃષ્ટિ મહારાજને રાજી કરવા સામે જ હતી, તો સમાજમાં, વ્યવહારમાં વેવાઈ પોતાનાથી નાના હોવા છતાં તેમને દંડવત કર્યા. મહારાજને રાજી કરવા સામે જ દૃષ્ટિ રાખી તો અરસપરસની આત્મીયતામાં તિરાડ હતી તે પણ પુરાઈ ગઈ. નવા સંબંધો રચાયા અને મહારાજના અત્યંત રાજીપાનું પાત્ર બની ગયા. આપણે પણ વ્યવહારમાં કે સત્સંગમાં કદાચ કોઈને નમી દેવું પડે કે કંઈ જતું કરવું પડે તો કરવું. કોઈનો વાદવિવાદ ન લેવો.

''કોઈ રાજી કરે કે ન કરે, મારે તો મહારાજને અને મોટાને રાજી કરવા જ છે.''

આ વાક્યને આપણા જીવનમાં લક્ષ્યાર્થ કરીએ. કોઈની સામું નજર ન કરતાં આપણા અવરભાવના આ ધ્યેયને પૂર્ણ કરવા નિરંતર મંડ્યા રહીએ.

❑ રાજીપા સામે દૃષ્ટિ રાખવાથી થતા ફાયદા :

(૧) ભાર, ભીડો કે તકલીફ ન લાગે :

એકમાત્ર મહારાજના રાજીપા સામે નિરંતર દૃષ્ટિ રહે તો ગમે તેટલી સેવા હોય તોપણ ક્યારેય સેવાનો ઓવરલોડ (ભીડો) ન લાગે. સૌની સાથે હળીમળી એકમના થઈ સેવા કરી શકાય છે. રાજીપા સામે જ દૃષ્ટિ રાખીએ તો ગમે તેવી વિપરીત પરિસ્થિતિનું નિર્માણ થાય તોપણ તેમાં તકલીફ નથી પડતી. રાજી થકા હસતાં હસતાં સેવા કરી શકાય છે. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજને રાજી કરવા રાજી થકા ૧૯ માંદા સંતોની સેવા કરી એમાં ક્યાંય ભાર, ભીડો કે તકલીફ ન લાગ્યાં. કારણ એકમાત્ર મહારાજને રાજી કરવા સામે નિરંતર દૃષ્ટિ હતી.

(૨) અભાવ-અવગુણથી બચી શકાય છે :

સત્સંગ સમુદાય એટલે સમૂહજીવન. સમૂહજીવનમાં દરેકની મુમુક્ષુતા, સેવા કરવાની ભાવના જુદી જુદી હોય છે. સમૂહજીવન દરમ્યાન જો બીજા શું કરે છે અને શું નથી કરતા તે જોવા જઈએ તો અભાવ-અવગુણની ઊંડી ખાઈમાં પડી જવાય છે. પરંતુ જો આપણી દૃષ્ટિ ફક્ત મહારાજના રાજીપા સામું કરી દઈએ તો ‘કોઈ ગમે તે કરે, મારે મહારાજને રાજી કરવા છે’ આવા વિચારથી અભાવ-અવગુણથી પાછા વળાય છે. બાપાશ્રીએ પણ વાતોમાં શિખવાડ્યું છે કે, “આપણા કરતાં કોઈ ધ્યાન, ભજનભક્તિ ઓછાં કરતો હોય અને આપણે જો વધુ કરતાં હોઈએ તો એવું વિચારવું કે મારે કરવાનું બાકી છે અને એ કરીને આવ્યા છે.” એટલે કે મારે મહારાજને રાજી કરવાના બાકી છે. એવી નિરંતર રાજીપા સામું દૃષ્ટિ રાખીએ તો અભાવ-અવગુણથી બચી શકાય છે.

(૩) સ્વભાવ-પ્રકૃતિ ટળી જાય :

ક્રોધ, લોભ, ઈર્ષ્યા, માન જેવા માનવસહજ કેટલાક સ્વભાવો જ પરિવારની આત્મીયતાનું ખંડન થવામાં કારણરૂપ બનતા હોય છે. પ્રસંગોપાત્ત ન બોલવું હોવા છતાં સ્વભાવને વશ થઈ બોલાઈ જતું હોય છે. ન કરવું હોવા છતાં એવું વર્તન સ્વભાવને કારણે થઈ જતું હોય છે. પરંતુ જો એમાં રાજીપા સામે દૃષ્ટિ રહે તો ગમે તેવા પડી ગયેલા સ્વભાવો પણ ટળી જાય છે. સુરાખાચરે મહારાજના

રાજીપા સામે દૃષ્ટિ રાખી તો તેમનો સ્વાદિયો સ્વભાવ પણ સહજમાં ટળી ગયો. છતાં પરિવારમાં ક્યાંય આત્મીયતાનું ભંગાણ ન થયું.

(૪) મનગમતું મુકાઈ જાય - પાછી વૃત્તિ રહે :

પોતાના ધાર્યા પ્રમાણે પોતે નક્કી કરેલા ઢાંચામાં જ બીજાને ઢાળવાનો સૌ પ્રયત્ન કરતા હોય છે. જ્યાં પોતાના ધાર્યા પ્રમાણે ન થાય, પોતાનું ગમતું ન થાય ત્યાં ક્લેશ અને કુસંપનું વાતાવરણ સર્જાતું હોય છે; પરંતુ જો રાજીપા સામે દૃષ્ટિ નિરંતર મંડાયેલી હોય તો દરેક ક્રિયામાં પાછી વૃત્તિ રહે કે, રખે ને જો હું મારા ગમતા પ્રમાણે વર્તીશ અને બીજાને વર્તાવીશ તો મહારાજ રાજી નહિ થાય. શું હું મારું ગમતું કરવા આવ્યો છું કે એમનું ગમતું કરવા આવ્યો છું ? એમ નિરંતર વૃત્તિ પાછી વળેલી રહે તો પોતાનું ગમતું સહજમાં મુકાઈ જાય.

આધ્યાત્મિક માર્ગમાં જેની વૃત્તિ રાજીપા તરફ નિરંતર મંડાયેલી હોય તેનું જીવન જ બદલાઈ જાય. સૌની સાથે હળીમળીને પ્રેમભર્યું જીવન જીવી શકે. દિન-પ્રતિદિન મહારાજ અને મોટાપુરુષની નિકટ જવાય તેમજ દિવ્યતા અને સુખ-શાંતિનો અનુભવ કરી શકાય.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. રાજીપાનો રાહ
૨. સહજમાં રાજીપો
૩. રાજીપાની રીત
૪. જાગ્રત આત્મા
૫. રાજીપાની ચાવી
૬. રાજીપાનો વિચાર
૭. પૂનમ કથામૃત : ભાગ - ૬૫, ૭૧, ૮૩
૮. પ્રાતઃસભા કથામૃત - ૨
૯. મુમુક્ષુ થઈએ

એકતા

અનાદિમુક્તના મુક્તભાવથી દિવ્યાનંદમાં રહીશું.

સાધનકાળમાં રહેલા દરેક સાધનિક માટે શ્રેયમાર્ગ અને પ્રેયમાર્ગ એક ગાડાનાં બે પૈડાં સમાન છે. જ્યારે બંનેનું સમાંતર સમતુલન થાય ત્યારે જ જીવનયાત્રા સુખરૂપ થાય છે. વ્યવહાર માર્ગમાં એટલે કે ઘર-પરિવારમાં કે સત્સંગમાં અવરભાવમાં સુખિયા રહેવા માટે સંપ-સુહૃદભાવ કેળવવો ફરજિયાત છે. જો અવરભાવમાં સંપ-સુહૃદભાવનાં મૂલ્યો આપણા જીવનમાં સુદૃઢ થયેલાં હોય તો જ એકતા કરી શકાય છે. સંપ-સુહૃદભાવ એ અવરભાવના શબ્દો છે, જ્યારે એકતા એ પરભાવની સમજણ છે.

સંપ-સુહૃદભાવની દૃઢતા તો સમાજમાં રહેનાર, માનવતાનાં મૂલ્યોને વરેલ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. પરંતુ એકતા કરવા માટે સત્સંગ અને સત્સંગમાંય સત્સંગ એવા કારણ સત્સંગના યોગની આવશ્યકતા અનિવાર્ય છે. કારણ કે એકતા એટલે ઐક્ય. ઐક્ય એટલે આપણે બધા એક છીએ. બધાયના દેહ તો જુદા જુદા જ છે ને એમાંય અવરભાવની અટક, નાત, જાત આ બધું તો જુદું જુદું જ છે. એમાં ઐક્ય શક્ય નથી. કાર્ય સત્સંગ આખો અવરભાવનો સત્સંગ છે. એમાં આ બધી અવરભાવની જ સમજણ છે. જ્યારે કારણ સત્સંગ આખો પરભાવનો સત્સંગ છે. એમાં નાત, જાત, અટક આ કશું જ નથી. ત્યાં તો એક જ ઓળખાણ છે : 'હું અનાદિમુક્ત છું, તમે અનાદિમુક્ત છો અને આપણે બધા અનાદિમુક્ત છીએ.' 'આપણે સૌ અનાદિમુક્ત છીએ' આ ઐક્ય કારણ સત્સંગમાં જ છે. કારણ કે, મોટાપુરુષ આત્માને (ચૈતન્યને) વર્તમાન ધરાવી અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપી દે છે. એટલે એવા કારણ સત્સંગના દિવ્ય યોગમાં જ એકતા કરી શકાય.

એકતા એટલે આત્માની એકતા. શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધવાળા સૌ મહારાજના અનાદિમુક્તો જ છે. સૌમાં મહારાજ બિરાજમાન છે એવા ભાવથી દરેક આત્મા સાથે એક થવાય એ જ એકતા.

વાસ્તવિકતા એ કે દેહ અને આત્મા બંને જુદા છે. પરંતુ અજ્ઞાન અવસ્થાએ દેહ અને આત્મા એક મનાઈ ગયા છે. જ્યાં સુધી દેહ-આત્માનું સંમિશ્રણ હોય ત્યાં સુધી સાચા અર્થમાં એકતા થતી જ નથી; જેમ કે, બે કોથળીમાંથી દૂધને એક તપેલીમાં ભેગું કરવું હોય તો દૂધની કોથળીથી દૂધને જુદું પાડવું ફરજિયાત છે. માત્ર એક કોથળી તોડીએ અને બીજી રહેવા દઈએ તોપણ ન જ ચાલે. બંને કોથળીમાંથી દૂધ બહાર નીકળે તો જ એક થાય એવી રીતે જ્યારે સૌને વિષેથી

દેહદૃષ્ટિ ટળે અને એ જ રીતે પોતાને વિષેથી પણ દેહદૃષ્ટિ દૂર થાય તો જ એકતા થાય છે. અને ત્યારે જ અધ્યાત્મ માર્ગની શરૂઆત થાય છે. કારણ કે, અધ્યાત્મ માર્ગ આખો આત્મલક્ષી ખ્યાલ ઉપર આધારિત છે. અધ્યાત્મ માર્ગમાં આત્માની એકતા કરવા માટે સૌથી મોટું અડચણરૂપ હોય તો તે છે દેહદૃષ્ટિ.

દેહભાવ એટલે સર્વે દોષોનો સરવાળો. એટલે જ્યાં સુધી દેહદૃષ્ટિ રહે છે ત્યાં સુધી સૌમાં અને પોતાનામાં પણ દોષો જ દેખાય છે. મહારાજના રાજીપાના માર્ગે આગળ વધવા આપણે જે કાંઈ થોડું કર્યું હોય તે દેહદૃષ્ટિને કારણે ધોવાઈ જાય છે. ઘર-પરિવારમાં કે સત્સંગ સમાજમાં આપણે સમૂહજીવનની વચ્ચે જ રહેવાનું છે. સમૂહજીવનમાં અવરભાવની દેહદૃષ્ટિ ટાળીને પરભાવની દિવ્યદૃષ્ટિ ન કેળવાય તો તે આપણા અધ્યાત્મ માર્ગની યાત્રામાં બહુ નડતરરૂપ સાબિત થાય છે.

જ્યાં સુધી આપણે દેહદૃષ્ટિએ બધાને જોઈશું ત્યાં સુધી એમનામાં દોષ દેખાવાના જ છે. પછી દોષનું જ મનન-ચિંતન થયા કરે. એમને વિષે નકારાત્મક પૂર્વાગ્રહ બંધાઈ જાય. એમનામાં કોઈ સારા ગુણ હોય તોપણ ન દેખાય. છેવટે એમનામાં પરઠેલા દોષ આપણામાં આવી જાય અને આપણા દોષમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય.

દેહદૃષ્ટિને કારણે જ્યાં ત્યાં જેની તેની કસરો જોવાની ટેવ પડી જાય; પોતાનું સ્વ-નિરીક્ષણ કરી જ ન શકે. સંપૂર્ણ બહારવૃત્તિ થઈ જાય અને આંતરમુખી દુનિયા તરફ જઈ ન શકાય.

જ્યાં સુધી દેહદૃષ્ટિ રહે ત્યાં સુધી મારા-તારા, પારકા-પોતાના આવા દેહના ભાવો રહ્યા જ કરે છે. જેને પરિણામે અહમ્-મમત્વના ભાવ વધુ દૃઢ થતા જાય છે; હુંસાતુંસી ને સ્વાર્થવૃત્તિ વધતી જાય છે.

દેહદૃષ્ટિ રહે ત્યાં સુધી દેહની જ શુશ્રૂષા થયા કરે. દેહના પાલનપોષણના જ વિચારો આવ્યા કરે. પછી તેના માટે સ્વ-કેન્દ્રિત વલણ થઈ જાય. પરહિતનો વિચાર જ ન આવે, જેના પરિણામે આત્મીયતામાં તિરાડ પડે છે.

અનાદિકાળથી દેહદૃષ્ટિએ જ સૌને જોવાની પ્રૅક્ટિસ (ટેવ) પડી ગઈ છે. એટલે સત્સંગમાં આવ્યા પછી પણ સામેવાળાના દોષ જ દેખાય છે. કોઈને વિષે ક્રોધી, માની, ઈર્ષાળુના કે અન્ય દોષોના ભાવ દેખાય છે. પરંતુ જો એટલી જ

સ્પષ્ટતા થાય કે ખરેખર આ જે કંઈ દોષ દેખાય છે તે દોષ-સ્વભાવ બધા એના દેહના છે. એના આત્માને તો અનાદિમુક્ત કર્યો છે. મારે તો એ આત્મા સાથે લેવાદેવા છે, એના દેહ સાથે નહીં. અને આત્માને વિષે તો કોઈ દોષ છે જ નહિ એવા નિર્દોષ આત્માને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. એના સંપૂર્ણ કર્તા મહારાજ છે. તો પછી મહારાજને વિષે વળી કેવો દોષ ? આવી સમજણ કેળવાય તો જ સાચા અર્થમાં એકતા થાય. જેમ મહારાજને વિષે દિવ્યભાવ રહે છે એટલે એમને વિષે કોઈ સંકલ્પ થાતો નથી તેમ તેમના વ્યતિરેક સંબંધવાળા સંતો-ભક્તોને વિષે પણ પુરુષોત્તમરૂપનો ભાવ કેળવવાનો છે; તો જ પોતાને વિષેથી દેહભાવ ટળે. અને તો જ મૂર્તિનું સુખ મળે છે.

શ્રીજીમહારાજે ભગવાનના ભક્તને વિષે પરભાવની દૃઢતા કરાવવા કહ્યું છે કે, “જેમ ભગવાનમાં મોહ ન થાય તેવી જ રીતે ભક્તમાં પણ જેને મોહ ન થાય, અને ભગવાનના ભક્ત બ્રહ્મરૂપ (પુરુષોત્તમરૂપ) છે, દિવ્ય પ્રકાશે યુક્ત છે, એમ સમજે તેનો મોક્ષમાર્ગ નિર્વિઘ્ન બની જાય છે. ભગવાનના ભક્તમાં જ્યાં સુધી પ્રાકૃતભાવ આવે છે ત્યાં સુધી તે પ્રાકૃતભક્ત કહેવાય.”

માટે સૌને વિષેથી પ્રાકૃતભાવ એટલે કે દેહદૃષ્ટિ ટાળીને તેમને વિષે પુરુષોત્તમરૂપની દૃષ્ટિ થાય તો જ આપણો શ્રેયમાર્ગ નિર્વિઘ્ને પાર પડે છે, અને સૌને વિષે એકતા થાય છે.

સૌને વિષે આવી સાચી એકતા કેળવવા માટે પ.પૂ. સ્વામીશ્રીએ એક જ ઉપાય સંકલ્પ પ્રાર્થનામાં સૂચવ્યો છે કે,

“દીકરા-દીકરી ઘરનાં સભ્યો, અનાદિમુક્ત મનાવજો;
મારાં છે એ ભાવ ભૂલીને, તવ અર્થે જિવાડજો.”

આ સમજણ શું છે ? તો સૌને વિષેથી દેહની દૃષ્ટિ ખોટી કરીને પુરુષોત્તમરૂપની દૃષ્ટિથી એકબીજાનો સ્વીકાર કરવો; એ જ સાચી એકતા છે.

❑ આત્માની સાચી એકતા કરવાથી મુખ્ય બે ફાયદા થાય છે.

(૧) કોઈના દોષ જ ન દેખાય :

સૌને વિષે અનાદિમુક્ત છે એવો ભાવ દૃઢ થાય, જેથી તેમના કોઈ દોષ દેખાતા જ નથી. કારણ કે દોષ જોતાંની સાથે જ એવું સમજાય છે કે આ એના

દેહના દોષ છે. એનામાં કોઈ દોષ નથી. એવી નિર્દોષ દૃષ્ટિ મળે છે. તેથી તેમનામાં જે સારા ગુણનાં દર્શન થાય તેને જોઈ શકાય છે. એ ગુણો લેવાથી દિવસે દિવસે આપણા દેહના દોષો ટળતા જાય છે અને ગુણો આવતા જાય છે.

(૨) માયિક હેત ન થાય :

પુરુષોત્તમરૂપ એવા અનાદિમુક્તના ભાવથી સૌમાં મહારાજનાં દર્શન કરીએ તો તેમાં દેહધારી જીવો જેવું માયિક હેત નથી બંધાતું; કોઈને વિષે આસક્તિ નથી થતી; વાસનાના કે માયાના કોઈ ભાવ ઊઠતા નથી. વળી, પંચવિષય સંબંધી સુખને ભોગવવાની પણ ઇચ્છા નથી રહેતી. સંસારમાં રહેવા છતાં વિરક્ત અવસ્થા વર્તે છે.

આવી સુખની સરિતારૂપ એકતાને આપણા પરિવારના સભ્યોમાં તથા સત્સંગમાં દૃઢ કરવા માટેના મુખ્ય બે ઉપાય છે :

(૧) અભાવ, અવગુણ અને અમહિમાથી રહિત થવું

(૨) પરભાવની દૃષ્ટિ કેળવવી

આ બંનેને ક્રમશઃ સમજીએ.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. જ્ઞાનસત્ર-૪ : રાજીપાનો રાજમાર્ગ

અભાવ, અવગુણ અને અમહિમાથી રહિત થવું

એકતા એટલે એક જ, ત્યાં બીજું કોઈ નહીં. એકમાત્ર શ્રીજીમહારાજ જ રહે. વ્યતિરેકના સંબંધવાળા સૌમાં મહારાજનાં દર્શન કરવાં છે, એકતા કરવી છે એવો દૃઢ સંકલ્પ કરીએ છીએ; છતાં એકતા કરવાના સંકલ્પમાં અવરોધો ઊભા થાય છે, આંધી આવે છે ને સંકલ્પનાં પૂર ઓસરી જાય છે. આ અવરોધ અને આંધી એટલે જ 'અભાવ, અવગુણ અને અમહિમા'.

જેમ કુંભારે ઘડી ઘડીને સુંદર માટલું તૈયાર કર્યું હોય પરંતુ જો અંદર માત્ર એક કાંકરી આવી જાય તો એ કાંકરી માટલાને ફોડી નાખે છે, એમ મહારાજ અને મોટાપુરુષ કથાવાર્તા કરીને આપણને સુંદર માટલા જેવો આકાર આપે છે. પરંતુ અભાવ, અવગુણ અને અમહિમારૂપી કોઈ એક કાંકરી આવે છે ત્યારે આપણું માટલું ફૂટી જાય છે. આ અભાવ, અવગુણ અને અમહિમારૂપી મહાદોષ આપણને સૌમાં મહારાજનાં દર્શન કરવા દેતો નથી. આપણા રાજીપાના માર્ગમાં રુકાવટ લાવી દે છે. આપણી પ્રગતિને થંભાવી દે છે અને ઉદ્વેગ-અશાંતિનું સામ્રાજ્ય ફેલાવી દે છે. આ મહાદોષ આપણા માટે મહાદુઃખરૂપ હોવા છતાં આપણે એ દોષની મિત્રતાથી ટેવાઈ ગયેલા છીએ. આપણા રોજબરોજના જીવનમાં સાહજિક ગુણો વર્તવાને બદલે આ દોષ વધુ સાહજિક વર્તતો હોય છે.

એક વખત ફિલૉસોફર પ્રો. મૂરેએ (Moore) ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓના માનસવિચારોની પરીક્ષા કરવા માટે એક પ્રયોગ કર્યો હતો. પ્રો. મૂરેએ વિદ્યાર્થીઓના દેખતાં એક સફેદ બોર્ડ ઉપર કાળું ટપકું કર્યું. ત્યારબાદ થોડી વાર પછી વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછ્યો કે, "બોર્ડમાં શું દેખાય છે ?" ત્યારે બધા જ વિદ્યાર્થીઓએ એકસાથે કહ્યું કે, "બોર્ડ ઉપર કાળું ટપકું દેખાય છે." ત્યારે પ્રો. મૂરેએ વિદ્યાર્થીઓને કહ્યું કે, "બધાએ કાળા ટપકા વિશે જ કહ્યું પરંતુ કોઈએ

બોર્ડ સફેદ છે તેમ ન કહ્યું. તમને બધાને બોર્ડનો સફેદ રંગ ન દેખાયો.''

આપણા જીવનમાં પણ આવું કંઈક બનતું હોય છે. બોર્ડનો સફેદ રંગ એટલે આપણી નજીકના વર્તુળમાં રહેલા સત્સંગીબંધુઓના કે પરિવારના સભ્યોના ગુણો કે જેને આપણે ઓછા પકડી શકીએ છીએ. જ્યારે તેમનામાં અનેક ગુણો હોવા છતાં ક્યાંક એકાદ કાળા ટપકા સમાન અવગુણ કે દોષ હોય તો તે આપણી આંખે જલદી ચડે છે. અને એ સામાન્ય કસરને આપણે બહુ મોટી કસર માની લઈએ છીએ, જેથી ગુણના બદલે દોષ જ આપણી દૃષ્ટિમાં આવે છે.

બે મિત્રો ફરતાં ફરતાં દરિયાકિનારે પહોંચ્યા. દરિયાકિનારે જઈ એક મિત્રએ બીજા મિત્રને કહ્યું કે, ''આ દરિયો કેટલો વિશાળ છે ! એના પેટાળમાં મોતીના ઢગલા છે. પરંતુ તેનું પાણી કેટલું ખારું છે ? જો દરિયામાં ખારાશ જ ન હોય તો ? દરિયો તેની ખારાશ છોડી દે તો તેનું પાણી પિવાય તો ખરું !'' ત્યાંથી બંને મિત્રો બગીચામાં આવ્યા. બગીચાની સુંદરતા નિહાળતાં એક તાજું ખીલેલું ગુલાબી રંગનું ગુલાબ દેખાયું. બંને મિત્રો ગુલાબ પાસે પહોંચ્યા. ત્યારે પેલો મિત્રે બીજા મિત્રને કહ્યું, ''આ ગુલાબ કેટલું સુંદર છે ! પણ કેવા કાંટાળા છોડ પર ઊગે છે ? કાંટા જ ન હોય તો તેનું સોના જેટલું મૂલ્ય ગણાત.'' બગીચામાંથી ફરી સાંજે ઘરે આવ્યા. ઘરે રાત્રે બહાર આંગણામાં બેઠા હતા. પૂનમના ચંદ્રની શીતળતા ચારે તરફ છવાઈ રહેલી હતી. એવામાં પેલો મિત્ર બોલ્યો કે, ''આ ચંદ્રમા પર કેવા ડાઘ છે ? ડાઘ ન હોય તો ચંદ્ર કેવો ધોળો દૂધ જેવો લાગે !''

મિત્રની વાત સાંભળતાં છેવટે હવે પેલા મિત્રએ કહ્યું કે, ''ભાઈ, તને દરિયાની વિશાળતા ન દેખાઈ પણ તેની ખારાશ દેખાઈ; ગુલાબની સુંદરતા અને સુગંધ ન દેખાઈ પણ નાના કાંટા તને ખૂંચ્યા અને હવે તું ચાંદનીની શીતળતા માણવાને બદલે ચંદ્રના પણ ડાઘ જુએ છે ! એનાથી ફાયદો શું ? એના કરતાં એનામાં જે સારું છે તે લઈશ તો તારું જીવન પણ દરિયા જેવું વિશાળ, ગુલાબ જેવું સુગંધથી મઘમઘતું અને ચંદ્રની ચાંદની જેવું શીતળ બનશે.''

આવી અવગુણ જોવાની દૃષ્ટિ જ આપણને કોઈના ગુણ જોવા દેતી નથી. અભાવ-અવગુણ જોવાની દૃષ્ટિને પરિણામે આપણામાં જે કાંઈ ગુણ હોય તે પણ સાફ થઈ જાય છે. ક્યાંક આપણો આવો અભાવ-અવગુણ જોવાનો સ્વભાવ આપણા મોક્ષમાર્ગમાં પણ અડચણરૂપ સાબિત થાય છે. અવગુણનું મનન જ આપણને મારી નાખે છે. એટલે જ શ્રીજીમહારાજે વરતાલના ૧૨મા વચનામૃતમાં

કહ્યું છે કે,

"ભગવાનનો (સંતો-ભક્તોનો) અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્ર જેવો હતો, પણ પાછો અમાવસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે." અર્થાત્ તે શૂન્ય થઈ જાય છે.

આપણામાં ક્યાંક આવી અન્યનાં કાળાં ટપકાં જોવાની દોષદૃષ્ટિ પેસી ન જાય તેનો ખ્યાલ રાખીએ. કેટલીક વાર આપણને આપણા ગુણના માને કરીને પણ સામેનાનો અવગુણ આવતો હોય છે. ક્યારેક આપણું ધાર્યું ન થાય, આપણે નક્કી કરેલા ઠરાવ પ્રમાણે કાર્ય ન થાય કે કોઈ વ્યક્તિ વાતને સ્વીકારે નહિ તો તેનો પણ અવગુણ આવતો હોય છે. ક્યારેક કોઈ વ્યક્તિ પ્રત્યેની ઈર્ષ્યાની અગનજાળમાં બળતા હોઈએ ત્યારે પણ તેનો અવગુણ આવતો હોય છે. આપણા સ્વજીવનમાં ક્યાંક આવા અભાવ-અવગુણ લેવાના પડી ગયેલા સ્વભાવને કારણે સૌમાં મહારાજનાં દર્શન કરી શકાતાં નથી. પરિવારના સભ્યો વચ્ચે એકતા રાખી શકાતી નથી. પરિવારમાં સંપ, સુહૃદભાવ અને એકતાની કેવી અદ્ભુત ઘનિષ્ઠતા હોવી જોઈએ તેની શીખ આપણને એક પરિવારના જીવંત પ્રસંગ ઉપરથી મળે છે.

વર્ષો પહેલાંની આ વાત છે. એક નગરમાં ચાર વણિક ભાઈઓ રહેતા હતા. આ ચાર ભાઈઓ તેમનાં માતાપિતા તથા પુત્ર-પરિવાર સાથે હળીમળીને રહેતા હતા. પરંતુ તેમના ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ દુર્બળ હતી. આર્થિક પરિસ્થિતિને સુધારવા પ્રભુ-પ્રસન્નતા સિવાય બીજો કોઈ ઉપાય હવે બચ્યો નથી એવું જાણી ચારેય ભાઈઓએ જંગલમાં જઈ તપથી પ્રભુને પ્રસન્ન કરવા વિચાર્યું.

એક દિવસ ચારેય ભાઈઓએ જંગલની વાટ પકડી. જંગલમાં એક પર્ણકુટિર બનાવી ચારેય ભાઈઓએ નિવાસ કર્યો. તપ અને પ્રભુભક્તિ સાથોસાથ દેહનિર્વાહ કરવો પણ જરૂરી હતો. એટલે ચારેય ભાઈઓએ સેવા વહેંચી લીધી. સૌથી મોટા ભાઈએ કહ્યું કે, "હું જંગલમાંથી લાકડાં વીણી લાવીશ." બીજા નંબરના ભાઈએ કહ્યું કે, "હું નગરમાં ઝોળી માંગવા જઈશ." ત્રીજા ભાઈએ કહ્યું કે, "હું પાણી લાવીશ તથા રસોઈ બનાવીશ." ચોથા ભાઈએ કહ્યું કે, "હું વાસણ સાફ કરીશ તથા પર્ણકુટિર સાફ કરીશ." આવી રીતે સેવાની વહેંચણી કરી, ચારેય ભાઈઓ તપશ્ચર્યા અને પ્રભુભક્તિ સાથે આત્મીયતાથી દિવસો પસાર કરી રહ્યા હતા.

ચારેય ભાઈઓમાં રહેલી એકતાના પરિણામે એક દિવસ ભગવાને વનવાસીનું રૂપ લઈ ચારેયની પરીક્ષા લેવાનું વિચાર્યું. ભગવાન વનવાસીનું રૂપ લઈ પહેલાં લાકડાં વીણવાવાળા ભાઈ પાસે ગયા અને કહ્યું કે, "તું ભલે તારા ભાઈઓ માટે લાકડાં વીણવાની મજૂરી કરે છે પરંતુ તારા ભાઈઓ તારા વિષે ખરાબ બોલે છે અને તારું સારું ઈચ્છતા નથી." એમ અભાવ, અવગુણ ને અમહિમાની વાતો કરવા પ્રયત્ન કર્યો. પરંતુ આટલું સાંભળતાં જ લાકડાં વીણતાં વીણતાં તે બોલ્યો, "અરે ! મારો ભાઈ મારા માટે આવું બોલે જ નહીં. અને કદાચ કંઈ કીધું હોય તોય મારો ભાઈ છે. તમે કોણ અમારી વચ્ચે તિરાડ ઊભી કરનારા ? ખબરદાર મારા ભાઈ માટે એક પણ શબ્દ બોલ્યા છો તો ! આ દુનિયામાં મારે મન મારા ભાઈથી અધિક કોઈ નથી. માટે તમે રસ્તો ભૂલ્યા." આવો સણસણતો જવાબ સાંભળી વનવાસી વેશે આવેલા ભગવાન ત્યાંથી નીકળી ગયા અને બીજા ભાઈ પાસે નદીએ ગયા. એમ વારાફરતી ભિક્ષા માંગનારા અને પછી પર્ણકુટિરમાં રહેતા ભાઈ પાસે ગયા.

ચારેયને એકબીજાના અભાવ, અવગુણ ને અમહિમાની વાત કરવા માંડી. પણ આશ્ચર્યની વાત તો એ બની કે, ચારેય પાસેથી એક જ જવાબ મળતો રહ્યો. ચારેય ભાઈ પોતાના ભાઈઓ માટે પોણી સોળઆની વાત સાંભળવા તૈયાર નહોતા. મને કરીને જરાપણ ક્ષોભ કે છેટાપણું દેખાતું નહોતું. તેમની વચ્ચે આવી અનોખી એકતા જોઈ ભગવાન પ્રસન્ન થઈ ગયા અને તેમના ઈચ્છિત મનોરથ પૂર્ણ કર્યા અને તેમને પોતાના ઘરે પાછા ફરવા કહ્યું.

આ ચારેય ભાઈઓ તો માત્ર લૌકિક અને દૈહિક નાતે બંધાયેલા હતા. છતાંય એકબીજા પ્રત્યે કેવી એકતા ! જ્યારે આપણને તો મહારાજે કારણ સત્સંગમાં લીધા છે. બધાયને અનાદિમુક્ત કર્યા છે. સૌના કર્તા મહારાજ છે આવું જાણવા અને સમજવા છતાંયે ક્યાંક આપણને કોઈ અભાવ, અવગુણ ને અમહિમાની વાત કરવા આવે તો 'કુહાડાને મળ્યા હાથા' એની જેમ ભેગા ભળી જઈએ છીએ અને મહારાજના ભાવે સૌનાં દર્શન કરી શકતા નથી. એટલે જ 'અભાવ, અવગુણ ને અમહિમારૂપી' રસ્તેથી પાછા વાળતાં કહ્યું છે કે,

"સરખે સરખા ભેગા મળીને, પાપનાં પોટલાં ન ભરીએ;
પોતાના દોષો કાઢીને, રુચિમાં ડગ ભરીએ."

કદાચ કોઈ અમહિમાની વાતો કરવા આવે તો તેના ભેગા ન ભળી જતાં

સૌનો મહારાજના ભાવે મહિમા સમજી, સામેવાળાને મહિમાસભર કરીએ અને આપણે પણ મહિમાસભર થઈએ. અમહિમાની વાતમાં ભેગા ભળવાથી આમેય આપણને કંઈ મળવાનું તો નથી જ. એવી વાતમાં ભેગા ભળવાથી વાત કરનાર સાથેના આપણા સંબંધ સારા થશે. પરંતુ મહારાજ અને મોટા સાથેના સંબંધ બગડશે. કારણ એમાં એમનો રાજીપો નથી. માટે ખૂબ વિવેકપૂર્ણ પગલું ભરવું.

ગાણિતિક સિદ્ધાંત પ્રમાણે (–) x (–) = + થાય. બે નેગેટિવ કે બે માઈનસને ભેગા કરીએ તો પરિણામ પૉઝિટિવમાં આવે એટલે કે પ્લસમાં આવે છે. અભાવ, અવગુણ ને અમહિમાની વાતનો જ જો આપણા જીવનમાં અભાવ કરીએ તો પરિણામ સ્વરૂપે સૌમાં મહારાજનાં દર્શન થાય જ, અર્થાત્ પૉઝિટિવ રિઝલ્ટ મળે છે. અભાવનો અભાવ કરતાં ફલશ્રુતિ રૂપે ગુણનો વરસાદ થાય છે. સાથે રહેવાનું હોય, સાથે સેવા કરવાની હોય, એમાં ક્યાંક કોઈનાં સ્વભાવ-પ્રકૃતિ કે મન આપણાથી જુદાં પડે; પરંતુ ત્યાં આપણી એકતા ખંડિત ન થવા દેવી. નહિ તો અભાવ, અવગુણ ને અમહિમાની વાત એ એક પ્રકારનો સડો છે. જેમ કોઈને કીડિયારાનો રોગ થયો હોય તે શરૂઆતમાં જ જો તેની આંગળી કાપી નાખે તો રોગ અટકી જાય, પરંતુ જો ત્યાં એટલેથી અટકે નહિ તો આખા શરીરમાં રોગ પ્રસરી જાય છે. એમ આ અભાવ, અવગુણ ને અમહિમાની વાત પણ એવી છે. જો એક વાર એમાં ખૂંપ્યા તો પૂરું થઈ જાય. શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે કે, "અંતે જાતાં જીવનો નાશ કરે છે."

અભાવ-અવગુણની શરૂઆત અને તેનો અંત કેવો હોય છે તેનું યથાર્થ વર્ણન કરતાં પ.પૂ. સ્વામીશ્રીએ 'હરિને ગમે એવા થવું જ છે' પુસ્તિકાના ૮૩મા કૃપાવાક્યમાં કહ્યું છે કે, "પહેલાં કોઈનાય વિષે અવગુણનો સંકલ્પ ઊઠે. એથી આગળ વધતાં તેનો અભાવ આવે. તેનું મનન થાય એટલે આંટી બંધાય. આંટી બંધાય એટલે તેને વિષે ઈર્ષ્યા, વેર-ઝેર અને માન બધું જ આવે. અંતરમાં ઉદ્વેગ, મૂંઝવણ, અશાંતિ વગેરેને બોલાવવા ન પડે. ભગવાનની જોડેય સુખ ન આવે. જીવવું બેકાર લાગે. મારું કે મરી જઉં એટલે પહોંચાય. માટે અવગુણનો સંકલ્પ પણ ન કરવો. એ ઝેર છે. એનાથી છેટા રહેવું સારું. શાસ્ત્રમાં પંચમહાપાપથી છૂટ્યાનો ઉપાય છે પણ અભાવ-અવગુણથી તથા દ્રોહથી છૂટ્યાનો કોઈ ઉપાય નથી. તેનાથી તો જીવ નાશ પામે છે. બીજું ઓછું આવડશે તો ચાલશે પણ

કોઈનોય અપરાધ ન થઈ જાય તે માટે ખૂબ સાચવવું.'' એટલે જ કીર્તનમાં કહ્યું છે કે,

''પંચમહાપાપથી છૂટાય, અપરાધથી છૂટાય નહિ;
બીજું ઓછું થશે તો ચાલશે, અપરાધ કોઈનો થાય નહીં.''

સાપ સુંવાળો લાગે છે છતાંય ક્યારેય અડવાનું મન થતું નથી. ઝેર કેવું લાગે ? તેની ખબર નથી, છતાંય તેને ચાખવાની ઈચ્છા થતી નથી. કારણ કે, એની ભયંકરતાને સારી રીતે જાણીએ છીએ. એમ આ અભાવ-અવગુણની ભયંકરતા કાળા નાગના ઝેર જેવી છે તેને ઓળખીએ અને તેનાથી દૂર રહીએ.

ક્યારેક જોડે રહેનારા પરિવારના કોઈ સભ્યો કે સત્સંગીબંધુના અવરભાવમાં આપણી સાથે સેટ ન થાય એવા સ્વભાવ હોય, તોપણ એમનો અવગુણ અંદર નહિ પેસવા દેવાનો, કારણ કે તેઓ મહારાજના વ્યતિરેકના સંબંધવાળા છે. કદાચ કોઈનું વર્તન એવું લાગે તો તેનાથી છેટા રહેવું પણ અભાવ-અવગુણની ખાઈમાં તો ન જ પડીએ. સૌની સાથે બનાડતા - મિત્રતા કરતા થઈશું, સૌની સાથે સેટ થઈશું તો તેમનો અવગુણ નહિ આવે.

કમળનું ફૂલ તળાવના કીચડમાં જ ઊગે છે, પરંતુ કમળને તળાવના કીચડ સાથે મિત્રતા છે તેથી કીચડમાં પણ તે ખીલી ઊઠે છે. એમ, કદાચ કોઈના સ્વભાવ આપણી જોડે સેટ ન થાય તોપણ તેમની સાથે બધું ભૂલી જઈને આત્મીયતા કરવા પ્રયત્ન કરીશું તો ઘરરૂપી તળાવમાં આપણે કમળના ફૂલની જેમ ખીલી શકીશું.

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૬૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ''ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે; એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.''

એટલે કે સૌમાં મહારાજનાં દર્શન કરવાં; તો તેમને વિષે અભાવનો સંકલ્પ ઊઠે જ નહીં.

જેમ કોઈ વ્યક્તિને આપણે પહેલી જ વાર જોઈ હોય અને એ વખતે આપણને બાજુવાળા એમ કહે કે, ''તમને ખબર છે કે, આ BPL કંપનીના માલિક છે અને ૫૦૦ કરોડ રૂપિયાના આસામી છે.'' આ વાત થયા પછી જ્યારે જ્યારે આપણે એ વ્યક્તિને જોઈએ ત્યારે એવા ભાવથી જ જોઈએ કે આ ૫૦૦ કરોડ રૂપિયાના આસામી છે હોં. એ વખતે કોઈ યાદ ન કરાવે તોપણ તેમના પ્રત્યેનો અભિગમ

અને વર્તણૂક બંને બદલાઈ જાય છે. તેમ મહારાજના વ્યતિરેક સંબંધમાં આવેલા સંતો-ભક્તો પણ બહુ સમૃદ્ધિવાળા છે. તેમના કર્તા મહારાજ છે. માટે કોઈના અભાવ-અવગુણમાં ન પડવું. આમ, અભાવ-અવગુણની થતી સ્થિતિ સંદર્ભે કહ્યું છે,

"સૌમાં મહારાજ બિરાજમાન છે, અવગુણ કોનો લઈએ ?
મહારાજનો અવગુણ લઈને, ક્યાં જઈને પછી ઠરીએ ?"

❑ અભાવ-અવગુણ ટાળવાના ઉપાય :

અભાવ-અવગુણ ટાળવાના સરળમાં સરળ પાંચ ઉપાય પ.પૂ. સ્વામીશ્રીએ 'હરિને ગમે એવા થવું જ છે' પુસ્તિકામાં કૃપાવાક્ય નં. ૮૭માં દર્શાવ્યા છે.

(૧) ગુણ જોવા અને ગુણનું મનન કરવું :

બહુધા આપણને જેમનો અવગુણ આવતો હોય તેમનો જો ક્યાંક દોષ દેખાય કે ધોળું-મોળું વર્તન દેખાય તો તરત જ તેને પકડી લઈએ છીએ અને તેના અભાવ-અવગુણમાં ઊંડા ઊતરી જઈએ છીએ. પછી એનું જ મનન કરીએ છીએ જેનાથી આ દોષની તીક્ષ્ણતા વધતી જાય છે. જેમ આપણે કૅલેન્ડર ખરીદીને લાવીએ છીએ ત્યારે તેનો ગોળ રોલ વાળેલો હોય છે. તેને સીધું કરવા માટે આપણે તેની વિરુદ્ધ દિશાએ ગોળ વાળીએ છીએ... એવું જ અહીં કરવાનું છે. જેનો અવગુણ આવતો હોય તેના જ ગુણને શોધવાના, એના જ ગુણનું મનન કર્યા કરવાનું... તો અભાવ-અવગુણ મૂળમાંથી ટળી જાય. જેનો અવગુણ આવતો હોય તેના ગુણ જ જોવા, ગાવા ને મનન કરવું એ જ તેનું મારણ છે. તેથી જ તો કહ્યું છે,

"ગુણો સૌના જોયા કરવા, તો ગુણો આપણામાં આવે;
ઈર્ષ્યા, આંટી, પૂર્વાગ્રહ ને ઉદ્વેગ સર્વે ભાગી જાવે."

(૨) પોતાની જાતને પૂછતા રહેવું :

કોઈના અભાવ-અવગુણ આવે તો તરત જ પોતાની જાતને પ્રશ્ન પૂછવો કે કોઈનો અભાવ-અવગુણ લેનાર હું કોણ ? હું ક્યાં સંપૂર્ણ દોષથી રહિત છું ? મારામાં પણ અનંત દોષનો ઢગલો છે તો મને બીજાના દોષો જોવાનો, અભાવ-અવગુણ લેવાનો કયો અધિકાર છે ? આપણામાં જ ગણાય નહિ એટલા દોષો પડ્યા છે. આપણા પોતાના જ દોષોને જોઈએ તોય બીજાના દોષોને જોવાનો

સમય જ ના મળે. માટે ક્યાંક કોઈનામાં સહેજ સંકલ્પ ઊઠે કે તરત જ પોતાની જાતને પ્રશ્ન પૂછીને પાછા વળી જવું.

(૩) બીજાનું કશું નહિ જોવાનું :

ન્યાયાધીશને કેસનો ચુકાદો આપવાનો હોય એટલે બંને પક્ષનું જોવું પડે, સાંભળવું પડે. પણ આપણને મહારાજે ક્યાં કોઈના કાજી કર્યા છે ? આપણને ક્યાં કોઈનું જોવાની-સાંભળવાની જવાબદારી સોંપી છે ? માટે કોઈના દોષમાં ઊંડા ન ઊતરવું.

પ.પૂ. સ્વામીશ્રી ઘણી વખત કહેતા હોય છે કે, ‘‘પારકી ક્રિયા, પારકા દોષ, પારકી આકૃતિ અને પારકા સ્વભાવ આપણે જોવાં જ નહીં.’’ જો જોઈએ તો એમને વિષે સંકલ્પ થાય ને ! સૌના માત્ર ગુણ જ જોયા કરવાના. જેટલા ગુણો જોઈશું એટલા જ આપણામાં ગુણો આવશે અને અવગુણ ટળી જશે.

(૪) મહારાજ ને મોટાપુરુષ આગળ નિષ્કપટ થવું :

કોઈ સંત કે હરિભક્તને વિષે અભાવ-અવગુણનો સંકલ્પ થાય અને જો પોતાના વિચારના બળે કરીને ટળે નહિ તો તેની મોટાપુરુષ આગળ કબૂલાત કરી લેવી. મોટાપુરુષ આગળ નિષ્કપટ થઈ જવું. જો એવો સંકલ્પ ન કહીએ તો લોયાના ૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજે તેને કપટી કહ્યો છે. મોટાપુરુષ આગળ આવેલા અભાવ-અવગુણની કબૂલાત કરવાથી આપણે અંદરથી ખાલી થઈ જઈએ અને મોટાપુરુષ આપણને ગુણથી ભરી દે.

(૫) જેનો અવગુણ આવ્યો હોય તેની દાસભાવે માફી માંગવી :

અભાવ-અવગુણમાંથી મુક્ત થવાનો શ્રેષ્ઠ ઉપાય એટલે જેના વિષે અભાવ-અવગુણના સંકલ્પ થતા હોય તેની જ દાસભાવે માફી માંગી લેવી. માત્ર માંગવા ખાતર નહિ, અંતરથી સાચા ભાવે તેમની માફી માંગવી કે, ‘‘દયાળુ, મને આપને વિષે આવો અભાવ-અવગુણનો સંકલ્પ થઈ ગયો છે તો મને માફ કરજો, રાજી રહેજો.’’ અને ફરી એ બાબતે ખટકો રાખી મંડ્યા રહીએ તો મહારાજ જરૂર ભેળા ભળે અને અભાવ-અવગુણરૂપી ગંદી ગટરના પાણીમાંથી આપણને બહાર કાઢી લે.

સૌમાં મહારાજનાં દર્શન કરવામાં નડતરરૂપ એવા અભાવ, અવગુણ ને

અમહિમારૂપી મહાદોષને તિલાંજલી આપીને મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાના માર્ગે આગળ વધીએ ને નિરંતર પ્રાર્થના કરતા રહીએ કે,

“તવ ચરણની રજ બનું, હું સૌમાં તારાં દર્શ કરું,
ઉકાખાચર જેવા થવું, આપને ગમે એવું પાત્ર કરજો.”

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. ઘર એક મંદિર
૨. કારણ સત્સંગની સમજણ
૩. ભલામણ
૪. ભક્તને દુઃખ શાથી ?
૫. જ્ઞાનસત્ર-૩ : અવરભાવ-પરભાવની સમજણ - દિવસ-૧
૬. જ્ઞાનસત્ર-૩ : અવરભાવ-પરભાવની સમજણ :
આજ્ઞા એટલે આજ્ઞા - દિવસ-૨
૭. જ્ઞાનસત્ર-૩ : અવરભાવ-પરભાવની સમજણ :
બ્રહ્મચર્યનું મહત્ત્વ - દિવસ-૩
૮. જ્ઞાનસત્ર-૫ : સંધ્યા સેશન : સૌમાં મહારાજનાં દર્શન કરીએ - દિવસ-૧

પરભાવની દૃષ્ટિ કેળવવી

અવરભાવના શૂન્યાવકાશમાંથી જ પરભાવનું સર્જન થાય છે. ત્યારપછી જ પરભાવની દૃષ્ટિ અને આત્માની એકતા થાય છે. પંચભૂતાત્મક ચર્મચક્ષુએ અનુભવાય, દેખાય અને સમજાય છે તેનું વાસ્તવિક સમ્યક્‌દર્શન (સાચું યોગ્ય જ્ઞાન) એટલે જ પરભાવની દૃષ્ટિ.

આંખ તો અવરભાવની એની એ જ રહે, વ્યક્તિ કે વસ્તુ પણ એની એ જ રહે પરંતુ સમજણ બદલાઈ જાય. એ સમજણ બદલીને જોવું એનું નામ પરભાવની દૃષ્ટિ.

કારણ સત્સંગના યોગમાં આવનાર સૌ અનાદિમુક્તો જ છે, છતાં દરેકને જુદા જુદા અનુભવ થાય છે કારણ કે દૃષ્ટિનો ભેદ છે. જેમ કે, વનવગડાનાં ઘટાદાર વૃક્ષ જોતાં કવિ પ્રકૃતિના સૌંદર્યની કવિતાઓ રચી નાંખે છે. કઠિયારાને તેમાં રોજી-રોટીની લાકડાની ભારી દેખાય છે. સુથારને તેમાં ખુરશી-ટેબલ ને ફર્નિચર દેખાય છે. ખેડૂતને તેમાં ચૂલાનું બળતણ લાગે છે.

ઘટાદાર વૃક્ષ તો એનાં એ જ હતાં પરંતુ તેને જોનારની દૃષ્ટિના ભેદ પડતાં તેનાં સ્વરૂપો પણ બદલાઈ ગયાં. એમ, સત્સંગમાં જો સૌને વિષે પરભાવની દૃષ્ટિ થઈ જાય એટલે કે મહારાજનાં દર્શન થાય તો અનાદિમુક્ત સિવાય કશું જ ન રહે.

❑ કારણ સત્સંગનો આગવો દૃષ્ટિકોણ :

આત્માની એકતા કેળવવા માટે વ્યક્તિ, વિચાર અને સ્થળને વિષેથી અવરભાવની સમજણ ટાળી પરભાવની દૃષ્ટિ કરવી.

(૧) વ્યક્તિ :

કારણ સત્સંગ એટલે શુદ્ધ પરભાવ જ્યાં મહારાજ અને મુક્ત આ બે જ રહે છે. વર્તમાનકાળે મહારાજ આપણને પ્રતિમા સ્વરૂપે દર્શન આપે છે. મહારાજ સંવત ૧૮૩૭માં પ્રગટ થયા અને સંવત ૧૮૮૬માં ગયા. હવે અક્ષરધામમાં દિવ્ય તેજોમય રૂપે જ છે અને અત્યારે પ્રતિમા સ્વરૂપે છે. આવો અવરભાવ ટાળી મહારાજ સદા દિવ્ય તેજોમય સ્વરૂપ જ છે. એમને વિષે આવવા-જવાનો કે મનુષ્યપણાનો તથા પ્રતિમાપણાનો એવો કોઈ ભાવ છે જ નહીં. માટે સૌપ્રથમ મહારાજને વિષેથી અવરભાવ ટાળી પરભાવની દૃષ્ટિ કરવી. મોટાપુરુષ, સંતો-ભક્તો અને પોતાને વિષેથી અવરભાવ ટાળી પરભાવ પ્રસ્થાપિત કરવો.

મોટાપુરુષ અવરભાવમાં દેખાય છે મનુષ્ય જેવા, પરંતુ એ દેખાતો અવરભાવ તેમનું વાસ્તવિક સ્વરૂપ નથી. મોટાપુરુષ તો અખંડ મહારાજની મૂર્તિમાં રહે છે. તેમના સંપૂર્ણ કર્તા મહારાજ જ છે. માટે પરભાવની દૃષ્ટિ કેળવી મોટાપુરુષમાં મહારાજનાં દર્શન કરવાં, તો જ મોટાપુરુષ સાથે પરભાવની એકતા એટલે કે આત્મબુદ્ધિ થાય, એમને વિષે કદી તર્ક-કુતર્ક કે સંશય ન થાય, ક્યારેય મોટાપુરુષ થકી મન નોખું ન પડે. એમને વિષે સદાય દિવ્યભાવ રહે.

સંતો-ભક્તો સૌ મહારાજના અનાદિમુક્તો છે. શ્રીજીમહારાજનો નંબર પહેલો અને અનાદિમુક્તોનો નંબર બીજો છે એટલે કે મહારાજથી બીજા નંબરના છે. અવરભાવમાં દેખાય છે અન્ય જગતના જીવ જેવા જ, પરંતુ તેમના ચૈતન્યને શ્રીજીમહારાજે અનાદિમુક્ત કર્યો છે, જેનું પ્રમાણ શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના બીજા વચનામૃતમાં સમ ખાઈને કહ્યું છે કે, “જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદ્રિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વ હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.”

એટલે કે સમગ્ર અનાદિમુક્તોનો જ સમાજ છે એવું માત્ર બોલીએ છીએ

પરંતુ વાસ્તવિકતાએ સમજાતું નથી એટલે તેમને વિષે દોષબુદ્ધિ રહે છે. કોઈને દેખીને આનંદ થાય છે તો કોઈને દેખીને શોક થાય છે. ક્યાંક રાગ થાય છે તો ક્યાંક દ્વેષ થાય છે. પરંતુ જો તેમનું પરભાવનું મહાત્મ્ય સમજાય અને સૌમાં મહારાજનાં દર્શન થાય તો તમામ પ્રશ્નોનું નિરાકરણ આવી જાય છે. જ્યાં પરભાવના મહાત્મ્યનું પ્રગટીકરણ થાય છે ત્યાં પોતાની ન્યૂનતા સહેજે સ્વીકારાઈ જાય છે.

આઝાદી માટે સત્યાગ્રહની ચળવળ ઉપાડવા ગાંધીજી દેશભરમાં ફરતા હતા. એક વખત ગાંધીજી ટ્રેનમાં જઈ રહ્યા હતા. ટ્રેનનો ડબો થોડી વારમાં ભરાઈ ગયો અને ટ્રેન ઊપડી. રસ્તામાં બીજા સ્ટેશનેથી એક મુસાફર ગાંધીજીને મળવા જવા માટે ટ્રેનમાં ચઢ્યા. ડબામાં બધા મુસાફરો પોતાની સીટ પર બેઠા હતા જ્યારે ગાંધીજી એકલા સૂતા હતા. અજાણ્યા મુસાફરે ગાંધીજીને હલબલાવીને જગાડ્યા અને કહ્યું, “ભલા માણસ, મેં પણ ટિકિટ લીધી છે. માટે મને બેસવા જગ્યા આપો.” ગાંધીજી કશું બોલ્યા વગર બેઠા થઈ ગયા અને તેને જગ્યા કરી આપી.

આગળના સ્ટેશને ટ્રેન ઊભી રહી ત્યારે રેલવે સ્ટેશન પર હજારોની જનમેદની ગાંધીજીને આવકારવા આવી હતી. તેમણે ગાંધીજીનું ખૂબ ભાવભર્યું સ્વાગત કર્યું. આ બધું જોઈને પેલો મુસાફર તો ડઘાઈ જ ગયો. એકદમ દોડીને તેણે ગાંધીજીના પગ પકડી લીધા અને પોતાની અક્ષમ્ય ભૂલને માફ કરવા ખૂબ આજીજી કરી.

ટ્રેનમાં ચડેલા મુસાફરને એ વખતે જે ગાંધીજી મળ્યા હતા એ જ ઊતર્યા પછી હતા, છતાંય તેનો તેમના માટેનો ભાવ બદલાઈ ગયો. કારણ આ જ કે એમને એવું સમજાયું કે એ દેશના રાષ્ટ્રપિતા ગાંધીજી છે. એવી જ રીતે સૌ સંતો-ભક્તો આપણને દેખાય મનુષ્ય જેવા જ, પરંતુ મહારાજના અનાદિમુક્તો જ છે એવો તેમના પરભાવનો વાસ્તવિક ખ્યાલ આવશે ત્યારે આપણો અહમ્ ઓગળી જશે અને પરભાવ તરફ પ્રગતિ થશે.

સંતો-ભક્તોને વિષે પરભાવની દૃષ્ટિ કેળવવાની અદ્ભુત રીત દર્શાવતાં પ.પૂ. સ્વામીશ્રી ઘણી વાર કહેતા હોય છે કે, “અમે તમને કોઈને દેહધારી નથી દેખતા કે અમને અવરભાવની કોઈની આકૃતિ દેખાતી નથી. કોઈનાં સફેદ કે ભગવાં કપડાં પણ દેખાતાં નથી. બસ, તમે પણ બધા મહારાજના અનાદિમુક્તો છો અને તમારા સૌમાં મહારાજનાં દર્શન કરું છું.” આ વાતમાં વિશ્વાસ અપાવવા

સમ પણ ખાય છે. કેવી સૌને પરભાવની દૃષ્ટિએ નિહાળવાની તેમની દિવ્યદૃષ્ટિ છે !!

આ ઉપરાંત પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, ''અમારી પાસે હજારો મુમુક્ષુઓ આવી પોતાના આંતરિક દોષની કબૂલાત કરતા હોય છે. કચરો ઠાલવતા હોય છે. ભૂલોનો એકરાર કરી નિષ્કપટ થતા હોય છે. બધાનું બધું જ જાણતા હોવા છતાં તેમને વિષે અમને કદી દોષબુદ્ધિ થતી નથી. તેઓ મહારાજના અનાદિમુક્તો જ છે. આ ભાવ કદી નથી ભુલાતો. દોષ દેખાય છે તે તો દેહના છે. પણ હકીકતે તો તેઓ મહારાજના મુક્તો જ છે આ ભાવ રહ્યા કરે છે. એવી સમજણ રહ્યાનું એક જ કારણ છે કે અમારી દૃષ્ટિ એમના દેહ તરફ નથી, એમના આત્મા તરફ છે ને એમના આત્માને મહારાજે અનાદિમુક્ત કર્યો જ છે તે વાત અમે નિશ્ચે માનીએ છીએ.''

પ.પૂ. સ્વામીશ્રીની આવી પરભાવની દૃષ્ટિ કેળવવાની રીતને આપણી કરવી. પરિવારમાં અને સત્સંગ સમાજમાં સૌને મહારાજના ભાવથી નિહાળીએ તો સદાય સુખ રહે.

મહારાજ અને મોટાપુરુષે કૃપા કરીને આપણને કારણ સત્સંગમાં જન્મ ધરાવી અનાદિમુક્ત કર્યા જ છે. છતાં મૂર્તિનું સુખ અનુભવાતું નથી કે દેહના દોષ ટળતા નથી. તેનું મુખ્ય કારણ એક અને માત્ર એક જ છે જે, શ્રીજીમહારાજે ગઢપુરમાં એભલખાચરના દરબારમાં જણાવ્યું હતું કે, ''અમારું ધામ સર્વોપરી છે તેના નિવાસી આ સર્વે હરિજન છે (અનાદિમુક્તો છે). આવી બુદ્ધિ જેને સદા હોય તેને માન આવતું નથી. હરિજનોને આ લોકના સમજે છે (અવરભાવ પરઠે છે) તેના હૃદયમાં કામ, ક્રોધ, લોભનાં પૂર આવ્યા કરે છે, તેમાં તે તણાયા કરે છે ને અધર્મ વંશથી દુઃખી થાય છે. હરિજનોને પરસ્પર અભાવ આવે છે તેનું કારણ લૌકિકભાવ છે. સંતો બાઈ-ભાઈ, બ્રહ્મચારી, પાળાઓ સર્વેને એકબીજામાં જ્યાં સુધી પ્રાકૃતભાવ હશે ત્યાં સુધી સત્સંગ કરવા છતાં સુખ નહિ આવે.

સત્સંગરૂપી સર્વોપરી ધામમાં દિવ્ય મુક્તો સાથે નિવાસ થયો એટલે સંત, વર્ણી, હરિજન બધા જ એક ઘરના પરિવારજન થયા. એમ સમજી એકમન રાખીને સર્વે વર્તે તો ક્લેશનું નામ ન રહે.''

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૧, તરંગ-૮૭

જેમ મીઠાના અગરમાં મીઠું જ પાકે; ત્યાં અનાજ ન જ પાકે. સોનાની ખાણમાં સોનું જ પાકે; ત્યાં હીરા ન જડે - એમ કારણ સત્સંગમાં સુખનાં ખેતર છે. જ્યાં અનંત અનાદિમુક્તો શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ જ લે છે ત્યાં કોઈ દેહધારી હોઈ જ ન શકે.

એક વખત સદ્. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય સદ્. બાલમુકુંદદાસજી સ્વામી વિચરણ કરતાં કરતાં મેંદરડા ગામમાં પધાર્યા હતા. સંતો સાથે તેઓ મંદિરે ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા. એ વખતે ગામના એક બાપાએ સદ્. બાલમુકુંદદાસજી સ્વામીને પ્રાર્થના કરી કે, “સ્વામી, મારે તમને એકલા મળવું છે.” સ્વામી બાજુના રૂમમાં બાપા સાથે એકલા ગયા. બાપા સ્વામીની આગળ રડી પડ્યા. સ્વામીને પ્રાર્થના કરી કે, “દયાળુ, મારે ૭૦-૭૫ વર્ષ થયાં પરંતુ મને કામવાસના ખૂબ નડે છે. માટે કંઈક દયા કરી વાસના ટળે એવો ઉપાય બતાવો.” સ્વામી બાપાની સામું જોઈ રહ્યા. થોડી વાર બાપાની સામું જોયા બાદ સદ્. બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, “ભગત, અમે કહીએ એમ કરશો ?” “હા સ્વામી, આપ જેમ કહેશો તેમ કરીશ.” “તો આવતી કાલથી આ જુવાનિયા હરિભક્તો જે મંદિરમાં ભજનભક્તિ કરતા હોય તેમની ફરતે મહારાજના મુક્તો છે એવા ભાવથી પ્રદક્ષિણા કરવાની. જાવ તમારી વાસના બળી જશે.”

બાપા તો સ્વામીના શબ્દો સાંભળી એકદમ અવાક થઈ ગયા અને કહ્યું, “સ્વામી, આ મુનિયો ને ટિનિયો ને કાનિયો બધાં છોકરાંઓ તો મારા ખોળામાં રમીને મોટાં થયાં છે અને એમની હું પ્રદક્ષિણા કરું ? ના...ના... સ્વામી, એ નહિ બને.” બાપાનો ઉત્તર સાંભળી સ્વામી રાજી ન થયા. સ્વામીએ કહ્યું કે, “બાપા, જ્યાં સુધી સૌને વિષે દેહદૃષ્ટિ છે ત્યાં સુધી તૂટીને મરી જાવ તોય વાસના નહિ ટળે. પહેલાં સૌને વિષેથી અવરભાવની દૃષ્ટિ ટાળી પરભાવની દૃષ્ટિ કરો. તેમને વિષેથી છોકરાપણાનો ભાવ ટાળીને મુક્તભાવ દૃઢ કરો.”

સદ્. બાલમુકુંદદાસજી સ્વામીએ બાપાને પ્રદક્ષિણા કરવાની આજ્ઞા કરી... તો શું માત્ર પ્રદક્ષિણા કરવાથી વાસના ટળી જાય ? ના...ના...ના... હરગિજ ના ટળે. એ બધા મહારાજના અનાદિમુક્તો છે. એમના કર્તા સ્વયં મહારાજ છે એમ તેમને વિષે મહારાજના સંબંધનો ભાવ પરઠીને જો પ્રદક્ષિણા થાય તો જ વાસના ટળે.

જેમ ભિખારી શબ્દ બોલતાં બોલતાં આપણી આંખ સામે ભિખારીનું દશ્ય ખડું થાય છે. પોલીસમૅન શબ્દ બોલતાં પોલીસની આકૃતિ નજર સમક્ષ ખડી થઈ જાય છે. કેરી શબ્દ બોલતાં આંખ સામે કેરી દશ્યમાન થઈ જાય છે. એવી રીતે 'અનાદિમુક્ત' શબ્દ બોલતાંની સાથે મહારાજની મૂર્તિ વિઝ્યુલાઇઝ કરવાની ટેવ પાડી દઈએ તો આ પરભાવની દૃષ્ટિ કરવી સરળ બની જાય.

આપણા પરિવારના સભ્યો કે સત્સંગ સમુદાયમાં કાલે સવારે નવા આવનાર હરિભક્તો સૌ શ્રીજીમહારાજના અનાદિમુક્તો જ છે. જો એમનામાં મહારાજનાં દર્શન થાય તો એમની સર્વે ક્રિયામાં આનંદ વર્તે. કોઈની સાથે આંટી ન બંધાય કે કોઈનો પણ અભાવ ન આવે.

જેમ રાજાનો કુંવર હોય એ ગમે તેવાં ચરિત્ર કરે, કોઈને મારે કે પછી અનીતિ કરે તોપણ તેના વિષેથી રાજાનો કુંવર છે એવો ભાવ મટતો નથી કે આંટી પણ બંધાતી નથી. ઉપરથી કુંવરને જોઈ બધા રાજી થાય છે કારણ કે તે રાજાનો દીકરો છે એટલે કે આવતી કાલનો રાજા છે. એમ, અનાદિમુક્તો એ શ્રીજીમહારાજના દીકરા જ છે. માટે એમને વિષે મહારાજના ભાવથી દર્શન કરીએ તો જેવી ભાવના રાજાના કુંવરને વિષે વર્તે છે તેવી ભાવના મહારાજના અનાદિમુક્તોને વિષે વર્તે.

જેતલપુર મધ્યે શ્રીજીમહારાજે સંતો-હરિભક્તોની સભામાં આ જ વાત પોતાના અંતરનું રહસ્ય કહી સમજાવી છે કે,

"પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો હરિજન સહુ;
અતિ રહસ્ય એકાંતની, એક વાલપની વાત કહું;
આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઈંદુ છે."

- ભક્તચિંતામણિ : પ્રકરણ-૭૬

મહારાજના વચનમાં વિશ્વાસ રાખી સૌમાં મહારાજનાં દર્શન કરવાનો દઢ સંકલ્પ કરીએ.

પોતાને વિષેથી પણ દેહના ભાવ ભૂલવા અને 'મને પણ અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે' આ ભાવ કેળવીએ તો જ સત્સંગની પૂર્ણાહુતિ થાય. જો મોટાપુરુષને વિષેથી તથા સંતો-ભક્તોને વિષેથી અવરભાવ ટળી જાય અને

મહારાજનાં દર્શન થાય તો પોતાને વિષેથી અવરભાવ ઑટોમૅટિક ટળતો જાય છે. એ વિના એકલો પોતાને વિષેથી અવરભાવ ક્યારેય ન ટળે.

(૨) વિચાર :

જેમ કોઈ ધનનો લાલચુ મનુષ્ય હોય તેને નિરંતર દ્રવ્યના જ વિચાર આવે છે. કામી પુરુષ હોય તો તેને સ્ત્રીના જ વિચાર આવે છે. એવી જ રીતે અનાદિમુક્તને મૂર્તિના સુખના જ વિચાર આવે. મૂર્તિના સુખ સિવાય બીજું કંઈક મેળવવાના, પામવાના, જગતમાં મોટા થવાના, સારા દેખાવાના વિચાર આવતા હોય તો તે અવરભાવના વિચાર છે જેના કારણે ઈર્ષ્યા, દેખાદેખી થાય છે. આ દેહધારીના વિચાર છે. જ્યારે આપણને અનાદિમુક્ત કર્યા છે તો એક મૂર્તિના સુખના જ વિચાર કરવા. એમાં જ મગ્ન રહેવું.

દેહધારીને દેહ અને દેહ સંબંધિત પદાર્થને વિષે મમત્વભાવના વિચારો આવે છે. આટલું મારું છે અને હજુ આટલું મારું કરી લઉં એવા જ વિચારોમાં રાચ્યા કરતા હોઈએ તો આપણે હજુ દેહધારી જ છીએ. અનાદિમુક્તને એક મહારાજ જ મારા રહે છે, ત્યાં મારું-તારું, સારું-નરસું, સુખ-દુઃખ, હર્ષ-શોક આવાં દ્વંદ્વો રહેતાં નથી. અવરભાવનાં આવાં દ્વંદ્વોથી પર થતાં એકતા સહજ થઈ જાય છે.

(૩) સ્થળ :

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં પરભાવની દૃષ્ટિ કરાવી છે કે,

"આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી." એટલે કે તમે સૌ અમારી મૂર્તિમાં જ છો. આ ગઢડું પણ નથી અને દાદાના દરબારની ઓસરી પણ નથી. એમ સ્થળને વિષેથી પણ અવરભાવ ટાળવો. જો સ્થળને વિષે અવરભાવ પરઠાય તો મારું-તારું, અહીં ત્યાંના અનેક ટંટા ચાલુ થઈ જાય છે ને એમાંથી જ રાગ-દ્વેષ, અહમ્-મમત્વ, ઈર્ષ્યા કે વેરવૃત્તિ થતી હોય છે. પરંતુ જ્યારે એવી સમજણ દૃઢ થાય કે મને મૂર્તિમાં રાખ્યા પછી ક્યાં સ્થાન રહ્યું ? ને કયા સ્થાનમાં બંધાવાનું ? બંધાવાનું તો મૂર્તિમાં છે તો તમામ પ્રશ્નોની પૂર્ણાહુતિ થઈ જાય.

શ્રીજીમહારાજે ઓરડાના પદમાં આવો પરભાવ જ દૃઢ કરાવ્યો છે કે,

"મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત."

❑ પરભાવની દૃષ્ટિથી થતા ફાયદા :

(૧) પૂર્વાગ્રહના ડાઘ ભૂંસાઈ જાય :

કોઈની વાણી કે વર્તનના પ્રત્યાઘાત રૂપે આપણે એમના વિષે પૂર્વાગ્રહની ગાંઠ વાળી દેતા હોઈએ છીએ. પછી એ વ્યક્તિ નજર સામે આવે કે તેની વાત સાંભળીએ તોપણ આ પૂર્વાગ્રહની ગાંઠ જ વધુ મજબૂત થતી હોય છે. અંદરથી નફરત અને ઘૃણાભર્યા ભાવો ઉત્પન્ન થતા હોય છે. પરંતુ જો તેમની અવરભાવની આકૃતિ ભૂલી પરભાવની દૃષ્ટિ કરીએ તથા તેમના સર્વ કર્તા-હર્તા મહારાજ જ છે, એ પણ મહારાજના અનાદિમુક્તો જ છે. આ ભાવ કેળવાય તો એમને વિષે કોઈ પૂર્વાગ્રહ ન રહે.

(૨) અકળામણ-અથડામણ ને મૂંઝવણ ટળી જાય :

કોઈના સ્વભાવ-પ્રકૃતિ આપણી સાથે સેટ ન થતાં હોય અને આપણે તેમની સાથે સેવા કરવાની થાય અથવા રહેવાનું થાય ત્યારે અથડામણ અને અકળામણ થતી હોય છે. પ્રશ્નોની પરંપરામાં મૂંઝાઈ જવાતું હોય છે. પરંતુ જો એ વ્યક્તિનો અવરભાવ ન દેખાય અને તેના પરભાવ તરફ દૃષ્ટિ કરીએ તો આપણા સ્વભાવ, આપણું ગમતું, આપણી ઇચ્છા ઓગળી જાય છે. મહારાજ અને મોટાપુરુષની આગળ જેમ આ બધું ટળી જાય એમ સામેવાળાનો અવરભાવ ટળતાં એમની આગળ પણ આપણું બધું ટળી જાય છે.

(૩) અભાવ-અવગુણ-અમહિમાથી બચી જવાય :

મહારાજ ગમે તેવું ચરિત્ર કરે તોપણ તેમને વિષે ક્યારેય અભાવ-અવગુણ-અમહિમાનો સંકલ્પ થતો નથી, કારણ કે તેમના પરભાવને સમજીએ છીએ. એમ સર્વે સંતો-હરિભક્તો મહારાજના અનાદિમુક્તો છે. એવી પરભાવની દૃષ્ટિ થાય તો તેમનામાં મહારાજ બિરાજે છે. તેથી તેમને વિષે પણ અભાવ-અવગુણ કે અમહિમાનો સંકલ્પ થતો નથી.

સૌમાં મહારાજનાં દર્શન કરવાની સમજણ કેળવીને તથા પરિવારના સૌ સભ્યોમાં પરભાવની દૃષ્ટિ કરીને સૌ સાથે આત્માની એકતાનું સર્જન કરીએ.

(૪) પુરુષોત્તમની દૃષ્ટિ થાય :

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતમાં પરભાવની દૃષ્ટિ માટેની શ્રેષ્ઠ અને ફરજિયાત રીત શીખવી છે કે, “સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહીં.” એટલે કે મહારાજે મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. અને જે દેખાય છે તે પણ અનાદિમુક્ત જ છે, પુરુષોત્તમરૂપ જ છે. એ લટકે વર્તાય તો પોતાને વિષે પુરુષોત્તમરૂપની ભાવના દૃઢ થાય. અને સંતો-ભક્તોને વિષે પણ પુરુષોત્તમરૂપની ભાવના દૃઢ થાય જેના ફળરૂપે પોતાનો અવરભાવ વિસરાતો જાય અને પરભાવ તરફ ગતિ થાય. દેહદૃષ્ટિ ટળતી જાય અને પુરુષોત્તમરૂપની દૃષ્ટિ કેળવાતી જાય પણ અહીં ત્યાં - સર્વત્ર મહારાજનાં જ દર્શન થાય. સારનું સાર એક મહારાજની ‘મૂર્તિ’ હાથમાં આવી જાય, એ રૂપ થઈ જવાય એટલે સુખિયા થઈ જવાય.

❑ વિશેષ દૃઢતા માટે :

આ વિષયને આનુષંગિક સંસ્થામાંથી ઉપલબ્ધ પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનાં દૃશ્ય-શ્રાવ્ય (CD-VCD-DVD) પ્રકાશનો :

૧. ઘર એક મંદિર
૨. કારણ સત્સંગની સમજણ
૩. જ્ઞાનજાગૃતિ : ૧,૨
૪. મૂર્તિસુખના પાત્ર થવાનો ઉપાય
૫. મૈં હું આદિ અનાદિ
૬. જ્ઞાનસત્ર-૩ : અવરભાવ-પરભાવની સમજણ - દિવસ-૧
૭. જ્ઞાનસત્ર-૩ : અવરભાવ-પરભાવની સમજણ :
આજ્ઞા એટલે આજ્ઞા - દિવસ-૨
૮. જ્ઞાનસત્ર-૩ : અવરભાવ-પરભાવની સમજણ :
બ્રહ્મચર્યનું મહત્ત્વ - દિવસ-૩
૯. જ્ઞાનસત્ર-૫ : સંધ્યા સેશન : સૌમાં મહારાજનાં દર્શન કરીએ - દિવસ-૧

કરીએ ઘરસભા
સંકલ્પમાં ભેળા ભળીએ

શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ રચવા માટે પારિવારિક આત્મીયતા કેળવવામાં ઘરસભા એ સંજીવની સમાન છે. પારિવારિક વિસંવાદિતાનું સંવાદિતામાં રૂપાંતર કરતું અજોડ ઔષધ એટલે ઘરસભા. સત્સંગ, સંસ્કાર અને દિવ્યજીવનના પાઠ શીખવાની પાઠશાળા એટલે ઘરસભા. અરસપરસના પૂર્વાગ્રહ ભૂલાવી સ્નેહના તાંતણે બાંધતું પરિબળ એટલે ઘરસભા. ઘરસભા એ પરિવારને સર્વાંગે સુખી કરવાનો ઉપાય છે. માટે તેનું આપણા જીવનમાં મૂલ્ય સમજીએ અને ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞા મુજબ દર અઠવાડિયે ઓછામાં ઓછી બે વખત ઘરસભા કરીએ.

ઘરસભાની રૂપરેખા :

(૧) જયનાદ	૧ મિનિટ
(૨) કીર્તન અથવા પ્રાર્થના	૫ મિનિટ
(૩) શ્રવણ-વાંચન-મનન	૨૦ મિનિટ
(૪) ધૂન	૪ મિનિટ

કુલ – ૩૦ મિનિટ

- ઘરના સભ્યોએ ભેગા થઈ ઉપર પ્રમાણે ઘરસભા કરવી. તેમાં કીર્તન, ધૂન વારાફરતી બોલાવવું જોઈએ.
- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું જોઈએ.
- ઘરમાં ઠાકોરજીના સિંહાસન આગળ કે ખુરશીમાં મૂર્તિ વિરાજમાન કરી ઘરસભા કરી શકાય.
- ઘરસભામાં કીર્તન સરિતામાંથી પ્રાર્થના લઈ શકાય. આ ઉપરાંત મૂર્તિનાં, પ્રાપ્તિના કેફનાં, મહિમાનાં, સમજણનાં, જ્ઞાન-ઉપદેશનાં, એસ.એમ.વી.એસ. સંતો રચિત કીર્તનો વગેરે કીર્તનો ગાઈ શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ ‘દયાળુ રાજી રહેજો’

એવી સાચા ભાવે પ્રાર્થના કરવી જોઈએ.

- મહિલા-પુરુષોની મર્યાદા રાખી સભામાં બેસવું જોઈએ.

ઘરસભા દરમ્યાન આટલું ધ્યાનમાં રાખવું :

- વારાફરતી વચનામૃત, બાપાશ્રીની વાતો તથા ઘનશ્યામ અંકનું વાંચન કરવું.
- આ ઉપરાંત આપણી સંસ્થાની પુસ્તિકાઓ પણ વાંચી શકાય તથા આપણી સંસ્થાની પ્રકાશન થયેલી વી.સી.ડી.નો લાભ પણ લઈ શકાય.
- આપણી સંસ્થાની પ્રકાશન થયેલી ઑડિયો સી.ડી. સાંભળી શકાય.
- ક્યારેક ઘરસભામાં કીર્તન અંતાક્ષરી, જ્ઞાનમાર્ગ પ્રશ્નોત્તરી અથવા ક્વીઝ તથા વક્તૃત્વ સ્પર્ધા વગેરે જેવી સ્પર્ધાઓ પણ રાખી શકાય.
- ઘરસભા દરમિયાન કોઈનાય અભાવ-અવગુણની વાત ન કરવી જોઈએ, ક્રોધ, અકળામણ કે અપરાધ થાય તેવું વર્તન ન કરવું જોઈએ. કોઈનાય ઉપર આક્ષેપો ન કરવા.
- ઘરમાં એકબીજા પ્રત્યે બની ગયેલા અણબનાવ, ગેરસમજ કે ગેરવર્તણૂકને પ્રેમથી ઉકેલી લેવી.
- બનેલા પ્રસંગો માટે અરસપરસ ઘરસભામાં મુક્તકંઠે ખુલાસો કરી ક્ષમાયાચના કરી એકબીજાથી નજીક આવી જવું, મન જુદું ન થવા દેવું.

આત્મીયતા ગીત

(રાગ : સર્વોપરી ને સર્વાવતારી એક જ સનાતન...)

શ્રીજીમહારાજના સંકલ્પો પૂરા જો કરવા હોય તો,
આત્મીયતા કેળવીએ, આત્મીયતાથી રહીએ(૨);
મહારાજ-મોટાને સદાય રાજી જો કરવા હોય તો,
આત્મીયતા કેળવીએ, આત્મીયતાથી રહીએ(૨)...ટેક
આત્મીયતા સૌ સાથે જો હોયે, સુખિયા સદાય રહેવાયે(૨);
ધ્યાન-ભજનમાં સુખ આવે, હળવાફૂલ જેવા થઈને રહેવાયે(૨),
મૂર્તિનાં સુખની શરૂઆત થાય, આત્મીયતા જો હોયે...આત્મીયતા૦૧
અઘરાં કાર્યો સહેલાં થાય, ભાર-ભીડો ને તકલીફ જાય(૨);
હળીમળીને પ્રેમે રહેવાય, સુખ-દુઃખમાં ભાગીદાર થવાય(૨),
બસ્સો જેટલું બેથી થાયે, આત્મીયતા જો હોય...આત્મીયતા૦૨

આત્મીયતા કોઈ કરે, ન કરે, કોઈ પણ ભોગે મારે કરવી છે(૨);
સહન કરીને, દાસ થઈને, માન મૂકી નિર્માની થવું છે(૨),
રાજીપા સામું દૃષ્ટિ રાખીને, સંકલ્પ દૃઢ કરીએ... આત્મીયતા૦૩

નાનાએ મોટાને સમજવા, મોટાએ નાનાને સમજવા(૨);
એકબીજાનો મહિમા સમજી, દર્શન સૌમાં શ્રીજીનાં કરવાં(૨),
પ્રશ્નોનો ઉકેલ, સ્હેજે આવી જાય, સુખિયા સહેજે રહેવાય... આત્મીયતા૦૪

પોતાની ભૂલો જરૂર જોવી, ભૂલ સ્વીકારી, તરત સુધારવી(૨);
માફી માંગવી, માફી આપવી, ગાંઠો કોઈની કદી ન બાંધવી(૨),
ભૂલો ભૂલીને પ્રેમ રાખીને, રાજીપામાં રહેવું... આત્મીયતા૦૫

જવાબદારીનું અંગ રાખીને, ઉત્સાહથી રાજીપો લઈએ(૨);
જોડેવાળાનો સ્વીકાર કરીને, મનમુખી કદી ન થઈએ(૨),
મહારાજ-મોટાને ભીડો ન આપીએ, સરળ થઈ જઈએ...આત્મીયતા૦૬

'મારે શું ?' ને 'મારું શું ?', સંકુચિત સ્વાર્થી ન થાવું(૨);
સૌના સુખનો વિચાર કરીને, બીજાના માટે પોતે ઘસાવું(૨),
લાગણી સમજીને, સૌનાં સુખદુ:ખમાં, ભાગીદાર થઈએ...આત્મીયતા ૦૭

શંકા-કુશંકા કદી ન કરીએ, સદા વફાદાર થઈને રહીએ(૨);
ઘરની વાતો ઘરમાં રાખી, ક્ષમાયાચના ખુલાસો કરીએ(૨),
સમૂહભોજન ને સમૂહજીવનમાં, ઘરસભા કરીએ... આત્મીયતા૦૮

નાનામાં નાની આજ્ઞા પાળવી, સાથેવાળાને પણ પળાવવી(૨);
હસવું, બોલવું, જમવું-જમાડવું, આત્મીયતા માયિક ન કરવી(૨),
પ્રગટપણું ને અંતર્યામીપણું, કદીયે ના ભૂલવું...આત્મીયતા૦૯

હશે-હશેની ભાવના રાખી, નાના-મોટાની મર્યાદા પાળવી(૨);
કર્તાપણું શ્રીજીનું સમજવું, ઈર્ષ્યાવૃત્તિ ઓળખીને ટાળવી(૨),
દેહના ભાવો, સૌના ભૂલીને, અનાદિમુક્ત થઈએ...આત્મીયતા૧૦

નિર્માની ગીત

(નિર્માની થવા માટેનું કીર્તન)

નિર્માની થઈને પ્રભુને ગમો, મૂર્તિના સુખમાં સહેજે રમો;
નિર્માની થઈને સૌને ગમો, સત્સંગમાં સૌને સહેજે નમો;
નિર્માની થઈને પ્રભુને ગમો...ટેક

'હું કંઈક છું' એવું માન મૂકી, શ્રીજીને સંપૂર્ણ કર્તા કરો;
હરિ-મરજી વિના કાંઈ થતું નથી, એવો દાસભાવ દિલમાં ધરો;

દાસભાવે સહુને રાજી કરો, માન-મોટપ પ્રભુને ધર્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૧

મોટાની આગળ ઠરાવો છોડી, સરળ થઈને રાજી કરો;
નાનાની આગળ પાવર છોડી, પ્રેમે કરીને રાજી કરો;
દર્શન શ્રીજીનાં સૌમાં કરો, મુક્તભાવે સૌમાં પ્રીતિ કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૨

વેણ-કવેણ સહન કરીને, ભાર ને ભીડો ખમ્યા કરો;
સેવા બીજાથી વધુ કરીને, અહોભાવમાં જીવ્યા કરો;
નાની-નાની વાતોની ગાંઠો છોડી, મોટું પેટ રાખીને ફર્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૩

ગુણો પોતાના જોવા છોડી, અવગુણો પોતાના ટાળ્યા કરો;
અવગુણો બીજાના લેવા છોડી, ગુણો સૌના ગાયા કરો;
ગુણો સર્વે છે શ્રીજીના, ઈર્ષ્યાથી ના બળ્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૪

મારો કાંઈ વાંક નથી, એવા નિર્દોષ કદી ના ઠર્યા કરો;
પોતે નિર્દોષ ઠરવા બીજાને, દોષિત કદી ના કર્યા કરો;
પોતાના દોષોને ઓળખી-કાઢી, સાચા ભાવે નિર્દોષ થયા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૫

મહારાજ ને મોટાપુરુષો જેવું, નિર્માનીપણું ગ્રહ્યા કરો;
મૂર્તિસુખનાં પાત્ર થાવાં, નિર્માની થઈને જીવ્યા કરો;
પ્રભુ રાજીપાથી પૂરા ભરાવા, માન ખાલી કરી નિર્માની બનો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૬

અભાવ-અવગુણ ગીત

(અભાવ-અવગુણથી બચવા માટે)

અભાવ, અવગુણ, અમહિમાની વાતો કદી ન કરીએ;
અભાવ, અવગુણ, અમહિમાની વાતો કાને ન ધરીએ...ટેક

અભાવ, અવગુણની વાતોથી, જીવ તો સૂનકાર થઈ જાય;
એમાંથી દ્રોહ કરતાં કરતાં, અસુરભાવ આવી જાય...૦૧

પ્રભુમાં પ્રીતિ થતી નથી, તેનું કારણ આ જ છે;
જીવ નાદાર થઈ ગયો છે, તેનું કારણ આ જ છે...૦૨

બીજાના દોષો જોવાય ક્યાંથી, દોષોના ભંડાર છીએ;
પ્રભુએ આપણા જોયા નથી તો, બીજાના દોષ ન જોઈએ...૦૩
સૌમાં મહારાજ બિરાજમાન છે, અવગુણ કોનો લઈએ ?
મહારાજનો અવગુણ લઈને, ક્યાં જઈને પછી ઠરીએ...૦૪
સરખે સરખા ભેગા મળીને, પાપનાં પોટલાં ન ભરીએ;
પોતાના દોષો કાઢીને, રુચિમાં ડગ ભરીએ...૦૫
નિર્દોષ બનવા નિર્દોષ થઈએ, નિર્દોષ કદી ન ઠરીએ;
નિર્દોષ ઠરવા સામેનાને, દોષિત કદી ન કરીએ...૦૬
પંચમહાપાપથી છૂટાય, અપરાધથી છૂટાય નહિ;
બીજું ઓછું થશે તો ચાલશે, અપરાધ કોઈનો થાય નહિ...૦૭
ગુણો સૌના જોયા કરવા, તો ગુણો આપણામાં આવે;
ઈર્ષ્યા, આંટી, પૂર્વાગ્રહ ને ઉદ્‌વેગ સર્વે ભાગી જાવે...૦૮
અભાવ-અવગુણના મચ્છરોને, સદાય અમે ઉડાડીએ;
ગુણ અને મહાત્મ્યરૂપી, ફટાકડા ખૂબ ફોડીએ...૦૯

કીર્તન

(રાગ : સાચું તો મળ્યું રે)

લાજી ન મરું રે હું તો દાઝી ન મરું;
કોઈની મોટ્યપ જોઈને હું તો લાજી ન મરું... ટેક
દેહાભિમાની મટી સરળ સ્વભાવે(૨);
નિર્માની થઈને સદા નમતો ફરું...કોઈની૦૧
સંતો-ભક્તોને મુજથી મોટા રે જાણીને(૨);
નાનાથી નાનો થઈને સેવા તો કરું...કોઈની૦૨
મનગમતું સર્વે મૂકી હરિ ગમતું કરી રે(૨);
શ્રીજીબાપા બાપજીને રાજી રે કરું... કોઈની૦૩
નિષ્કપટી નિર્માની નિર્લોભી થઈને રે(૨);
નિર્દોષ થઈ હું તો હરું ને ફરું... કોઈની૦૪
દાસ સેવકની આ એક વિનંતી છે(૨);
તવ મૂર્તિ તણાં સુખમાં ઠરું...કોઈની૦૫



સંસ્થાપક
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી

વ્હાલા
પ.પૂ. સ્વામીશ્રી

સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ–ધર્મમાં છૂટછાટ નહીં." – આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના–મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ–નિયમની અણિશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો–હરિભક્તોનો અણિશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનનાં દીવડાં પ્રકાશ્યાં છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે, મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ–સંકલ્પો વિરામ પામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં–મનનાં ને જનનાં સર્વે દુઃખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ થાય છે. એમના સમાગમમાં આવનાર કોઈ પણ વ્યક્તિ શ્રીજીમહારાજનાં સ્વરૂપને જેમ છે તેમ ઓળખાયાની અને છતે દેહે આત્યંતિક કલ્યાણ પામ્યાંની પરિતૃપ્તતા પોષે છે. એમની કરુણાભીની દિવ્યદૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૫ વર્ષની ઉંમરે પણ અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હોવા છતાં તેઓ અવિરત વિચરણ કર્યા કરે છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ–સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ–સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો–કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતાં તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઇતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓનાં ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.

ઈતિહાસનાં પૃષ્ઠોની તવારીખો પર નજર કરીએ કે પછી આજની વર્તમાન પરિસ્થિતિને જોઈએ; મોટી-મોટી સલ્તનતો કે પેઢીઓને જોઈએ કે પછી ઘર-પરિવારને જોઈએ તો જ્યાં તેના પાયામાં સંપનું તત્ત્વ મૂળ સ્થાને જળવાયું છે ત્યાં જ તેનું સાતત્ય દીર્ઘકાળ સુધી ટકી શક્યું છે. પરંતુ જ્યારે અરસપરસ સંપમાં અલ્પ તિરાડ પડી છે ત્યારે તેને ધરાશયી થતાં વાર પણ લાગી નથી. તેનું પતન થઈ ગયેલું જોવા મળે છે. એટલે જ અંગ્રેજી સાહિત્યમાં કહ્યું છે કે,

"United we stand and divided we fall."

જ્યાં સુધી એકસાથે એકમન કરી સૌની સાથે રહેવાય ત્યાં સુધી આપણે આપણા જીવનના ઉચ્ચ ધ્યેયમાંથી ક્યારેય પાછા નથી પડતા કે નથી કોઈ આપણને પાછા પાડી શકતું. પરંતુ જ્યાં સંપ તૂટે છે ત્યાં જ આપણે પાછા પડીએ છીએ અને ત્યાં જ આપણું પતન થાય છે. બહુધા પરિવારો કુસંપરૂપી અંધકારની આંધીમાં અટવાયેલા હોય છે. જ્યાં સામાન્ય માનવજીવનની માનવતાની જ્યોત જગાવવી અઘરી હોય છે ત્યાં ભક્તજીવનની જ્યોત તો કેવી રીતે પ્રકાશે ? તો પછી મુક્તજીવનની અને દિવ્યજીવનની જ્યોત પ્રજ્વલિત થયાની તો આશા જ કેવી રીતે રખાય ? પરંતુ જો પરિવારમાં સંપ, સુહૃદભાવ અને એકતારૂપી તેલ પૂરીને જ્યોતને પ્રગટાવવામાં આવે તો પરિવારનાં દીપકો અતિશે પ્રકાશમાન બની દર્શન તુલ્ય બની શકે છે. આપણે પણ આપણાં ઘર-પરિવારની ફૂલવાડીને આત્મીયતાની ફોરમથી મહેકતી કરવા સંપ, સુહૃદભાવ અને એકતાના ફૂલછોડનું ક્રમિક વાવેતર કરીએ.

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
SMVS
સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩ Email : ssd@in.smvs.org